પાપ, પુણ્ય અને સંયમ

[વિપાક, અંતકૃદ્દશાઃ, અનુત્તરૌપપાતિકદશાઃ — એ નામના
૧૧મા, ૮મા અને ૯મા અંગગ્રંથોનો છાયાનુવાદ]

સંપાદક

ગોપાલદાસ જીવાભાઈ પટેલ

શ્રી જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ

c/o ગૂજરાત વિદ્યાપીઠ

અમદાવાદ

શ્રી પૂંજાભાઈ જૈનગ્રંથમાલા–૨૦

પાપ, પુણ્ય અને સંયમ

[વિપાક, અંતકૃદ્દશાઃ, અનુત્તરૌપપાતિકદશાઃ — એ નામના
૧૧મા, ૮મા અને ૯મા અંગગ્રંથોનો છાયાનુવાદ]

સંપાદક
ગોપાલદાસ જીવાભાઈ પટેલ

શ્રી જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ
c/o ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ

પ્રકાશક
ગોપાલદાસ જીવાભાઈ પટેલ
મંત્રી, શ્રી જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ, અમદાવાદ
મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ

બાર આના
પ્રથમ આવૃત્તિ, સપ્ટેમ્બર, ૧૯૪૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ અને મુંબઈ ૨

ઉપોદ્ઘાત

૧

પાપ – પુણ્ય – સંયમ! આ ત્રણ શબ્દોમાં એક રીતે આખું જૈન કર્મ-વિજ્ઞાન સમાઈ જાય છે. કોઈ પણ ધર્મમાર્ગ તત્ત્વોની ગણતરી અને સ્વરૂપ ગમે તેવાં બતાવતો હોય, પણ છેવટે જાણવા જેવું તો એ જ હોય છે કે, એ પોતાના અનુયાયીને કયાં કર્મ કરવાનો નિષેધ કરે છે, અને કયાં કર્મ કરવાને પ્રેરે છે. અલબત્ત, કર્મ કરવાં – ના કરવાં એ જ માત્ર ધર્મનું સંપૂર્ણ રહસ્ય નથી; કારણ કે કર્મ એ અતિશય સ્થૂલ વસ્તુ છે; અને તેની પાછળની ચેતન ભાવનાને પૂરેપૂરી વહન કરવા કે વ્યક્ત કરવાને અસમર્થ છે. તોય કોઈ પણ ધર્મનો સ્થૂલ પાયો તો અમુક પ્રકારનો કર્માકર્મનો વિધિ-નિષેધ-માર્ગ જ રહેવાનો. એ માર્ગમાં ધર્મતત્ત્વનો પ્રાણ પૂરેપૂરો ભલે ન સમાયો હોય, પણ તેનાં મૂળ તો તેમાં જ રહેલાં હોય છે. એટલે કોઈ પણ ધર્મમાર્ગની પરીક્ષા આપણે તેની કર્માકર્મની કલ્પના ઉપરથી કરીએ તો ખોટું તો ન જ કહેવાય.

જૈનોના પ્રાચીનમાં પ્રાચીન તથા મૂળભૂત ગણાતા[1] જે ૧૨ અંગ ગ્રંથો છે, તેમાંથી ઊલટે ક્રમે ૧૧મા, ૯મા અને ૮મા

૧. અંગગ્રંથોની પણ પહેલાં ‘પૂર્વ’ નામના ગ્રંથો હતા એવી પરંપરા ચાલી આવે છે; પણ તે ગ્રંથો ઘણા જૂના સમયથી લુપ્ત થયેલા ગણાય છે.

અંગગ્રંથમાં ઉપર જણાવેલા કર્માકર્મ-માર્ગને લગતી કથાઓ સંગ્રહાઈ છે. ૧૧મા અંગગ્રંથ વિપાકસૂત્રમાં બે ખંડમાં થઈને અનુક્રમે પાપ અને તેનાં ફળનું તેમ જ પુણ્ય અને તેનાં ફળનું વર્ણન છે; નવમા અંગગ્રંથ 'અનુત્તરૌપપાતિકદશાઃ'માં સંયમનું પાલન કરતાં કરતાં જેઓ એવી ઉચ્ચ કક્ષાએ પહોંચ્યા છે કે, જેમને હવે ઉત્તમોત્તમ (અનુત્તર) સ્વર્ગલોકમાં અમુક કાળ વ્યતીત કર્યા બાદ એક જ વાર મનુષ્યજન્મ પ્રાપ્ત કરી મુક્ત થવાનું છે, તેમની કથાઓ છે; અને આઠમા અંગગ્રંથ 'અંતકૃદ્દશાઃ'માં આ જન્મે જ સંયમના ઉત્કૃષ્ટ પાલનથી જેમણે સર્વ કર્મોનો અંત આણી દીધો છે, અને જેથી મરતી વખતે જ જેમને મુક્તિ પ્રાપ્ત થઈ જવાની છે, તેમની કથાઓ છે. એટલે આ ત્રણે ગ્રંથો મળીને, જૈનમાર્ગ જે કર્મોનો નિષેધ કરે છે અર્થાત્ જેમને 'પાપ' ગણે છે, જે કર્મોને વિહિત માને છે અર્થાત્ 'પુણ્ય'રૂપ માને છે, અને જે કર્મોને આત્યંતિક મુક્તિ પ્રાપ્ત કરાવનાર અર્થાત્ 'સંયમ'રૂપ માને છે, એમનું એક પ્રકારનું સળંગ ચિત્ર આપણી આગળ રજૂ કરે છે. અને એ કારણથી જ એ ત્રણે ગ્રંથોને આ એક જ પુસ્તકમાં જોડી દેવાનું યોગ્ય માન્યું છે.

૨

પ્રથમ આપણે પાપ અને તેનાં ફળની વસ્તુ લઈએ. આ ગ્રંથના પહેલા ખંડમાં આપેલી દશ કથાઓ દ્વારા સૂત્રકાર પોતાની માન્યતા મુજબનાં દશ મહાપાપો પસંદ કરે છે: અથવા વધુ ચોક્કસ શબ્દો વાપરીએ તો સમાજના કુલ પાપીઓમાંથી પોતાની માન્યતા મુજબના દશ મહાપાપીઓ

પસંદ કરે છે.* સૂત્રકાર એ દશ પાપીઓનું વિગતવાર વર્ણન કરે છે, તથા તેમની થતી અવગતિ કાળા અક્ષરે ચીતરી બતાવે છે. એનો અર્થ એ થયો કે, જૈનધર્મીઓને ઓછામાં ઓછી એ દશ પ્રવૃત્તિઓ ન કરવાનું તે વિધાન કરે છે. એ દશ પ્રવૃત્તિઓ આ પ્રમાણે છે:

* અહીં એટલું નોંધવું જોઈએ કે, અત્યારે ઉપલબ્ધ વિપાકસૂત્ર મૂળ હતું તેવું કે તેટલું જ છે એમ કહી શકાય તેમ નથી. ચોથા અંગ સમવાયાંગમાં જ વિપાકસૂત્રના બે શ્રુતસ્કંધ જણાવ્યા નથી, તથા તેનાં ૪૩ અધ્યયનો જણાવ્યાં છે; ઉપરાંત કલ્પસૂત્રમાં તો માત્ર પાપફલ-વિપાકનાં જ ૫૫ અધ્યયનો હતાં એમ જણાવ્યું છે. ઉપરાંત ત્રીજા અંગ સ્થાનાંગમાં વિપાકસૂત્રનાં જે દશ અધ્યયનો ગણાવ્યાં છે, તેમાંથી બેનાં નામ જ અત્યારના વિપાકસૂત્રમાં સીધેસીધાં જળવાયાં છે.

એ જ વસ્તુ આ પુસ્તકમાં આવતા આઠમા અંગ અંતકૃદ્દશાંગ, અને ૯ મા અંગ અનુત્તરોવવાઇયદસાને પણ લાગુ પડે છે. ત્રીજા અંગ સ્થાનાંગમાં અંતકૃદ્દશાંગનાં ૧૦ અધ્યયન જણાવ્યાં છે; જ્યારે આજના ઉપલબ્ધ ગ્રંથમાં તો ૯૩ છે. ઉપરાંત આજના ઉપલબ્ધ ગ્રંથમાં આઠ વર્ગો છે, ત્યારે ચોથા અંગ સમવાયાંગમાં તો તેના સાત વર્ગ જણાવ્યા છે. સ્થાનાંગમાં આ ગ્રંથનાં દશ અધ્યયયોનાં નામ આપ્યાં છે, તે આજના ઉપલબ્ધ અંગમાં છે જ નહિ, અને તેમાંનાં કેટલાંક ૯મા અંગમાં મળે છે! આજના ઉપલબ્ધ ગ્રંથનું 'દસાઓ' નામ, અને તેમાં અત્યારે મળતા 'આઠ' વર્ગો એ બે વચ્ચે દેખીતો વિરોધ છે.

૯ મા અંગમાં અત્યારે ૩ વર્ગો અને ૩૩ અધ્યયનો છે. છતાં તેનું નામ 'દસાઓ' છે! જો કે અંગ ૩ અને અંગ ચારમાં તો તેને દશ અધ્યયન છે એમ જણાવ્યું છે. ત્રીજા અંગ સ્થાનાંગમાં

૧. સૂબાગીરી	૬. ફોજદારી
૨. જાનવર પકડવાનો ધંધો	૭. વૈદું
૩. ઈંડાંનો વેપાર	૮. રસોઇયાપણું
૪. માંસનો વેપાર	૯. કામાસક્તિ
૫. રાજપુરોહિતપણું	૧૦. વેશ્યાપણું.

આ દશ જણમાંથી, કથામાં જણાવ્યા પ્રમાણે તો, આપણને ખરા ગુનેગાર લાગે તેવા બે જ જણ છે: એક તો નં. ૧ માં જણાવેલો સૂબાગીરી કરનારો સૂબો, અને નં. ૯ માં જણાવેલો પોતાની કામાસક્તિમાં આડે આવનાર સાસુઓને જીવતી બાળી નાખનાર રાજા. કારણ કે, કથાકારે સૂબાને સૂબો હોવાને કારણે દોષિત નથી ઠરાવ્યો; પણ તે સૂબો થઈ ખોટા કર ઉઘરાવવા, ખોટા લાગા નાખવા, લાંચો ખાવી, ખોટા દંડ કરવા, ધાડો પડાવવી, આગ મુકાવવી, જૂઠ–પ્રપંચ કરવાં વગેરે અન્યાયી–ક્રૂર કર્મો કરતો હતો, માટે તેને દોષિત ઠરાવ્યો છે. તે જ પ્રમાણે કામાસક્ત રાજાને માત્ર કામાસક્તિને કારણે દોષિત નથી ઠરાવ્યો; પણ પોતાની માનીતી રાણીને મારી નાખવાનું તે રાણીની શોક્યોની માતાઓએ કાવતરું રચ્યું, તે કારણે તેમને ફસાવીને જીવતી બાળી નાખવા સારુ દોષિત ઠરાવ્યો છે.

આનાં દશ અધ્યયનોનાં જે નામ આપ્યાં છે, તેમાંથી માત્ર ત્રણ નામો આજે મળતા અંગના ત્રીજા વર્ગમાં છે.

અર્થાત્ આ ગ્રંથોની આજે મળતી વાચના મૂળ વાચનાથી જુદી જ છે. ટીકાકાર અભયદેવ આ બીનાનો ખુલાસો કરી શકતા નથી; અને તેથી તે 'વાચનાંતર' કે 'જન્માંતર' ની કલ્પનાઓનો આશ્રય લે છે.

બાકીના આઠ જણા તો પોત-પોતાને પરંપરા-પ્રાપ્ત ધંધાઓ કરી આજીવિકા ચલાવે છે; તેમ કરવામાં તેઓને અન્ય પ્રાણીઓની હિંસા કરવી પડે છે, એ જુદી વાત; પરંતુ એક ધંધેદારી તરીકે તેમનામાં બીજી કશી લુચ્ચાઈ કે અપ્રમાણિકતા નથી. નંબર ૨ માં જણાવેલો જાનવરો ફાંદવાનો ધંધો કરનાર વાઘરી, નં. ૩ માં જણાવેલો ઈંડાંનો વેપારી, અને નં. ૪ માં જણાવેલો માંસનો વેપારી, એ ત્રણના તો ધંધા જ એવા છે કે જેમાં પ્રાણીઓની હિંસા કરવી પડે. નં. ૫ માં જણાવેલા રાજપુરોહિતને રાજાની સહીસલામતી કે અભ્યુદય માટે માંસપ્રધાન યજ્ઞ-યાગાદિ કર્યા કરવા પડે છે; નં. ૬ માં જણાવેલા ફોજદારને રાજાના ગુનેગારોને તેમણે કરેલા ગુનાઓ અનુસાર શિક્ષાઓ કરવી પડે છે; નં. ૭ માં જણાવેલા વૈદ્યને દરદીઓના રોગો અનુસાર વિવિધ પ્રાણીઓના માંસપ્રધાન ઉપચારો દર્શાવવા પડે છે; નં. ૮ માં જણાવેલા રસોઇયાને રાજાની રસોઈમાં જરૂરી માંસો તળવાં-સેકવાં પડે છે; અને નં. ૧૦ માં જણાવેલી વેશ્યાને નગરના ધનિકોનું પોતાના શરીર વડે મનોરંજન કરવું પડે છે. બીજી રીતે એ બધાં અન્ય પ્રજાજન જેવાં જ પ્રમાણિક છે, મહેનતુ છે, તથા પોતાના ગ્રાહકોની જરૂરિયાતોની કાળજી રાખનારાં છે. પેલો વૈદ્ય તો “ગરીબ-તવંગર, રાજા-રંક, શ્રમણ-બ્રાહ્મણ — એમ સૌ કોઈની એકસરખી ચિકિત્સા કરનારો છે; તથા તેને હાથે ભારે યશ છે.” પેલો ફોજદાર પણ “રાજા પ્રત્યે ગુના કરનારાઓને જ તેમના ગુના અનુસાર” શિક્ષા કરે છે. એટલે તે બધા, પેલા શરૂઆતમાં જણાવેલા એની પેઠે ‘પાપી’ નથી; પેલા

એ તો ખરેખર પાપી હતા; કારણ કે તેમણે પોતાના ધંધાની કે જીવનની જે સ્વાભાવિક કે કાયદેસર પ્રવૃત્તિઓ કહેવાય, તેમની મર્યાદાની ઉપરવટ થઈને ખાસ વિશેષ પાપકૃત્ય કર્યાં છે; જ્યારે આ બાકીના આઠ તો સમાજના વિવિધ ઉપયોગી ધંધા કરનારા મહેનતુ નાગરિકો છે. જો તેઓ દોષિત છે, તો તેમની પાસેથી માલ ખરીદનારા કે તેમની પ્રવૃત્તિનો લાભ ઉઠાવનારા તમામ નગરજનો વિશેષ દોષિત છે; એટલું જ નહીં, માંસ માટે જાનવરને મારનાર ખાટકી કરતાં તેની પાસેથી માંસ ખરીદીને ખાનાર વિશેષ પાપી છે; કારણ કે તે જો બજારમાં માંસ ખરીદવા ન આવતો હોત, તો ખાટકીને જાનવર મારી માંસ વેચવું ન પડત.

આ મુદ્દા ઉપર જરા આડા ફંટાઈને આટલો ભાર મૂકવો પડ્યો એનું કારણ એ છે કે, પછીનો જૈનધર્મ આ બધી વસ્તુઓ માટે પ્રાણીવધ કરનારને જ દોષિત ગણી, ત્યાર બાદ તે વધજનિત વસ્તુઓનો વેપાર કરનાર દુકાનદારો, કે તે વસ્તુઓ ખરીદીને વાપરનારા નગરજનોને એ હિંસાદોષમાંથી કાંઈક બાતલ રાખે છે. હેમચંદ્રાચાર્ય જેવા વિચક્ષણ પુરુષ પણ પંદર કર્માદાનો ગણાવતી વખતે છઠ્ઠું કર્માદાન દંત-વાણિજ્ય (એટલે કે હાથી વગેરેના દાંત, ચમરી વગેરેના કેશ, ઘુવડ વગેરેના નખ, શંખ વગેરેનાં અસ્થિ, વાઘ વગેરેનાં ચામડાં, તથા હંસ વગેરેનાં રોમ ઇત્યાદિ અંગોનો વેપાર કરવો,) તેની બાબતમાં એટલું ઉમેરતા જાય છે કે, 'આ બધાં પ્રાણીઅંગો તેમને ઉત્પત્તિસ્થાને જઈ, ભેગાં કરી-કરાવી વેપાર કરવો, તે કર્માદાન હોઈ ત્યાજ્ય છે; પરંતુ, ઉત્પત્તિ-સ્થાન સિવાયને બીજે સ્થળે તે બધાં ખરીદે કે વેચે તેમાં

દોષ નથી. કારણ કે, ઉત્પત્તિસ્થાનમાં તો તે મેળવવા માટે પૈસા આપી, તે તે પ્રાણીઓ મરાવવાં પડે છે.'

આવો ભેદ પાડવાની જરૂર શી રીતે પડી હશે, એ અત્યારે કલ્પવું મુશ્કેલ છે. યતિધર્મ તો કરવું–કરાવવું–અને અનુમતિ આપવી, એ ત્રણેને સરખાં જ માને છે; પરંતુ ગૃહસ્થધર્મની બાબતમાં આવા આવા ભેદો સ્વીકારવાથી ધર્મતત્ત્વ સ્પષ્ટ થવાને બદલે હણાયું છે. તેમાંય નં. ૬ માં જણાવેલો ફોજદાર તો રાજ્યતંત્રનો એક વફાદાર સેવક છે. જો રાજા દોષિત નથી, એના રાજ્યનો લાભ ઉઠાવનારા પ્રજાજનો દોષિત નથી, તો તે તંત્રનો એક સેવક શી રીતે દોષિત છે? કહેવું હોય તો આખા રાજ્યતંત્રને દોષિત કહો, તેમજ તે રાજ્યતંત્રનો લાભ ઉઠાવનારા સઘળા પ્રજાજનોને પણ દોષિત કહો; પરંતુ માત્ર ફોજદારને તેના ફોજદારીના કામ બદલ દોષિત ઠરાવવો એ તો દેખીતું અન્યાયી લાગે છે. ખેતી વડે જ પાકેલા દાણા ખાનાર દોષિત નહીં, પણ તે ખેતી કરનારો ખેડૂત પાપી; રાજ્યતંત્રનો લાભ ઉઠાવનાર પ્રજાજન દોષિત નહીં, પણ તે રાજ્યતંત્રની વ્યવસ્થા જાળવનાર સેવક દોષિત: એ જાતનો પાપની જવાબદારીનો ખ્યાલ ગૃહસ્થની બાબતમાં પણ બદલવો જોઈએ; નહીં તો બ્રહ્મદેશાદિ દેશોના આજના બૌદ્ધો જેમ કસાઈએ કાપેલું માંસ ખરીદવાથી પોતાને માંસ માટે જાનવર કાપવાની હિંસામાંથી મુક્ત થયેલા માને છે, તેવી જ ભૂલ સામાન્ય જૈનવર્ગમાં પણ પેદા થવાનો સંભવ છે. અને આજે દેખાય છે પણ તેમજ. ખેતી અને રાજ્યતંત્ર એ બંને સામાજિક દૃષ્ટિએ અત્યાવશ્યક પ્રવૃત્તિઓને અધાર્મિક ગણવાથી જ ખેતીની પેદાશો, તે જ રાજ્યતંત્રની સુવ્યવસ્થા હેઠળ

વેચી ખાનાર વેપારી વાણિયો જ માત્ર ધાર્મિક બાકી રહે છે! ધર્મવૃત્તિએ સામાન્ય જીવનનિર્વાહની આ બધી પ્રવૃત્તિઓની સામાન્ય જવાબદારીમાંથી ભાગી જવાની વૃત્તિ ન સેવવી જોઈએ.

હવે આપણે એ મુદ્દો છોડી, આગળ ચાલીએ. પહેલા ખંડની કુલ દસ કથાઓમાંથી સાત જીવહિંસાને લગતી છે; બાકીની ત્રણમાંથી પણ કામાસક્તિની કથાનું કેન્દ્ર સાસુઓની હિંસા જ છે; એટલે ખરી રીતે જીવહિંસાના વસ્તુ વિનાની બે જ કથાઓ રહી: (૧) સૂબાગીરીની કથાનું કેન્દ્ર ચોરી છે; જે વસ્તુ ન્યાયી રીતે તેની નથી તે વસ્તુ તે જુલમ–પ્રપંચ ઇત્યાદિથી પ્રજા પાસે પડાવે છે, તે જ તેનો ખાસ દોષ છે. (૨) વેશ્યાપણાની કથાનું કેન્દ્ર અબ્રહ્મચર્ય છે. જો કે, એ વેશ્યા પોતાની તીવ્ર કામવાસનાને તૃપ્ત કરવા ખાતર કે શાથી ગણિકા બની હતી એવું કાંઈ કથામાં સ્પષ્ટ કહ્યું નથી. તો પણ એ મુદ્દાને જતો કરીએ. એટલે દસે કથાઓમાં મળીને કુલ ત્રણ મહાપાપ કથાકારે સ્પર્શ્યાં છે: હિંસા, ચોરી, અને અબ્રહ્મચર્ય. પાંચ મહાપાપમાંથી બાકી રહેલાં બે મહાપાપ અસત્ય, અને પરિગ્રહ એ બેને કાંતો ચૌર્યની કથામાં કે હિંસાની કથાઓમાં ખોળી શકાય તેમ છે. એટલે વસ્તુતાએ પાંચ મહાપાપને જ કથાકારે આ કથાઓમાં સ્પર્શ્યાં છે એ ઉઘાડું છે.

પાપનાં ફળ વર્ણવવામાં કથાકારે જન્માંતર અને નરકયાતના એ બે કલ્પનાઓનો ઉપયોગ કર્યો છે. અલબત્ત વર્તમાન જન્મમાં પણ તે પાપીઓને પ્રાપ્ત થતું પોતાનાં પાપકર્મનું યથેષ્ટ કુફળ બતાવવામાં આવ્યું છે: પરંતુ બધી કથાઓમાં વાર્તાનું મધ્યબિંદુ વર્તમાન જન્મનું પાપકર્મ નથી; પરંતુ,

પૂર્વજન્મનું પાપ છે. ગૌતમ સ્વામી એ પાપીઓની વર્તમાન જન્મમાં દેખાતી બૂરી વલેનું મૂળ કારણ, તેમના આ જન્મના કોઈ કૃત્યમાં નથી ખોળતા; પરંતુ તેમણે પૂર્વે એવું તો શું પાપ-કર્મ કર્યું હશે?— એવો જ તેમનો પ્રશ્ન હોય છે. ઉપરાંત મૃગાપુત્રની કથામાં તો તેના આ જન્મના દુ:ખના કારણ તરીકે કોઈ આ જન્મનું જ કૃત્ય બતાવી શકાય તેમ પણ નથી; કારણ કે જન્મથી જ તે દુઃખી હાલતમાં જન્મ્યો છે. તેવું જ ઉંબર-દત્તની કથામાં તથા અંજૂની કથામાં પણ છે. બાકીની સાત કથાઓમાં વર્તમાન જન્મનું પાપકૃત્ય ત્રણ દાખલામાં વ્યભિચાર છે, ત્રણ દાખલામાં હિંસા છે, અને એક દાખલામાં ગાદી માટે કાવતરું (પરિગ્રહબુદ્ધિ) છે.

નરકયાતના અને લખચોરાસીમાં ભ્રમણ — એ બે કલ્પનાઓ હિંદુધર્મ અને બૌદ્ધધર્મમાં પણ છે: જૈનકલ્પનામાં એ બે કરતાં ખાસ કશી વિશિષ્ટતા નથી. પ્રાચીન કાળમાં એ બે કલ્પનાઓને આધારે જ પાપકર્મની ત્યાજ્યતા બતાવવામાં આવતી. દરેક પાપકર્મ વિશ્વવ્યવસ્થામાં કેવી બાધા ઊભી કરે છે, અને તે દરેકનો પ્રત્યાઘાત પોતાને કે બીજાને કેવો વેઠવો પડે છે, એ બતાવવાની રીત પ્રાચીનોએ સ્વીકારી નથી. તેઓ તો તે પાપકર્મની શિક્ષા જગતની બહાર એક અલગ સ્થાનમાં જ થતી બતાવે છે. પ્રાચીનોને મતે દરેક પાપકર્મ એ જાણે મુખ્યત્વે વ્યક્તિનું પોતા પ્રત્યેનું જ દુરાચરણ છે. બીજાને તો તેનાથી જે કાંઈ હાનિ-લાભ થતાં હોય તે થાઓ, — અમુક દાખલામાં તેના પાપકર્મથી બીજાં કેટલાંકને લાભ પણ થતો હોય — પરંતુ મુખ્યત્વે પાપકર્મનું પાપત્વ પોતાના આત્માની અધોગતિ કે અવગતિ કરવાપણામાં રહેલું છે, એવું

માનવાનું તેમનું વલણ સવિશેષ છે. કાયદાની પરિભાષામાં કહીએ તો, દરેક પાપ એ વસ્તુતાએ રાજા પ્રત્યે (અર્થાત્ સમાજ પ્રત્યે) કે ઈશ્વર પ્રત્યે ગુનો નથી, પરંતુ પોતાના જ આત્મા પ્રત્યે ગુનો છે.

એ બધા પાપીઓને શાસ્ત્રકારે 'સાગરોપમ' વર્ષો સુધી નરકયાતના વેઠતા તેમ જ લખચોરાસીમાં વારંવાર ભ્રમણ કરતા બતાવ્યા છે; અને એ પ્રમાણે લગભગ સંખ્યાતીત વર્ષો સુધી તેમને પોતાના પાપની શિક્ષા બતાવતાં જાણે તે થાકતા જ નથી. સામાન્ય રીતે તો એમ જ માનવું પડે કે, એક જન્મમાં કરેલા મહાપાપનું ફળ જો આટલા બધા દીર્ઘકાળ સુધી વેઠયા જ કરવાનું હોય, તો પાપીને તો કદી તરવાનો આરો જ નથી. કારણ કે જન્મોજન્મ જે અધમયોનિમાં તેને જન્મ લેવો પડવાનો, તે યોનિમાં વધુ પાપકર્મો કરવાની જ તેને તક કે પ્રેરણા મળ્યા કરવાની. પરંતુ શાસ્ત્રકારને એ વસ્તુ ઇષ્ટ નથી. તેથી દરેક પાપી, ગમે તેટલે લાંબે કાળે પણ — આપોઆપ — સુમાર્ગે આવી પહોંચે છે, અને છેવટે મુક્તિમાર્ગે પોતાની મુસાફરી શરૂ કરી શકે છે. છેવટે તેમ શાથી બને છે, એ કહેવાનો પ્રયત્ન શાસ્ત્રકાર નથી કરતા. તેમની કથાવસ્તુ ઉપરથી તો એમ જ માનવું પડે કે, જાણે આત્માની પોતાની જ એવી કોઈક સ્વભાવગત યોગ્યતા છે કે, ગમે તેટલી અધોગતિ થવા છતાં, છેવટે તે ઉન્નતિને માર્ગે અવશ્ય આવવાનો જ. જૈન શાસ્ત્રકાર આ બાબતમાં ગોશાલક આજીવિકના મત સુધી જાણે પહોંચી જાય છે. ગોશાલક પણ એવું જ માનતો કે, અમુક ભ્રમણ કર્યાં પછી, જીવાત્મા આપોઆપ મુક્તિને માર્ગે આવી જ પહોંચવાનો. પરંતુ

ધર્મતત્ત્વને એ રીતે જ રજૂ થવા દેવું એ ઇષ્ટ નથી. કથાકારે અંતે પાપીમાં સદ્‌ભાવ પ્રાપ્ત થવાનું કાંઈક ઉચિત કારણ સ્પષ્ટ બતાવવું જોઈએ. એ કારણનું કાંઈક ઝાંખું સૂચન કથાકારે કર્યું છે એમ કહી શકાય. જે મનુષ્યજન્મથી એ પાપી સન્માર્ગે વળે છે, તે જન્મમાં સાધુના સદુપદેશથી અર્થાત્ સત્સંગથી એનામાં કાંઈક અપૂર્વ સદ્‌ભાવ પ્રાપ્ત થતો હોય, એવું સૂચન કથાકાર કરે છે. અને એ સૂચન બસ ગણી શકાય તેવું છે. અંતે અંધારું દૂર થવાનો ઉપાય બહારથી અજવાળું આવે એ જ હોય છે. અંધારાને પોતાને જ વલોવ્યા કરીએ, તો માત્ર તેમાંથી તો અજવાળું પ્રગટવાની કાંઈ સૂરત જ દેખાતી નથી.

૩

હવે આપણે પુણ્ય અને તેનાં ફળની વસ્તુ ઉપર આવીએ. આ ગ્રંથના બીજા ખંડમાં પુણ્ય અને તેનું ફળ વર્ણવતી કથાઓ મૂકી છે. તે બધી કથાઓ ઉપરથી વાચક જોઈ શકશે કે, કથાકારે એક જ વસ્તુને પુણ્ય તરીકે રજૂ કરી છે: અને તે — કોઈ સાધુપુરુષને યથેષ્ટ અન્ન-પાન જમાડવાની. ઉપલક નજરે એ વસ્તુ જૈન સાધુઓએ પોતાનું પેટ ભરવા માટે ઉપજાવી કાઢેલી ભ્રમણા જેવી જ લાગે. પરંતુ, આવા પ્રાચીન ગ્રંથોની બાબતોમાં માત્ર ઉપલક નજરને જ વળગી રહેવું બસ નથી. ગયા ફકરાને અંતે આપણે જોઈ આવ્યા તેમ, અજ્ઞાનાંધકારમાં પ્રકાશ ઉત્પન્ન કરવાનો એક જ માર્ગ છે — ગમે તે ઉપાયે દીવો પ્રદીપ્ત કરવો. પરંતુ એ દીવો કાંઈ અંધકારને મસળ્યા કરવાથી નહીં પ્રગટે, કે રૂની દીવેટને ગમે તેટલા ઘીમાં લાંબો વખત બોળી રાખવાથી પણ નહીં

પ્રગટે. તેને માટે તો સળગતી જ્યોત જ મેળવવી પડે. એટલે સર્વ પુણ્યોના મૂળ કારણ તરીકે એકલા સત્સંગને જ રજૂ કરવામાં શાસ્ત્રકારે ભારે ઝીણવટ વાપરી છે, એ આપણે કબૂલ કરવું જોઈએ. બાકી, માત્ર ધાકથી, કે માત્ર લાલચથી માણસને કદી પુણ્યશાળી કરી શકાયો નથી અને કરી શકાશે પણ નહીં. જો કે, કથાકારે એ સૂક્ષ્મ વસ્તુને જે રીતે રજૂ કરી છે, તે રીતે તો તેમાંથી એવું સમજાઈ જવાનો સંભવ છે કે, માત્ર સાધુને જમાડીએ, એટલે બધું આપોઆપ મળી જાય! અને આજે જૈન શું, બધા ધર્મોમાં એવી ભ્રમણા દૃઢમૂળ થઈ ગઈ દેખાય છે. સાધુસંતોને સમાજ સાથે જોડી રાખનારો એકમાત્ર રસ્તો ભિક્ષા છે; તેને કારણે જ સાધુસંતો પોતાનું નિર્જન એકાંત છોડી સમાજમાં આવે; અને ગૃહસ્થો પણ તે દ્વારા જ તેમનો સંપર્ક સાધી શકે — એ બધુ ખરું; પણ ગૃહસ્થ ભિક્ષા આપીને જ કૃતાર્થતા માને, તો તો ભારે હાનિ જ થાય. સાધુના સંપર્કથી તેણે કાંઈક લાભ ઉઠાવવો જોઈએ; તો જ તે સંપર્કનું કાયમી કે કાંઈક નક્કર ફળ તેને મળ્યું કહેવાય. અલબત્ત, સાચો સાધુપુરુષ, આપણામાં જ્યોત જગાવે છે ત્યારે, તે તેણે ધર્મોપદેશથી કે શાનાથી જગાવી એ કહેવું મુશ્કેલ છે; તેથી જ કથાકારે માત્ર સાધુભિક્ષાને જ પુણ્યરૂપ જણાવીને થોભી જવું કદાચ યોગ્ય માન્યું હોય. ધર્મતત્ત્વનો હૃદયમાં ઉદય થવો એ વસ્તુ એવી ગૂઢ છે કે, તેનાં કારણોની તપાસમાં પડવું એ વ્યર્થ મહેનત છે. તેને માટે કહી શકાય તેવું કોઈ કારણ હોય તો તે એ જ છે કે, સાચા સત્પુરુષનો સંપર્ક. અને કથાકારે તેને જ આગળ ધરીને સંતોષ માન્યો છે, એ યોગ્ય જ કર્યું છે.

૪

હવે આપણે સંયમ અને તેના ફળની વસ્તુ ઉપર આવીએ. આ ગ્રંથના ત્રીજા અને ચોથા ખંડમાં સંયમ અને તેના ફળનું વર્ણન કરતી કથાઓ સંઘરેલી છે. ત્રીજા ખંડમાં સંયમની જ કથાઓ છે; પરંતુ તેના ફળરૂપે સીધી મુક્તિ પ્રાપ્ત થતી નથી બતાવાઈ; પરંતુ અનુત્તર — અર્થાત્ સર્વોત્તમ કે સર્વથી ઉપરના — એવા દેવલોકોમાંથી એકાદમાં લાંબો વખત રહ્યા બાદ, ફરી મનુષ્યજન્મ પ્રાપ્ત કરી, ફરી સંયમાચરણ કરીને મુક્તિ પ્રાપ્ત થતી બતાવવામાં આવી છે. પરંતુ ચોથા ખંડમાં તો આ જન્મના સંયમાચરણને અંતે જ સીધી મોક્ષપ્રાપ્તિ બતાવવામાં આવી છે. એ બે પ્રકારના સંયમોની વિગતો તપાસીએ તો તેમાં એવો કશો ફેર આપણને નથી દેખાતો, કે જેથી એકને અંતે મોક્ષ ન પ્રાપ્ત થતાં, વધુ એક મનુષ્યજન્મ પ્રાપ્ત થવાની આવશ્યકતા સ્વીકારવી પડે. બંને પ્રકારના સંયમોની શરૂઆત અને અંત સરખાં જ છે; એટલે આપણે તો એ સાધકોના પૂર્વ કર્મસંચયમાં જ એવી કોઈ વિશેષતા શોધવી રહી કે જેથી, એક જ પ્રકારનો માર્ગ અખત્યાર કરવા છતાં એકને મુક્તિ પ્રાપ્ત થઈ, જ્યારે બીજાને થોડુંક અંતર બાકી રહી ગયું. પરંતુ તેનેય એક જ મનુષ્ય જન્મબાદ મુક્તિની પ્રાપ્તિ તો નિશ્ચિત જ છે; તેને ફરી લખ-ચોરાસીમાં પાછા પડવાપણું નથી જ. એટલે સંયમના એ બંને પ્રકારોને વસ્તુતાએ એક જ માની લઈએ તો પણ ખોટું તો નથી જ. ગમે તેમ હો, પણ, જૈનમાર્ગ પાપ તેમજ પુણ્ય બંનેને અંતે તો હેય કોટીનાં ગણી, આ સંયમ-માર્ગને જ એકમાત્ર વિહિત — અર્થાત્ કરવા યોગ્ય કર્મરૂપ

માને છે. એટલે આપણે તેની વિગતો જરા વિસ્તારથી તપાસીએ.

ત્રીજા અને ચોથા ખંડમાં આપેલી સંયમી સાધકોની બધી કથાઓમાં એક વસ્તુ આપણે સળંગ જોઈ શકીએ છીએ કે, તે બધા દાખલાઓમાં સાધક કોઈ ઉત્તમ કુળમાં જ જન્મેલો હોય છે; તેની કેળવણી અને ઉછેર ઉત્તમ પ્રકારનાં હોય છે; તથા તે પોતાના જીવનમાં ક્રમપ્રાપ્ત સુખાદિ ભોગવતો ત્યાં સુધી વિહર્યા કરે છે, જ્યાં સુધી તેને જીવનમાં પહેલી વાર કોઈ ધર્માત્મા પુરુષનો ધર્મોપદેશ સાંભળવા મળે છે. પરંતુ એક વાર તે ધર્મોપદેશ સાંભળવા પામતાં જ તેના હૃદયમાં એવી કોઈ અપૂર્વ લગની જાગે છે — એવો કોઈ અપૂર્વ પ્રકાશ પ્રગટે છે કે બધાં સુખાદિ તજી તે એકદમ કઠોર સંયમમાર્ગ આચરવાને કટિબદ્ધ થઈ જાય છે, અને તેને એકધારી તીવ્રતાથી પાર પણ પાડે છે. આ વસ્તુ જ એવા મુક્ત થવા સરજાયેલા મહાપુરુષોની વિશેષતા છે. જે વસ્તુ સામાન્ય જનસમુદાયના માથા ઉપર થઈને પસાર થઈ જાય છે, તે વસ્તુ તેમના હૃદયને આરપાર વીંધી નાખે છે: બીજા બધા નગરજનો તીર્થંકરાદિનો ઉપદેશ સાંભળી, તેમને વંદનાદિ કરી, કૃતાર્થતા માનતા ઘેર પાછા ફરે છે; જ્યારે આ મહાપુરુષો ત્યાં ને ત્યાં થોભી જાય છે, અને એક પ્રકારનો ઉત્કટ નિશ્ચય કરી દે છે, તથા ત્યાં ને ત્યાં પ્રગટ પણ કરી દે છે. પછી તે ઘેર પાછા જાય છે, તો તે માતપિતા વગેરેની રજા લેવા જ. અને તે રજા પણ તે ગમે તેમ કરીને — ગમે તેવી પટામણી મનામણી કે સતામણીઓ છતાં — અચૂક મેળવીને પાછા આવે છે જ.

ત્યાર બાદ તેમની સાચી સાધના શરૂ થાય છે. પ્રથમ તો તે પ્રવ્રજ્યાની દીક્ષા લે છે, અને ઘણું ખરું પાંચમહાવ્રતો ધારણ કરે છે; ત્યાર બાદ તેર કર્મસ્થાનો તજવાં, પોતાના માર્ગમાં જાગૃત રહેવું, વગેરે બાબતો તેઓ આપોઆપ આચરી લે છે. કથાકાર તે બધી વસ્તુઓની વિગતમાં ઊતરવાનો ખાસ પ્રયત્ન નથી કરતા; પરંતુ બીજા જૈન ગ્રંથોમાંથી તે બધી સામાન્ય વસ્તુઓ સમજી લેવાનું જણાવીને સંતોષ માને છે. જે સાચો મુમુક્ષુ છે, તે એવી બધી વસ્તુઓનો સહેજે સાધી લે — એવું માની જ લેવું જોઈએ. જેને પૂર્વ કર્મોનો પણ ક્ષય સાધી મુક્તિ મેળવવી છે, તે નવાં પાપકર્મો કરીને નવું કર્મબંધન ઊભું ન જ કરે. એટલે એ નિષેધાત્મક ભાગ પડતો મૂકીને કથાકાર તરત તે આખી સાધનાના વિધાનાત્મક ભાગ ઉપર આવે છે. અને એ ભાગ જ તે બધા જ સાધકોની સાધનાનો ખાસ ભાગ છે. અને તે બીજો કોઈ નહીં પણ કર્મક્ષય પ્રાપ્ત કરાવનાર તપનો. બીજી બધી સાધના તો મુખ્યત્વે 'સંવર' — એટલે કે ઢાંકણરૂપ છે — અર્થાત્ નવાં કર્મ આત્મામાં પેસવા ન દેવા માટે કિલ્લારૂપ છે. પરંતુ આ તપ-ધ્યાન જ ખાસ 'નિર્જરા'રૂપ છે — અર્થાત્ સંચિત કર્મોને ખંખેરી નંખાવનાર છે.

તે તપ પણ ભારે ભારે — વિકટ — લાંબા લાંબા — ઉપવાસોરૂપ જ છે. બધા સાધકોની સાધનાનું તે કેન્દ્રબિન્દુ છે. આ વસ્તુ ઘણી રીતે વિચારવાને યોગ્ય છે. હિંદુ-બૌદ્ધ વગેરે ઘણા ઘણા મુખ્ય ધર્મોમાં ઉપવાસને શરીરશુદ્ધિ અને તે દ્વારા ચિત્તશુદ્ધિનું કારણ માની, ઠીક ઠીક સ્થાન મળ્યું છે. પરંતુ જૈનધર્મમાં આ વસ્તુ સૌથી જુદી છે. અહીં

ઉપવાસ માત્ર શારીરિક શુદ્ધિનું સાધન નથી, પરંતુ આત્મ-શુદ્ધિનું જ સીધું — મુખ્ય સાધન છે. બીજા શબ્દોમાં કહીએ તો, યોગમાર્ગ, ભક્તિમાર્ગ, કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ — એ બધા માર્ગોની પેઠે આ એક જુદો સ્વતંત્ર 'उपवासमार्ग' છે. જૈનધર્મમાં તપનાં વિવિધ અંગો ગણાવતાં, માત્ર શરીર-ક્લેશ ઉપરાંત પ્રાયશ્ચિત્ત, વિનય, (વડીલસાધુની) સેવા-શુશ્રૂષા, સ્વાધ્યાય અને ધ્યાનનો સમાવેશ પણ તપની વ્યાખ્યામાં કરવામાં આવ્યો છે (તત્ત્વાર્થ૦ ૯–૨૦); તેમજ તે ધ્યાનનું સ્વરૂપ વર્ણવતાં તેમાં પાતંજલ યોગમાર્ગની પેઠે ચિત્તવૃત્તિનો નિરોધ જ વર્ણવવામાં આવ્યો છે; પરંતુ આ કથાઓમાં તો તપના ઉપવાસ અંગ ઉપર જ ભાર મૂકવામાં આવ્યો છે. શરીર દ્વારા તપ કરતી વખતે ચિત્તને પણ કાંઈક સંયમનમાં રાખવાનું તો હશે જ; પરંતુ આ શરીરક્લેશ ધ્યાનની સિદ્ધિ માટે નથી, એ યાદ રાખવાનું છે. આ શરીરક્લેશ તો ધ્યાનની પેઠે — કદાચ ધ્યાન કરતાં પણ વધારે એવું આવશ્યક — સ્વતંત્ર સાધન છે. એમ પણ કહી શકાય કે, એવા ભયંકર — મારણાંતિક — ઉપવાસો દરમ્યાન ધ્યાનને યોગ્ય પરિસ્થિતિ તો ભાગ્યે જ સધાતી હોય. હેમચંદ્રાચાર્ય જેવા યોગી પ્રાણાયામની આવશ્યકતા-અનાવશ્યકતા વિચારતી વખતે સ્પષ્ટ શબ્દોમાં કહે છે: "પ્રાણાયામાદિથી કાંઈ મોક્ષમાર્ગ સધાતો નથી જ. પ્રાણાયામથી મનઃસ્વાસ્થ્ય પ્રાપ્ત થવાને બદલે ઊલટો ક્લેશ થાય છે. કારણ કે, પૂરણ, કુંભન અને રેચન વગેરે કરવામાં શરીરને ઘણું કષ્ટ પડે છે; અને તેનાથી ચિત્તવિપ્લવ થાય છે. આમ પ્રાણાયામ ઊલટો મુક્તિમાં વિઘ્નકારક છે." [૬/૧-૫]

જ્યાં પ્રાણાયામ જેવી વસ્તુ પણ ચિત્તસ્વાસ્થ્યને વિઘ્નકારક મનાઈ છે, ત્યાં આવા લાંબા લાંબા તીવ્ર ઉપવાસો તો ચિત્ત-સ્વાસ્થ્યને છેક જ બગાડી મૂકનારા ગણીએ, તો તેમાં કશું ખોટું નથી. બહુ તો, ચિત્ત ઉપર કાબૂ રાખી, મરણની આકાંક્ષા કર્યા કરવાનું રોકવામાં આવે; પરંતુ સઘળા સમય દરમ્યાન ચિત્તને એકધારું ધ્યાનસ્થ રાખવામાં આવે એમ બનવું અશક્ય છે.

બીજી એક નવાઈની વાત તો એ છે કે, નાના-મોટા સૌ મરતી વખતે મારણાંતિક સંલેખનાવ્રતને જ સ્વીકારે છે; અને જેઓ મુક્ત થાય છે, તેઓ પણ તે વ્રતને અંતે છેલ્લે શ્વાસે જ મુક્ત થાય છે. અર્થાત્ ન ખાવું, અને હમેશને માટે ન ખાવું — એ વસ્તુને એક સ્વતંત્ર સાધન તરીકે જ જાણે સ્વીકારવામાં આવી છે. તે દરમ્યાન ધ્યાન કર્યા કરવું, કે ધ્યાન સતત કરી શકાય માટે જ ઉપવાસ — એવો જરા સરખો ઉલ્લેખ કથાકારે કર્યો નથી. સઘળો ભાર જાણે ઉપવાસ ઉપર જ છે. જો ધ્યાન ઉપર જ ભાર હોત, તો તો અંતે ચિત્તવૃત્તિ સદંતર લીન થવાનો — કે એવો કાંઈક ઉલ્લેખ જરૂર સાથે કરાયો જ હોત. અહીં તો બધા સાધકો જે દિવસે દીક્ષા લે છે, તે જ દિવસથી ચાર ટંકના, છ ટંકના, આઠ ટંકના, એમ પખવાડિયાના, અને મહિનાના ઉપવાસો કરવાનું જ શરૂ કરે છે. જાણે એ જ એમનું ધર્મમાર્ગમાં પ્રયાણ ન હોય! જે કોઈ મુખ્ય મુખ્ય તપો તે બધા સ્વીકારે છે, જેવાં કે ગુણરત્ન, ભિક્ષુપ્રતિમા, રત્નાવલી, કનકાવલી, વગેરે, એ બધાં પણ માત્ર ઉપવાસનાં જ તપો છે. એવાં મોટાં તપ ન પણ સ્વીકારે, પણ દીક્ષાના દિવસથી નિરંતર ચાર

ટંક કે છ ટંકના ઉપવાસ જ મરતા લગી કર્યા કરે, તો તેટલા તપકર્મથી પણ મુક્તિ પામ્યાના દાખલા કથાકારે સંઘર્યા છે.

અર્થાત્, આ ઉપવાસનું સાધન એક સ્વતંત્ર 'સાધન-માર્ગ' છે. તેનું નામ આપણે 'ઉપવાસમાર્ગ' રાખી શકીએ. જૈનધર્મમાં અન્યત્ર ઘણાય સાધકોની સાધનાનાં વર્ણન છે. પરંતુ શુક્લધ્યાન કે ધ્યાન એવા શબ્દ માત્રના ઉલ્લેખ વિના, માત્ર ઉપવાસને જ મુખ્ય સાધન તરીકે રજૂ કરવાનું તો આ કથાઓમાં જ બન્યું છે. આ સાધનાની સર્વોત્તમ કક્ષાએ પહોંચેલાનું વર્ણન પણ તે સાધનાને અનુરૂપ જ છે. તે સાધકના સુકાયેલા શરીરને તથા વિવિધ અવયવોને સૂકામાં સૂકી ચીજો સાથે સરખાવીને વર્ણન કરતાં કથાકાર જાણે થાકતા જ નથી. એ વર્ણન આ કથાઓમાં ઠેરઠેર મળશે, પરંતુ ત્રીજા-ખંડમાં ધન્યની કથામાં એ વર્ણનને છેલ્લી કોટિએ લઈ જવામાં આવ્યું છે. વિવિધ અવયવોની કૃશતાનું કમકમાટી ઊપજે એવું કારમું વર્ણન કરી કરીને કથાકાર તે સાધકના તપનું 'રૂપ–લાવણ્ય' વર્ણવે છે (अयमेयारूवे तवरूवलावण्ये होत्था).

'મહાસીહનાદસુત્ત'માં ભગવાન બુદ્ધ પણ પોતાની તપશ્ચર્યા વર્ણવતાં બરાબર આવું જ વર્ણન કરે છે. તે કહે છે: 'હે સારિપુત્ર! હું એક જ જણના ઘરમાંથી ભિક્ષા લઈ, એક કોળિયા ઉપર જ રહેતો; અથવા બે ઘરમાંથી ભિક્ષા લઈ બે કોળિયા ઉપર – એ પ્રમાણે સાત ઘરમાંથી ભિક્ષા લઈ સાત કોળિયા ઉપર જ રહેતો હતો. એક વાર દત્તિમાં આવે તેટલું લેતો. . . . એમ સાત દત્તિ અન્ન લઈને તે ઉપર જ

નિર્વાહ કરતો હતો. એક દિવસને આંતરે જમતો હતો, બે દિવસને આંતરે જમતો હતો. . . . . એમ સાત દિવસને આંતરે જમતો હતો, અથવા પખવાડિયામાં એક જ દિવસ જમતો હતો.

"કેટલાએક શ્રમણબ્રાહ્મણોની એવી દૃષ્ટિ છે કે, આહાર વડે આત્મશુદ્ધિ થાય છે. તે કેવળ બોર ખાઈને રહે છે; બોરનું ચૂર્ણ ખાય છે, બોરનો ઉકાળો પીએ છે; અથવા બોરનો જ બીજો કોઈ પદાર્થ બનાવીને ખાય છે. હું એક જ બોર ખાઈને રહેતો એવું મને યાદ છે. હે સારિપુત્ર! તું એમ સમજીશ નહીં કે તે સમયે બોર બહુ મોટાં હતાં. હાલ જેવાં બોર છે, તેવાં જ તે સમયે પણ હતાં. આ પ્રમાણે એક જ બોર ખાઈને રહેવાથી મારું શરીર અત્યંત કૃશ થતું ચાલ્યું. જેવા આસીતક વેલના અથવા કાલવેલના ગાંઠા સ્પષ્ટ દેખાય છે, તેવા મારા અવયવના સાંધા સ્પષ્ટ દેખાતા હતા. મારી કેડ ઊંટના પગ જેવી દેખાતી હતી. ઘટમાળ જેવી દેખાય છે, તેવી મારી કરોડ દેખાતી હતી. ભાગી ગયેલા ઘરના વાંસ જેમ આડાઅવળા થઈ ગયેલા હોય છે, તેવો મારો બરડો દેખાતો હતો. મોટા કૂવામાં પડેલા નક્ષત્રના પડછાયાની જેમ મારી આંખો ઊંડી ગયેલી દેખાતી હતી. કડવા તુંબડાને કાચું કાપી તડકામાં નાખતાં જેવી રીતે તે કરમાઈ જાય, તેમ મારા માથાની ચામડી ચીમળાઈ ગઈ હતી. હું જ્યારે પેટ ઉપર હાથ ફેરવવા જતો, ત્યારે પૂંઠની કરોડ મારે હાથે અડકતી; અને પૂંઠની કરોડ ઉપર હાથ ફેરવવા જતાં પેટની ચામડી હાથને અડકતી. આવી રીતે મારી પૂંઠની કરોડ ને પેટની ચામડી એક થઈ ગઈ હતી. શૌચ

માટે કે લઘુશંકા માટે બેસવાનો પ્રયત્ન કરતાં હું ત્યાં જ ગબડી પડતો. અંગ ઉપર હાથ ફેરવતાં દુર્બલ થયેલા વાળ આપોઆપ ખરી પડતા હતા. આવા ઉપોષણને લીધે મારી આવી સ્થિતિ થઈ હતી."

આ ગ્રંથમાં ત્રીજા અને ચોથા ખંડની બધી કથાઓમાં સાધકની લાંબા ઉપવાસને અંતે બરાબર આવી જ સ્થિતિ થયાનાં વર્ણન સળંગ મળી આવશે. પરંતુ નવાઈની વાત એ છે કે, ગૌતમ બુદ્ધ આ સ્થિતિ પ્રાપ્ત કરીને પણ 'મુક્તિનો માર્ગ ન મળવાથી' આહાર ખાવાનું શરૂ કરવા તરફ વળે છે; જ્યારે આ કથાઓના જૈન સાધકો તો હવે શરીર બહુ નબળું પડી ગયું છે, તથા તેનાથી હવે હરવાફરવાની બરાબર ક્રિયા થઈ શકે તેમ નથી એવું જાણી, મરણાંત ઉપવાસનું વ્રત લઈ, તેને છેક જ નષ્ટ કરી દે છે, અને પછી કથાકારના જણાવ્યા મુજબ છેલ્લે શ્વાસોચ્છ્વાસે, "જે વસ્તુ માટે તેમણે મુંડન કરાવ્યું હતું, બ્રહ્મચર્ય સ્વીકાર્યું હતું, સ્નાન–છત્ર–જોડાનો ત્યાગ કર્યો હતો, ભૂમિ ઉપર સૂવું — પાટિયા ઉપર સૂવું — ભીખ માગવી વગેરે બાબતો સ્વીકારી હતી, તથા પારકાનો તિરસ્કાર–માનાપમાન વગેરે સંકટો અને વિઘ્નો સહન કરવાનું મંજૂર રાખ્યું હતું, તે વસ્તુ પ્રાપ્ત કરી"–ને તેઓ સિદ્ધ–બુદ્ધ તથા મુક્ત થાય છે.

૫

આ વસ્તુ જ જૈન માર્ગની વિશિષ્ટતા છે. બુદ્ધ ભગવાનને તો તપશ્ચર્યાના માર્ગમાંથી મુક્તિનો માર્ગ ન મળ્યો, કારણ કે, તે માર્ગમાં તેમને મતે 'આર્ય પ્રજ્ઞા' ન હતી (तं किस्स

हेतु । इमिस्सा येव अरियाय पञ्ञाय अनधिगमा[1]). આ જગાએ આવીને તો તે ધ્યાનસુખ તરફ વળ્યા. તે કહે છે: "મારા પિતા શાક્યના ખેતરમાં કામ ચાલતું હતું તે સમયે જાંબુડાના ઝાડ નીચે શીતલ છાયામાં બેસી પ્રથમ ધ્યાન પ્રાપ્ત કરી લીધાની મને સ્મૃતિ હતી. હે અગ્ગિવેસ્સન! તે સ્મૃતિને અનુસરી મને વિચાર થયો કે, એ જ બોધનો માર્ગ હોવો જોઈએ . . . . મને એમ લાગ્યું કે, મોજમજાના પદાર્થોના ભોગ વિના, અને અકુશલ વિચારો વિના જે સુખ મળે છે, તે સુખથી હું શા માટે બીઉં? પછી મેં એવો વિચાર કર્યો કે, તે સુખથી હું બીનાર નથી. પરંતુ તે સુખ અત્યંત દુર્બલ થયેલા દેહને મળવાનું નથી, માટે થોડો થોડો આહાર ખાવાનો મેં વિચાર કર્યો, અને તે પ્રમાણે વર્તવા લાગ્યો."

આમ એક જ બાબતમાં બે જુદા ધર્મપુરુષો જુદો અભિપ્રાય આપીને છૂટા પડે છે. પરંતુ તેથી તે બંનેમાંથી કોઈને ખોટા માનવાની જરૂર નથી. એટલું કહેવું જ બસ થાય કે, બંનેની પ્રકૃતિ અથવા શ્રદ્ધા જ મુખ્ય વસ્તુ છે. એ શ્રદ્ધા ઉત્કટ હોય, તો તમે પ્રાણાયામથી પણ તમારું અભીષ્ટ પ્રાપ્ત કરી શકો, અમુક દોઢ શેર ધાતુની મૂર્તિને આખો વખત નવડાવવા–ધોવરાવવા વડે પણ પ્રાપ્ત કરી શકો, ધ્યાનથી પણ પ્રાપ્ત કરી શકો, મનન–નિદિધ્યાસનથી પણ પ્રાપ્ત કરી શકો, કે છેવટે નર્યા દેહદમનથી પણ કરી શકો. તત્ત્વની દૃષ્ટિએ બધા માર્ગો અતત્ત્વરૂપ છે, તેમ જ તે બધા જ

---

૧. મજ્ઝિમનિકાય — મહાસીહનાદ સુત્ત.

તત્ત્વ પ્રાપ્ત કરાવનારા પણ હોઈ શકે છે. કારણ કે પરમતત્ત્વ બધાથી પર છે.

તો પણ આ ઉપવાસમાર્ગ અથવા દેહદમનનો માર્ગ, એક સાધનામાર્ગ તરીકે ધ્યાનમાં લેવા જેવો તો છે જ. કોઈ પ્રકારની શંકા-કુશંકા કે સંકલ્પ-વિકલ્પ કર્યાં વિના પોતાના શરીરને સતત તાવ્યાં જ કરવું; અને અંતે તે તાવણીમાં તેને સદંતર હોમી દેવું—એ વસ્તુ સાચે જ વીર-માર્ગ છે. જે મહાપુરુષ સેંકડો નર-નારીમાં આવી કઠોર રીતે પ્રાણાર્પણ કરવાની હિંમત, સહનશીલતા અને શ્રદ્ધા પ્રગટાવી શકે, તેને સાચે જ મહા-વીર ગણવો જોઈએ. મોટા મોટા રાજાઓના સુખ-વિલાસમાં મગ્ન કુમારો, મોટા મોટા નગર-શેઠો અને સંઘવીઓના સુખશાલી પુત્રો જેનો એક જ વાર સ્પર્શ થતાં ઘર-બાર બધું જ તજી, કઠોરમાં કઠોર તથા ક્ષણે ક્ષણે વેદનાનો અનુભવ કરાવતું શારીરિક તપ હસતે મોઢે સ્વીકારવા તૈયાર થઈ જાય, તે પુરુષની મહત્તા વિષે શું કહેવું? અને એ બધા યુવાનો અને યુવતીઓની વીરતાનાં પણ શાં વખાણ કરવાં? ભલે તેમણે અંતે સત્ય પ્રાપ્ત કર્યું કે ન કર્યું; પણ જેને પોતે સત્ય માન્યું તેને માટે આવો ભીષણ ત્યાગ, આવું ભીષણ તપ સ્વીકારવા તેઓ તૈયાર થયા, એ વસ્તુ તેમનામાં વ્યાપેલા અદમ્ય પુરુષાર્થ અને દૃઢ એકનિષ્ઠાનાં સાક્ષી છે.

આજે ભલે આપણે એમણે અખત્યાર કરેલા માર્ગ વિષે શંકા ઉઠાવીએ; તથા દેહદમનથી શું એમ કહી, નાક મરોડીએ. પરંતુ, છેવટે એક નક્કર વસ્તુ આપણે સ્વીકારી લીધા વિના નથી જ ચાલવાનું કે, સાધકની ઉપાસના પૂર્ણતાની ભલે હોય,

પણ તે ઉપાસના પોતે તો એકાંગી જ હોવાની. વધુ સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો, અપૂર્ણ સાધનો દ્વારા પૂર્ણતા પ્રાપ્ત કરવી હોય, તો એકાંગી થયા વિના જાણે ચાલતું જ નથી. શરીર-મન-આત્મા એ ત્રણેનો એક સરખો – એક સાથે વિકાસ એ સામાન્ય કેળવણીનું લક્ષ્ય ભલે રહે; પરંતુ કોઈ પણ બાબતમાં પૂર્ણતા પ્રાપ્ત કરવા ઇચ્છનારને અમુક વસ્તુઓ જતી કર્યા વિના ચાલે તેમ જ નથી. શરીર અને મન બંને સરખાં વિકસ્યાં હોય એવા દાખલા ઇતિહાસમાં મળી શકે છે; પરંતુ, ત્યારે 'છેક જ સામાન્ય'–પણાની છાપ મોટે અક્ષરે તેમના ઉપર ચોટેલી સાફ દેખાય છે.

બાકી, આધ્યાત્મિક પ્રગતિની બાબતમાં અખત્યાર કરાયેલાં સાધનોની બાબતમાં વસ્તુસ્થિતિ એવી છે કે, અમુક જ સાધન કાર્યકર છે અને અમુક નથી, એવો ભેદ પાડી શકાતો નથી. કારણ કે, ઉપર જણાવી આવ્યા તેમ, છેવટે તો મુખ્ય સાધન ભાવના છે -- શ્રદ્ધા છે. બાકીનાં સાધનો તો તે ભાવના અથવા શ્રદ્ધાને ઉત્તેજિત કરવા કે ગતિમાન કરવા પૂરતાં જ કામનાં છે. એટલે જેમ વૈદકીય જગતમાં, તેમ આધ્યાત્મિક જગતમાં પણ, જુદી જુદી ઉપચારપદ્ધતિઓ તત્ત્વની દૃષ્ટિએ જોતાં એકસરખી મિથ્યા છે, અથવા એકસરખી સાચી છે. છેવટે તો કોઈ પણ ઉપચારપદ્ધતિ જેટલે અંશે દરદીની જિજીવિષાને જાગૃત કરી શકે છે, તેટલે અંશે જ કાર્યકર નીવડે છે. ઘણી વાર સાચી દવા માનીને આપેલી ખોટી શીશીની દવાએ પણ ધાર્યું પરિણામ જ નિપજાવ્યાના દાખલા મળી આવે છે. તેવી જ રીતે કલ્પનામાં જ વાગેલી ટાંકણીને કૃત્રિમ શસ્ત્રક્રિયા દ્વારા કાઢી બતાવ્યા બાદ જ જખમ રુઝાવા

લાગ્યાના કિસ્સા વૈદકમાં સુપ્રસિદ્ધ છે. તેમ જ આધ્યાત્મિક વૈદાની બાબતમાં પણ છેવટે તો જીવનના મૂળ ચેતનપ્રવાહને સ્પર્શ કરવાની વસ્તુ જ મુખ્ય છે. એ વસ્તુ કોઈ પણ બાહ્ય સાધન દ્વારા સિદ્ધ થાઓ. એટલે બુદ્ધ જે તપશ્ચર્યાદિથી મૂળ પ્રવાહને ન પહોંચી શક્યા, તે જ તપશ્ચર્યાદિથી અનેક જૈન સાધક વીરો તે પ્રવાહને પહોંચી ગયા હોય, તો તેમાં શંકા લાવવા જેવું કશું નથી.

સવાલ એક જ રહે છે કે, કોઈ પણ સાધનામાર્ગ કાર્યકર થઈ શકે એ વસ્તુ તત્ત્વની દૃષ્ટિએ સાચી ભલે હો; પણ તેથી જ કદાચ એ જાણવાની જરૂર ઊભી થાય છે કે, કયો સાધનમાર્ગ સમાજમાં આદર્શ તરીકે રહે તો સામાન્ય સમાજજીવનમાં કાંઈક આરોગ્ય — પુરુષાર્થ — અને વીરતા હણાવાને બદલે પ્રગટે અને પ્રચાર પામે. રામકૃષ્ણપરમહંસ ભ્રષ્ટ તંત્રમાર્ગ માટે કહેતા કે, ભલે તેનાથી સત્યને પામી શકાતું હોય; તો પણ ઘરમાં જેમ બારણા દ્વારા પેસી શકાય છે, તેમ ઘરમાંથી ગંદું પાણી બહાર નીકળવા રાખેલા ખાળ દ્વારા પણ પેસી શકાય છે; તો પછી ખાળ દ્વારા પેસવા કરતાં મુખ્ય બારણા દ્વારા પેસવું વધુ ઇચ્છવાજોગ નથી?

એ રીતે જોવા જતાં, દેહદમન, અને કોઈ પણ ભાવનાના સ્થૂળ બાહ્ય છેડા ઉપર પણ સરખો જ ભાર મૂકનાર જૈન માર્ગ સામાજિક દૃષ્ટિએ પણ અનિચ્છનીય નથી જ. દેહદમન, વાસનાનિરોધ, જીવદયા, અથવા દશવૈકાલિકના શબ્દોમાં કહીએ તો, अहिंसा–संयम–तप એ ત્રણ વસ્તુઓને જ 'પરમ મંગલ' રૂપ – ધર્મરૂપ – માનનાર ધર્મમાર્ગ સમાજજીવનને સાચે જ ઉપકારક થઈ શકે તેમ છે. આજે પણ યુરોપીય રાષ્ટ્રોમાં

જે યાદવાસ્થલી વારંવાર વ્યાપતી જણાય છે, તેના મૂળમાં જોઈએ તો અસંયમ, અને હિંસાની વસ્તુ જ માલૂમ પડશે. ઇંદ્રિયોને છૂટીદોર મૂકવાનો આદર્શ રાખો (અબ્રહ્મચર્ય), તો પછી તેમની તૃપ્તિ માટે જોઈતા પદાર્થો મેળવવા માટે (પરિગ્રહ), ચોરી, જૂઠ અને અંતે હિંસા આવકારવાં જ રહ્યાં. પરંતુ જે સમાજમાં ઘરબાર–મોજશોખ–ધનઐશ્વર્ય આદિ ત્યાગીને ઇંદ્રિયનિગ્રહી તપસ્વી થવું એને જ શ્રેયરૂપ માનવામાં આવતું હોય, અને એ બધાના મૂળમાં અહિંસાની વ્યાપક ભાવના હોય, તો સમાજવિગ્રહનાં ઘણાં કારણો ઓછાં થઈ જાય એ દેખીતું છે.

અલબત, એ અહિંસાની ભાવના ઘણી સૂક્ષ્મ વસ્તુ છે; અને તેનું અનુશીલન પ્રજ્ઞાપૂર્વક થવું જોઈએ. નહિ તો અત્યારની જૈન અહિંસાની માફક એ અહિંસા પોતે જ હિંસાની પોષક એવી ભારે અસામાજિક વસ્તુ બની જાય. હું અહિંસક રહું તેટલા માટે ખેતી કરવાનો ભાર અને પાપ હું બીજા ઉપર નાખવા ઇચ્છું, અથવા રાજ્યતંત્રના બધા લાભ તો લેવા ઇચ્છું, પણ તેની આવશ્યક સેવાઓને નરકપ્રાપ્તિ કરાવનાર માની નિંદું, તો તે હિંસા કરતાં પણ વધારે ખરાબ હિંસા થઈ; કારણ કે, તેમાં તો હું જાતે બચું માટે બીજાને પાપમાં નાખવા ઇચ્છું છું. એમાં તો ધર્મવૃત્તિનો જ નર્યો અભાવ છે; અને એ ભાવનાને અસામાજિક ગણી વખોડી કાઢવી જ જોઈએ. અહિંસા એ વીરવૃત્તિ છે, હિસાબી કે ગણતરી-બાજ — કાયરવૃત્તિ નથી. એ ધર્મે તો યતિધર્મને જ વિહિત ગણીને શાંતિ પકડવી જોઈએ; તેની ભાવના હેઠળ ગૃહસ્થપણું શક્ય નથી.

*　　*　　*　　*

આ ગ્રંથમાં અનુવાદિત કરેલા ત્રણ અંગગ્રંથોના વિષયને લગતી કંઈક લાંબી ચર્ચા ઉપર કરી લીધી. હવે આ અનુવાદ પૂરતી એક-બે વસ્તુઓ અંતે જણાવી લઈએ. આ માળાનાં અન્ય પુસ્તકોની જેમ આ પુસ્તકને અંતે (વિશેષનામોની) સૂચિ આપી છે, પરંતુ સુભાષિતસંગ્રહ આપી શકાયો નથી. તેનું કારણ એ છે કે, આ ત્રણે ગ્રંથોમાં એકે શ્લોક કે ગાથા જ આવતાં નથી. જે થોડીઘણી ગાથાઓ આવે પણ છે, તે કથાઓનાં નામની સંગ્રહગાથાઓ છે. તોપણ એટલું નોંધવું જોઈએ કે, કેટલીક કથાઓમાં ઠેરઠેર સાધુ થવા ઇચ્છનારને સમજાવીને પાછો વાળવાના પ્રયત્ન વખતે જે સવાલજવાબ થાય છે, તે સુભાષિત જેવા જ છે; તથા કોઈ પણ 'શ્રમણકાવ્યનું' અનુરૂપ વસ્તુ બની શકે તેવા છે. અર્જુનક માળી (મુદ્દગરપાણિ) અને ગુજસુકુમારની કથાઓ તો પોતે જ એક મહાસુભાષિત જેવી છે.

અનુવાદમાં કોઈ કોઈ જગાએ અમુક વિગતો કે વર્ણનોની પુનરુક્તિ થતી દેખાશે. પરંતુ તે બાબતમાં થોડીઘણી લાચારી જ કબૂલ કરવી પડે તેમ છે. જુદી જુદી વાર્તાઓના સાધકોનાં જન્મ-યુવાવસ્થા-દીક્ષા-અને તપની વિગતો બધી જ કથાઓમાં લગભગ એકસરખી જ છે. મૂળગ્રંથમાં જ સંખ્યાબંધ કથાઓને માત્ર વિશેષનામોની વિગતોમાં જ ફેર હોવાને કારણે એકાદ મુખ્ય કથાને અંતે યાદીરૂપે જોડી દેવામાં આવી છે. બીજી કેટલીક વાતો એકાદ વિગતમાં જ વિશેષતા હોવાને કારણે જુદી આપવી પડી છે. તેવે સ્થળે ઉપર જણાવેલી વિગતો ટૂંકમાં પણ ઉલ્લેખી જવી જ પડે; નહી તો કથાનાં જુદાં જુદાં અંગો વચ્ચે પ્રમાણ જ ન જળવાય.

કથાઓમાં જ્યાં ત્યાં સમાન અર્થવાળા જ સંખ્યાબંધ શબ્દો કે વિશેષણો સાથે જ વપરાયેલાં માલૂમ પડશે. જૈન કથાપદ્ધતિની એ એક વિશેષતા છે. ટીકાકારો એ બધા શબ્દોની બાબતમાં પુનરાવૃત્તિનો દોષ ન લાગે માટે થોડો થોડો અર્થભેદ બતાવવા પ્રયત્ન કરે છે; પરંતુ ઘણીવાર તો 'એ બધા શબ્દો સમાન અર્થના જ છે' એમ પણ સ્પષ્ટ કહી દે છે. વાર્તાના અદ્ભુત રસની જમાવટમાં એ પ્રકારની શૈલી ઉપયોગી જણાવાથી, એ બાબતમાં સંક્ષેપ સાધવાની દાનત રાખી નથી. વાર્તાના રસમાં એ વસ્તુ ખટકતી નથી, પરંતુ પોષક નીવડે છે.

અનુક્રમણિકા

ખંડ ૧લો

પાપનાં ફળો

ખંડ ૨જો

પુણ્યનાં ફળો

ખંડ ૩જો

સંયમનાં ફળ

ખંડ ૪થો

મુક્તોની કથાઓ

પાપ, પુણ્ય અને સંયમ

ખંડ ૧ લો

પાપનાં ફળો

जे केइ बाला इह जीवियट्ठी पावाइं कम्माइं करंति रुद्दा ।
ते घोररूवे तमिसंधयारे तिव्वाभितावे नरए पडंति ॥
तिव्वं तसे पाणिणो थावरे य जे हिंसती आयसुहं पडुच्चा ॥
जे लूसए होइ अदत्तहारी, ण सिक्खती सेयवियस्स किंचि ।
पागब्भि पाणे बहुणंतिवाति, अतिव्वते घातमुवेति बाले ॥

[सूत्र० १-५,३-५]

સુધર્માસ્વામી કહે છે : હે જંબુ ! પૂર્વે મેં મહર્ષિ મહાવીરને પૂછયું હતું કે નરક શાથી પમાય છે. તેના જવાબમાં તેમણે મને કહ્યું :

'સંસારમાં જે કોઈ અજ્ઞાની ક્રૂર મનુષ્યો પોતાના જીવિતને અર્થે પાપકર્મો કરે છે, તથા પોતાના સુખ માટે સ્થાવર–જંગમ પ્રાણીઓની ક્રૂરતાથી હિંસા કરે છે, ચોરી કરે છે, તથા સંયમ-માર્ગનું જરા પણ પાલન કરતા નથી, તેઓ ઘોર અંધકારવાળાં, તથા તીવ્ર વેદનાઓવાળાં નરકોમાં પડે છે.'

૧

મૃગાપુત્રની કથા

જૂના સમયમાં મૃગાગ્રામ નામે નગર હતું. તેમાં વિજય નામે ક્ષત્રિય રાજા રાજ્ય કરતો હતો. તેની રાણીનું નામ મૃગાદેવી હતું. તે બંનેને મૃગાપુત્ર નામે પુત્ર હતો. તે જન્મથી જ આંધળો-મૂગો-બહેરો-કૂબડો તથા પક્ષાઘાતી[1] હતો. તેને હાથ-પગ-કાન-આંખ-નાક વગેરે ઇંદ્રિયો ન હતી; પરંતુ તેમનો આકાર માત્ર હતો. મૃગાદેવી તે બાળકને એક ગુપ્ત ભોંયરામાં કોઈ જાણે નહિ તે રીતે કાળજીપૂર્વક ઉછેરતી હતી.

તે જ નગરમાં બીજો પણ એક જન્માંધ મનુષ્ય રહેતો હતો. તે કોઈ દેખતા માણસની સાથે, તેણે પકડેલી લાકડીને આધારે ઘેર ઘેર ભીખ માગતો હતો અને લોકોના દિલમાં દયા ઉપજાવી, જેમ તેમ પેટ ભરતો હતો. તેનું માથું જથરપથર રહેતું, અને તેની પાછળ માખોનાં ટોળાં બણબણ્યા કરતાં.

એક વખત ભગવાન મહાવીર ફરતા ફરતા તે નગરમાં આવી પહોંચ્યા. તેમને આવ્યા જાણી લોકોનાં ટોળેટોળાં તેમનાં દર્શને જવા માટે ઉલટચાં. નગરના રાજમાર્ગોમાં, તેમ જ શેરીએ શેરીએ જ્યાં જુઓ ત્યાં શ્રમણ ભગવાન

---

૧. મૂળમાં 'વાયવ'(-વાતરોગી) શબ્દ છે. અર્થાત્ લકવાવાળો.

મહાવીર પધાર્યાની વાત ચાલવા લાગી, અને સર્વત્ર લોકોની મેદની જામી ગઈ.

આ બધી ધમાલનો અવાજ સાંભળી, પેલા આંધળાએ પોતાને દોરનારને પૂછ્યું : 'ભાઈ! આજે મૃગાગ્રામમાં એવું તે શું થયું છે, જેથી લોકોનાં ટોળેટોળાં આમ દોડાદોડી કરી રહ્યાં છે? આજે નગરમાં ઇંદ્રનો, સ્કંદનો, રુદ્રનો, શિવનો, કુબેરનો, નાગનો, યક્ષનો, ભૂતનો, નદીનો, તળાવનો, વૃક્ષનો, ચૈત્યનો કે પર્વતનો કોઈ ઉત્સવ છે, કે કોઈ ઉદ્યાનયાત્રા છે, અથવા ગિરિયાત્રા છે?'

ત્યારે પેલાએ તે આંધળાને કહ્યું : "આજે એવો કોઈ ઉત્સવ કે ઉજાણી તો નથી; પરંતુ ભગવાન મહાવીર આજે આ તરફ પધાર્યા છે, અને ગામબહાર ઈશાનખૂણામાં આવેલા 'ચંદનપાદપ' ઉદ્યાનમાં[1] ઊતર્યા છે, તેથી એમનાં દર્શન કરવા ઉત્સુક થયેલા લોકોની આમ મેદની જામી છે."

આ સાંભળી આંધળાએ કહ્યું, 'હે ભાઈ! આપણે પણ ચાલ ત્યાં જઈએ અને ભગવાનનાં દર્શન કરીએ. એવા સંતસાધુઓનું નામ કે ગોત્ર પણ આપણે કાને પડી જાય, તો પણ મોટું ફળ મળે છે; તો તેમની પાસે જઈ, તેમને નમસ્કારાદિ કરી, તેમનો સદુપદેશ સાંભળવાથી તો કેટલો બધો લાભ થાય! માટે ચાલ, આપણે ત્યાં જઈએ અને બીજા જન્મનું કાંઈક ભાથું બાંધીએ!'

પછી તે આંધળો પેલા માણસે પકડેલી લાકડીને આધારે જ્યાં મહાવીર ભગવાન હતા ત્યાં આવ્યો, અને તેમને વંદન-

---

૧. ત્યાં સુધર્મ યક્ષનું મંદિર હતું, એવું મૂળમાં વધારે છે.

પ્રદક્ષિણાદિ કરી, એક તરફ ઊભો રહ્યો. ભગવાન મહાવીરે પણ ત્યાં આવેલા સૌને ધર્મોપદેશ કર્યો.

કથા પૂરી થયા બાદ બધા વીખરાઈ ગયા, અને પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. તે અરસામાં ભગવાનના મોટા શિષ્ય ઇંદ્રભૂતિ નામના સાધુ[1] સંયમ અને તપ આચરતા તેમની સાથે જ ફરતા હતા. તે સાડાસાત હાથ ઊંચા હતા; તેમનો વર્ણ કસોટીના પથરા ઉપર પડેલી સોનાની રેખા સમાન ગૌર હતો; તે ઉગ્ર તપસ્વી હતા; ઘોર બ્રહ્મચારી હતા ધ્યાનરત હતા; તથા શાસ્ત્રજ્ઞ હતા. તેમણે આજના ટોળામાં પેલા અંધ માણસને જોયો હતો. ત્યારથી તેમને ભગવાન મહાવીરને પ્રશ્ન પૂછવાનું મન થયું હતું. લોકો વીખરાઈ ગયા બાદ, તે ભગવાન મહાવીર પાસે આવ્યા અને શ્રદ્ધાપૂર્વક તેમને પૂછવા લાગ્યા.

ગૌતમ — ભગવન્! કોઈ માણસ જન્મથી જ આંધળો જન્મેલો હોય?

મહા૦ — હા, હોય

ગૌ૦ — ભગવન્! તેવો માણસ ક્યાં છે?

મહા૦ — હે ગૌતમ! આ નગરમાં જ વિજયરાજા તથા મૃગાદેવી રાણીનો પુત્ર જન્મથી જ આંધળો જન્મેલો છે. તેને હાથ–પગ–કાન–આંખ–નાક વગેરે ઇંદ્રિયો જ નથી, માત્ર તેમનો આકાર છે. તેને મૃગાદેવી એક ગુપ્ત ભોંયરામાં કોઈ જાણે નહિ તે રીતે કાળજીપૂર્વક ઉછેરે છે.

---

૧. તેમની વિશેષ માહિતી માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૩,૨૪૦,૨૬૨.

ગૌ૦ — ભગવન્! આપ રજા આપો તો હું તે બાળકને જોઈ આવવા ઇચ્છું છું.

મહા૦ — ભલે!

ત્યારબાદ, ભગવાનની અનુજ્ઞા મળવાથી રાજી થયેલા ગૌતમ ત્યાંથી નીકળ્યા અને કશી ઉતાવળ કર્યા વિના, અસંભ્રાંત ચિત્તે તથા ધૂંસરા જેટલે દૂરથી આગળની જમીન જોતા જોતા મૃગાગ્રામ નગરમાં દાખલ થયા, અને જ્યાં મૃગાદેવીનો મહેલ હતો, ત્યાં આવી પહોંચ્યા.

મૃગાદેવીએ ભગવાન ગૌતમને આવતા જોયા. આથી અત્યંત ખુશી થઈ, તેણે તેમનો વંદનાદિ સત્કાર કર્યો તથા પૂછ્યું : 'હે દેવાનુપ્રિય! આપના પધારવાનું પ્રયોજન શું છે, તે મને કહો.'

ગૌતમે કહ્યું : 'હે દેવાનુપ્રિયે! હું તમારો પુત્ર જોવા આવ્યો છું.'

તે સાંભળી, મૃગાદેવીએ પછી જન્મેલા પોતાના ચાર પુત્રોને સર્વ શણગારોથી વિભૂષિત કર્યાં અને તેમને ગૌતમ મુનિને પગે લાગવાનું કહ્યું. પછી તેણે ગૌતમ મુનિને કહ્યું, 'હે ભગવન્! આ મારા પુત્રો છે. તેમને જુઓ.'

ગૌતમે કહ્યું, 'હે દેવાનુપ્રિયે! હું તમારા આ પુત્રોને જોવા માટે અહીં નથી આવ્યો. મારે તો તમારો પ્રથમ જન્મેલો પેલો આંધળો પુત્ર જોવો છે!'

મૃગાદેવીએ કહ્યું: 'હે ગૌતમ! તમને કયા જ્ઞાનીએ કે તપસ્વીએ મારું રહસ્ય જાણી લઈને કહ્યું છે, જેથી તમને એ વાતની ખબર પડી છે?'

ગૌતમે કહ્યું: 'હે દેવાનુપ્રિયે! મારા ધર્માચાર્ય શ્રમણ ભગવાન મહાવીરે મને એ વાત કહી છે, તેથી હું તે જાણું છું. મારા એ ગુરુ ધર્મના આદિકર્તા છે, તીર્થંકર છે, બીજા કોઈના ઉપદેશ વિના સ્વયં તત્ત્વબોધ પામેલા છે, સર્વ પુરુષોમાં તથા લોકોમાં શ્રેષ્ઠ છે; સમગ્ર જગતના નાથ, પ્રકાશક, અભયદાન દેનારા, જ્ઞાનરૂપ, ધર્મદેશક, ધર્મસારથિ, ધર્મ-ચક્રવર્તી, કેવલજ્ઞાની, જિન, સકલ તત્ત્વના વેત્તા, સર્વજ્ઞ, અને સર્વદર્શી છે.'

આ પ્રમાણે મૃગાદેવી ગૌતમ સાથે વાતચીત કરી રહી હતી, તેવામાં જ પેલા મૃગાપુત્રને ખવરાવવાનો સમય થયો. એટલે મૃગાદેવીએ ગૌતમને કહ્યું, 'હે ભગવન્! તમે અહીં થોડીવાર થોભો. હું તમને હમણાં જ મારો તે પુત્ર બતાવું છું.'

આમ કહી, મૃગાદેવી પોતાના ખાનગી રસોડામાં ગઈ. ત્યાં જઈ તેણે પોતાનાં કપડાં બદલી નાખ્યાં. ત્યારબાદ એક ઠેલણગાડીમાં પુષ્કળ ખાન, પાન, મુખવાસ, મેવો વગેરે પદાર્થો ભરીને, તેને ધકેલતી ધકેલતી તે ગૌતમ ઊભા હતા ત્યાં આવી અને કહેવા લાગી, 'ભગવન્! તમે મારી પાછળ પાછળ આવો, હું તમને મૃગાપુત્ર પાસે લઈ જઉં છું.'

ગૌતમ મૃગાદેવીની પાછળ પાછળ ચાલ્યા. મૃગાદેવીએ પેલા ભોંયરા પાસે આવીને ગાડી થોભાવી, તથા પોતાનું મોં ચાર-બેવડું કરેલા વસ્ત્રથી બાંધતાં બાંધતાં ગૌતમને કહ્યું, 'ભગવન્! તમે પણ તમારું મોં મૂમતીથી[1] બાંધી લો.'

---

૧. 'मुहपोत्तिया'। જૈન સાધુઓ શ્વાસોચ્છ્વાસથી જીવજંતુ ન હણાય માટે મોંએ પટ્ટી બાંધે છે તે.

ગૌતમે તે પ્રમાણે મોં બાંધી લીધું. પછી મૃગાદેવીએ મોં આડું રાખી, ભોંયરાનું બારણું ઉઘાડયું. ઉઘાડતાં વેંત જ અંદરથી મરેલો સાપ ગંધાતો હોય કે તેવું બીજું પ્રાણી સડીને ગંધાતું હોય તેવી તથા તેથી પણ વધારે ખરાબ એવી દુર્ગંધ નીકળી. ભોંયરાની અંદર પેલો મૃગાપુત્ર હતો. તેને ખાનપાનની વાસ આવતાં જ તે અત્યંત આતુરતાથી તે બધું ખાવા લાગી ગયો. થોડીવારમાં તો ખાધેલું બધું તેને હજમ પણ થઈ ગયું, અને તેના શરીરમાંથી પરુ અને લોહી બનીને નીકળવા લાગ્યું. પછી પેલો છોકરો તે પરુ અને લોહી ચાટવા લાગ્યો.

ગૌતમને આ બધું જોઈ એવો વિચાર આવ્યો: 'અહો! આ છોકરો પોતાનાં પૂર્વે કરેલાં,[1] જૂનાં કોઈ અતિશય પાપી તથા અશુભ કૃત્યોનું માઠું ફળ ભોગવી રહ્યો છે. મેં કોઈ નરકો કે ત્યાંના જીવો જોયાં નથી. પરંતુ આ જીવ તો સાક્ષાત્ નરકની જ વેદના ભોગવી રહ્યો છે, એવું ચોખ્ખું દેખાય છે.'

ત્યારબાદ મૃગાદેવીની રજા લઈ, ગૌતમ ત્યાંથી નીકળી, જ્યાં ભગવાન મહાવીર હતા ત્યાં પાછા આવ્યા. તથા તેમને ત્રણ વાર જમણી બાજુથી પ્રદક્ષિણા કરીને નમસ્કાર કર્યા. ત્યારબાદ તેમણે તેમને કહ્યું: 'હે ભગવન્! આપની રજા લઈ હું મૃગાદેવીને ઘેર ગયો, અને ત્યાં મેં તેનો પુત્ર જોયો. તેને જોઈ મને વિચાર આવ્યો કે, આ છોકરો પોતાનાં પૂર્વે

---

૧. 'પ્રાયશ્ચિત્તાદિથી ધોઈ ન નાખેલાં' એવું વિશેષણ મૂળમાં વધારે છે.

કરેલાં, જૂનાં કોઈ અતિશય પાપી તથા અશુભ કૃત્યોનું માઠું ફળ ભોગવી રહ્યો છે. તો હે ભગવન્! એ જીવ પૂર્વજન્મમાં કોણ હતો, તેનું નામ શું હતું, તેનું ગોત્ર શું હતું, તે કયા ગામ કે નગરમાં રહેતો હતો, તથા તેણે તે જન્મમાં શું દીધું-ભોગવ્યું-આચર્યું હતું, કે જેને કારણે તે આ જન્મમાં સાક્ષાત્ નરકની જ વેદના ભોગવે છે?"

ભગવાને કહ્યું: હે ગૌતમ! પૂર્વે આ જંબુદ્રીપમાં ભારતક્ષેત્રમાં 'શતદ્વાર' નામે નગર હતું. તેમાં ધનપતિ નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરની નજીક અગ્નિખૂણા તરફ વિજયવર્ધમાન નામે શહેર[1] હતુ. તે શહેરના તાલુકામાં બીજાં પાંચસો ગામ હતાં. વિજયવર્ધમાન શહેર 'એકાદિ' નામના સૂબાની[2] હકૂમત હેઠળ હતું. તે સૂબો મહાઅધાર્મિક હતો, તથા દુરાચારી તરીકે તેણે લોકોમાં નામના મેળવી હતી. શીલ, વ્રત વગેરેના લેશ વિનાનો તે એકાદિ અધર્માચરણમાં જ પ્રીતિવાળો હતો, તથા વિજયવર્ધમાન શહેર તથા તેનાં પાંચસો ગામ ઉપર અધિકાર ચલાવતો હતો. લોકો ઉપર ભારે કર નાખીને, ખેડૂતોને ધીરેલા ધાન્યથી બમણું-તમણું પડાવીને, લાંચો લઈને, તેમનું અપમાન કરીને, ગમે તેવા

---

૧. મૂળમાં તેને માટે 'खेट' શબ્દ છે. તેનો અર્થ, 'આસપાસ માટીની દીવાલવાળું શહેર' થાય છે.

૨. મૂળમાં 'રાષ્ટ્રકૂટ' શબ્દ છે. ટીકાકાર તેનો 'मंडलोपजीवी राजनियोगिकः' એવો અર્થ આપે છે. પરંતુ એ નામનો ઐતિહાસિક રાજવંશ પણ મહારાષ્ટ્ર-ગાળામાં ઈ. સ. ત્રીજા સૈકાથી છઠ્ઠા સૈકા સુધી રાજ્ય કરતો હતો. તે રાજાઓ પોતાને સાત્યકિના વંશજ યાદવો ગણતા હતા.

લાગા ઊભા કરીને, એકના વાંક માટે આખા ગામ ઉપર દંડ નાખીને, મરજીમાં આવે તેની પાસે પૈસા પડાવીને, ધાડો પડાવીને, આગ મુકાવીને, અને વણજારો કે સંઘો લૂંટાવીને તે વિજયવર્ધમાન શહેર તેમ જ તેનાં પાંચસો ગામડાંના લોકોને રંજાડતો હતો, ભ્રષ્ટ કરતો હતો, ધમકાવતો હતો, મારતો હતો, અને લૂંટતો હતો. શહેરના માંડલિકો, યુવરાજો, રાજાના માનીતાઓ, મુખીઓ,[૧] કૌટુંબિકો, નગરશેઠો,[૨] કે બીજા પણ ગામના આગેવાનોને કોઈ કાર્ય–વ્યવહારની બાબતમાં, કોઈ વિચારણાની બાબતમાં, કોઈ ખાનગી વાતની બાબતમાં, કોઈ ફેંસલાની બાબતમાં, કે કોઈ વાદવિવાદની બાબતમાં તે સાંભળવા છતાં કહેતો કે, 'મેં નથી સાંભળ્યું'; ન સાંભળવા છતાં કહેતો કે 'મેં સાંભળ્યું છે'; જોવા છતાં કહેતો કે, 'મેં નથી જોયું'; કહેવા છતાં કહેતો કે, 'મેં નથી કહ્યું'; લેવા છતાં કહેતો કે, 'મેં નથી લીધું', અને જાણવા છતાં કહેતો કે, 'નથી જાણ્યું'.

આ પ્રમાણે કરનારો, આ પ્રમાણે કરવાની નિષ્ઠાવાળો, તથા આ પ્રમાણે કરવાની (જ) આવડતવાળો, તે એકાદિ આ રીતે બહુ પાપકર્મ તથા વેરબંધન એકઠું કર્યા કરતો હતો. વખત જતાં તે એકાદિને અત્યંત પીડાકારી એવા સોળ રોગો એક સાથે લાગુ થયા: જેમકે, શ્વાસ, ખાંસી, જ્વર, દાહ, શૂલ, ભગંદર, હરસ, અજીર્ણ, આંખનું શૂળ,

૧. મૂળમાં 'માડંબિક' છે. જેની આસપાસ બે યોજન સુધી બીજું ગામ નથી તેવું ગામ 'મડંબ' કહેવાય. તેનો અધિપતિ તે માડંબિક.

૨. મૂળમાં 'સાર્થવાહ' છે.

માથાનું શૂળ, અરુચિ, આંખ અને કાનની વેદના, ખરજ, જલોદર અને કોઢ.[1] તેણે પોતાના કુટુંબીઓને બોલાવીને કહ્યું : 'હે દેવાનુપ્રિયો ! તમે બધા વિજયવર્ધમાન શહેરના તરભેટાઓમાં, ત્રણ રસ્તાઓમાં, ચાચરોમાં, ચોકોમાં તથા શેરીએ શેરીએ એવી ઘોષણા કરાવો કે, જે કોઈ વૈદ્ય, જાણકાર કે નૂસખાબાજ[2] મારા આ સોળ રોગમાંથી એક રોગને પણ મટાડશે, તેને મોં માગ્યું ધન આપવામાં આવશે. આવી ઘોષણા તમે બે વાર, ત્રણ વાર કરાવો.'

એકાદિના કુટુંબીઓએ એ પ્રમાણે વિજયવર્ધમાન શહેરમાં બેત્રણવાર ઘોષણા કરાવી. તે સાંભળી, કેટલાય વૈદ્યો, વૈદ્યપુત્રો, જાણકારો અને નૂસખાબાજો ચિકિત્સાને લગતાં શસ્ત્રો, પાત્રો, શસ્ત્ર તીક્ષ્ણ કરવાની સલ્લીઓ, (કરિયાતા વગેરેની) સળીઓ, ગોળીઓ અને અનેક પ્રકારનાં ઓસડવેસડ લઈને આવ્યા.

તેઓએ આવીને એકાદિનું શરીર તપાસ્યું, તથા નિદાન વિષે અંદર પડપૂછ કરીને, કેટલાય લેપો, ખરડો, ચીકણાં પીણાં, વમન અને વિરેચનના ઉપચારો, નાસો, ડામો, સ્નાનો, જઠરની

---

૧. આચારાંગના છઠ્ઠા અધ્યયનમાં, કંઠમાળ, કોઢ, ક્ષય, અપસ્માર, અક્ષીરોગ, જડતા, હીનાંગપણું, કૂબડાપણું, ઉદરરોગ, મૂકપણું, શરીરનું સૂણી જવું, ભસ્મકરોગ, કંપવા, પીઠ વાંકી વળી જવી, શ્લીપદ અનેમધુમેહ–એવા સોળ ગણાવ્યા છે.

૨. મૂળમાં વૈદ્ય, જ્ઞાયક અને ચિકિત્સક એવા ત્રણ શબ્દો છે, ટીકાકાર તેમનો અર્થભેદ આમ કરે છે : શાસ્ત્ર તેમજ ક્રિયા બંને જાણનાર તે વૈદ્ય; નર્યું શાસ્ત્ર જાણનાર તે જ્ઞાયક; અને નરી ક્રિયા જાણનાર તે ચિકિત્સક.

બસ્તીઓ, આંતરડાંની બસ્તીઓ,[1] ફસ ખોલવી, ચામડી ચીરવી, માથે કંઈક બાંધવું, શરીરે કંઈક ચોળવું, શરીરે કણક-ચોપડી તેને બાફવું કે પાક ખવરાવવા વગેરે ઉપાયોની સૂચના કરી, તથા ઔષધ તરીકે કેટલાય પ્રકારની છાલો, વેલો, મૂળો, કંદો, પત્રો, પુષ્પો, ફ્લો, બીજો, સળીઓ, ગોળીઓ વગેરે ઓસડ-વેસડ બતાવ્યાં. પરંતુ તેઓના એક પણ ઉપચારથી એકાદિનો એકાદ રોગ પણ શાંત ન થયો. ત્યારે તેઓ થાકીને, મૂંઝાઈને તથા અકળાઈને જ્યાંથી આવ્યા હતા ત્યાં પાછા ગયા.

વૈદ્યોએ આશા મૂકયા બાદ એકાદિના પરિચારકોએ પણ તેને તજી દીધો. એ દશામાં સોળે રોગની પીડાઓથી પીડાતો તે એકાદિ છેવટ સુધી રાજ્યમાં, રાષ્ટ્રમાં તથા અંતઃપુરની સ્ત્રીઓમાં આસક્ત રહીને, તેમની જ કામના કરતો કરતો, પોતાનું અઢીસો વર્ષનું આયુષ્ય દેહ–મન–ઇંદ્રિયની પીડામાં જ પૂરું કરીને મરણ પામ્યો અને રત્નપ્રભા નામની નરકભૂમિમાં વધારેમાં વધારે આયુષ્યવાળા[2] નારકી જીવોમાં ઉત્પન્ન થયો.

---

૧. તેની પછી 'નિરુહ' શબ્દ છે. તે પણ એક પ્રકારની અનુ-વાસના (બસ્તી) છે એમ ટીકાકાર કહે છે.

૨. નરકભૂમિઓ કુલ સાત છે, તેમાં રત્નપ્રભા પ્રથમ છે. તેમાં ૧૩ માળ છે. રત્નપ્રભામાં વધારેમાં વધારે આયુષ એક સાગરોપમ વર્ષ છે; અને ઓછામાં ઓછું ૧૦ હજાર વર્ષનું આયુષ છે. 'સાગર' વર્ષની સંખ્યા ઉપમાથી જ અપાય છે. અમુક મોટા કદનો ખાડો વાળના ઝીણા ટુકડાથી ભરવામાં આવે, અને તેમાંથી સો વર્ષે એક ટુકડો કાઢવામાં આવે, એ રીતે આખો ખાડો ખાલી થતાં જેટલાં વર્ષ વાગે તેમને પણ કરોડો ગણાં કરે ત્યારે સાગર વર્ષ થાય. જુઓ આ માળાનું 'સમીસાંજનો ઉપદેશ' પુસ્તક, પા. ૧૩૨.

ત્યાંથી ચ્યવીને તે આ મૃગાગ્રામ નગરમાં વિજય રાજાની મૃગાદેવી રાણીની કૂખે પુત્ર તરીકે ઉત્પન્ન થયો. તે ગર્ભમાં આવતાં જ મૃગાદેવીના શરીરે તીવ્ર વેદના ઊપડી. તેમજ તે ગર્ભમાં રહ્યો તેટલા દિવસ મૃગાદેવી વિજય રાજાને અપ્રિય તથા અકારી થઈ પડી. એક વખત રાત્રીના પૂર્વ ભાગના અંતમાં અને અપર ભાગની શરૂઆતમાં મૃગાદેવી આ બધી કૌટુંબિક ચિંતાઓથી જાગતી જ પડી હતી, તેવામાં તેને આ પ્રમાણે વિચાર આવ્યો: 'પહેલાં હું વિજય રાજાને ઇષ્ટ, કાંત, પ્રિય, તથા મનગમતી હતી, તથા મને તે મનોહર, મનમાં ચિંતવવા યોગ્ય, વિશ્વાસ કરવા યોગ્ય, તથા માનીતી ગણતા હતા. પરંતુ જ્યારથી આ ગર્ભ મારી કૂખમાં આવ્યો છે, ત્યારથી હું તેમને અનિષ્ટ, અપ્રિય તથા અકારી થઈ પડી છું. વિજયરાજા મારું નામ કે ગોત્ર સાંભળવા પણ ઇચ્છતા નથી, તો પછી મને જોવાની કે ભોગવવાની ઇચ્છા તો શાની જ કરે ? માટે હું મારા આ ગર્ભને વિવિધ ઉપાયો વડે ટુકડે-ટુકડા કરી કાઢી નાખું, પાડી નાખું, ઓગાળી નાખું, કે મારી નાખું'

આમ વિચારી, તેણે ગર્ભસ્રાવ કરાવનારા અતિ ખારા, અતિ કડવા, અતિ તૂરા વગેરે પદાર્થો ખાવા-પીવા માંડ્યા, પરંતુ એ બધા ઉપાયો કરવા છતાં તે ગર્ભ પડ્યો નહિ. ત્યારે મૃગાદેવી થાકીને, નિરાશ થઈ, પરવશપણે તે ગર્ભને મહા દુઃખે ધારણ કરવા લાગી,

પેલો છોકરો ગર્ભમાં હતો હતો ને જ, તેના શરીરમાં આઠ અંદર ઝરનારી અને આઠ બહાર ઝરનારી એમ સોળ નાડીઓ ઉત્પન્ન થઈ. તે સોળમાંથી આઠ નસું પરુ ઝરતી

હતી, અને આઠ લોહી. બે લોહીની અને બે પરુની નાડીઓ તેનાં કાનનાં છિદ્રોમાં હતી; તેવી જ બબ્બે આંખનાં છિદ્રોમાં, બબ્બે નાકનાં છિદ્રોમાં, અને બબ્બે લિંગ તથા ગુદાનાં છિદ્રોમાં.[1] તે નાડીઓ સતત પરુ અને લોહી ઝર્યાં કરતી હતી. વળી તે છોકરો ગર્ભમાં હતો ત્યારથી જ તેને 'ભસ્મક' નામનો રોગ થયો. તેથી તે જે કાંઈ ખાય તે તેને તરત હજમ થઈ જતું, અને તેનું લોહી તથા પરુ બનીને બહાર નીકળતું. પછી તે લોહી અને પરુને પાછો તે છોકરો ચાટી જતો.

મૃગાદેવીને નવ મહિના પૂરા થઈ ગયા બાદ તેને આંધળો-મૂંગો-બહેરો-કૂબડો તથા પક્ષાઘાતી છોકરો જન્મ્યો. છોકરાને હાથ-પગ-કાન-આંખ-નાક વગેરે ઇંદ્રિયો ન હતી, પરંતુ તેમનો આકારમાત્ર હતો. મૃગાદેવી તે કૂબડા તથા આંધળા છોકરાને જોઈને બહુ ભય પામી. પછી તેણે પોતાની ધાવ-માને બોલાવીને કહ્યું : 'હે દેવાનુપ્રિયે ! તું આ છોકરાને લઈ જઈને ઉકરડે નાખી આવ.'

પેલી ધાવ મૃગાદેવીને 'સારું' એમ કહીને પેલા છોકરાને હાથમાં ઉપાડી વિજયરાજા પાસે પહોંચી. તેને બધી વાત કહી સંભળાવીને તેણે પૂછ્યું, 'હે સ્વામી ! હું આ છોકરાને ઉકરડે નાખી આવું કે નહિ, તે આપ કહો.'

---

૧. મૂળમાં તો 'ધમનીનાં છિદ્રોમાં' એમ છે. ધમની એટલે નાડી-નસ. પરંતુ અહીં કાંઈક આવો અર્થ લેવો જોઈએ એમ અભયદેવે આપેલા 'कोष्ठकहड्डान्तराणि' અર્થ ઉપરથી સૂચિત થતું લાગે છે.

આ સાંભળી વિજયરાજા સફાળો ઊઠયો અને મૃગાદેવી પાસે જઈ કહેવા લાગ્યો : 'હે દેવાનુપ્રિયે! આ તારો પહેલ-વહેલો ગર્ભ છે. તેને જો તું ઉકરડે નંખાવી દઈશ, તો તારી પછીની પ્રજા પણ જીવશે નહિ. માટે તું એ છોકરાને કોઈ ભોંયરામાં ગુપ્ત રીતે રાખ, અને તેને ગુપ્ત રીતે ખવરાવી-પીવરાવીને ઉછેર; જેથી તારી ભવિષ્યની પ્રજા દીર્ઘજીવી થાય.'

મૃગાદેવીએ વિજયરાજાનું કહેવું વિનયપૂર્વક કબૂલ રાખ્યું. ત્યારથી તે પેલા છોકરાને ગુપ્ત રીતે ભોંયરામાં ઉછેરે છે. હે ગૌતમ! એ પ્રમાણે મૃગાપુત્ર પોતાનાં પૂર્વે કરેલાં જૂનાં અતિશય પાપી તથા અશુભ કૃત્યોનું માઠું ફળ ભોગવી રહ્યો છે.

તે સાંભળી ગૌતમે પૂછ્યું : 'હે ભગવન્! એ છોકરો મરણકાળે મૃત્યુ પામી અહીંથી ક્યાં જશે? અને ક્યાં ઉત્પન્ન થશે?'

ભગવાને કહ્યું : 'હે ગૌતમ! મૃગાપુત્ર ૨૬ વર્ષનું પૂરેપૂરું આયુષ્ય ભોગવીને મરણ પામી, આ ભારતવર્ષમાં જ આવેલા વૈતાઢ્ય પર્વતની તળેટીમાં સિંહના કુળમાં સિંહ તરીકે જન્મશે. તે સિંહ પણ અધર્મી, દુરાચારી, સાહસિક તથા ક્રૂર હશે, અને ઘણું પાપકર્મ ભેગું કરશે. ત્યાંથી મરીને તે ફરી રત્નપ્રભા નરકમાં વધારેમાં વધારે એક સાગરોપમ વર્ષ આયુષ્ય વાળા નારકોમાં ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવી તે પેટે ચાલનાર સાપ થશે. ત્યાંથી મરીને તે, નરકની બીજી ભૂમિમાં ઉત્પન્ન થશે. ત્યાં વધારેમાં વધારે આયુષ્ય ત્રણ સાગરોપમ વર્ષનું હોય છે. ત્યાંથી ચ્યવી તે પક્ષી થશે. ત્યાંથી મરીને તે નરકની ત્રીજી ભૂમિમાં ઉત્પન્ન થશે. ત્યાં વધારેમાં

વધારે આયુષ્ય સાત સાગરોપમ વર્ષનું હોય છે. ત્યાંથી ચ્યવીને તે ફરી પાછો સિંહ થશે. ત્યાંથી નરકની ચોથી ભૂમિમાં–પછી સાપ યોનિમાં–પછી નરકની પાંચમી ભૂમિમાં–પછી સ્ત્રીયોનિમાં–પછી નરકની છઠ્ઠી ભૂમિમાં–પછી મનુષ્ય-યોનિમાં–પછી નરકની સાતમી ભૂમિમાં–એમ તે ભટકશે. પછી પાંચ ઇંદ્રિયવાળાં પશુપંખીઓમાં માછલાં–કાચબા–ગ્રાહ–મગર–સુંસુમાર વગેરે જળચર જીવોનાં કુળોની જે સાડાબાર લાખ યોનિઓ છે, તેમાં દરેકમાં તે લાખોવાર ઊપજશે તથા પછી પણ વારંવાર જન્મ્યા કરશે. ત્યાંથી નીકળી તે સ્થલચર પશુપંખીઓમાં ચોપગાં, પેટે ચાલનારાં, તથા હાથ ઉપર ચાલનારાં[1] પ્રાણીઓમાં લાખોવાર ઊપજશે તથા પછી પણ વારંવાર જન્મ્યા કરશે. ત્યાર પછી તે જ પ્રમાણે ખેચર પશુ-પંખીઓમાં, ઉત્પન્ન થશે. ત્યારબાદ તે ચાર ઇંદ્રિયોવાળા[2] જીવોમાં તે પ્રમાણે ઉત્પન્ન થશે; ત્યારબાદ ત્રણ ઇંદ્રિયોવાળા[3] જીવોમાં, અને ત્યારબાદ બે ઇંદ્રિયવાળા[4] જીવોમાં. ત્યાર પછી એકેંદ્રિય જીવોમાં જેવા કે, કડવી વનસ્પતિઓમાં, કડવા દૂધવાળી વનસ્પતિઓમાં, વાયુજીવોમાં, અગ્નિજીવોમાં, જળ-જીવોમાં, અને પૃથ્વીજીવોમાં લાખોવાર ઊપજશે તથા પછી પણ વારંવાર જન્મ્યા કરશે.

---

૧. ઘો વગેરે.

૨. સ્પર્શ–રસ–ઘ્રાણ–આંખ એ ચાર ઇંદ્રિયોવાળા, જેવા કે ભમરા, વીંછી, મચ્છ ઇત્યાદિ.

૩. સ્પર્શ–રસ–ઘ્રાણ એ ત્રણ. કીડી, ઊધઈ, ગોકળગાય ઇત્યાદિ.

૪ સ્પર્શ અને રસ એ બે. અળસિયાં, કોડા, જળો, શંખ ઇત્યાદિ.

ત્યારબાદ તે સુપ્રતિષ્ઠ નામના પુરમાં ફરી[1] આખલો થશે. જુવાનીમાં આવતાં, એકવાર તે પ્રથમ વરસાદ વેળા મહાનદી ગંગાની ભેખડ ઉપર માટી ખણતાં ભેખડ સાથે તૂટી પડી દબાઈ મરશે, અને એ જ સુપ્રતિષ્ઠપુરમાં એક શેઠને ઘેર પુત્ર તરીકે જન્મશે. જુવાનીમાં આવ્યા બાદ કોઈ લાયક સ્થવિરો[2] પાસેથી ધર્મોપદેશ સાંભળી, તે ઘરબાર છોડી સાધુ થશે. સાધુ અવસ્થામાં તે કાળજીપૂર્વક વર્તનારો, મન-વાણી -કાયાનો સંયમ કરનારો, તથા ઇંદ્રિયનિગ્રહી બ્રહ્મચારી થશે. બહુ વર્ષો સુધી એ પ્રમાણે સાધુપણું પાળીને તથા પોતાનાં સર્વ કર્મોનું આલોચન[3] તથા પ્રાયશ્ચિત્ત કરીને, અંતે સમાધિ અવસ્થામાં મરણ પામી, તે સૌધર્મ કલ્પમાં[4] દેવ તરીકે ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને તે મહાવિદેહ ક્ષેત્રમાં જે કોઈ કુળો ધનાદિથી પૂર્ણ, પ્રતાપયુક્ત, વિખ્યાત, ઘર-પલંગ-આસન-વાહન વગેરે સામગ્રીથી ભરપુર, સોનું-રૂપું-લેણદેણ-જમણવાર-દાસી-દાસ-ગાય-ભેંસ વગેરે સાધનોથી યુક્ત તથા કોઈનાથી ગાંજ્યાં ન જાય તેવાં હશે, ત્યાં પુત્ર તરીકે જન્મશે. જન્મતાંવેંત તેને સર્વ સંસ્કારો ઠાઠમાઠથી કરવામાં આવશે, તથા પછી પણ તે અનેક આયાઓ, ધાવો વગેરે દ્વારા ઉછેરાશે.

---

૧. 'ફરી' એટલા માટે કે પહેલાં પણ તે ઘણીવાર થઈ ચૂકયાં હશે.

૨. વૃદ્ધ સાધુઓ.

૩. ગુરુ આગળ દોષોની કબૂલાત કરી જવી તે.

૪ સૌધર્મ વગેરે કલ્પો એટલે કે સ્વર્ગોની માહિતી માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૨૬૨.

ત્યારબાદ યોગ્ય આચાર્ય પાસે તેને ૭૨ કળાઓ[1] શીખવા મૂકવામાં આવશે. ભણ્યાગણ્યા બાદ તેનાં માતાપિતા તેને અન્ન-પાન-વસ્ત્ર-મકાન-શય્યા વગેરે સર્વ કામભોગો પૂરા પાડશે. પણ તે બધા ભોગોમાં તે જરાય આસક્ત નહિ થાય; પરંતુ કમળ જેમ કાદવમાં ઉત્પન્ન થવા છતાં, તથા પાણીમાં ઊછરવા છતાં કાદવ કે પાણીથી ખરડાતું નથી, તેમ તે પણ કામોથી ઉત્પન્ન થયો હોવા છતાં તથા ભોગોમાં ઊછર્યો હોવા છતાં કામભોગોથી ખરડાશે નહિ, કે સગાં-વહાલાંમાં બંધાશે નહિ; પરંતુ જ્ઞાનવાન તથા આચારવાન સાધુ ભગવંતો પાસેથી કેવળી ભગવાનોએ ઉપદેશેલો બોધ સાંભળી, ઘરબાર છોડીને સાધુ થઈ જશે, અને કેવળજ્ઞાન-દર્શન પ્રાપ્ત કરી, તથા સિદ્ધ-બુદ્ધ-અને મુક્ત થઈ, સર્વ દુઃખોનો અંત લાવશે.

---

૧. તેમના વિગતવાર વર્ણન માટે જુઓ આ માળાનું 'ધર્મ-કથાઓ' પુસ્તક, પા. ૧૯૩.

૨

ઉજ્જિતકની કથા

જૂના કાળમાં વાણિજ્યગ્રામ[1] નામે નગર હતું. તે નગરમાં કામધ્વજા નામની ગણિકા રહેતી હતી. તે સર્વ ઇંદ્રિયો, લક્ષણો, ચિહ્નો તથા સૌભાગ્યાદિ ગુણોથી યુક્ત હતી. તેનું શરીર પ્રમાણયુક્ત[2] હતું. તથા તેનાં સર્વ અંગો સારી રીતે ખિલેલાં હોઈ, તે સર્વાંગસુંદર હતી. તે બોતેરેય કળામાં કુશળ હતી, પરંતુ ગીત–નૃત્યાદિ ગણિકાને ઉચિત ૬૪ કળાઓમાં તો તે પારંગત હતી. પુરુષ સાથે વિવિધ વિહારો કરવાની સર્વ પ્રક્રિયા[3] તે જાણતી હતી. તેનાં કાન-આંખ-નાક-જીભ-ત્વચા-મન એ નવે અંગો યૌવનથી જાગૃત થયેલાં

---

૧. વૈશાલી નગરીના એક ભાગને જ વાણિજ્ય ગ્રામ કહેવામાં આવતો.

૨. મૂળમાં તો માન, ઉન્માન અને પ્રમાણ એ ત્રણ છે. પાણીથી ભરેલી કુંડીમાં દાખલ થતાં જેના પ્રવેશથી કુંડીનું ૩૨ શેર પાણી (દ્રોણ) બહાર નીકળે, તે 'માન'યુક્ત કહેવાય. જેનું વજન ૪૦૦૦ તોલા (અર્ધો ભાર) થાય, તે ઉન્માનયુક્ત કહેવાય. અને પોતાના આંગળથી માપતાં જેની ઉંચાઈ ૧૦૮ આંગળ થાય, તે પ્રમાણયુક્ત કહેવાય.

૩. મૂળમાં સુરતક્રીડાના ૨૯ વિશેષો, ૨૧ રતિગુણો, અને ૩૨ પુરુષોપચારો છે.

હતાં. તે અઢારે દેશી[1]ભાષાઓમાં વિશારદ હતી. તેનો વેષ શૃંગારરસના ધામ જેવો મોહક હતો. તે સંગીતમાં પ્રીતિ-વાળી તથા નૃત્ય અને નાટચમાં[2] કુશળ હતી. ગમન-હાસ્ય-ભાષણ-ચેષ્ટા-વિલાસ-લલિત વાર્તાલાપ-તથા બીજા પણ પોતાને ઉચિત વ્યવહારોમાં તે નિપુણ હતી. તેના હાથ-પગ-નેત્ર-વદન-સ્તન-જઘન વગેરે અવયવો લાવણ્ય અને વિલાસયુક્ત હતા. તેની કીર્તિપતાકા સૌથી ઊંચે ઊડતી હતી. રાજાએ તેને છત્ર અને ચામર આપી સંમાનિત કરી હતી, તથા તે હંમેશાં રથમાં બેસીને જ બહાર નીકળતી હતી. તેની ફી એક હજાર મહોરની હતી. તથા હજારો ગણિકાઓની તે અગ્રેસર, પોષક તથા સ્વામિની હતી.

તે જ નગરમાં વિજયમિત્ર નામે સાર્થવાહ રહેતો હતો. તે ધનધાન્યથી સંપૂર્ણ તથા સૌ સાર્થવાહોનો નાયક હતો. તેને સુભદ્રા નામની રૂપગુણસંપન્ન સ્ત્રી હતી. તે બંનેને ઉજ્ઝિતક નામનો સર્વાંગસુંદર પુત્ર હતો.

તે અરસામાં ભગવાન મહાવીર ફરતા ફરતા તે નગરમાં આવી પહોંચ્યા. તેમની સાથે તેમના પટ્ટશિષ્ય ગૌતમ પણ હતા. તેમણે તે વખતે સાત ટંકનો ઉપવાસ કરેલો હતો. તેના પારણાનો વખત થતાં પ્રથમ તે સ્વાધ્યાય-ધ્યાન વગેરેથી પરવાર્યા. પછી શારીરિક તથા માનસિક ચપળતા રહિત થઈને તેમણે પોતાની મૂમતી, વાસણો અને વસ્ત્રો તપાસી લીધાં,

૧. તેમની વિગતો માટે જુઓ આ માળાનું 'ધર્મકથાઓ' પુસ્તક, પા ૨૦૧.

૨ મૂળમાં ગંધર્વ અને નાટચ છે. ટીકાકારના જણાવ્યા મુજબ 'ગંધર્વ' એટલે નૃત્યયુક્ત ગીત, અને નાટચ એટલે માત્ર નૃત્ય.

તથા સાફ કર્યાં. ત્યારબાદ વાસણો લઈને તે ભગવાન મહાવીર પાસે આવ્યા અને તેમને નમન કરીને, તેમની પાસેથી ઉચ્ચ-નીચ-મધ્યમ કુળોમાં વિધિપૂર્વક ભિક્ષા માટે જવાની પરવાનગી માગી. પરવાનગી મળતાં, તે શારીરિક કે માનસિક ઉતાવળ છોડી દઈને અસંભ્રાંત ચિત્તે, તથા ધૂંસરા જેટલે દૂરથી આગળની જમીન જોતા જોતા ભિક્ષા લેવા વાણિજ્ય-ગ્રામ નગરમાં દાખલ થયા.

રાજમાર્ગમાં ફરતાં ફરતાં તેમણે એક જગાએ અનેક હાથી-ઘોડા-મનુષ્યો વગેરેનો સમુદાય જોયો. હાથીઓને બખ્તરો બાંધવામાં આવ્યાં હતાં, તેમના તંગ કસવામાં આવ્યા હતા, તેમની બંને બાજુ ઘંટાઓ બાંધવામાં આવી હતી, તેમના કંઠમાં વિવિધ મણિઓ અને રત્નોની માળાઓ પહેરાવેલી હતી, બીજી રીતે પણ તેમને રંગ-રોગાનથી સારી પેઠે શણગારવામાં આવેલા હતા. તેમના ઉપર ધ્વજાઓ અને પતાકાઓ ફરકી રહી હતી, તેમને પાંચ પાંચ મુગટ પહેરાવવામાં આવ્યા હતા, તેમના ઉપર તેમના માવતો બેઠેલા હતા, તથા વિવિધ શસ્ત્રાસ્ત્રો ગોઠવેલાં હતાં. ઘોડાઓ પણ એ પ્રમાણે બખ્તર, શસ્ત્રાસ્ત્ર વગેરેથી સુસજ્જિત હતા. તેમનાં મુખોમાં લગામો લગાવેલી હતી, તેમની કટી ચામર તથા દર્પણોથી સુશોભિત હતી, અને તેમના ઉપર તેમના સવારો આરૂઢ થયા હતા. પુરુષો પણ કવચધારી. ચાપ ચઢાવેલા ધનુષ્યયુક્ત, તથા કંઠમાળાઓયુક્ત હતા. તેમણે તખતીઓ-વાળા પટાઓ પહેરેલા હતા.

તે પુરુષોની વચ્ચે તેમણે એક દુર્ભાગી પુરુષને જોયો. તેને મુસ્કેટાટ બાંધવામાં આવ્યો હતો; તેનાં નાક, કાન કાપી

નાખવામાં આવ્યાં હતાં; તેને શરીરે તેલ ચોપડવામાં આવ્યું હતું; વધ્ય માણસને પહેરાવવામાં આવતાં બે વસ્ત્ર તેને પહેરાવવામાં આવ્યાં હતાં; તેને ગળે કંઠસૂત્ર જેવી લાલ (કરેણના) ફૂલની માળા હતી; તથા તેને શરીરે ગેરુનો રંગ ખરડવામાં આવ્યો હતો. તે સારી પેઠે ગભરાઈ ગયો હતો, તથા પાસે આવેલા મૃત્યુથી બીતો હતો. તેના માંસના તલ તલ જેવા ટુકડા કરી, તેને પોતાને ખવરાવવામાં આવતા હતા. તેને ચાબુકોના સેંકડો પ્રહાર કરવામાં આવતા હતા. તેની આસપાસ હજારો સ્ત્રીપુરુષ ટોળે મળ્યાં હતાં, તથા દરેક ચકલામાં ફૂટેલું નગારું વગાડી તેને વિષે આ પ્રમાણે ઘોષણા કરવામાં આવતી હતી : 'હે દેવાનુપ્રિયો ! આ ઉજ્ઝિતકને કોઈ રાજા કે રાજપુત્ર મારતા નથી; પણ તેનાં પોતાનાં પાપ તેને મારે છે !'

તેને જોઈ, ભગવાન ગૌતમને વિચાર આવ્યો કે, જરૂર આ છોકરો પોતાનાં પૂર્વે કરેલાં જૂનાં કોઈ અતિશય પાપી તથા અશુભ કૃત્યોનું માઠું ફળ ભોગવી રહ્યો છે. ત્યારબાદ વાણિજ્યગ્રામમાં ઊંચાં–નીચાં કુળોમાં ફરી, પોતાને જોઈતી ભિક્ષા એકઠી કરી, તે ભગવાન મહાવીર પાસે પાછા આવ્યા. ત્યાં આવ્યાબાદ, તેમણે જવાઆવવામાં થયેલા દોષોનું તથા ભિક્ષા લેતાં લાગેલા દોષોનું ચિંતન તથા કબૂલાત ભગવાન આગળ કરી લીધાં, અને લાવેલાં અન્નપાન ભગવાનને બતાવ્યાં. ત્યારબાદ તેમણે પોતાને ઊભો થયેલો પ્રશ્ન તેમને કહી બતાવ્યો : 'હે ભગવન્! એ જીવ પૂર્વજન્મમાં કોણ હતો, તેનું નામ શું હતું, તેનું ગોત્ર શું હતું, તથા તે જન્મમાં એવું તો તેણે શું આચર્યું હતું, કે જેને કારણે આ જન્મમાં તે સાક્ષાત્ નરકની જ વેદના ભોગવે છે ?'

ભગવાને કહ્યું : 'હે ગૌતમ! જૂનાકાળમાં આ જ ભારતવર્ષમાં હસ્તિનાપુર નામે નગર હતું. તે નગરમાં સુનંદ નામે રાજા રાજ્ય કરતો હતો. હસ્તિનાપુરની વચ્ચોવચ્ચ સેંકડો થાંભલાઓ ઉપર ઊભો કરેલો એક ગોમંડપ હતો. તેમાં શહેરનાં સનાથ કે અનાથ એવાં સેંકડો ગાય–સાંઢ–બળદ–પાડીઓ વગેરે પ્રાણીઓ નિર્ભયપણે તથા કશી ફિકરચિંતા વિના સુખે પડી રહેતાં હતાં. ત્યાં તેમને ઘાસ–પાણી પણ પુષ્કળ મળતાં હતાં.

તે નગરમાં ભીમ નામનો વાઘરી (કૂટગ્રાહ) રહેતો હતો. તે ફાંદા નાખી જાનવરો પકડવાનો ધંધો કરતો હતો. તે બહુ દુષ્ટ, ક્રૂર તથા અધાર્મિક હતો. તેને ઉત્પલા નામની સ્ત્રી હતી. એક વાર તે ગર્ભિણી થઈ. ત્રણ માસ પૂરા થતાં તેને એવો દોહદ થયો કે, "તે સ્ત્રીઓને ધન્ય છે, જેઓ ગાય, બળદ, પાડી, આખલા વગેરેનાં બાવલાં, આંચળ, વૃષણ, પૂંછડાં, ખૂંધ, ખભા, કાન, આંખો, નસકોરાં, જીભ, હોઠ, ગોદડી[૧] વગેરે અવયવો રાંધીને, તળીને, ભૂંજીને, સૂકવીને તથા મીઠું ચડાવીને, સુરા, મધ, તાડી,[૨] જાતિમદ્ય,[૩] સિધુ[૪], પ્રસન્ના[૫] વગેરે સાથે ખાઈ–ખવરાવીને પોતાનો દોહદ પૂરો કરે છે. હું પણ તેમ કરું તો કેવું!"

---

૧. ગળે લટકતી જાડી ચામડી.

૨. મૂળ मेरक છે. ટીકાકાર તેનો 'तालफलनिष्पन्नमधु' અર્થ કરે છે.

૩. જાતિ (જાઈ) નાં ફૂલ જેવા રંગનું.

૪. ગોળની રાબમાંથી બનાવેલ દારૂ.

૫. દ્રાક્ષાદિનો દારૂ.

પરંતુ પોતાનો દોહદ પૂરો ન થવાથી તે સુકાવા લાગી તથા ફીકી પડવા લાગી. તેનું મોં ઉદાસ–દીન બની ગયું, તેનું મુખકમળ નીચું નમી ગયું, તેણે પોતાને ઉચિત પુષ્પ–વસ્ત્ર–ગંધ–માલ્ય–અલંકાર તથા હાર વગેરેનો ઉપયોગ કરવો છોડી દીધો, તેની કાંતિ હાથમાં મસળી નાખેલી કમળમાળાની જેમ ચીમળાઈ ગઈ, તેની સારાસાર બુદ્ધિ ચાલી ગઈ, તથા તે હાથ ઉપર માથું ટેકવી ચિંતાતુર બેસી રહેવા લાગી.

પેલા ભીમે પોતાની સ્ત્રીની આ દશા જોઈને તેને તેમ થવાનું કારણ પૂછ્યું. ત્યારે તેણે પોતાનો દોહદ તેને કહી સંભળાવ્યો.

તે સાંભળી ભીમે તેને કહ્યું, 'હે દેવાનુપ્રિયે ! તું આટલા માટે ચિંતા શાને કરે છે ? હું હમણાં જ તારો દોહદ પૂરો કરું છું.' આ પ્રમાણે મનગમતાં વચનોથી ભીમે તેને આશ્વાસન આપ્યું.

ત્યારબાદ ભીમ મધરાતે ઊઠ્યો તથા બીજા કોઈને સાથે લીધા વિના, પોતાનાં આયુધાદિ સજી, ઘર બહાર નીકળ્યો, અને નગરની મધ્યમાં આવેલા પેલા ગોમંડપમાં જઈ, ત્યાં બેઠેલાં ગાય વગેરે પશુઓના સંખ્યાબંધ અવયવો કાપી લાવ્યો. પછી તેની સ્ત્રીએ તે અવયવો રાંધી–સેકીને, દારૂ, મધ વગેરે સાથે પોતાનો દોહદ પૂરો કર્યો. ત્યારબાદ તે પોતાનો ગર્ભ સુખથી ધારણ કરવા લાગી.

નવ માસ પૂરા થતાં ઉત્પલાએ એક પુત્રને જન્મ આપ્યો. તેણે જન્મતાંવેંત એવી તો મોટી ભયંકર ચીસ પાડી, કે નગરમાં કેટલાંય ગાય–બળદ વગેરે જાનવરો ત્રાસ

પામી આમથી તેમ દોડાદોડ કરવા લાગ્યાં. તેનાં માતપિતાએ તે ઉપરથી તેનું નામ 'ગોત્રાસ' પાડયું.

ધીમે ધીમે તે ગોત્રાસ મોટો થયો. વખત જતાં તેનો બાપ ભીમો ગુજરી ગયો. તેની પાછળ ગોત્રાસે રડતાં રડતાં સર્વ પ્રકારની ઉત્તરક્રિયા કરી.

એક વખત સુનંદ રાજાએ ગોત્રાસને જોઈ, તેને પોતાનો 'કૂટગ્રાહ'[1] બનાવ્યો. તે પણ બાપ જેવો ક્રૂર તથા અધર્મી થયો. વારેવારે તે મધરાતે ઘેરથી નીકળી, પેલા ગોમંડપમાં જઈ, ત્યાં બેઠેલાં જાનવરોના અવયવો કાપી લાવતો અને દારૂ વગેરે સાથે ખાઈને મજા કરતો.

આમ પાંચસો વર્ષનું પોતાનું દીર્ઘ આયુષ્ય પૂરું થતા સુધી આવાં આવાં દુષ્ટ કૃત્યો વડે બહુ જ પાપકર્મ ભેગું કરી, તે અંતે દુઃખે તરફડતો મરણ પામ્યો, અને બીજા નરકમાં નારકી તરીકે ઉત્પન્ન થયો. ત્યાં વધારેમાં વધારે ત્રણ સાગરોપમ વર્ષનું આયુષ્ય હોય છે.

પેલા વિજયમિત્ર શેઠની સ્ત્રી સુભદ્રાને મરેલાં છોકરાં જ જન્મતાં હતાં.[2] (તેનાં બાળકો જન્મતાંવેંત મરી જતાં હતાં.) હવે પેલો ગોત્રાસનો જીવ બીજા નરકમાંથી ચ્યવીને વાણિજ્ય-ગ્રામ નગરમાં વિજયમિત્ર શેઠની સુભદ્રા શેઠાણીના ગર્ભમાં આવ્યો. નવ માસ પૂરા થતાં શેઠાણીએ પુત્રને જન્મ આપ્યો. જન્મતાંવેંત તેને અપવિત્ર ઉકરડા ઉપર મૂકી દેવામાં આવ્યો; અને પછી પાછો આણવામાં આવ્યો. ત્યારબાદ શેઠાણી તેને કાળજીથી ઉછેરવા લાગ્યાં.

---

૧. ફાંદા નાખી જાનવરો પકડનાર.
૨. મૂળના શબ્દોમાં તે 'जातनिर्दुता' હતી.

શેઠશેઠાણીએ કુળના રિવાજ મુજબ પોતાના પુત્રના જન્મ વખતના સર્વ સંસ્કાર ઠાઠમાઠથી કર્યા. ત્રીજે દિવસે તેને ચંદ્ર–સૂર્ય દર્શન કરાવ્યું, છઠ્ઠી રાત્રે જાગરણવિધિ કર્યો, તથા અગિયાર દિવસ પૂરા થતાં બારમે દિવસે તેનું ગુણ પ્રમાણે ઉજ્ઝિતક નામ પાડ્યું; કારણ કે જન્મતાંવેંત તેને ઉકરડે તજી દેવામાં (ઉજ્ઝિત) આવ્યો હતો. ત્યારબાદ વિવિધ ધાવો[1] અને આયાઓ દ્વારા કાળજીથી ઉછેરાતો તે ઉજ્ઝિતક સુખે મોટો થવા લાગ્યો.

એક વખત વિજયમિત્ર શેઠ નાવમાં સર્વ પ્રકારનો[2] માલ ભરી, લવણસમુદ્ર વીંધતા વેપારે નીકળ્યા. રસ્તામાં નાવ ડૂબતાં શેઠ તેમ જ તેમનો બધો માલ દરિયાને તળિયે જઈને બેઠાં. વિજયશેઠને દરિયામાં ડૂબી ગયેલો જાણી, જે જે નાના–મોટા શેઠો, અમલદારો કે દરબારીઓ[3] પાસે વિજય-શેઠનું લેણું હતું, તે બધું તેઓ દબાવી બેઠા. સુભદ્રા શેઠાણી તો શેઠના મરણના સમાચાર સાંભળી કુહાડાથી કપાયેલી ચંપકલતાની જેમ શોકનાં માર્યાં જમીન ઉપર ધસ દઈને

---

૧. ધવડાવનારી, નવરાવનારી, શણગારનારી, રમાડનારી અને ખોળે રાખનારી.

૨. નંગ ગણીને વેચી શકાય તેવો, તોળીને વેચી શકાય તેવો, માપીને વેચી શકાય તેવો, અને પારખીને વેચી શકાય તેવો (જેવો કે હીરા, રત્ન ઈ૦).

૩. મૂળમાં માંડલિક (રાજા), યુવરાજ (ઈશ્વર), તલવરો (રાજાના માનીતાઓ), મડંબ (ગામો)ના માલિકો, કૌટુંબિકો, ઇબ્ભો (તવંગરો), શ્રેષ્ઠી (નગરશેઠો), સાર્થવાહો (સંઘપતિઓ) એટલા છે.

ગભડી પડ્યાં. ત્યારબાદ થોડે વખતે કાળ વળતાં, તેમણે પોતાનાં સગાંવહાલાં સાથે મળીને રડતાં-કૂટતાં વિજયમિત્ર શેઠનું લૌકિક (શ્રાદ્ધાદિ) કૃત્ય કર્યું. ત્યારબાદ પોતાના પતિને યાદ કરી-કરીને ઝૂરતાં ઝૂરતાં તે પણ થોડા દિવસ બાદ મરણ પામ્યાં.

સુભદ્રા શેઠાણીને મરણ પામેલાં જાણી, તે શહેરના પોલીસ અમલદારોએ[૧] તેને ઘેર જઈ, તેમાંથી નાના ઉજ્ઝિતકને હાંકી કાઢ્યો, અને તે ઘર બીજા કોઈને આપી દીધું. રઝળતો અનેલો તે ઉજ્ઝિતક પછી શહેરની ગલીઓ-ચૌટાંઓમાં રખડતો-આખડતો ગુજારો કરવા લાગ્યો, અને ધીરે ધીરે જુગારખાનાંઓ, વેશ્યાવાડો, દારૂનાં પીઠાંઓ વગેરે સ્થળોએ કમાણી કરતો સુખે મોટો થવા લાગ્યો. તેને કોઈ દોરનાર તો હતું નહિ, કે કોઈ વારનાર પણ હતું નહિ; એટલે તે સ્વચ્છંદી બન્યો, ગમે ત્યાં જતો આવતો બન્યો, દારૂડિયો બન્યો, ચોર બન્યો, જુગારી બન્યો, વેશ્યાગામી બન્યો, અને પરસ્ત્રીગામી બન્યો. ધીમે ધીમે તે કામધ્વજા ગણિકાના પ્રસંગમાં આવ્યો અને તેની સાથે ઉત્તમ માનુષી ભોગો ભોગવતો વિહરવા લાગ્યો.

એ વાણિજ્યગ્રામ નગરમાં મિત્ર નામે રાજા રાજ્ય કરતો હતો. તેની રાણીનું નામ શ્રીદેવી હતું. એક વખત શ્રીદેવીની યોનિમાં શૂલરોગ ઉત્પન્ન થયો. તેથી મિત્રરાજા તેની સાથે કામભોગ ભોગવવાને અસમર્થ બન્યો. પછી તે રાજાએ કામધ્વજા ગણિકાને પોતાની ઉપપત્ની બનાવી, અને પેલા ઉજ્ઝિતકને તેના ઘરમાંથી કઢાવી મૂક્યો. પરંતુ પેલો ઉજ્ઝિતક

---

૧. મૂળમાં 'नगरगौत्तिकाः' છે. આ પોલીસ અમલદારોની જોહુકમી પણ નવાઈ પમાડે તેવી દેખાય છે !

તો તે ગણિકામાં જ મોહિત તથા આસક્ત થઈ ગયો હતો, તેથી તેને બીજે ક્યાંય સ્મૃતિ, રતિ, કે ધૃતિ પ્રાપ્ત થઈ શક્યાં નહિ. તેનું ચિત્ત, તેની વૃત્તિ,[૧] તેની પ્રવૃત્તિ, તેના પ્રયત્નો, તેની ઇંદ્રિયો અને તેની ભાવના કામધ્વજામાં જ ગૂંથાઈ ગયેલાં હતાં. તેથી તે ચોરીછૂપીથી કામધ્વજાના ઘરમાં પેસવાની તક શોધતો વિચરવા લાગ્યો.

એક વખત તેવી તક મળતાં તે છાનોમાનો કામધ્વજાના ઘરમાં પેસી ગયો અને તેની સાથે કામભોગ ભોગવવા લાગ્યો. એટલામાં મિત્રરાજા નાહી-ધોઈ, પરવારી,[૨] સર્વ અલંકારોથી વિભૂષિત થઈ, નોકર–ચાકરથી વીંટળાઈ, કામધ્વજાને ત્યાં આવી પહોંચ્યો. પરંતુ પેલા ઉજ્ઝિતકને કામધ્વજા સાથે વિહાર કરતો જોઈ, તે એકદમ ગુસ્સે થઈ ગયો, અને કપાળે ભવાં ચડાવી[૩] તેણે પોતાના નોકરોને ઉજ્ઝિતકને પકડવાનો હુકમ આપ્યો. ત્યારબાદ ધપ્પા, મુક્કા, તથા ઢીંચણ, કોણી વગેરેનો માર મરાવી તેનાં હાડકાં–પાંસળાં તેણે ત્યાં ને ત્યાં ભગાવી નાખ્યાં. પછી તેને મુસ્કેટાટ બંધાવી, ગામમાં ફેરવી તેનો વધ કરવાનો તેણે હુકમ આપ્યો.

આ સાંભળી ગૌતમે પૂછ્યું: 'હે ભગવન્! આ ઉજ્ઝિતક અહીંથી મરીને ક્યાં જશે તથા ક્યાં ઉત્પન્ન થશે?

૧. 'લેશ્યા'.

૨. 'દેવતાઓને બલિ અર્પી, કૌતુક–મંગલ કરી, ખરાબ સ્વપ્ન વગેરેના દોષનિવારણ અર્થે પ્રાયશ્ચિત્તાદિ કરી,'– એટલી વિગતો સમજવી.

૩. મૂળમાં, 'કપાળે ત્રણ કલોચળીઓ પાડી' એમ છે.

મહા૦ — હે ગૌતમ! આજે જ પોતાનું ૨૫ વર્ષનું આયુષ્ય પૂરું કરી, દિવસનો ત્રીજો ભાગ બાકી રહેશે ત્યારે શૂળીએ ચડી, તે મરણ પામશે અને રત્નપ્રભા પૃથ્વીમાં નારકી તરીકે ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવી તે જંબુદ્વીપના ભારતવર્ષમાં આવેલા વૈતાઢ્ય પર્વતની તળેટીમાં વાનર તરીકે ઉત્પન્ન થશે. જુવાનીમાં આવતાં તે પોતાના પશુભોગોમાં અત્યંત આસક્ત થશે, અને પોતાના ટોળામાં જેટલાં જેટલાં નર બચ્ચાં ઉત્પન્ન થશે તે બધાંને [હરીફબુદ્ધિથી] મારી નાખશે. એમ કરતાં કરતાં આયુષ્ય પૂરું થતાં તે જંબુદ્વીપના ભારતવર્ષમાં આવેલા ઇંદ્રપુર નગરની ગણિકાઓના કુળમાં પુત્ર તરીકે જન્મશે. તેનાં માતપિતા જન્મતાંવેંત તેની પુરુષઇંદ્રિય કાપી નાખશે, અને પછી તેને નપુંસક તરીકે ઉછેરશે. બારમે દિવસે તેનું નામ 'પ્રિયસેન નપુંસક' પાડવામાં આવશે. ઉમરે આવતાં તથા બધી નપુંસક–કળાઓ શીખી રહેતાં તે યુવાની અને રૂપની બાબતમાં ઉત્તમ બનશે. પછી તે પ્રિયસેન તે નગરના માંડલિકો, યુવરાજો, જાગીરદારો, કુટુંબીઓ, શેઠો, વેપારીઓ વગેરેને બહુ વિદ્યાઓના પ્રયોગોથી, મંત્રો, ચૂર્ણોથી કે વશીકરણ પ્રયોગોથી[1] વશ કરીને ખૂબ પૈસા પડાવશે અને મોજ–શોખ કરશે. એ રીતે ઘણું પાપકર્મ બાંધીને ૨૧૦૦ વર્ષનું લાંબું આયુષ્ય પૂરું કરી, તે પ્રિયસેન રત્નપ્રભા પૃથ્વીમાં

૧. મૂળમાં વિગતો આ પ્રમાણે છે: હૃદયોડ્ડાયન એટલે કે હિપનોટિઝમ કરવું, નિહ્નવન એટલે કે ઠગાયા લૂંટાયા છતાં સામો માણસ વાત બહાર ન પાડી શકે તેવો તેને આંજી નાખવો, પ્રસ્નવન એટલે કે સામો માણસ પલળી જઈને વશ થાય તેવી વિદ્યા તથા તેવા બીજા પણ અભિયોગિક ઉપાયો.

નારકી જીવ તરીકે ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવી તે પેટે ચાલનાર સાપ થશે. એમ બધું (પાન ૧૬) ઉપર જણાવ્યા પ્રમાણે (પાન ૧૭ સુધી) અનુભવીને અંતે તે જંબુદ્વીપના ભારતવર્ષમાં આવેલી ચંપા નગરીમાં ફરી પાડો થશે. ત્યાં ગુસ્સે થયેલા ગોવાળો તેને મારી નાખશે. પછી તે ચંપા નગરીમાં નગરશેઠના ઘરમાં પુત્ર તરીકે ઉત્પન્ન થશે. યુવાનીમાં આવતાં તે સાધુસંતો પાસેથી ઉપદેશ સાંભળી સાધુ થશે, અને સાધુપણું બરાબર પાળી, સૌધર્મકલ્પમાં દેવ તરીકે જન્મશે. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તમ કુળમાં જન્મી, ફરી સાધુપણું પાળી, સિદ્ધ-બુદ્ધ અને મુક્ત થશે, તથા સર્વ દુઃખોનો અંત લાવશે.

૩

અભગ્નસેનની કથા

જૂના કાળમાં પુરિમતાલ નામે નગરમાં મહાબલ નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરના ઈશાન ખૂણામાં સરહદ ઉપર એક ઝાડી હતી. તે ઝાડીમાં 'શાલાટવી' નામનો ચોરોનો એક અડ્ડો હતો. તે અડ્ડો પર્વતના વિષમ ભાગમાં આવેલો હતો; તેની આસપાસ વાંસની ગીચ ઝાડી હતી; તૂટી પડેલી મોટી મોટી ભેખડો વડે જ તેની આસપાસ વિષમ ખાઈ બની ગઈ હતી; તેની અંદર પાણીની પૂરતી સગવડ હતી, પણ તેની આજુબાજુ ક્યાંય પાણીનું નામ-નિશાન પણ નહોતું; તેમાં નાઠાબારીઓ અનેક હતી; તેની અંદર અમુક પરિચિત લોકો જ જા–આવ કરી શકતા હતા; તથા આ બધાં કારણોથી ગમે તેટલું મોટું લશ્કર તેની આસ-પાસ ધમપછાડા કર્યા કરે તો પણ તેનું કંઈ વળે તેમ નહોતું.

તે શાલાટવીમાં વિજય નામે ચોરોનો સેનાપતિ રહેતો હતો. તે બહુ અધર્મી, કુશીલ તથા અનાચારી હતો, અને અધર્મી કૃત્યો વડે જ આજીવિકા ચલાવતો હતો. અનેક લોકો તથા પ્રાણીઓને હણવા–છેદવા–ભેદવા–કાપવા વડે તેના હાથ લોહીથી ખરડાયેલા જ રહેતા હતા; તથા ચારે તરફનાં નગરોમાં તેની હાક વાગી ગઈ હતી. તે બહુ શૂરવીર, દૃઢ પ્રહારી, સાહસિક, શબ્દવેધી, તથા તલવાર ચલાવવામાં એક્કો

હતો. તેના હાથ નીચે બીજા પાંચસો ચોરો તે શાલાટવીમાં રહેતા હતા. તે ઉપરાંત પણ તે બીજા અનેક ચોર, પરસ્ત્રી-ગામી, ખીસાકાતરુ, ખાતરપાડુ, જુગારી–વ્યસની[1] તેમ જ હાથ–કાન–નાક કાપી દેશપાર કરેલા અનેક લોકોના આશ્રય-સ્થાનરૂપ હતો. તે વિજય ગામ–નગર ભાગીને, ઢોર હાંકી જઈને, લોકોને કેદ પકડી જઈને, પોઠ–વણજારો લૂંટીને, મુસાફરોને હેરાન કરીને, કે ખાતર પાડીને પુરિમતાલ નગરના ઈશાન ખૂણા તરફના ભાગોને રંજાડતો હતો, ગભરાવતો હતો તથા ઉજાડતો હતો. અનેકોને તેણે ઘરબાર વિનાના કે ધન–ધાન્ય વિનાના કરી મૂકયા હતા. મહાબલ રાજાની મહેસૂલ પણ તે ઘણીવાર લૂંટી લેતો હતો. તે વિજયને સ્કન્દશ્રી નામની પત્ની, તથા અભગ્નસેન નામનો પુત્ર હતાં.

એક વખત મહાવીર ભગવાન ફરતા ફરતા પુરિમતાલમાં આવી પહોંચ્યા. તેમને આવેલા જાણી, રાજા તેમ જ નગર-જનો ટોળાબંધ તેમને દર્શને આવ્યા. મહાવીરે પણ તેમને સદુપદેશ આપ્યો. ત્યારબાદ સૌ વીખરાઈ ગયા. પછી ભિક્ષાનો વખત થતાં ભગવાનના પટ્ટશિષ્ય ગૌતમ પુરિમતાલ નગરમાં આવ્યા. રાજમાર્ગમાં તેમણે ઘોડેસ્વારો વગેરેની વચમાં એક પુરુષને જોયો. તેને ચાબુક વગેરેથી સખત મારવામાં આવતો હતો, તથા ફૂટલા નગારા વડે તેની જાહેરાત કરવામાં આવતી હતી. પહેલું ચકલું આવતાં રાજપુરુષોએ

---

૧. મૂળમાં 'ખંડપટ્ટ' શબ્દ છે- તેનો શબ્દાર્થ 'ચીંથરેહાલ' થાય. જુગાર વગેરેનાં વ્યસનોથી જેમને પહેરવાનાં પણ કપડાં પૂરતાં નથી તેવા.

તે પુરુષના આઠ નાના કાકાઓને તેના દેખતાં કાપી નાખ્યા, પછી તે પુરુષને સારી પેઠે માર્યા બાદ તે કાકાઓના રાઈ રાઈ જેટલા ટુકડા તેને ખવરાવ્યા, અને તેમનું લોહી તેને પિવરાવ્યું. પછી બીજું ચકલું આવતાં તેની આઠ નાની કાકીઓને કાપી નાખી; પછી તેને ખૂબ મારીને, તે કાકીઓના ટુકડા ખવરાવ્યા અને તેમનું લોહી તેને પિવરાવ્યું. એ પ્રમાણે ત્રીજા ચકલામાં તેના મોટા આઠ કાકાઓને, ચોથા ચકલામાં તેની મોટી આઠ કાકીઓને, પાંચમા ચકલામાં પુત્રોને, છઠ્ઠામાં તેમની વહુઓને, સાતમામાં જમાઈઓને, આઠમામાં દીકરીઓને, નવમામાં પૌત્રોને, દશમામાં પૌત્રીઓને અગિયારમામાં પૌત્રીઓના પતિઓને, બારમામાં પૌત્રોની વહુઓને, તેરમામાં ફુવાઓને, ચૌદમામાં ફોઈઓને, પંદરમામાં માસાઓને, સોળમામાં માસીઓને, સત્તરમામાં મામીઓને, અને અઢારમામાં બાકીના મિત્રો, નાતીલાઓ, સ્વજનો (મામાના પુત્રો ઇ૦), સંબંધીઓ (સસરા, સાળા ઇ૦) અને પરિજનો (દાસ–દાસીઓ વગેરે)ને કાપીકાપીને તેમનું માંસ તથા લોહી તેને મારી-મારીને ખવરાવવા–પિવરાવવામાં આવ્યાં.

આ બધું જોઈને ગૌતમે વિચાર્યું કે, આ માણસે ખરેખર પૂર્વે ઘણાં ભારે પાપકર્મો કર્યાં હોવાં જોઈએ. ઉતારે પાછા આવી, તેમણે ભગવનને પોતાની શંકા સંભળાવીને પૂછ્યું : 'હે ભગવાન્! આ પુરુષ પૂર્વ જન્મમાં કોણ હતો, તથા તેણે કેવાં કર્મો કર્યાં હતાં, કે જેમનું તેને આવું કારમું ફળ ભોગવવું પડે છે?

ત્યારે ભગવાને કહ્યું : હે ગૌતમ! પહેલાં આ પુરિમતાલ નગરમાં ઉદિત નામે રાજા રાજ્ય કરતો હતો. તે વખતે તે નગરમાં નિર્ણય નામે ઈંડાંનો વેપારી વસતો હતો. તે મહા અધર્મી તથા ક્રૂર હતો. તેના કેટલાય નોકરચાકરો રોજ વાંસી, કોદાળા, કરંડિયા વગેરે સાધનો લઈને ગામ બહાર જતા, અને કાગડી, ઘૂવડી, કબૂતરી, ટિટોડી, બગલી, ઢેલ, કૂકડી વગેરેનાં તેમજ બીજાં પણ અનેક જલચર, સ્થલચર, ખેચર વગેરે પ્રાણીઓનાં ઈંડાં ભેગાં કરી લાવતા. પછી પેલા નિર્ણયના રસોઇયાઓ તે ઈંડાંને તવાઓ, કઢાઈઓ, તાવડાઓ, કલાડાં, અને અંગારા ઉપર તળતા, ભૂંજતા કે સેકતા; અને પછી તેમને રાજમાર્ગ ઉપર આવેલા બજારમાં વેચતા, અને કમાણી કરતા. નિર્ણય પોતે પણ તે બધાં તળેલાં–સેકેલાં–બાફેલાં ઈંડાં ખૂબ ખાતો, અને દારૂ પી મજા કરતો. એ પ્રમાણે તે નિર્ણય હજાર વર્ષનું પોતાનું આયુષ પૂરું કરી, બહુ જ પાપકર્મ બાંધીને મરણ પામ્યો, અને ત્રીજી નરકભૂમિમાં નારકી જીવ તરીકે ઉત્પન્ન થયો. ત્યાં વધારેમાં વધારે આયુષ્ય સાત સાગરોપમ વર્ષનું હોય છે.

ત્યાંથી ચ્યવી, તે શાલાટવીમાં વિજય નામના ચોરોના સેનાપતિને ત્યાં, તેની સ્કંદશ્રી પત્નીના ગર્ભમાં પુત્ર તરીકે ઉત્પન્ન થયો. ત્રણ માસ પૂરા થતાં તે સ્કંદશ્રીને એવો દોહદ ઉત્પન્ન થયો કે, 'તે માતાઓને ધન્ય છે, જેઓ પોતાના મિત્ર–નાતીલા–સ્વજન–સંબંધી–પરિજન વગેરેની સ્ત્રીઓ તેમ જ બીજી પણ સ્ત્રીઓથી વીંટળાઇને, નાહી–ધોઈ, વસ્ત્રાલંકારથી વિભૂષિત થઈ, ખૂબ ખાન–પાનથી ઉજાણી કરે છે; અને ત્યારબાદ મુખવાસાદિ પરવારી, પુરુષનાં વસ્ત્રો પહેરી, કવચ

બાંધી, ધનુષ્ય ચઢાવી,[1] ગળે હાર પહેરી, પટો બાંધી, જુદાં જુદાં શસ્ત્રાસ્ત્રો ધારણ કરી, ઢાલ ભરવી, તલવાર ખેંચી, ખભે ભાથું લટકાવી, ધનુષ્ય ઉપર બાણ ખેંચી, પાશ (ગોફણ કે ફાંસી) વીંઝી, જાંઘ સુધી લટકાવેલા ઘંટ વગાડતાં વગાડતાં, રણશીંગાંના અવાજ વચ્ચે, આનંદની કિલકારીઓ, તથા સિંહનાદોથી આકાશને સમુદ્રની ગર્જનાઓની પેઠે ભરી મૂકી, આખા નગરમાં બધું જોતાં જોતાં પગે ચાલતી ફરે છે, અને પોતાનો દોહદ પૂરો કરે છે. હું પણ મારો દોહદ તે રીતે પૂરો કરું તો કેવું સારું!'

ઘણા વખત સુધી પોતાનો દોહદ પૂરો ન થવાને કારણે સ્કંદશ્રી સુકાઈ ગઈ, તથા તેની કાંતિ ફીકી પડી ગઈ. પછી વિજયના જાણવામાં તે વાત આવતાં તેણે બધી સગવડ કરી આપીને તેનો દોહદ યથેષ્ટ પૂરો કર્યો, એટલે તે આનંદથી પોતાના ગર્ભને વહન કરવા લાગી. નવ માસ પૂરા થતાં તેણે એક પુત્રને જન્મ આપ્યો. વિજયે તે નિમિત્તે દશ રાત્રી પહોંચનારો જન્મમહોત્સવ ભારે ધામધૂમથી ઊજવ્યો, અને અગિયારમે દિવસે બધાં સગાંવહાલાંને આમંત્રી, તેમને યથેષ્ટ જમાડી–તૃપ્ત કરી, તે બધાંની સમક્ષ તે પુત્રનું તેની માતાના દોહદ ઉપરથી 'અભગ્નસેન' એવું નામ પાડ્યું. પછી તે અભગ્નસેન જુદાંજુદાં કામ માટેની પાંચ જુદીજુદી ધાત્રીઓ વગેરે દ્વારા કાળજીપૂર્વક ઉછેરાતો[2], કંદરામાં વધતા ચંપાના

---

૧. કે ધનુષ્ય વાપરતા પહેલાં પહેરવાનાં મોજાં પહેરી, કે ધનુષ્ય લટકાવવાનો પટો પહેરી.

૨. જન્મમહોત્સવ, ધાત્રીવ્યવસ્થા, વગેરે બાબતોના વિગતવાર વર્ણન માટે જુઓ આ માળાનું 'ધર્મકથાઓ' પુસ્તક, પા. ૧૨-૧૪.

વૃક્ષની જેમ મોટો થવા લાગ્યો. યોગ્ય સમય થતાં તેને સરખી ઉમરની, તથા સરખાં રૂપ-લાવણ્ય-યૌવનવાળી, આઠ કન્યાઓ સાથે પરણાવવામાં આવ્યો. તે સમયે તેનાં માતપિતાએ તેને પુષ્કળ હિરણ્ય-સુવર્ણ, વાહન, દાસદાસી વગેરે પ્રીતિદાનમાં આપ્યાં. તે પ્રીતિદાન પેઢીઓ સુધી ખૂટે તેમ નહોતું. ત્યાર બાદ અભગ્નસેન તે સ્ત્રીઓ સાથે ગાનતાન અને વિલાસમાં રહે છે, તથા મનુષ્યભોગ્ય સર્વ પ્રકારનાં સુખો આનંદથી ભોગવે છે.

કાળક્રમે વિજયચોરનું મૃત્યુ થતાં, બધા ચોરોએ અભગ્ન-સેનને જ પોતાનો સેનાપતિ ચૂંટયો. ત્યાર બાદ અભગ્નસેન પણ પોતાના પિતાની માફક ગામ-નગર ભાગતો, તથા લોકોને રંજાડતો, ખૂનામરકી અને લૂંટફાટથી પુષ્કળ દ્રવ્ય ભેગું કરતો વિહરવા લાગ્યો.

એક વખત તેના ત્રાસથી ત્રાસેલા લોકો ભેગા થઈ, તથા મોટું નજરાણું લઈ, મહાબલ રાજા પાસે ગયા, અને તેની આગળ અભગ્નસેનના ઉપદ્રવોની રાવ ખાતા અરજ કરવા લાગ્યા કે, 'હે સ્વામી! આપના બાહુઓની છાયામાં અમે નિર્ભયપણે ઉદ્વેગરહિત થઈને સુખે વસીએ તેમ કરો.'

અભગ્નસેનના અત્યાચારોની વાત સાંભળી, મહાબલ રાજા ખૂબ ગુસ્સે થયો, અને તેણે તરત પોતાના સેનાપતિને બોલાવ્યો અને તેને હુકમ કર્યો કે, તમે તરત જ જઈ ચોરોની શાલાટવી ઘેરી લો, અને અભગ્નસેનને જીવતો પકડી મારી સામે રજૂ કરો.

સેનાપતિ આ સાંભળી, પોતાનું લશ્કર તૈયાર કરી, શસ્ત્રાસ્ત્રોથી સુસજ્જિત થઈ, ડંકા બજાવતો શાલાટવી તરફ

ર્વા નીકળ્યો. આ બાજુ જાસૂસોએ રાજસેનાપતિ શાલાટવી ૧રફ આવવા નીકળ્યાના સમાચાર અભગ્નસેનને પહોંચાડી દીધા.

એ સમાચાર સાંભળી, અભગ્નસેને પોતાના પાંચસો ચોરોને બોલાવી મંગાવ્યા, અને તેમને બધી વાત કહી સંભળાવીને સૂચવ્યું કે, સેનાપતિ આપણી શાલાટવીની નજીક આવી પહોંચે યાર પહેલાં જ અધવચ તેને રોકવો એ ઠીક પડશે. પેલા ચોરોએ પણ એ યોજનાને અનુમોદન આપ્યું. પછી બધા સારી પેઠે ખાઈ-પી તથા દારૂ પીને, ભીનાં ચામડાં શરીરે પહેરી, માથાં સજી, તલવાર વગેરે સાથે નમતે પહોરે નીકળ્યા અને એક વિષમ ઝાડીમાં પડાવ નાખીને સેનાપતિના આવવાની વાટ જોતા સંતાઈને ઊભા રહ્યા. સેનાપતિ આવતાં જ બધાએ અણધાર્યો છાપો માર્યો, અને તેના લશ્કરને વેરણ-છેરણ કરી નાખી સેનાપતિને ભગાડી મૂક્યો.

પેલો સેનાપતિ વીલે મોઢે તથા ઘવાયેલે શરીરે મહાબલ રાજા પાસે આવ્યો, અને કહેવા લાગ્યો કે, "હે સ્વામી! ચોરસેનાપતિ અભગ્નસેન એવી વિષમ જગાએ ખાનપાનની સંપૂર્ણ તયારી સાથે પડાવ નાખીને પડેલો છે કે, તેને ગમે તેવા મોટા લશ્કરથી પણ હરાવીને પકડવો સહેલો નથી."

પછી રાજાએ સામ-દામ અને ભેદથી અભગ્નસેનને ફસાવવાની યોજનાઓ વિચારવા માંડી. તેણે પ્રથમ તો અભગ્નસેનના જે મંત્રી વગેરે ખાસ પરિચયના માણસો હતા, કે તેના ચેલાઓ જેવા કે અંગરક્ષક જેવા હતા, તેમજ તેનાં જે મિત્ર જ્ઞાતીલાં–સગાં-સંબંધી વગેરે હતાં તે બધાંને પુષ્કળ ધન-સુવર્ણ-રત્ન વગેરે અમૂલ્ય વસ્તુઓ આપી-આપીને ફોડવા માંડયાં. તેમજ અભગ્નસેનને પણ વારંવાર કીમતી કે અમૂલ્ય, તથા

રાજાને યોગ્ય નજરાણાં મોકલી-મોકલીને વિશ્વાસ ઉપજાવવા માંડ્યો.

ત્યાર પછી રાજાએ પુરિમતાલ નગરમાં છૂપાં બારી-બારણાં તથા ઓરડાઓ-ભોંયરાંઓવાળું એક મોટું, સેંકડો થાંભલાઓવાળું સુંદર મકાન તૈયાર કરાવ્યું. તે મકાન તૈયાર થઈ ગયા બાદ તેણે પોતાના નગરમાં દશ રાતનો એક મોટો ઉત્સવ જાહેર કર્યો. તે દરમ્યાન રાજાના મહેસૂલવેરા તેમ જ કરવેરા, ઝડતી–જપ્તીઓ, કે દંડ–વસૂલાતોની બંધી કરવામાં આવી હતી; આખી પ્રજાનાં સર્વ પ્રકારનાં દેવાં રાજ્ય તરફથી ભરપાઈ કરી દેવામાં આવ્યાં હતાં; તે ઉત્સવમાં મૃદંગો સતત વાગ્યા જ કરવાનાં હતાં; ફૂલોની માળાઓ કરમાવાની જ નહોતી;[1] ગણિકાઓ અને નટો ખેલ કર્યાં જ કરવાનાં હતાં; પ્રેક્ષકો ખાલી થવાના જ નહોતા, તથા આનંદમાં ઘેલા થયેલા લોકો વડે તેની શોભા અનેરી થવાની હતી.

પછી મહાબલરાજાએ પોતાના કૌટુંબિક પુરુષોને[2] બોલાવીને કહ્યું કે, "હે દેવાનુપ્રિયો! તમે શાલાટવીમાં અભગ્નસેન પાસે જાઓ; અને તેને હાથ જોડી, આ પ્રમાણે નિવેદન કરો કે, 'હે દેવાનુપ્રિય! મહાબલરાજાએ પોતાના નગરમાં આ પ્રકારનો દશ રાતનો મહાન ઉત્સવ જાહેર કર્યો છે. તો તમારા ભાગની પુષ્પ–વસ્ત્ર–ગંધ–માલ્ય–અલંકાર વગેરે

---

૧. અર્થાત્ સતત નવી માળાઓ આપ્યા કરવાની હતી.

૨ 'કુટુંબના' એવો અર્થ લેવાને બદલે 'તહેનાતના' એવો અર્થ લેવો જોઈએ.

સામગ્રી તેમ જ ખાનપાન અમે અહીં પહોંચતું કરીએ કે, તમે પોતે જ નગરમાં પધારશો'?"

પેલા કૌટુંબિક પુરુષો રાજાનો સંદેશો લઈને લાંબીલાંબી મજલો કર્યા વિના સુખેથી પડાવ નાખતા તથા ભાથું ખાતા શાલાટવીમાં આવી પહોંચ્યા. ત્યાં જઈ તેમણે અભગ્નસેનને રાજાનો સંદેશો કહી સંભળાવ્યો. તે સાંભળી અભગ્નસેને જવાબમાં કહ્યું કે, 'હે દેવાનુપ્રિયો! હું જાતે જ નગરમાં ખુશીથી આવીશ.' ત્યાર બાદ તેણે પેલા કૌટુંબિક પુરુષોને સત્કારપૂર્વક વિદાય કર્યા.

પછી અભગ્નસેન સ્નાનાદિ પરવારી, યોગ્ય વસ્ત્રાલંકારોથી વિભૂષિત થઈ, રાજાના નગરમાં આવ્યો. રાજા પાસે જઈ, તેણે 'તમારો જય થાઓ!' 'તમારો જય થાઓ!' એમ કહી તેનું અભિનંદન કર્યું, તથા ભારે કીમતી નજરાણું ભેટ કર્યું. રાજાએ પણ હર્ષપૂર્વક તે નજરાણાનો સ્વીકાર કર્યો; તથા અભગ્નસેનનો સત્કાર કરી, તેને પેલા નવા બંધાવેલા મહેલમાં ઉતારો આપ્યો.

ત્યાર બાદ રાજાએ પોતાના કૌટુંબિક પુરુષોને કહ્યું કે, હે દેવાનુપ્રિયો! તમે તે મહેલમાં ખૂબ ખાન-પાન, દારૂ મદિરા, તથા પુષ્પ–વસ્ત્ર–ગંધ–માલ્ય–અલંકાર વગેરે સામગ્રી લઈ જાઓ, અને અભગ્નસેનને આપો. અભગ્નસેન પણ પોતાના મિત્ર–નાતીલા–સગાંસંબંધી વગેરે સાથે એ બધું ખાનપાન ભોગવતો આનંદ કરવા લાગ્યો.

પછી લાગ જોઇ, મહાબલ રાજાએ પુરિમતાલ નગરના દરવાજા એકદમ બંધ કરાવી દીધા તથા અચાનક છાપો મરાવી અભગ્નસેનને જીવતો કેદ પકડી લીધો. ત્યાર બાદ તેને

આ પ્રમાણે મારી મારીને તથા રિબાવી–રિબાવીને મારી નાખવાનો તેણે હુકમ કર્યો છે.

આ સાંભળી ગૌતમે પૂછ્યું: 'હે ભગવન્! આ અભગ્નસેન અહીંથી મરીને ક્યાં જશે?'

ભગવાન: હે ગૌતમ! એ અભગ્નસેન પોતાનું સાડત્રીસ વર્ષનું આયુષ્ય પૂરું કરી, આજે શૂળી પર ચડી, દિવસ ત્રીજા ભાગનો બાકી હશે ત્યારે મૃત્યુ પામશે, અને રત્નપ્રભા-પૃથ્વીમાં ઉત્પન્ન થશે. . . . [ત્યાર બાદ બધું મૃગાપુત્રની કથામાં વર્ણવ્યા મુજબ ઉમેરી લેવું.] અંતે તે વારાણસી નગરીમાં ડુક્કર તરીકે ઉત્પન્ન થશે. ત્યાં કસાઈઓને હાથે મરણ પામી તે તે જ નગરીમાં નગરશેઠને ઘેર પુત્ર તરીકે ઉત્પન્ન થશે. તે જન્મમાં તે સાધુસંતો પાસેથી ઉપદેશ સાંભળી સાધુ થશે અને સાધુપણું બરાબર પાળી સૌધર્મકલ્પમાં દેવ થશે. ત્યાંથી ચ્યવી તે મહાવિદેહક્ષેત્રમાં ફરી સાધુ બની, અંતે સિદ્ધ-બુદ્ધ અને મુક્ત થશે, તથા સર્વ દુઃખોનો અંત લાવશે.

૪

શકટની કથા

જૂના કાળમાં સાભાંજની નામે નગરી હતી. તેમાં મહાચંદ્ર નામે રાજા રાજ્ય કરતો હતો. તેને સુષેણ નામે અમાત્ય હતો. તે સામ–ભેદ–દંડ–નિગ્રહમાં કુશળ હતો. તે નગરીમાં સુદર્શના નામની ગણિકા રહેતી હતી. તે રૂપ-ગુણ-યૌવનમાં અનુપમ હતી. તે જ નગરીમાં સુભદ્ર નામે સંઘવી શેઠ રહેતો હતો. તેને ભદ્રા નામની પત્ની હતી તથા શકટ નામે પુત્ર હતો.

એક વખત મહાવીરસ્વામી ફરતા ફરતા તે નગરમાં આવી પહોંચ્યા. ભિક્ષાકાળે તેમના પટ્ટશિષ્ય ગૌતમમુનિ ભિક્ષા માટે રાજમાર્ગમાં ફરતા હતા. તેવામાં તેમણે એક સ્ત્રી તથા એક પુરુષને મુસ્કેટાટ બાંધીને માર મારતાં–મારતાં વધસ્થાને લઈ જવાતાં જોયાં. તે પુરુષનું નાક કાપી નાખેલું હતું. ઉતારે પાછા ફર્યા બાદ ગૌતમે મહાવીર ભગવાનને પૂછ્યું કે, 'હે ભગવન્! તે પુરુષ કોણ છે? તથા પૂર્વજન્મમાં તેણે શાં પાપ કર્યાં હતાં, જેથી તેની આ વલે થઈ છે?'

જવાબમાં મહાવીર ભગવાને ગૌતમને નીચેની કથા કહી સંભળાવી.

'હે ગૌતમ! જંબુદ્વીપના ભારતવર્ષમાં પૂર્વે છગલપુર નામે નગર હતું. તેમાં સિંહગિરિ નામે રાજા રાજ્ય કરતો

હતો. તે નગરમાં ષણ્ણિક નામનો ભરવાડ રહેતો હતો. તે બહુ પૈસાદાર હતો. તેના વાડામાં સંખ્યાબંધ બકરાં, ઘેટાં, રોઝ, આખલા, સસલાં, મૃગલાં, સિંહ, હરેણાં, મોર, પાડા વગેરે જાનવરોનાં સો-સોનાં તેમજ હજાર-હજારનાં એમ અનેક ટોળાં હતાં. તેના હજારો નોકર-ચાકરો તે બધાં પ્રાણીઓની રક્ષા કરતા હતા, તથા તેમને દાણો-પાણી કરતા હતા. બીજા કેટલાક નોકરો તે પ્રાણીઓને મારી-કાપી તેમનું માંસ તૈયાર કરતા હતા; અને બાકીના બીજા તેમને તવા-કઢાઈ-અંગારા વગેરે દ્વારા સેકતા-તળતા-કે ભૂંજતા હતા. એ રીતે સિદ્ધ થયેલું માંસ પછીથી રાજમાર્ગે વેચવામાં આવતું હતું. પેલો ભરવાડ પણ તેમાંથી જોઈતું માંસ યથેષ્ટ ખાતો હતો તથા દારૂ પીને આનંદ કરતો હતો.

એ પ્રમાણે સાતસો વર્ષનું લાંબું આયુષ્ય ભોગવી તથા ભારે પાપકર્મ બાંધી તે ભરવાડ અંતે મરણ પામ્યો અને ચોથી નરકભૂમિમાં નારકી તરીકે ઉત્પન્ન થયો. ત્યાં વધારેમાં વધારે આયુષ્ય દશ સાગરોપમ વર્ષોનું હોય છે.

હવે, પેલા સુભદ્ર સંઘવીની ભદ્રા શેઠાણીને મરેલાં છોકરાં જ જન્મતાં હતાં. યોગ્યકાળે પેલો ષણ્ણિક ભરવાડનો જીવ ચોથા નરકમાંથી ચ્યવીને સુભદ્રા શેઠાણીના ગર્ભમાં આવ્યો. નવ માસ પૂરા થયા બાદ શેઠાણીએ એક પુત્રને જન્મ આપ્યો. તે પુત્રને જન્મતાંવેંત તેનાં માતપિતાએ એક ગાડા નીચે છૂટો મૂકી દીધો; અને ત્યારબાદ ત્યાંથી ઉપાડી આણ્યો. પછી તેઓ તેને કાળજીથી ઉછેરવા લાગ્યાં. તેનું નામ પણ ગાડા ઉપરથી 'શકટ' પાડવામાં આવ્યું.

વખત જતાં સુભદ્ર શેઠ નાવડાં ભરી વેપાર અર્થે લવણ-સમુદ્રની પારના દેશોમાં જવા નીકળ્યા. પરંતુ રસ્તામાં જ તેમનાં વહાણ ડૂબી ગયાં, અને શેઠ પણ ડૂબી જઈને મરણ પામ્યા. તેમના મૃત્યુના સમાચાર સાંભળતાં ભદ્રા શેઠાણી પણ મરણ પામ્યાં. આ બધું થવાથી સુભદ્ર શેઠના દેવાદારોએ પણ પોતપોતાની રકમો દબાવી દીધી. અને અંતે પોલીસોએ નાના શકટને ઘરમાંથી હાંકી કાઢી તેનું ઘર પણ પડાવી લીધું.

તે છોકરો ઉજ્ઝિતકની પેઠે જુગારખાનાં, દારૂનાં પીઠાં અને વેશ્યાવાડમાં ભટકવા લાગ્યો. અને પરિણામે અઠંગ દારૂડિયો, અઠંગ ચોર, અઠંગ જુગારી તથા અઠંગ વ્યભિચારી બન્યો. વખત જતાં તે સુદર્શના ગણિકાના સંબંધમાં આવ્યો, અને તેની સાથે માનુષી કામભોગો ભોગવતો વિહરવા લાગ્યો.

એક વખત સુષેણ અમાત્યે શકટને સુદર્શનાના ઘરમાંથી હાંકી કઢાવી, સુદર્શનાને પોતાની રખાત બનાવી. પરંતુ શકટ તો સુદર્શનામાં જ મોહિત થઈ ગયો હોવાથી, આજુ-બાજુ જ લાગ જોતો ફરવા લાગ્યો. એક વખત લાગ મળતાં તે સુદર્શનાના ઘરમાં ઘૂસી ગયો અને તેની સાથે યથેષ્ટ આનંદ કરવા લાગ્યો. તેવામાં સુષેણ અમાત્ય ત્યાં આવી પહોંચ્યો. શકટ અને સુદર્શનાને પોતાની ગેરહાજરીમાં આ પ્રમાણે આનંદ કરતાં જોઈ, તે ખૂબ ગુસ્સે થયો. તેણે તરત જ પોતાના માણસો પાસે શકટને કેદ કરાવ્યો, અને મહાચંદ્ર રાજા પાસે જઈને ફરિયાદ કરી કે શકટ નામના જુવાનિયાએ મારા ઘરમાં છીનાળું કર્યું છે. રાજાએ અમાત્યને કહ્યું કે, તમે પોતે જ તેને યોગ્ય લાગે તે શિક્ષા કરો.

એટલે અમાત્યે શકટ તથા સુદર્શનાને આ રીતે રિબાવીને મારી નંખાવવાનો હુકમ કર્યો છે.

આ આંભળી ગૌતમે પૂછયું, 'હે ભગવન્! શકટ અહીંથી મરીને ક્યાં જશે ?

ભગવાન: હે ગૌતમ! એ શકટ પોતાનું ૫૭ વર્ષનું આયુષ્ય પૂરું કરી, આજે જ પાછલે પહોરે એક તપાવેલી મોટી સ્ત્રીની લોઢાની મૂર્તિને આલિંગન કરી મરણ પામશે, અને રત્નપ્રભા પૃથ્વીમાં નારકી તરીકે ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવી તે રાજગૃહ નગરમાં એક ચંડાળને[1] ઘેર છોકરા-છોકરીના જોડકામાં છોકરા તરીકે ઉત્પન્ન થશે. તેનાં માતપિતા તેનું નામ શકટ પાડશે, અને છોકરીનું નામ સુદર્શના પાડશે. સુદર્શના રૂપ-લાવણ્યમાં અનુપમ થશે. જુવાનીમાં આવેલો શકટ પોતાની બહેનનાં જ રૂપ-લાવણ્યથી મોહિત થઈ તેની સાથે કામભોગ ભોગવવા લાગશે.

એ શકટ પછી જાનવરો ફાંદવાનો ધંધો કરવા લાગશે, અને એ રીતે ઘણું પાપ-કર્મ એકઠું કરી, અંતે આયુષ્ય પૂરું થતાં રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્પન્ન થશે. ત્યાંથી ભટકતો ભટકતો અંતે તે વારાણસી નગરીમાં માછલું થઈને જન્મશે. ત્યાં માછીમારોને હાથ મરણ પામી, તે તે જ નગરીમાં નગરશેઠને ઘેર પુત્ર તરીકે જન્મશે. ત્યાં મોટો થયા બાદ સાધુસંતો પાસેથી દીક્ષા લઈ, તે ઉગ્ર તપ સંયમાદિ આચરશે, તથા સૌધર્મકલ્પમાં દેવ થશે. ત્યાંથી ચ્યવી, તે મહાવિદેહ-ક્ષેત્રમાં સાધુ બની, અંતે સિદ્ધ-બુદ્ધ-અને મુક્ત થશે, તથા સર્વ દુઃખોનો અંત લાવશે.

---

૧. 'માતંગ'.

૫

બૃહસ્પતિદત્તની કથા

જૂના કાળમાં કૌશાંબી નગરીમાં શતાનીક નામે રાજા રાજ્ય કરતો હતો. તેને મૃગાવતી નામે રાણી હતી, અને ઉદયન નામે કુમાર હતો. તે ઉદયનકુમારને પદ્માવતી નામે રાજકન્યા સાથે પરણાવવામાં આવ્યો હતો.

શતાનીક રાજાને સોમદત્ત નામે પુરોહિત હતો. તે ઋગ્વેદ-યજુર્વેદ-સામવેદ અને અથર્વવેદમાં કુશલ હતો. તેને વસુદત્તા નામે સ્ત્રી હતી, અને બૃહસ્પતિદત્ત નામે પુત્ર હતો.

એક વખત ભગવાન મહાવીર ફરતા ફરતા કૌશાંબીમાં પધાર્યા. ભિક્ષાકાળે તેમના પટ્ટશિષ્ય ગૌતમ કૌશાંબીમાં ફરતા હતા, ત્યારે તેમણે એક પુરુષને મુસ્કેટાટ બાંધી માર મારતાં-મારતાં વધસ્થાને લઈ જવાતો જોયો. તે પુરુષને જોઈ, તેમને વિચાર આવ્યો કે, આ પુરુષે એવાં તે કયાં મહાપાપ કર્યાં હશે, જેથી તેને આવું કરુણાજનક ફળ ભોગવવું પડે છે. ઉતારે પાછા આવી, તેમણે એ પ્રશ્ન ભગવાન મહાવીરને પૂછ્યો. ત્યારે તેમણે તે પુરુષની નીચેની કથા ગૌતમને કહી સંભળાવી.

હે ગૌતમ! જૂના કાળમાં ભારતવર્ષમાં સર્વતોભદ્ર નામે નગર હતું. તેમાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને મહેશ્વરદત્ત નામનો પુરોહિત હતો. તે ચારે

વેદોની વિદ્યામાં કુશળ હતો. તે મહેશ્વરદત્ત જિતશત્રુ રાજાના રાજ્યનું બળ વધે તે માટે રોજ સવારે એક બ્રાહ્મણ છોકરાને, એક ક્ષત્રિય છોકરાને, એક વૈશ્ય છોકરાને અને એક શૂદ્ર છોકરાને પકડાવી મંગાવતો, અને જીવતો-જીવત તેઓની છાતી કાપીને તેમાંથી માંસપિંડ બહાર કઢાવતો, તથા તે વડે જિતશત્રુ રાજાને માટે શાંતિહોમ કરતો. વળી, આઠમ અને ચૌદશને દિવસે તો તેવા બે બે છોકરાઓનાં હૃદય તે હોમતો. ચતુર્માસ પૂરા થાય ત્યારે તેવા ચાર-ચાર છોકરાઓનાં હૃદય હોમતો; છ માસ પૂરા થાય ત્યારે આઠ-આઠ છોકરાઓનાં હૃદય હોમતો, અને આખું વર્ષ પૂરું થાય ત્યારે સોળ-સોળ છોકરાઓનાં હૃદય હોમતો. જ્યારે જિતશત્રુ રાજાને બીજા કોઈ રાજા સાથે લડાઈ ચાલતી હોય, ત્યારે તો તે આઠસો-આઠસો છોકરા પકડાવીને આઠસો-આઠસો હૃદય હોમતો, જેથી રાજા જલદી શત્રુસૈન્યનો નાશ કરી શકે કે, તેને પાછું ભગાડી મૂકે. આ પ્રમાણે કરતાં કરતાં ઘણું મોટું પાપ ભેગું કરીને તે પુરોહિત પોતાનું ત્રણ હજાર વર્ષનું આયુષ્ય પૂરું થતાં પાંચમી નરકભૂમિમાં નારકી તરીકે ઉત્પન્ન થયો. ત્યાં વધારેમાં વધારે આયુષ્ય ૧૭ સાગરોપમ વર્ષોનું હોય છે.

ત્યાંથી ચ્યવીને તે કૌશાંબી નગરીમાં સોમદત્ત પુરોહિતની સ્ત્રીની કૂખે પુત્ર તરીકે ઉત્પન્ન થયો. તેનાં માતપિતાએ તેનું નામ બૃહસ્પતિદત્ત પાડ્યું.

બૃહસ્પતિદત્ત ઉદયન રાજકુમાર સાથે જ રમતો-ઊછરતો મોટો થવા લાગ્યો. તે બંને જુવાનીમાં આવ્યા તે અરસામાં શતાનીક રાજા મૃત્યુ પામ્યો, એટલે પ્રજાજનોએ અને દરબારીઓએ ઉદયન કુમારનો રાજા તરીકે અભિષેક કર્યો.

ઉદયને બૃહસ્પત્તિદત્તને પોતાનો પુરોહિત બનાવ્યો. તેને રાજાની પાસે અંતઃપુર સુધી સર્વત્ર જવા-આવવાની છૂટ હતી. એ પ્રમાણે રાજાના અંતઃપુરમાં સમયે-અસમયે જતાં આવતાં તે બૃહસ્પતિદત્ત રાજાની રાણી પદ્માવતી સાથે સંબંધમાં આવ્યો, અને તેનામાં આસક્ત બની તેની સાથે યથેષ્ટ કામભોગો ભોગવવા લાગ્યો. એક વખત રાજા અંતઃપુરમાં આવ્યો, ત્યારે તેણે તે બંનેને કામભોગ ભોગવતાં જોયાં. આથી અત્યંત ગુસ્સે થઈ, તેણે બૃહસ્પતિદત્તને પોતાના નોકરો દ્વારા કેદ પકડાવ્યો, અને આમ કમોતે મારી નાખવાનો હુકમ આપ્યો.

ગૌતમ—હે ભગવન્! તે પુરોહિત અહીંથી મરીને ક્યાં જશે?

ભગવાન—હે ગૌતમ! તે પુરોહિત પોતાનું ૬૪ વર્ષનું આયુષ્ય પૂરું કરી, આજે પાછલે પહોરે શૂળીએ ચડી મરણ પામશે, અને રત્નપ્રભાપૃથ્વીમાં નારકી તરીકે ઉત્પન્ન થશે. ત્યાંથી અનેક યોનિઓમાં ફરતાં ફરતાં અંતે તે હસ્તિનાપુરમાં મૃગ તરીકે જન્મશે. ત્યાં પારધીઓ વડે હણાઈ, તે નગરશેઠને ઘેર પુત્ર તરીકે જન્મશે. તે જન્મમાં સાધુસંતોના ઉપદેશથી સાધુ બની, તે તપસંયમાદિ આચરશે અને અંતે સૌધર્મકલ્પમાં ઉત્પન્ન થશે. ત્યાંથી મહાવિદેહક્ષેત્રમાં ઉચ્ચ કુળમાં જન્મ પામી, પરિપૂર્ણ સાધુપણું આચરી, અંતે સિદ્ધ-બુદ્ધ અને મુક્ત થશે, તથા સર્વ દુઃખોનો અંત લાવશે.

૬

નંદિવર્ધનની કથા

જૂના કાળમાં મથુરા નગરીમાં શ્રીદામ નામે રાજા રાજ્ય કરતો હતો. તેની રાણીનું નામ બંધુશ્રી હતું, અને પુત્રનું નામ નંદિવર્ધન હતું. શ્રીદામને સુબંધુ નામે પ્રધાન હતો. તે પ્રધાનને બહુમિત્રાપુત્ર નામે પુત્ર હતો. તે નગરીમાં ચિત્ર નામે હજામ[1] રહેતો હતો. રાજાની હજામત, સ્નાન, ટાપટીપ વગેરે અલંકારિકનું કામ તે કરતો; અને તેથી તેને રાજાની પાસે અંતઃપુર સુધી સર્વત્ર જવા-આવવાની છૂટ હતી.

એક વખત મહાવીરસ્વામી ત્યાં ફરતા ફરતા આવી પહોંચ્યા. ભિક્ષાકાલે તેમના પટ્ટશિષ્ય ગૌતમ નગરીમાં ફરતા હતા. તેવામાં તેમણે એક પુરુષને નીચે પ્રમાણે કમોતે મારી નંખાતો જોયો. પ્રથમ તેને લાલચોળ તપાવેલા લોઢાના એક સિંહાસન ઉપર બેસાડવામાં આવ્યો. પછી લાલચોળ તપાવેલા લોઢાના કળશો વડે ઊકળતું તાંબું, ઊકળતી કલાઈ, ઊકળતું સીસું, ઊકળતું ચૂનાનું પાણી, તેમજ ઊકળતા તેજાબો[2] તેના માથા ઉપર રેડીને તેનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. ત્યાર બાદ સાંડસાઓ વડે લાલચોળ તપાવેલો લોઢાનો

૧ તેને માટે 'અલંકારિક' શબ્દ મૂળમાં છે

૨ મૂળમાં 'ક્ષારતેલ' શબ્દ છે.

હાર પકડીને તેના ગળામાં પહેરાવવામાં આવ્યો. એ પ્રમાણે લાલચોળ તપાવેલા અર્ધહાર, પટ્ટ, મુકુટ વગેરે પણ તેને પહેરાવવામાં આવ્યાં.

આ બધું જોઈ ગૌતમને વિચાર આવ્યો કે, આ પુરુષે પૂર્વે એવાં તો કયાં કર્મો કર્યાં હશે, જેથી તેને આવે કમોતે મરવું પડે છે. ઉતારે પાછા આવી, તેમણે આ પ્રશ્ન ભગવાન મહાવીરને પૂછ્યો. ત્યારે તેમણે નીચેની કથા તેમને કહી સંભળાવી :

હે ગૌતમ! જૂનાકાળમાં ભારતવર્ષમાં સિંહપુર નામે નગર હતું. તેમાં સિંહરથ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને દુર્યોધન નામે ફોજદાર[૧] હતો. તે બહુ ક્રૂર તથા નિષ્ઠુર હતો. રાજા પ્રત્યે ચોરી, છીનાળું, ખીસાં કાતરવાં, રાજદ્રોહ કરવો, દેવાં ઓળવવાં, બાલવધ, વિશ્વાસઘાત, જુગાર, ઠગાઈ, વગેરે ગુનાઓ કરનાર ગુનેગારોને શિક્ષા કરવાનાં ભયંકર સાધનો તેની પાસે ઢગલાબંધ તૈયાર રહેતાં, અને થયેલી શિક્ષા પ્રમાણે તે એ બધાં વડે ગુનેગારોને રિબાવતો : જેમકે, કેટલાકને છતા પાડી, લોઢાના દંડ વડે તેમનું મોં ફાડી, તેમાં ઊકળતું તાંબું, ઊકળતી કલાઈ, ઊકળતું સીસું, ઊકળતું ચૂનાનું પાણી, કે ઊકળતા તેજાબ રેડતો; અથવા તે બધા વડે તેમને નવરાવતો. વળી કેટલાકને તે છતા સુવાડી, ઘોડા, હાથી, ઊંટ, ગાય, પાડા, બકરા, ઘેટા વગેરેનાં મૂતર પાતો; કેટલાકને તે ઊંધા કરી ઓકાવતો, અને પછી એ ઓકેલું પાઈને કે તેના વડે તેમને નવરાવીને રિબાવતો. કેટલાકને તે હાથે બેડીઓ નાખતો,

૧. મૂળમાં 'चारगपाल': गुप्तिपालक–ટીકા.

કેટલાકને હેડમાં જકડતો, કેટલાકને સાંકળોથી જકડતો; કેટલાકના અવયવોને તે આમળીને કે વાળીને ભાગી નાખતો; કેટલાકના શસ્ત્રાદિ વગેરેથી હાથપગ કાપી નાખતો, કે કેટલાકને શસ્ત્રાદિથી ઊભા ચીરી નાખતો. કેટલાકને તે વાંસની સોટીઓથી, નેતરની સોટીઓથી, આમલીની સોટીઓથી, વાધરીઓથી, ચામડાની સોટીઓથી, કે વડ વગેરેની મૂળીઓથી ફટકારતો; કેટલાકને ચતા સુવાડી તેમની છાતી ઉપર મોટી શિલા મુકાવતો, તથા ઉપર લાકડાંનાં થડિયાં ગોઠવાવીને ઉપર માણસોને કુદાવરાવતો, જેથી પેલાનાં હાડકાંનો ચૂરો થઈ જાય. કેટલાકને તે દોરડાં, વરત, રેસાનાં દોરડાં, વાળનાં ગૂંથેલાં દોરડાં, સૂતરનાં દોરડાં વગેરે હાથે-પગે બંધાવીને ઊંધે માથે કૂવામાં લટકાવીને પાણી પાતો; કેટલાકને તરવાર, કરવત, અસ્ત્રા, અને કદંબચીર[1] વડે છેદાવતો, અને પછી ઉપરથી તેજાબ રેડતો; કેટલાકને કપાળ, બોચી, કૂણી, ઢીંચણ, અને એડીઓમાં લોઢાના કે વાંસના ખીલા તથા વીંછૂડાઓ[2] ખોસાવતો; કેટલાકની હાથપગની આંગળીઓમાં (નખોમાં) હથોડાઓ વડે સોયો ખોસાવતો અને ડામ દેવરાવતો તથા પછી જમીન ઉપર ઘસાવતો; વળી કેટલાકને શરીરે દાભ, કુશ, અને ભીનું ચામડું ચોટાડતો, અને પછી તાપે સૂકવીને તે બધું ચડ-ચડ ઉખાડતો[3].

---

૧. ટીકાકાર 'એક પ્રકારનું શસ્ત્ર' એટલો જ અર્થ આપે છે.

૨. મૂળ 'अलअ' 'વૃશ્ચિકકંટક'— ટીકા.

૩. આ ઉપરાંત 'पिप्पलाण' એટલે કે નરેણી જેવી નાની છરીઓ, અને 'कणंगराण' એટલે કે લોઢાનાં તથા પથરાનાં લંગરો– એ બેનો પણ મૂળમાં ઉલ્લેખ છે, પણ તેમનો ઉપયોગ બતાવ્યો નથી.

આ પ્રમાણે કરતાં કરતાં ૩૧૦૦ વર્ષનું પોતાનું આયુષ્ય પૂરું કરી, બહુ પાપકર્મ એકઠું કરી, તે દુર્યોધન ફોજદાર મરણ પામ્યો અને છઠ્ઠી નરકભૂમિમાં નારકી તરીકે ઉત્પન્ન થયો. ત્યાં વધારેમાં વધારે આયુષ્ય ૨૨ સાગરોપમ વર્ષનું હોય છે.

ત્યાંથી ચ્યવી તે મથુરાનગરીમાં શ્રીદામ રાજાની બંધુશ્રી રાણીની કૂખે પુત્ર તરીકે ઉત્પન્ન થયો. બારમે દિવસે તેનું નામ નંદિવર્ધન પાડવામાં આવ્યું. ધીમે ધીમે તે સાઠ વર્ષનો થયો, તો પણ તેનો પિતા જીવતો હોવાથી તેને રાજગાદી મળી નહીં. પછી તેને રાજ્ય તથા અંતઃપુર પ્રાપ્ત કરવાની ઉતાવળ આવી. તેથી તેણે પોતાના પિતા શ્રીદામ રાજાને મારી નાખવાના ઘાટ ઘડવા માંડ્યા.

એક વખત વિચાર કરી, તેણે શ્રીદામ રાજાના ચિત્ર નામના હજામને બોલાવ્યો અને તેને જણાવ્યું: 'હે દેવાનુપ્રિય! તું શ્રીદામ રાજા પાસે ગમે ત્યારે જઈ શકે છે, તથા તેની હજામત વગેરે નજીકનાં કામો કરે છે. તો તેવે વખતે તું તારો અસ્ત્રો રાજાના ગળામાં ખોસી દે, તો તને હું અર્ધું રાજ્ય આપીશ, અને પછી આપણે બંને લહેર–પાણી કરીશું.' હજામે કુમારનું કહેવું કબૂલ રાખ્યું.

પણ ઘેર ગયા બાદ તેને વિચાર આવ્યો કે, ન બનવાનું બને, અને રાજા જો આ કાવતરું જાણી જાય, તો તે મારા ભૂંડા હાલ કરાવશે અને કમોતે મારી નંખાવશે. આથી તે ગભરાઈને તરત શ્રીદામ રાજા પાસે ગયો, અને કુમારના કાવતરાની બધી વાત તેને કહી દીધી. એ ઉપરથી રાજાએ તે કુમારને પકડાવીને, તેને આ પ્રમાણે કમોતે મારી નાખવાની આજ્ઞા કરી છે.

ગૌ૦ — હે ભગવન્! એ નંદિવર્ધન કુમાર અહીંથી મરીને ક્યાં જશે?

મહાવીર — હે ગૌતમ! તે કુમાર અહીં પોતાનું સાઠ વર્ષનું આયુષ્ય પૂરું કરી, આજે મરણ પામી, રત્નપ્રભા પૃથ્વીમાં નારકી તરીકે ઉત્પન્ન થશે. પછી લાંબો કાળ જુદી જુદી યોનિઓમાં ભટકી, અંતે તે હસ્તિનાપુર નગરમાં માછલું થશે. ત્યાં માછીઓ વડે મરાઈને, તે તે જ નગરમાં નગરશેઠને ત્યાં પુત્ર તરીકે ઉત્પન્ન થશે. યુવાનીમાં આવતાં સાધુઓ દ્વારા સદુપદેશ સાંભળી, તે પણ સાધુ થશે અને તપ–સંયમાદિ બરાબર આચરશે. પછી તે સૌધર્મકલ્પમાં દેવ થશે. ત્યાંથી ચ્યવીને તે મહાવિદેહ ક્ષેત્રમાં ઉચ્ચ કુળમાં જન્મશે. ત્યાં પણ જુવાનીમાં આવતાં તે સાધુ થઈ સંયમાદિ બરાબર પાળશે, અને અંતે સિદ્ધ–બુદ્ધ–અને મુક્ત થઈ, સર્વ દુઃખોનો અંત લાવશે.

૭

ઉમ્બરદત્તની કથા

જૂના કાળમાં પાટલિખંડ નામે નગરમાં સિદ્ધાર્થ નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં સાગરદત્ત નામનો સંઘવી તેની સ્ત્રી ગંગદત્તા સાથે રહેતો હતો. તેને ઉંબરદત્ત નામે પુત્ર હતો.

એક વખત ભગવાન મહાવીર ફરતા ફરતા તે નગરમાં આવી પહોંચ્યા. ભિક્ષાકાળે તેમના પટ્ટશિષ્ય ગૌતમ તે નગરની પૂર્વ બાજુના ભાગમાં ફરતા હતા, તેવામાં તેમણે એક ખલિયેલ કોઢિયા માણુસને જોયો. તેને જલોદર, ભગંદર, હરસ, ખાંસી, તેમજ દમના રોગ પણ થયેલા હતા; તેનું શરીર સૂણી ગયું હતું; તેનું મોં, હાથ, પગ તેમજ હાથ–પગની આંગળીઓ પણ સૂણી ગઈ હતી; તેનાં કાન અને નાક સડી ગયાં હતાં; તેના શરીરમાંથી રસી અને પરુ નીકળ્યા કરતાં હતાં; તેના સેંકડો છેદોમાં કીડા ખદબદતા હતા; તેના કાન અને નાકમાંથી સેરડા નીકળ્યા કરતા હતા; તે વારંવાર પરુ, લોહી અને કીડાઓનાં જૂમખાં ઓકચા કરતો હતો; તે વારંવાર વેદનાથી ભરેલી કરુણ તેમજ કર્કશ ચીસો નાખ્યા કરતો હતો; તેની પાછળ માંખો વગેરેનાં ટોળાં બબણ્યા કરતા હતાં; તેના માથામાં અનેક ધારાં પડી ગયાં હતાં; તેનાં કપડાં ચીંથરેહાલ હતાં; તેના હાથમાં એક ફૂટલું

ફૂલડું અને એક ફૂટલું શરાવલું હતું; તથા તેના વડે તે ઘેર ઘેર ખાવાનું માગી ગુજારો ચલાવતો હતો.

જોઈતી ભિક્ષા મેળવીને ગૌતમ મહાવીરસ્વામી પાસે પાછા આવ્યા. ત્યાં આવીને તેમણે ભિક્ષા માગવા જતાં-આવતાં થયેલા દોષોનું તથા ભિક્ષા લેતાં લાગેલા દોષોનું ચિંતન તથા કબૂલાત કરી લીધાં; અને લાવેલાં અન્નપાન મહાવીર ભગવાનને બતાવ્યાં. ત્યાર બાદ તેમની પરવાનગીથી તે આહાર તેમણે, સ્વાદ માટે મોંમાં મમળાવ્યા વિના જ — સાપ જેમ દરમાં પેસે તેમ — ખાઈ લીધો; અને પછી સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા તે વિહરવા લાગ્યા.

બીજી વખત પણ ગૌતમ બે ઉપવાસને[1] અંતે પારણું કરવા માટે ભિક્ષા માગવા સારુ પાટલિષંડ નગરના દક્ષિણ તરફના ભાગમાં પ્રથમ પૌરુષી વેળાએ[2] ફરતા હતા, ત્યારે તેમણે તે પુરુષને એ પ્રમાણે રિબાતો જોયો.

ત્રીજી વાર પણ ગૌતમ પશ્ચિમ તરફના ભાગમાં ભિક્ષા માગતા ફરતા હતા, ત્યારે તેમણે તે જ માણસને તે રીતે રિબાતો જોયો.

ચોથી વાર તે પાટલિષંડના ઉત્તર તરફના ભાગમાં ફરતા હતા, ત્યારે પણ તેમણે તે જ માણસને જોયો. એ

---

૧. મૂળમાં તો 'છ ટંક'નો ઉલ્લેખ છે; કારણ કે દરેક ઉપવાસની પહેલાં અને પછી એક એક ટંક વધારાની છોડવામાં આવે છે.

૨ પૌરુષી એટલે દિવસ કે રાતનો ચોથો ભાગ વિગત માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, અ૦ ૨૬, ટિપ્પણ.

ઉપરથી તેમને વિચાર આવ્યો કે, આ માણસ લાંબા કાળથી આ પ્રમાણે રિબાયા કરે છે, તો તેણે પૂર્વે કોઈ ભારે અશુભ પાપકૃત્યો કર્યાં હોવાં જોઈએ. તેમણે પોતાની શંકા મહાવીર-સ્વામીને કહી સંભળાવી. જવાબમાં તેમણે તેને વિષે નીચેની કથા કહી સંભળાવી :

હે ગૌતમ! જૂના કાળમાં ભારતવર્ષમાં વિજયપુર નામે નગર હતું, તેમાં કનકરથ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ધન્વંતરિ નામે વૈદ હતો. તે અષ્ટાંગ-આયુર્વેદ ભણેલો હતો. જેમકે : બાળઉછેર, કાન-નાક-મોં વગેરેનું વૈદું,[1] બાણ-કાંટા વગેરે ખોતરી કાઢવાનું વૈદું, શરીરનું વૈદું, વિષવૈદું, ભૂતવિદ્યા, રસાયન, અને વાજીકરણ (અર્થાત્ ધાતુપુષ્ટિ). તેને હાથે યશ હતો; તેથી તેને હાથે બધાને આરોગ્ય પ્રાપ્ત થતું. શસ્ત્રક્રિયા વગેરેમાં પણ તેનો હાથ હળવો તથા સુખદાઈ હતો. તે વૈદ્ય રાજા-રાણી, ઉપરાંત બીજા પણ દરબારીઓ, અમલદારો, વેપારીઓ, શેઠો વગેરેનું વૈદું કરતો. તે ઉપરાંત જે કોઈ દુર્બલ, પીડિત, વ્યાધિત, અને રોગી એવા સનાથ કે અનાથ લોકો હોય, તેમજ શ્રમણ-બ્રાહ્મણ-ભિક્ષુક-કાપાલિક-કાવડિયા-કે આશા મૂકેલાઓ હોય, તે બધાનું

---

૧. મૂળમાં તો 'शालाक्य' શબ્દ છે. ટીકાકાર જણાવે છે કે, કાન, મોં વગેરેમાં ઊંડે જંતુ પડચાં હોય, તે વખતે સળીનો (शलाका) પ્રયોગ કરવામાં આવે છે તેનું વૈદક તે 'શાલાક્ય.' આઠેનાં મૂળ નામ આ પ્રમાણે છે: कौमारभृत्य, शालाक्यम्, शाल्यहत्यम्, कायचिकित्सा, जांगुलम्, भूतविद्या, रसायनम्, वाजीकरणम् ॥

પણ તે વૈદું કરતો. કોઈને તે માછલાના માંસના ઉપચારો બતાવતો, કોઈને કાચબાના, કોઈને મગરના, કોઈને સુંસુમારના, કોઈને બકરાના, કોઈને ઘેટાના, કોઈને રોઝના, કોઈને ડુક્કરના, કોઈને મૃગના, કોઈને સસલાના, કોઈને સાંઢના, કોઈને પાડાના, કોઈને તેતરના, કોઈને બટેરાના, કોઈને લાવરીના, કોઈને કબૂતરના, કોઈને કૂકડાના, કોઈને મોરના, તથા એમ બીજાં પણ અનેક જલચર–સ્થલચર–કે ખેચર પ્રાણીઓનાં માંસના ઉપાયો તે બતાવતો. તે પોતે પણ તેવાં અનેક પ્રકારનાં માંસ, તેમજ તેમના રસ પકાવીને, તળીને કે ભૂંજીને દારૂ વગેરે સાથે ખાતો-પીતો હતો. એ પ્રમાણે ૩૨૦૦ વર્ષનું પોતાનું આયુષ્ય પૂરું કરીને તે ધન્વંતરિ વૈદ્ય મરણ પામી, છઠ્ઠી નરકભૂમિમાં ઉત્પન્ન થયો; ત્યાં વધારેમાં વધારે આયુષ્ય ૨૨ સાગરોપમ વર્ષનું હોય છે.

હવે પેલા સાગરદત્ત શેઠની સ્ત્રી ગંગદત્તાને મરેલાં છોકરાં જ જન્મતાં હતાં. એક રાત્રે તેને ફિકર ચિંતામાં જાગતાં જાગતાં વિચાર આવ્યો કે, બહુ વર્ષો થવા છતાં મારે પુત્ર કે પુત્રી જીવતાં નથી. તે માતાઓને ધન્ય છે, તેઓ ખરેખર પુણ્યશાળી છે, કૃતાર્થ છે, સુલક્ષણી છે, તથા તેમનો મા તરીકેનો મનુષ્ય જન્મ સફળ થયો છે, કે જેમને પોતાને પેટે જન્મેલાં, ધાવવા માટે આતુર, કાલુંકાલું મધુર બોલતાં, મુગ્ધ બાળકો સ્તન આગળથી નીચે ખોળામાં સરી પડે છે; તથા તેમના કમળ જેવા કોમળ હાથ પકડીને તેમને ફરી ખોળે લેવા જતાં તેઓ પાછાં ફરી ફરી કાલુંકાલું બોલી મધુર અવાજો કરે છે. પરંતુ હું એવી અભાગણી, પાપણી છું કે, મને એવું એક પણ બાળક ઉછેરવાનું ન મળ્યું. તો કાલે

સવાર થતાં જ હું સાગરદત્ત સંઘવીને પૂછીને ખૂબ પુષ્પ–વસ્ત્ર–ગંધ–માલ્ય–અલંકાર લઈને, મિત્ર–નાતીલા–પોતીકા–સ્વજન–સંબંધી–પરિજન વગેરેની સ્ત્રીઓને બોલાવીને નગર બહાર જ્યાં ઉંબરદત્ત યક્ષનું મંદિર છે, ત્યાં જઈશ; તથા ત્યાં કીમતી વસ્તુઓ વડે તે યક્ષની પૂજા–અર્ચા કરીને તેમને પગે પડીને માનતા રાખીશ, કે જો મને છોકરો કે છોકરી થશે, તો હું તમારી રોજની પૂજાની રકમ વધારી આપીશ, તમારે મંદિરે થતા દાનની રકમમાં વધારો કરીશ, અમારી કુલ આવકમાંથી તમને અપાતો ભાગ વધારી આપીશ, તથા તમારા દેવભંડારમાં વધારો કરી આપીશ.

બીજે દિવસે સાગરદત્તને પોતાનો નિશ્ચય જણાવતાં સાગરદત્તે ગંગદત્તાને ખુશીથી તેમ કરવાની રજા આપી. પછી, ગંગદત્તા પોતાનાં સગાંસંબંધી વગેરેની અનેક સ્ત્રીઓ સાથે ઘેરથી નીકળી, અને સરોવરમાં નાહી ધોઈ, તિલક-અક્ષત[૧] આદિ કરી, ભીને કપડે જ પૂજાની સામગ્રી લઈને યક્ષના મંદિરમાં ગઈ, અને ત્યાં મૂર્તિનાં દર્શન થતાં જ તેને પગે પડી. પછી પૂંજણી હાથમાં લઈને મૂર્તિને પૂંજીને પાણીની ધારથી તેનો અભિષેક કર્યો; પછી સુગંધી બારીક વસ્ત્ર વડે તેને લૂછીને પોતે આણેલાં નવાં વસ્ત્ર પહેરાવ્યાં, તથા કીમતી પુષ્પ–વસ્ત્ર–માલ્ય–ગંધ–ચૂર્ણ વગેરે વસ્તુઓ

---

૧. મૂળમાં તો कौतुक-मंगल શબ્દ છે. કૌતુકકર્મ એટલે ઉતાર ઉતારવો, નજર ન લાગે માટે મેસનું ટપકું કરવું, તિલક કરવું ઇત્યાદિ; અને મંગલ એટલે, દહીં અક્ષત વગેરે માંગલિક વસ્તુઓનું દર્શન કરવું ઇત્યાદિ.

ચડાવી. ત્યાર બાદ ધૂપાદિ કરીને તે પગે લાગી અને ઉપર પ્રમાણે માનતા રાખીને ઘર તરફ પાછી ફરી.

ત્યાર બાદ પેલો ધન્વંતરિ વૈદ્યનો જીવ નરકમાંથી ચ્યવી, ગંગદત્તાના ગર્ભમાં પુત્ર તરીકે આવ્યો. ત્રણ માસ પૂરા થતાં ગંગદત્તાને બધી ખાન-પાનાદિ સામગ્રી સાથે નગર બહાર સરોવર-કિનારે ઉજાણી કરવાનો દોહદ થયો; તથા શેઠની અનુમતિથી તે દોહદ તેણે ભારે ધામધૂમથી પૂરો કર્યો. તે વખતે ઉંબરદત્ત યક્ષના મંદિરમાં જઈ તેની પણ તેણે ખૂબ પૂજા-અર્ચા કરી. ત્યારબાદ નવ માસ પૂરા થતાં તેણે પુત્રને જન્મ આપ્યો. ઉંબરદત્તયક્ષની બાધા રાખવાથી તે પુત્ર જન્મ્યો હોવાથી, માતપિતાએ તેનું નામ ઉંબરદત્ત પાડયું.

પછી તે ઉંબરદત્ત પાંચ પાંચ ધાવો તથા સેંકડો દાસ-દાસીઓ વચ્ચે કાળજીથી ઉછેરાતો મોટો થવા લાગ્યો. એક વખત સાગરદત્ત શેઠ વહાણ ભરી વેપાર કરવા દરિયામાર્ગે નીકળ્યા. રસ્તામાં વહાણ ડૂબતાં તે મરણ પામ્યા. તેમના મરવાના સમાચાર સાંભળી ગંગદત્તા શેઠાણી પણ મરણ પામ્યાં. સાગરદત્ત શેઠની જે કાંઈ ઉઘરાણી હતી, તે પણ ઉંબરદત્તને નાનો તથા નબાપો જાણી દેણદારો દબાવી પડયા; તથા અંતે ફોજદાર વગેરેએ તેને ઘર બહાર હાંકી કાઢયો. ત્યારબાદ તે છોકરાને ભૂખ-દુઃખથી ધીમે ધીમે એક સાથે સોળ રોગો થયા. એ બધા રોગોનું દુઃખ સહન કરતો તે ઉંબરદત્ત હવે હાથમાં ફૂટલું કુલડું-શરાવલું લઈ ભીખ માગતો ફરે છે.

ગૌતમ : હે ભગવન્! ઉંબરદત્ત મરણ પામી કયાં જશે?

મહાવીર : હે ગૌતમ! ઉંબરદત્ત પોતાનું ૭૨ વર્ષનું આયુષ્ય પૂરું કરી, અહીંથી મરણ પામી રત્નપ્રભા નરકમાં

ઉત્પન્ન થશે. ત્યાંથી ભટકતો ભટકતો અંતે તે હસ્તિનાપુરમાં કૂકડો થશે. જન્મતાં વેંત જ તેને ઉજાણી કરનારાઓ મારી ખાશે. ત્યાંથી મરીને તે તે જ નગરમાં નગરશેઠને ત્યાં પુત્ર તરીકે ઉત્પન્ન થશે. યુવાનીમાં આવતાં સાધુઓ દ્વારા સદુપદેશ સાંભળી, તે પણ સાધુ થશે, અને તપ-સંયમાદિ બરાબર આચરશે. પછી તે સૌધર્મ કલ્પમાં દેવ થશે. ત્યાંથી ચ્યવીને તે મહાવિદેહ ક્ષેત્રમાં ઉચ્ચ કુળમાં જન્મશે. ત્યાં પણ જુવાનીમાં આવતાં તે સાધુ થઈ, સંયમાદિ બરાબર પાળશે, અને અંતે સિદ્ધ–બુદ્ધ અને મુક્ત થઈ, સર્વ દુઃખોનો અંત લાવશે.

૮

શૌરિકદત્તની કથા

જૂના કાળમાં શૌરિકપુર નામે નગર હતું. તેમાં શૌરિકદત્ત નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરના ઈશાન ખૂણામાં માછી લોકોનો મહોલ્લો હતો. તેમાં સમુદ્રદત્ત નામે માછી રહેતો હતો. તેની સ્ત્રીનું નામ સમુદ્રદત્તા હતું, તથા પુત્રનું નામ શૌરિકદત્ત હતું.

એક વખત મહાવીરસ્વામી ફરતા ફરતા તે નગરમાં આવી પહોંચ્યા. ભિક્ષાકાળે તેમના પટ્ટશિષ્ય ગૌતમ તે નગરમાંથી જોઈતી ભિક્ષા લઈને પાછા ફરતા હતા, તેવામાં તેમણે માછીઓના મહોલ્લા પાસે માણસોના એક મોટા ટોળાની વચ્ચે એક સુકલકડી, ભૂખ્યો તથા હાડપિંજર જેવો ખખળી ગયેલો માણસ જોયો. તેણે ભૂરાં કપડાં પહેર્યાં હતાં. તેના ગળામાં માછલીનો કાંટો ચોંટી ગયો હોવાથી, તે, વેદનાથી ભરેલી દયાજનક કર્કશ ચીસો નાખતો હતો, તથા વારંવાર પરુ, લોહી તથા કીડાઓનાં જૂમખાં ઓકતો હતો.

તેને જોઈને ગૌતમને વિચાર આવ્યો કે, આ માણસે પૂર્વે એવાં તે શાં પાપકર્મ કર્યાં હશે, જેથી તેને અત્યારે નરકયાતના જેવું દુઃસહ દુઃખ ભોગવવું પડે છે. પાછા ફરીને મહાવીર ભગવાનને એ વિષે પૂછતાં, તેમણે તે પુરુષ વિષે નીચેની કથા ગૌતમને કહી સંભળાવી:

હે ગૌતમ! પૂર્વે અહીં, ભારતવર્ષમાં નંદિપુર નામે નગર હતું. તેમાં મિત્ર નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને શ્રીદ નામનો રસોઇયો હતો. રોજ કેટલાય માછીઓ, વાઘરીઓ, પારધીઓ વગેરે સવારના પહોરમાં જ તે રસોઇયા પાસે જુદી જુદી જાતનાં નાનાંમોટાં માછલાં,[1] કાચબા, મગર, સુંસુમાર, બકરા, ઘેટા, રોઝ, ડુક્કર, મૃગ, સસલાં, સાંઢ, પાડા, તેતર, બટેરાં, લાવરાં, કબૂતર, કૂકડા, મોર વગેરે જલચર, સ્થલચર કે ખેચર પ્રાણીઓ મારીને લાવતા. બીજાં પણ કેટલાંય તેતર વગેરે પંખીઓ તે રસોઇયા પાસે પાંજરામાં પૂરેલાં રહેતાં; કેટલાય નોકરો તે પંખીઓને જીવતાં જ ઉતરડીને તેની પાસે લાવતા. ત્યારબાદ તે રસોઇયો તે બધાંનાં માંસના ઝીણાઝીણા ગોળ, લાંબા કે ટૂંકા એવા ટુકડા કરતો; અને પછી તેમને બરફમાં ઠારતો, કે તડકામાં કે પવનમાં પકવતો,[2] કે તેમનો છાશમાં મઠો બનાવતો; કે તેમને આમળાંના રસમાં, દ્રાક્ષના રસમાં, કોઠાના રસમાં, દાડમના રસમાં કે માછલાંના રસમાં નાખી જુદી જુદી વાનીઓ બનાવતો; કે તેમને તળતો, ભૂંજતો, રાંધતો કે સંભાર ભરીને તથા આથીને અનેક

૧. મૂળમાં માછલાંના જુદા જુદા પ્રકારોનાં 'खवल्ल, जुग, विब्भिडि. हलि, लंभण, पडागातिपडाग' ઇત્યદિ નામો છે. ટીકાકાર જણાવે છે, કે તે બધા પ્રકારો વ્યવહાર ઉપરથી સમજી લેવા.

૨. મૂળમાં અહીં जम्मपक्व, घम्मपक्व, मारुयपक्व એમ પકાવવાની ત્રણ જુદી જુદી રીતોનો ઉલ્લેખ છે. તે રીતો વ્યવહારથી સમજી લેવી એમ કહીને ટીકાકાર અટકી જાય છે. ત્યાંથી આગળ તેની 'कालाणि' 'हेरंगाणि' એવી બનાવટોનો ઉલ્લેખ છે. તેને વિષે પણ ટીકાકાર એમ જ કહે છે.

પ્રકારે તૈયાર કરતો. તે ઉપરાંત બીજા પણ ઘણા માંસરસો તે બનાવતો, તેમજ અનેક પ્રકારનું લીલું શાક પણ રાંધતો. ત્યારબાદ મિત્ર રાજા ભોજનશાળામાં જમવા બેસે ત્યારે તેને તે બધું પીરસતો. પોતે પણ તે બધાં માંસ, માંસરસો અને શાકો ખૂબ ખાતો અને દારૂ પીતો. આ પ્રમાણે કરતાં કરતાં ૩૩૦૦ વર્ષનું પોતાનું આયુષ્ય પુરું કરી તે શ્રીદ રસોઇયો મરણ પામીને છઠ્ઠી નરકભૂમિમાં ઉત્પન્ન થયો.

હવે પેલા સમુદ્રદત્ત માછીની સ્ત્રી સમુદ્રદત્તાને છોકરાં જીવતાં નહોતાં. તેથી તેણે તે નગરની બહાર આવેલા શૌરિકયક્ષના મંદિરમાં જઈને તે યક્ષની માનતા રાખી. પરિણામે તેને પુત્ર થયો. તેનું નામ શૌરિકદત્ત પાડવામાં આવ્યું; તથા તે ખૂબ લાડ-પાડથી ઊછરવા લાગ્યો. પછી ઉમરે આવતાં, તથા સમુદ્રદત્ત મરણ પામતાં, તે માછીમારોનો મુખિયો બન્યો. તેના કેટલાય નોકરો સવારના પહોરમાં જ યમુના નદીમાં મછવા લઈને જતા અને ધરાઓને ઉલેચીને, ગાળીને, કે તેમાં ઘૂમીને, તેમને ડહોળીને, કે તેમને વહાવી દઈને જુદાં જુદાં સાધનો વડે[1] નાનાંમોટાં એમ જુદા જુદા અનેક પ્રકારનાં માછલાં પકડી પકડી મછવા ભરતા; અને ઘેર

---

૧. તે સાધનોનાં નામ મૂળમાં આ પ્રમાણે આપ્યાં છે. તેમના અર્થ વ્યવહારમાંથી જાણી લેવાનું ટીકાકાર જણાવે છે:

प्रपंचुल, प्रपम्पुल, जृम्भा, त्रिसरा, भिसरा, घिसरा, विसरा हिल्लीरी, झिल्लरी, लल्लिरी, जाल (જાળ), गल (ગળ), कूटपाश, वल्कबंध (રેસાઓની જાળ), सूत्रबंध (સૂતરની જાળ), बालबंध (વાળની ગૂંથેલી જાળ).

આવી તેમને સૂકવીને તેમનાં મોટાં મોટાં ખળાં કરતા. પછી બીજા નોકરો તેમને સૂકવીને રાંધીને કે ભૂંજીને રાજમાર્ગે વેચતા અને કમાણી કરતા. શૌરિકદત્ત પોતે પણ તે માછલાંની અનેક વાનીઓ બનાવરાવી ખાતો, તથા દારૂ પીને લહેર કરતો હતો.

એ પ્રમાણે જુદાં જુદાં માછલાંની અનેક વાનીઓ ખાતા તે શૌરિકદત્તના ગળામાં એક વખત માછલાનો કાંટો ખૂંચી ગયો. કેમેય કર્યો તે ન નીકળ્યો, ત્યારે શૌરિકે આખા નગરમાં ઢંઢેરો પિટાવ્યો કે, જે કોઈ વૈદ્ય કે જાણકાર શૌરિકના ગળામાંથી કાંટો કાઢી આપશે, તેને તે ખૂબ ધન આપશે. એ સાંભળી ઘણાય વૈદ્યો, જાણકારો વગેરે આવ્યા અને તેમણે પોતાની ચારે પ્રકારની બુદ્ધિઓનો[1] ઉપયોગ કરીને જુદી જુદી રીતે તેને ઊલટીઓ કરાવી, તેના ગળા ઉપર જુદી જુદી રીતે દબાણ કર્યું, તેને મોટા મોટા કોળિયા ગળાવ્યા, તેમ જ ચીપિયા –સાંડસા વગેરે વડે પણ કાંટાને ખેંચી કાઢવાનો ઘણો પ્રયત્ન કર્યો. પણ કશાથી કાંઈ વળ્યું નહીં. ત્યાર બાદ તેની વેદનાથી રિબાઈ રિબાઈને તે શૌરિકની હાલમાં આ દશા થઈ છે.

ગૌતમ : હે ભગવન્! અહીંથી મરીને શૌરિક ક્યાં જશે?

ભગવાન : હે ગૌતમ! પોતાનું ૭૦ વર્ષનું આયુષ્ય પૂરું કરીને તે રત્નપ્રભા નરકભૂમિમાં ઉત્પન્ન થશે. પછી ત્યાંથી ભટકતો ભટકતો અંતે તે હસ્તિનાપુરમાં માછલું થશે. ત્યાં

---

૧. ઔત્પત્તિકી (સ્વાભાવિક, જન્મસિદ્ધ), વૈનયિકી (કેળવણીથી પ્રાપ્ત કરેલી), કર્મજા (પ્રયોગથી પ્રાપ્ત થયેલી), અને પારિણામિકી (અનુભવથી પરિપક્વ થયેલી).

માછીઓના હાથે મરાઈ, તે તે જ નગરમાં નગરશેઠને ઘેર પુત્ર તરીકે ઉત્પન્ન થશે. યુવાનીમાં આવતાં સાધુઓ દ્વારા સદુ-પદેશ સાંભળી, તે પણ સાધુ થશે, અને તપ-સંયમાદિ બરાબર આચરશે. પછી તે સૌધર્મકલ્પમાં દેવ થશે. ત્યાંથી ચ્યવીને તે મહાવિદેહ ક્ષેત્રમાં ઉચ્ચકુળમાં જન્મશે. ત્યાં પણ જુવાનીમાં આવતાં, તે સાધુ થઈ, સંયમાદિ બરાબર પાળશે અને અંતે સિદ્ધ-બુદ્ધ-અને મુક્ત થઈ, સર્વ દુઃખોનો અંત લાવશે.

૯

દેવદત્તાની કથા

જૂના કાળમાં રોહીતક નામે નગર હતું. તેમાં વૈશ્રમણદત્ત નામે રાજા રાજ્ય કરતો હતો. તેને શ્રી નામની રાણી હતી તથા પુષ્યનંદિ નામે યુવરાજ હતો. તે જ નગરમાં દત્ત નામે ગૃહસ્થ રહેતો હતો. તે ઘણો જ ધનવાન હતો. તેને કૃષ્ણશ્રી નામે પત્ની તથા દેવદત્તા નામે પુત્રી હતાં.

એક વખત મહાવીરસ્વામી ફરતા ફરતા તે નગરમાં આવી પહોંચ્યા. ભિક્ષાકાળે તેમના પટ્ટશિષ્ય ગૌતમ તે નગરમાં ભિક્ષા માટે ફરતા હતા, તેવામાં તેમણે લોકોનું એક મોટું ટોળું જોયું. તે ટોળામાં તેમણે મુશ્કેટાટ બાંધેલી એક સ્ત્રી જોઈ. તેનાં કાન–નાક કાપી નાખેલાં હતાં, તથા તેને શૂળીએ ચડાવવામાં આવતી હતી. તે જોઈ ગૌતમ સ્વામીને વિચાર આવ્યો કે, આ સ્ત્રીએ એવાં તે શાં પાપકર્મ કર્યાં હશે, જેથી તેની આ દશા થઈ છે. ઉતારે પાછા આવી, મહાવીરસ્વામીને તે વિષે પૂછતાં તેમણે તે સ્ત્રીની નીચે મુજબ કથા કહી સંભળાવી.

હે ગૌતમ! પૂર્વે અહીં ભારતવર્ષમાં જ સુપ્રતિષ્ઠ નામે નગર હતું. તેમાં મહાસેન નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને હજાર રાણીઓ હતી. તેમાં ધારિણી પટ્ટરાણી હતી. તે ધારિણીને સિંહસેન નામે કુમાર હતો.

તે જ યુવરાજ પણ હતો. તેને પાંચસો રાજકન્યાઓ સા પરણાવવામાં આવ્યો હતો. વખત જતાં મહાસેન મર પામ્યો, એટલે સિંહસેન રાજા બન્યો. તે બહુ પ્રતાપી ત પ્રભાવશાળી હતો.

વખત જતાં સિંહસેન રાજા શ્યામા રાણીમાં જ એટ બધો આસક્ત થઈ ગયો કે, તેના સિવાયની બીજી રાણીઓ તેણે આદર કરવાનું કે દરકાર રાખવાનું જ છોડી દીધું. વાત પેલી ચારસો નવ્વાણુ રાણીઓની માતાઓના જાણવા આવતાં, તેમણે ભેગી મળી એવો ઘાટ ઘડ્યો કે, લાગ જો કોઈ પણ રસ્તે શ્યામાને મારી નાખવી. આ વાત સંજો વશાત્ શ્યામાના જાણવામાં આવી. એટલે તે ખૂબ ગભર ગઈ. તેને થયું કે, કોણ જાણે એ બધીઓ તેને કેવે ક્રમે મારી નાખશે. આથી તે તરત કોપગૃહમાં[1] ચાલી ગ તેની મુખકાંતિ વીલી પડી ગઈ, તથા તે લમણે હાથ ઉદ્વિગ્ન ચિત્તે આંસુ પાડતી બેઠી.

સિંહસેનને આ વાતની જાણ થતાં તે તરત કોપગૃહ શ્યામા પાસે આવ્યો, અને આમ કરવાનું કારણ પૂછ લાગ્યો. ત્યારે શ્યામાએ તેને પેલી રાણીઓની માતાઓ કરેલા કાવતરાની વાત કરી. સિંહસેને તેને સમજાવ આશ્વાસન આપ્યું કે, હું એવું કરીશ કે જેથી તને કોઈ તરફથી કશો ભય જ નહીં રહે.

ત્યારબાદ તેણે પોતાના કૌટુંબિક પુરુષોને બોલાવ તેમને નગર બહાર એક મોટો સો થાંભલાઓવા

---

૧. રાણી રિસાય ત્યારે જઈને ભરાવાનો ઓરડો.

મહેલ[૧] બનાવવાનો હુકમ આપ્યો. તેમાં ઘણી છૂપી કરામતો તેણે કરાવી. ત્યારબાદ યોગ્ય સમયે તે રાજાએ પોતાની પેલી ચારસો નવ્વાણુ સાસુઓને પોતાના નગરમાં આમંત્રણ આપીને તેડાવી. તે બધી રાજાના આમંત્રણથી ખુશ થઈ, ખૂબ વસ્ત્રાલંકાર પહેરી નગરમાં આવી પહોંચી. રાજાએ તેમને પેલા કરામતી મહેલમાં ઉતારો આપ્યો; અને તેમને સર્વ પ્રકારની ખાન–પાન–નાટ્ય–ગીત–મોજ–શોખ વગેરેની ખૂબ વસ્તુઓ મોકલી આપી. તેઓ તે બધી વસ્તુઓનો ઉપભોગ કરતી આનંદ કરવા લાગી.

પછી મધરાતે રાજા પોતે થોડાંક માણસો લઈને તે મહેલ તરફ ગયો, અને તેનાં બારી–બારણાં બંધ કરાવી દઈ તેને સળગાવી મૂક્યો. પેલી ચારસો નવ્વાણુ સાસુઓ બળતી–ઝળતી તથા ચીસો પાડતી, અસહાયપણે તે આગમાં નાશ પામી.

આવાં બધાં કર્મો કરતાં કરતાં સિંહસેન રાજા પોતાનું ૩૪૦૦ વર્ષનું આયુષ્ય પૂરું કરી મરણ પામ્યો અને છઠ્ઠી નરક-ભૂમિમાં નારકી જીવ તરીકે ઉત્પન્ન થયો. ત્યાં વધારેમાં વધારે આયુષ્ય ૨૨ સાગર વર્ષોનું હોય છે.

ત્યાંથી ચ્યુત થઈ, તે રોહીતક નગરમાં દત્તસંઘવીની કૃષ્ણશ્રી શેઠાણીને પેટે પુત્રી તરીકે ઉત્પન્ન થયો. તેનાં માત-પિતા તેને ખૂબ ઠાઠ–માઠમાં કાળજીપૂર્વક ઉછેરવા લાગ્યાં.

---

૧. મૂળમાં 'कूटागार' શબ્દ છે. અર્થાત્ છૂપાં ભોંયરાં–બારી–બારણાં વગેરે વાળો મહેલ, જેથી મરજી મુજબ તેમાં સંતાઈ શકાય કે તેને બંધ કરી શકાય કે બાળી નાખી શકાય.

ઉંમરમાં આવતાં તેનું રૂપ અને લાવણ્ય અપૂર્વ રીતે ફૂલી-ફાલી ઉઠયાં.

એક વખત તે દેવદત્તા નાહી-ધોઈ, અલંકાર પહેરી, દાસીઓ[1] સાથે અગાસીમાં સોનાને દડે રમતી હતી; તેવામાં નીચે થઈને વૈશ્રમણદત્ત રાજા નાહી-ધોઈ, અલંકાર પહેરી, ઘોડેસવાર થઈ પોતાના રસાલા સાથે જતો હતો. તેણે દેવદત્તાને અગાસીમાં રમતી જોઈ. તેનું અદ્ભુત રૂપ-લાવણ્ય દેખી તે નવાઈ પામ્યો, અને તે કોની પુત્રી છે, તથા તેનું નામ શું છે, એમ પોતાના હજૂરિયાઓને પૂછવા લાગ્યો. તેઓએ કહ્યું કે, તે છોકરી દત્ત સંઘવીની પુત્રી છે. ઘેર પાછા ફર્યા બાદ વૈશ્રમણદત્તે પોતાના ખાનગી કારભારીઓને બોલાવ્યા અને તેમને જણાવ્યું કે, આખું રાજ્ય પહેરામણીમાં આપવું પડે તોપણ એ દેવદત્તાને મારા પુષ્યનંદિ કુમારની રાણી તરીકે લાવો.

રાજાએ આ રીતે પોતાનું અંગત કામ સોંપ્યું હોવાથી ખુશી થયેલા તે કારભારીઓ નાહી-ધોઈ, યોગ્ય વસ્ત્રાભૂષણ પહેરી દત્તને ઘેર ગયા. દત્ત તેમને આવતા જોઈ બહુ ખુશી થયો, તથા સાત-આઠ પગલાં સામે જઈ તેણે તેમનો સત્કાર

---

૧. મૂળમાં खुज्जा શબ્દ છે. તેનો કુબ્જ સ્ત્રી એવો અર્થ પણ થાય; તેમ જ થૂંકદાની ધરનારી દાસી, એવો અર્થ પણ થાય તે દાસીઓનાં વિશેષણોની વિગત આ પ્રમાણે છે: 'અનેક દેશ તથા વિદેશની ભેગી થયેલી, ઇંગિત-ચિંતિત-પ્રાર્થિતને જાણનારી, પોતપોતાના દેશના વેષને પહેરનારી'. આ ઉપરાંત અંતઃપુરમાં રહેનારા વર્ષધર, કંચુકી અને મહત્તરકના સમૂહોથી પણ તે કન્યા વીંટળાયેલી હતી, એમ મૂળમાં જણાવેલું છે.

કર્યો. ત્યારબાદ તેમને ઉત્તમ સુખાસનો ઉપર બેસારીને, તેઓ જરા ઠંડા પડયા એટલે તેણે પૂછયું કે, આપ સૌના આવવાનું પ્રયોજન શું છે તે કહો.

તેઓએ જવાબ આપ્યો, 'હે દેવાનુપ્રિય! અમે પુષ્યનંદિ યુવરાજ માટે તમારી કન્યા દેવદત્તાનું માગું કરવા આવ્યા છીએ. તમને જો એ સંબંધ યોગ્ય લાગતો હોય, સુપાત્રે લાગતો હોય, વખાણવા જેવો લાગતો હોય, તેમ જ એક-બીજાને અનુરૂપ લાગતો હોય, તો તમે દેવદત્તાને પુષ્યનંદિ યુવરાજ સાથે પરણાવો અને જે પહેરામણી જોઈતી હોય તે માગી લો.'

ત્યારે દત્તે જવાબ આપ્યો: "હે દેવાનુપ્રિયો! મારી પુત્રીને પુત્રવધૂ તરીકે સ્વીકારવા વૈશ્રમણદત્ત રાજા તૈયાર થાય એ જ મારી મોટી પહેરામણી છે."

આટલું કહી, તેણે તે વિશ્વાસુ રાજસેવકોનો પુષ્પ-વસ્ત્ર-ગંધ-માલ્ય-અલંકારાદિ વડે સત્કાર કર્યો તથા તેમને વિદાય આપી. ત્યારબાદ યોગ્ય સમયે શુભ તિથિ, નિમિત્ત, દિવસ, નક્ષત્ર, મુહૂર્ત વગેરે વિચારીને દત્તે ખૂબ અન્નપાન તૈયાર કરાવ્યું, અને સગાંવહાલાં–ઓળખીતાં સૌને તેડાવ્યાં. તે સૌને યથેષ્ટ જમાડીને તથા પુષ્પ-ગંધાદિ વડે સત્કાર્યા બાદ, તેણે દેવદત્તાને નવરાવી-ધોવરાવીને વસ્ત્રાલંકારથી સુશોભિત કરી. ત્યારબાદ હજાર પુરુષો વડે ઊંચકાતી પાલખીમાં તેને બેસાડી, સૌ સગાંવહાલાં સાથે મોટા સમારોહપૂર્વક, તથા વાજતેગાજતે તે વૈશ્રમણરાજાના ઘર તરફ જવા નીકળ્યો. ત્યાં જઈ, હાથ જોડી પોતાની કન્યા તેણે રાજાને સોંપી. રાજાએ પણ ખૂબ ખુશી થઈ, પુષ્કળ ખાન-પાન વગેરે તૈયાર કરાવ્યું, અને

સગાંવહાલાં–ઓળખીતાં સૌને તેડાવી, તેમનો ઉચિત સત્કાર કર્યો. ત્યારબાદ પુષ્યનંદિ કુમારને તથા દેવદત્તાને પાટ ઉપર બેસાર્યાં, અને શ્વેત તથા પીળા કલશોથી તેમને સ્નાન કરાવ્યું. ત્યારબાદ તેમને પરણેતર પહેરાવ્યાં, અને પછી વિધિપૂર્વક હોમ વગેરે કરીને પુષ્યનંદિ પાસે દેવદત્તાનો હાથ પકડાવ્યો. ત્યારબાદ વાજતેગાજતે તથા ખૂબ ઋદ્ધિ–સત્કારાદિથી દેવદત્તા પાસે પુષ્યનંદિનો હાથ પકડાવ્યો. પછી દેવદત્તાનાં માતપિતા તથા સગાંવહાલાંને ખૂબ ખાન-પાન તથા વસ્ત્ર-ગંધ-માલ્ય-અલંકારાદિથી સત્કારીને વિદાય આપી.

ત્યારબાદ પુષ્યનંદિકુમાર દેવદત્તા સાથે મહેલને ઉપલે માળ નાચ-ગાન-મોજ-મજા વગેરેથી આનંદ કરતો રહે છે. વખત જતાં વૈશ્રમણદત્ત રાજાનો દેહાંત થયો એટલે પુષ્યનંદિએ તેનો વિધિપૂર્વક અંતિમ સંસ્કાર કર્યો. ત્યારબાદ પુષ્યનંદિ રાજા થયો.

પુષ્યનંદિરાજા ભારે માતૃભક્ત હતો. રોજ સવારમાં તે શ્રીદેવી પાસે જઈ તેમને નમસ્કાર કરતો. ત્યારબાદ શતપાક–સહસ્રપાક[1] તેલો તેમને શરીરે ચોળતો. ત્યારબાદ હાડકાં, માંસ, ચામડી અને રુવાંટાં એ ચારેને સુખ થાય તેવી રીતે તેમને મર્દન કરતો. પછી તેમને શરીરે સુગંધી લેપ કરતો. ત્યારબાદ ઊના-ટાઢા, અને સુગંધી એમ ત્રણ પ્રકારના પાણી વડે તેમને સ્નાન કરાવતો; પછી તે જમી-પરવારીને પોતાને ઠેકાણે પાછાં પહોંચી જાય, ત્યારબાદ જ પોતે નાહતો તથા ખાતો-પીતો.

---

૧. સો તેમજ હજાર વાર 'ગાળેલાં' તેલ.

એક વખત દેવદત્તાને રાત્રે જાગતાં જાગતાં વિચાર આવ્યો કે, પુષ્યનંદિ રાજા ભારે માતૃભક્ત છે; તેથી તે મારી સાથે સુખ-વિલાસમાં પૂરતો સમય આપતા નથી, અને માતાની સેવામાં જ દિવસનો મોટો ભાગ ગાળે છે. માટે કોઈ પણ પ્રકારે અગ્નિ-શસ્ત્ર-વિષ વગેરેમાંથી કોઈનો પણ પ્રયોગ કરી તે શ્રીદેવીનું હું કાસળ કાઢું, તો પછી પુષ્યનંદિ રાજા સાથે નિરાંતે યથેષ્ટ ભોગ ભોગવી શકું.' ત્યારથી માંડીને તે શ્રીદેવીને મારી નાંખવાનો લાગ જોતી સાવધાન રહેવા લાગી.

એક વખત શ્રીદેવી મદ્યપાન કરી, એકલાં પથારીમાં ઘસઘસાટ ઊંઘતાં હતાં, તે લાગ જોઈ દેવદત્તા ચારે તરફ નજર કરતી રસોડામાં ગઈ. ત્યાંથી એક લોઢાનો સળિયો ખિલેલાં કેસૂડાંના ફૂલ જેવો લાલચોળ તપાવી, સાંડસાથી પકડી તે શ્રીદેવી પાસે આવી, અને તેમની ગુદામાં તેને જોરથી ખોસી દીધો. શ્રીદેવી પણ એક વિકટ ચીસ પાડી તરત જ મરણ પામ્યાં. શ્રીદેવીની ચીસ સાંભળી તેમની દાસીઓ આજુબાજુથી તરત ત્યાં દોડી આવી; તો તેમણે દેવદત્તાને ત્યાંથી ભાગી નીકળતી જોઈ. તેઓએ શ્રીદેવીની પાસે જઈને જોયું તો શ્રીદેવીને કમોતે મરેલાં જોયાં. તે જોઈ તેઓ 'હાય, હાય, ગોઝારી હત્યા' એમ બૂમો પાડતી જ્યાં પુષ્યનંદિ રાજા હતો ત્યાં આવી, અને તેને બધી વાત કહી સંભળાવી.

તે સાંભળી રાજા માતૃશોકથી આઘાત પામી કુહાડાથી કાપેલા ચંપાના વૃક્ષની પેઠે પેઠે ધસ દઈને જમીન ઉપર તૂટી પડ્યો. થોડા સમયબાદ સ્વસ્થ થઈ તેણે પોતાના દરબારીઓ, પ્રજાજનો વગેરે સાથે મળીને શ્રીદેવીની અંતિમ-

ક્રિયા કરી. ત્યારબાદ ક્રોધે ભરાઈ, તેણે દેવદત્તાને પકડાવીને આવે કમોતે મારી નાખવાનો હુકમ કર્યો છે.

ગૌતમ : હે ભગવન્! એ દેવદત્તા અહીંથી મરીને ક્યાં જશે, તથા ક્યાં ઉત્પન્ન થશે?

ભગવાન : હે ગૌતમ! એંસી વર્ષનું[1] પોતાનું આયુષ્ય પૂરું કરી, દેવદત્તા અહીંથી મરણ પામી રત્નપ્રભા નરકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી ભટકતી ભટકતી તે અંતે ગંગાપુર નગરમાં હંસ થશે. ત્યાં પારધીઓ વડે મરાઈ, તે જ નગરમાં નગરશેઠને ત્યાં પુત્ર તરીકે ઉત્પન્ન થશે. યુવાનીમાં આવતાં સાધુઓ દ્વારા સદુપદેશ સાંભળી, તે સાધુ થશે, અને તપ-સંયમાદિ બરાબર આચરશે. પછી તે સૌધર્મ કલ્પમાં દેવ થશે. ત્યાંથી ચ્યવીને તે મહાવિદેહ ક્ષેત્રમાં ઉચ્ચ કુળમાં જન્મશે. ત્યાં પણ જુવાનીમાં આવતાં, તે સાધુ થઈ, સંયમાદિ બરાબર પાળશે, અને અંતે સિદ્ધ-બુદ્ધ-અને મુક્ત થઈ, સર્વ દુઃખોનો અંત લાવશે.

---

૧. સંખ્યા વિચિત્ર લાગે છે. એટલી મોટી ઉમરે તેણે સાસુનું ખૂન કર્યું?

૧૦

અંજૂની કથા

જૂના કાળમાં વર્ધમાનપુર નામે નગર હતું. ત્યાં વિજયમિત્ર નામે રાજા રાજ્ય કરતો હતો. તે જ નગરમાં ધનદેવ નામે તાલેવંત સંઘવી રહેતો હતો. તેની પત્નીનું નામ પ્રિયંગૂ હતું, તથા તેની પુત્રીનું નામ અંજૂ હતું. તે રૂપ–લાવણ્યમાં અનુપમ હતી, તથા તેનું શરીર સુકુમાર તથા પ્રમાણસર હતું.

એક વખત મહાવીર સ્વામી ફરતા ફરતા તે નગરમાં આવી પહોંચ્યા. ભિક્ષાકાળે તેમના પટ્ટશિષ્ય ગૌતમ નગરમાં ફરતા હતા, તેવામાં વિજયમિત્ર રાજાના મહેલની અશોકવાટિકાની પાસે થઈને જતાં તેમણે એક હાડપિંજર જેવી થઈ ગયેલી સ્ત્રીને વેદનાથી ભરેલી કરુણાજનક મોટી ચીસો પાડતી જોઈ. ભૂખથી તેનું શરીર સુકાઈ ગયું હતું, તથા તેના શરીરમાં માત્ર હાડકાં જ ખખડતાં હતાં. તેને જોઈ તેમને વિચાર આવ્યો કે, આ સ્ત્રીએ પૂર્વે એવાં તે શાં પાપકર્મ કર્યાં હશે, જેથી તેને આવું ભયંકર કષ્ટ વેઠવું પડે છે.

ઉતારે પાછા જઈને મહાવીરસ્વામીને તે બાબત પૂછતાં, તેમણે તે સ્ત્રીની કથા નીચે મુજબ કહી સંભળાવી.

હે ગૌતમ! પૂર્વે અહીં ભારતવર્ષમાં જ ઇંદ્રપુર નામે નગર હતું. ત્યાં ઇંદ્રદત્ત નામે રાજા રાજ્ય કરતો હતો. તે જ નગરમાં પૃથિવીશ્રી નામે ગણિકા રહેતી હતી. તે ગણિકા

વશીકરણાદિ પ્રયોગોથી રાજા-રજવાડાં-શેઠ-વેપારી સૌને વશ કરી, ઉત્તમ માનુષી ભોગો ભોગવતી રહેતી હતી. એ પ્રમાણે કરતાં કરતાં ઘણું પાપ ભેગું કરી, તે ગણિકા ૩૫૦૦ વર્ષની ઉમરે મરણ પામી, છઠ્ઠી નરકભૂમિમાં ઉત્પન્ન થઈ. ત્યાં વધારેમાં વધારે આયુષ્ય ૨૨ સાગર વર્ષોનું હોય છે. ત્યાંથી ચ્યુત થઈને, તે વર્ધમાન નગરમાં ધનદેવને ઘેર તેની પ્રિયંગૂ શેઠાણીને પેટે પુત્રી તરીકે ઉત્પન્ન થઈ. તેનું નામ તેનાં માતપિતાએ અંજૂ પાડયું.

ધીમે ધીમે તે અંજૂ મોટી થઈ, અને તેનું રૂપ-લાવણ્ય અદ્ભુત રીતે ખીલી ઊઠયું. એક વખત વિજય રાજા ઘોડે-સવાર થઈને ધનદેવના ઘર પાસે થઈને જતો હતો, તેવામાં તેણે અંજૂને પોતાના ઘરની અગાશીમાં રમતી જોઈ. તેનું અદ્ભુત રૂપ દેખી રાજાએ પોતા માટે તેનું માગુ કર્યું, અને તેની સાથે લગ્ન કરી, તે પોતાના મહેલમાં તેની સાથે ઉત્તમ કામભોગો ભોગવવા લાગ્યો.

થોડા વખત બાદ અંજૂ રાણીને યોનિમાં શૂલ ઉત્પન્ન થયું. તેની ભયંકર વેદનાથી તે ખૂબ રિબાવા લાગી. રાજાએ ઢંઢેરો પિટાવીને સૌ વૈદ્યો વગેરે જાણકારોને એકઠા કર્યા, તથા ઘણાઘણા ઉપાયો અજમાવી જોયા, પણ કશાથી જૂઅં રાણીનો રોગ મટયો નહીં. તેથી અંતે આ રીતે રિબાતી, રિબાતી તે પોતાના દિવસો પૂરા કરે છે.

ગૌતમ: હે ભગવન્! તે અંજૂરાણી અહીંથી મરીને ક્યાં જશે તથા ક્યાં ઉત્પન્ન થશે?

મહાવીર: હે ગૌતમ! તે અંજૂરાણી અહીં પોતાનું ૯૦ વર્ષનું આયુષ્ય પૂરું કરી, મરણ પામી, રત્નપ્રભા પૃથ્વીમાં

નારકી તરીકે ઉત્પન્ન થશે. ત્યાંથી ભટકતી ભટકતી તે અંતે સર્વતોભદ્ર નગરમાં મોર થશે. ત્યાં પારધીઓ વડે હણાઈને તે તે જ નગરમાં નગરશેઠને ત્યાં પુત્ર તરીકે ઉત્પન્ન થશે. યુવાનીમાં આવતાં સાધુઓ દ્વારા સદુપદેશ સાંભળી, તે પણ સાધુ થશે, અને તપ-સંયમાદિ બરાબર આચરશે. પછી તે સૌધર્મકલ્પમાં દેવ થશે. ત્યાંથી ચ્યવી, તે મહાવિદેહ ક્ષેત્રમાં ઉચ્ચકુળમાં જન્મશે. ત્યાં પણ જુવાનીમાં આવતાં, તે સાધુ થઈ, સંયમાદિ બરાબર પાળશે અને અંતે સિદ્ધ-બુદ્ધ-અને મુક્ત થઈ, સર્વ દુઃખોનો અંત લાવશે.

પાપ, પુણ્ય અને સંયમ

ખંડ ૨ જો

પુણ્યનાં ફળો

अच्चेइ कालो तूरन्ति राइओ न यावि भोगा पुरिसाण निच्चा ।
उविच्च भोगा पुरिसं चयन्ति दुमं जहा खीणफलं व पक्खी ॥
जइ तंसि भोगे चइउं असत्तो अज्जाइ कम्माइ करेहि रायं ।
धम्मे ठिओ सव्वंपयाणुकम्पी तो होहिसि देवो इओ विउव्वी ॥
[उत्त० १३/३१-२]

ચિત્રમુનિ કહે છે: હે રાજન્! કાળ ચાલ્યો જાય છે; કામભોગોમાં તારી એક પછી એક રાત્રી પૂરી થાય છે; પરંતુ માણસના ભોગો નિત્ય નથી. ફળ વિનાના ઝાડને પક્ષીઓ છોડી દે છે, તેમ વખત આવતાં ભોગો પુરુષને છોડી દે છે. આમ છતાં, અત્યારે તું ભોગોને છોડવાને અશક્ત હોય, તો તું ગૃહસ્થાશ્રમમાં રહીને જ આર્ય કર્મો કર; ધર્મમાં સ્થિત રહે, અને સમગ્ર પ્રજાઓ તરફ અનુકંપા રાખ. એટલાથી પણ તું મરીને કામરૂપી દેવની ઉચ્ચ ગતિ પામીશ.

૧

સુબાહુની કથા

પૂર્વે હસ્તિશીર્ષ નામે નગર હતું. તેમાં અદીનશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને એક હજાર રાણીઓ હતી. તેમાં ધારિણીદેવી પટ્ટરાણી હતી.

એક વાર ધારિણી રાણી રાત્રે મચ્છરદાનીથી ઢંકાયેલા પલંગ ઉપર નરમ, સુંવાળા અને સુવાસિત ઓછાડથી આચ્છાદિત બિછાનામાં અર્ધજાગૃત અવસ્થામાં સૂતી હતી. તેવામાં તેણે સર્વલક્ષણસંપન્ન, રૂપાના ઢગાલા જેવો સફેદ, તથા સાત હાથ ઊંચો એવો એક ગજરાજ પોતાના મુખમાં પેસતો હોય તેવું સ્વપ્ન જોયું.

સ્વપ્નથી હર્ષિત થઈને રાણીએ રાજા પાસે જઈને તેની વિગતો તેને કહી સંભળાવી. રાજાએ બીજે દિવસે સ્વપ્નપાઠકોને બોલાવીને તે સ્વપ્નનો અર્થ કરાવ્યો. તેઓએ જણાવ્યું કે, “આ સ્વપ્નથી તમને અર્થલાભ, પુત્રલાભ, રાજ્યલાભ અને ભોગસૌખ્યલાભ થશે એવું સૂચિત થાય છે. પૂરા નવ માસ અને સાડાસાત દિવસ વીત્યા બાદ રાણીની કૂખે કુળદીપક પુત્રનો જન્મ થશે. તે શૂરવીર થઈ, કાં તો રાજ્યનો સ્વામી થશે, અથવા આત્મોદ્ધારક સાધુ થશે.”

રાજારાણીએ આ સાંભળી, અત્યંત હર્ષિત થઈ, તે બધા સ્વપ્નપાઠકોને ખૂબ ધન-ધાન્યાદિ આપી ખુશ કર્યા. ત્યારબાદ યોગ્યકાળે રાણીએ મધરાતે એક સર્વાંગસુંદર પુત્રને જન્મ આપ્યો.

રાજાએ તે પ્રસંગે આખા નગરમાં દશ દિવસનો મહોત્સવ જાહેર કર્યો, કેદીઓ છોડી મૂકયા, તથા તોળવાનાં સાધનોનાં વજન અને માપવાનાં સાધનોનાં માપ વધારી દેવરાવ્યાં. તમામ પ્રજા એ દિવસો આનંદથી પસાર કરે તે માટે બધા પ્રકારનાં દાણ-મહેસૂલ-કર-જપ્તીઓ-દંડ-દેવાં વગેરેની માફી જાહેર કરવામાં આવી. આખા શહેરમાં તે બધા દિવસો સુધી સંગીત, નૃત્ય, વાદિત્ર, ખેલ, નાટક, ખાનપાન વગેરે દ્વારા આનંદની હેલી મચી રહી.

બારમે દિવસે કુમારનું સુબાહુ એવું નામ વિધિપૂર્વક પાડવામાં આ૦ . પછી પાંચ-પાંચ ધાત્રીઓ વડે તથા અનેક દાસ-દાસીઓ વડે કાળજીપૂર્વક ઉછેરાતો તે કુમાર ઠાઠમાઠમાં મોટો થવા લાગ્યો.

આઠ વર્ષે તેને કલાચાર્યો પાસે ૭૨ કલાઓ[૧] શીખવા મોકલવામાં આવ્યો; તથા ભણી-ગણી રહ્યા બાદ, જુવાનીમાં આવતાં તેને સમાન ઉમર-રૂપ-લાવણ્ય-યૌવન-ગુણ-અને કુળની પાંસસો રાજકુમારીઓ સાથે પરણાવવામાં આવ્યો. રાજા-રાણીએ સુબાહુ રાજકુમારની દરેક સ્ત્રી દીઠ જુદાજુદા સુંદર મહેલો બનાવરાવ્યા, તથા તેમને પુષ્કળ સુવર્ણ, વાહનો, તથા દાસદાસી પ્રીતિદાનમાં આપ્યાં.

---

૧. તેમના નામ તથા વિગતો માટે જુઓ આ માળાનું 'ધર્મકથાઓ' પુસ્તક, પાન ૧૯૩.

ત્યારબાદ સુબાહુકુમાર પોતાની સ્ત્રીઓ સાથે ગાન-તાન-વિલાસાદિથી ઉત્તમ માનુષી ભોગો ભોગવતો રહેવા લાગ્યો.

એક વખત ભગવાન મહાવીર ફરતા ફરતા તે નગરમાં આવી પહોંચ્યા. તેમને આવેલા જાણી લોકોનાં ટોળેટોળાં તેમનાં દર્શને જવા ઊલટ્યાં.

સુબાહુકુમારે પોતાના વિલાસગૃહમાંથી લોકોની એ હિલચાલ જોઈ પોતાના કંચુકીને પૂછ્યું કે, આજે લોકોની આ ભારે હિલચાલ શાની મચી છે?

કંચુકીએ કહ્યું કે, 'આજે હસ્તિશીર્ષ નગરની બહાર ઈશાનખૂણામાં આવેલા પુષ્પકરંડક નામના ઉદ્યાનમાં શ્રમણભગવાન મહાવીર પધાર્યા છે. તેમનાં દર્શન કરવા ઉત્સુક થયેલા લોકોની આમ મેદની જામી છે.

આ સમાચાર સાંભળી સુબાહુકુમાર પણ તેમનાં દર્શને જવા માટે ઉત્સુક થયો, અને પોતાનો ચાર ઘંટાવાળો અશ્વરથ તૈયાર કરાવી ભગવાન મહાવીર જ્યાં ઊતર્યા હતા તે તરફ ત્વરાથી જવા લાગ્યો.

શ્રમણભગવાન મહાવીરે ત્યાં આવેલા સૌને વિવિધ પ્રકારે ધર્મોપદેશ કર્યો. ભગવાનનો આ પ્રકારનો ઉપદેશ સાંભળીને સુબાહુકુમાર ઘણો પ્રસન્ન થયો, સંતોષ પામ્યો, અને જાણે પોતાનું અંતર ઊઘડી ગયું હોય તેવી પ્રસન્નતા અનુભવવા લાગ્યો. તે ફરી ફરી ભગવાન મહાવીરને નમસ્કાર કરીને તેમની ઉપાસના કરતો તેમને કહેવા લાગ્યો: 'હે ભગવન્! તમારું કથન મને ગમ્યું છે, તમારા સિદ્ધાંતમાં મને શ્રદ્ધા-પ્રીતિ-તથા રુચિ ઉત્પન્ન થયાં છે; પરંતુ હે ભગવન્! જેમ બીજા અનેક લોકો ઘરબાર છોડી, આપની પાસેથી

સાધુપણાની દીક્ષા લે છે, તેમ મારાથી બની શકે તેમ નથી. તેથી હું તો આપની પાસેથી પાંચ અણુવ્રતો અને સાત શિક્ષાવ્રતોવાળા ગૃહસ્થધર્મની દીક્ષા લેવા ઇચ્છું છું.

ભગવાને જવાબ આપ્યો, 'હે દેવાનુપ્રિય ! તને જેમ સુખ થાય તેમ કર.'

ત્યાર બાદ સુબાહુએ ભગવાન પાસે જીવન સુધી મન-વચન-કાયાથી, [૧] સ્થૂલ હિંસા ન કરવાની તેમજ ન કરાવવાની, [૨] સ્થૂલ અસત્ય ન બોલવાની તેમજ ન બોલાવવાની, [૩] સ્થૂલ ચૌર્ય ન કરવાની તેમજ ન કરાવવાની, [૪] સ્વદારા-સંતોષવ્રત પાળવાની [૫] અને પોતાની ઇચ્છાઓને મર્યાદિત કરવાની પ્રતિજ્ઞા લીધી.[૧]

ઉપરાંત તેણે [૧] પૂર્વ પશ્ચિમ આદિ બધી દિશાઓનું પરિણામ નક્કી કરી, તેની બહાર દરેક પ્રકારના અધર્મકાર્યથી નિવૃત્તિ લેવાનું 'દિગ્વિરતિવ્રત' લીધું; [૨] બહુ અધર્મના સંભવવાળી ખાનપાન-કપડાં-વાસણકૂસણ વગેરે વસ્તુઓનો ત્યાગ કરી, ઓછા અધર્મવાળી વસ્તુઓનું પણ ભોગ માટે પરિમાણ બાંધવા રૂપી 'ઉપભોગપરિભોગપરિમાણ વ્રત' લીધું; [૩] પોતાના ભોગ રૂપ પ્રયોજન માટે થતા અધર્મવ્યાપાર સિવાય બાકીના બધા અધર્મવ્યાપારથી નિવૃત્તિ લેવારૂપ-અર્થાત્

---

૧. એ પાંચ 'અણુવ્રતો' છે. કોઈપણ સંજોગોમાં કોઈ પણ પ્રકારે હિંસા ન કરવી — ન કરાવવી — કે કરનારને અનુમતિ ન આપવી, એ અહિંસાનું 'મહાવ્રત' થયું. પરંતુ ગૃહસ્થ તેવું મહાવ્રત પાળી શકે નહિ; એટલે હિંસા વિષયક અમુક મર્યાદાઓ તે સ્વીકારી લે છે. તે 'અણુવ્રત' થયું કહેવાય.

કોઈ નિરર્થક પ્રવૃત્તિ ન કરવારૂપી 'અનર્થદંડવિરતિવ્રત' લીધું; [૪] રોજ અમુક વખત સુધી અધર્મપ્રવૃત્તિનો ત્યાગ કરી, ધર્મપ્રવૃત્તિમાં સ્થિર થવાનો અભ્યાસ કરવારૂપ 'સામાયિક-વ્રત' લીધું, [૫] ઠરાવી મૂકેલી દિશાના પરિમાણની મર્યાદામાં પણ વખતે વખતે પ્રયોજન પ્રમાણે ક્ષેત્રનું પરિમાણ નક્કી કરી, તેની બહાર દરેક પ્રકારના અધર્મકાર્યથી નિવૃત્તિ લેવારૂપ 'દેશવિરતિવ્રત' લીધું; [૬] આઠમ, ચૌદશ, પૂનમ કે બીજી હરકોઈ તિથિએ ઉપવાસ કરી, બધી શારીરિક ટાપટીપનો ત્યાગ કરી, ધર્મજાગરણમાં તત્પર રહેવારૂપ 'પૌષધોપવાસ' વ્રત લીધું; [૭] તથા ન્યાયથી પેદા કરેલ તેમજ ખપે તેવી જ ખાનપાનાદિ યોગ્ય વસ્તુઓનું, ઉભયપક્ષને લાભ થાય તેવી રીતે, શુદ્ધ ભક્તિભાવપૂર્વક સુપાત્ર સાધુને દાન કરવારૂપ 'અતિથિસંવિભાગવ્રત' લીધું.[૧]

આ પ્રમાણે બાર વ્રતો ધારણ કરી, સુબાહુ પોતાના રથમાં બેસી ઘેર પાછો ફર્યો.

તેના ગયા બાદ ભગવાનના પટ્ટશિષ્ય ગૌતમે ભગવાનને પૂછ્યું: 'હે ભગવાન્! આ સુબાહુકુમાર મને ઇષ્ટ, કાંત, પ્રિય, મનને ગમે તેવો, મન ચિંતવ્યા કરે તેવો, સૌમ્ય, વલ્લભ, પ્રિયદર્શન, તથા સુરૂપ લાગે છે; બીજા અનેક લોકો પણ તેને તેવો જ માને છે. તો હે ભગવન્! આ સુબાહુ-કુમારે આ પ્રકારની માનુષી સંપત્તિ કેવી રીતે પ્રાપ્ત કરી છે?

૧. આ સાત 'શિક્ષાવ્રત' છે. સામાન્ય રીતે આ સાતમાંથી ૧-૫-૩ એ ત્રણ વ્રતોને 'ગુણવ્રત' કહે છે; અને બાકીનાં ચારને જ શિક્ષાવ્રત કહે છે. તત્ત્વાર્થસૂત્રમાં આ સાતેનો ક્રમ નીચે મુજબ આપેલો છે: ૧-૫-૩-૪-૬-૨-૭.

ત્યારે, ભગવાને તેમને સુબાહુની કથા આ પ્રમાણે કહી સંભળાવી :

હે ગૌતમ ! પૂર્વે અહીં જ ભારતવર્ષમાં હસ્તિનાપુર નામે નગર હતું. તેમાં સુમુખ નામે ગૃહસ્થ રહેતો હતો. એક વખત ધર્મઘોષ સ્થવિર[1] પાંચસો સાધુઓ સાથે વિચરતા વિચરતા તે નગરમાં આવી પહોંચ્યા. તે જાતિ, કુલ, બલ, રૂપ, વિનય, જ્ઞાન, દર્શન અને ચારિત્રયુક્ત હતા; લજ્જાળુ, નમ્ર, ઓજસ્વી, તેજસ્વી, પ્રતાપી અને કીર્તિમાન હતા; ક્રોધ, માન, માયા, લોભ, નિદ્રા, ઇંદ્રિયો, સંકટો તથા વિઘ્નોને પાર કરનાર હતા; જીવવાની દરકાર વિનાના તથા મરણની બીક વિનાના હતા; તથા જ્ઞાનાદિની બાબતમાં મહાભંડારરૂપ હતા. વળી તે તપસ્વી હતા, ગુણવંત હતા, નિર્દોષ ભિક્ષાચર્યાથી જીવનારા હતા, તથા સુવ્રતી, નિગ્રહપ્રધાન, નિશ્ચયપ્રધાન, ક્ષમા-મુક્તિ-વિદ્યા-બ્રહ્મચર્ય-નિયમ-સત્ય-પવિત્રતા તેમજ સુબુદ્ધિથી યુક્ત હતા. તે શુદ્ધિમાં હેતુરૂપ, સર્વ જીવોના મિત્ર, તપના ફળની આકાંક્ષા વિનાના, અચંચળ, સંયમરત, સાધુપણામાં લીન, તથા દોષરહિત પ્રશ્નોત્તરવાળા હતા.

તે કાળે ધર્મઘોષ સ્થવિરના શિષ્ય સુદત્ત નામના સાધુ સંયમ અને તપ આચરતા તથા એકએક મહિનાના ઉપવાસ કરતા તેમની સાથે જ ફરતા હતા. તે સાડાસાત હાથ ઊંચા હતા; તેમનો શારીરિક બાંધો ઉગ્ર તેમજ અંતિમકોટીનું ધ્યાન સાધી શકાય તેવો હતો; તેમનો વર્ણ કસોટીના પથરા ઉપર પડેલી સોનાની રેખાસમાન ગૌર હતો; તે ઉગ્ર તપસ્વી હતા,

---

૧. વડીલ, વૃદ્ધ સાધુ.

ઘોર બ્રહ્મચારી હતા, ધ્યાનરત હતા; તથા શરીરની પરવા તેમજ ટાપટીપ વિનાના હતા. પોતાના ઉપવાસનું પારણું કરવા માટે ગુરુની અનુજ્ઞાથી તે નગરમાં ભિક્ષા માગવા નીકળ્યા. ફરતાં ફરતાં તે સુમુખને ઘેર આવી પહોંચ્યા. તેમને આવતા જોઈ, સુમુખ અત્યંત પ્રસન્ન તથા સંતુષ્ટ થઈ, આસનેથી ઝટ ઊભો થયો અને પાદપીઠ ઉપરથી નીચે ઊતર્યો. પછી તેણે પગમાંથી પાદુકાઓ કાઢી નાખી, ખેસને જનોઈની[1] પેઠે વીંટાળ્યો, અને સાત પગલાં સામા જઈ, ત્રણ વાર પ્રદક્ષિણા કરી તેમને નમસ્કાર કર્યો. ત્યારબાદ તેમને પુષ્કળ અન્નપાનથી તૃપ્ત કરવાનો પ્રસંગ મળવાથી હર્ષિત થતો થતો તે ઘરની અંદર ગયો, અને ત્રણ પ્રકારે નિર્દોષ[2] એવું અન્નપાન મન-વાણી-કાયાની શુદ્ધતાપૂર્વક તેમને અર્પીને તેમનો સત્કાર કર્યો. તેના એ પુણ્યકર્મથી જ તરત તેનો સંસારભ્રમણનો કાળ મર્યાદિત બની ગયો, અને તેને બીજા જન્મમાં પણ મનુષ્યદેહ મળે તેમ થયું. વળી તે જ વખતે તેના ઘરમાં આ પાંચ દિવ્ય વસ્તુઓ પ્રગટ થઈ: ધનની વૃષ્ટિ, પાંચવર્ણનાં પુષ્પોની વૃષ્ટિ, ધ્વજારૂપ વસ્ત્રની વૃષ્ટિ, દેવદુંદુભિનું ગડગડવું, અને આકાશ વિષે 'અહો દાન!, અહો દાન!' એવી ઘોષણા.

થોડી વારમાં નગરના લોકોમાં પણ એ વાત ફેલાઈ ગઈ; અને લોકો સુમુખને અને તેના મનુષ્યજન્મને ધન્યવાદ દેવા લાગ્યા, તથા તેના પુણ્યશાળીપણાને અભિનંદવા લાગ્યા.

---

૧. તેને 'એકશાટિક-ઉત્તરાસંગ' કહે છે.

૨ આપનારની, લેનારની, અને આપેલી વસ્તુની દૃષ્ટિએ શુદ્ધ.

યોગ્યકાળે સુમુખ પોતાનું આયુષ્ય પૂરું કરી, હસ્તિશીર્ષક નગરમાં અદીનશત્રુ રાજાને ત્યાં ધારિણીદેવીની કૂખે પુત્ર તરીકે ઉત્પન્ન થયો.[1] તે જ આ સુબાહુ. તેણે પોતાની આ માનુષી સંપત્તિ એ રીતે પ્રાપ્ત કરી છે.

તે સાંભળી ગૌતમે પૂછ્યું: 'હે ભગવન્! આ સુબાહુકુમાર આપની પાસે સાધુ થશે કે નહીં?'

ભગવાને કહ્યું, 'હા, થશે'

ત્યારબાદ ભગવાન મહાવીર વગેરે તે નગરમાંથી નીકળી બીજે ચાલ્યા ગયા.

પેલો સુબાહુકુમાર ભગવાનના ગયા બાદ જૈન ગૃહસ્થ (શ્રમણોપાસક) ના આચાર-વિચાર વિધિપૂર્વક પાળવા લાગ્યો. તેણે જીવ શું, અજીવ શું વગેરે ધર્મસિદ્ધાંતોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું; તથા પાપ-પુણ્ય એટલે શું, પાપકર્મ શાથી બંધાય છે, તેને કેવી રીતે રોકી શકાય, કેવી રીતે તેને ખંખેરી નાખી શકાય, શારીરિક વગેરે ક્રિયાઓમાંથી કઈ શુભ છે, કઈ અશુભ છે, તેમજ જીવનવ્યવહારનાં વિવિધ સાધનોમાંથી કયાં સ્વીકાર્ય કે અસ્વીકાર્ય છે, એ બધાની સમજ તેણે પ્રાપ્ત કરી. કોઈ પણ કાર્યમાં તે બીજાની આશા ઉપર નિર્ભર રહેતો નહોતો, તેમજ કોઈથી તે ગાંજ્યો જાય તેવો નહોતો. જૈન સિદ્ધાંતમાં તે એવો ચુસ્ત બન્યો કે, દેવ વગેરે આવીને તેને ગમે તેટલો ભમાવે, તો પણ તે ભમે નહીં. તેને જૈન સિદ્ધાંતમાં વર્ણવેલ તત્ત્વો બાબત શંકા નહોતી, કે તેમાં જણાવેલા આચાર બાબત વિચિકિત્સા નહોતી. તેણે શાસ્ત્રાધ્યયન કરી તેના અર્થને

---

૧. મૂળમાં રાણીને ગર્ભાવસ્થામાં પોતાના મુખમાં સિંહ દાખલ થયાનું સ્વપ્ન આવ્યાનો ઉલ્લેખ છે.

નિશ્ચિત કર્યો હતો. જૈન સિદ્ધાંત ઉપર હાડેહાડ પ્રેમ વ્યાપેલો હોવાથી તે એમ કહેતો કે, ' એ સિદ્ધાંત જ અર્થરૂપ કે પરમાર્થ-રૂપ છે; બાકી બધું અનર્થરૂપ છે!'

તેની ઉદારતાને કારણે તેના દરવાજાના આગળા હંમેશાં ઊંચા જ રહેતા, અને તેનું આંગણું જ્યારે-ત્યારે જમી ઊઠેલા-ઓના એંઠવાડવાળું જ હોતું. તે એવો પવિત્ર ચારિત્રવાળો હતો કે કોઈના અંતઃપુરમાં તે જતો તો કોઈને કશી જ શંકા આવતી નહોતી. પોતે લીધેલાં બધાં વ્રતો તે બરાબર આચરતો હતો, તથા વિવિધ તપકર્મ વડે આત્માને વાસિત કરતો વિહરતો હતો.

આ સુબાહુકુમાર ચૌદશ, આઠમ, અમાવાસ્યા અને પૂર્ણિમાને દિવસે પૌષધવ્રત પાળતો. તે આ પ્રમાણે :[1] પૌષધ-વ્રત કરવાનો જે ખાસ ઓરડો હતો ત્યાં તે જતો; તેને વાળી-ઝૂળી સાફ કરતો; પોતાને માટે ઝાડો-પેસાબ કરવાની જગા નિયત કરી રાખતો; દાભનો સાથરો પાથરી, તેના ઉપર બેસતો; અને ત્રણ દિવસનો ઉપવાસ સ્વીકારી, તથા મણિ-સુવર્ણ-માલા-લેપ-વિલેપન-શસ્ત્ર-મુસલ આદિનો ત્યાગ કરી બ્રહ્મચર્યપૂર્વક ધર્મચિંતન કરતો, અને તેટલો વખત સર્વ નિંદ્ય પ્રવૃત્તિઓનો ત્યાગ કરતો.

એક વખત એ પ્રમાણે પૌષધવ્રત દરમ્યાન ધર્મજાગરણ કરતો તે મધ્યરાત્રીને સમયે બેઠો હતો, તેવામાં તેને આ પ્રકારનો સંકલ્પ થયો : ' તે ગામ-નગર-વગેરે સ્થાનોને ધન્ય છે, કે

---

૧ તેની વિગતો માટે જુઓ આ માળાનું ' દશ ઉપાસકો ' પુસ્તક. પા. ૬૯-૭૦.

જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિચરે છે; તે રાજા – શેઠ – સંઘવી આદિને ધન્ય છે, જેઓ શ્રમણ ભગવાન મહાવીર પાસે ઘરબાર છોડી સાધુ થવાની દીક્ષા લે છે; તે રાજા – શેઠ – સંઘવી આદિને ધન્ય છે, જેઓ તેમની પાસે અણુવ્રતાદિવાળા ગૃહસ્થધર્મની દીક્ષા લે છે; તે રાજા – શેઠ – સંઘવી આદિને ધન્ય છે, જેઓ તેમની પાસે ધર્મોપદેશ સાંભળે છે. હવે જો ભગવાન મહાવીર ફરતા ફરતા આ નગરમાં આવે, તો હું તેમની પાસે ઘરબાર છોડી સાધુ થવાની દીક્ષા જરૂર લઉં.'

ભગવાન મહાવીર સુબાહુકુમારનો આ પ્રકારનો સંકલ્પ જાણી, એક ગામથી બીજે ગામ એમ ક્રમે ક્રમે ફરતા ફરતા હસ્તિશીર્ષ નગરમાં આવી પહોંચ્યા. તેમને આવેલા જાણી નગરજનો વગેરે સૌ તેમને દર્શને ગયા. સુબાહુકુમાર પણ અત્યંત હર્ષિત થઈ તેમનાં દર્શને ગયો. પછી તેમનો ઉપદેશ સાંભળી, અત્યંત પ્રસન્નતા અનુભવતો તથા તેમને ફરી ફરી નમસ્કાર કરી તેમની વારંવાર ઉપાસના કરતો તે કહેવા લાગ્યો : 'હે ભગવન્! તમારું કથન મને ગમ્યું છે; અને તે પ્રમાણે પુરુષાર્થપૂર્વક પ્રયત્ન કરીને હું બંધનમુક્ત થાઉં એમ ઇચ્છું છું. હે દેવાનુપ્રિય ! હું મારાં માતપિતાની સંમતિ લઈ આવું અને પછી તમારા સહવાસમાં રહી તમારી આજ્ઞા પ્રમાણે વર્તું.'

ભગવાનને આ પ્રમાણે કહી સુબાહુકુમાર રથમાં બેસી ઉતાવળો ઉતાવળો પોતાને ઘેર આવ્યો, તથા પોતાનાં માતપિતાને નમસ્કાર કરી કહેવા લાગ્યો : "હે માતપિતા ! આજે હું ભગવાન મહાવીરનો ઉપદેશ સાંભળી આવ્યો છુ. તે મને ખૂબ ગમ્યો છે. તેથી તેમના ઉપદેશ પ્રમાણે વર્તવાની અને

તેમના સહવાસમાં રહેવાની મને પ્રબળ ઇચ્છા છે, માટે તમે મને સાધુ થવાની રજા આપો."

કોઈ વાર નહીં સાંભળેલું એવું આ વચન સાંભળતાં જ સુબાહુકુમારની માતા મૂર્છિત થઈને જમીન ઉપર ઢળી પડી. પછી અનેક ઉપચારો વડે ભાનમાં આવતાં તે રડતી રડતી તથા શોક કરતી અને વિલાપ કરતી પોતાના પુત્રને તેના નિશ્ચયમાંથી પાછો ફેરવવા માટે સમજાવવા લાગી. પરંતુ સુબાહુકુમાર કેમે કર્યો ચળ્યો નહીં. ત્યારે છેવટે તેને લઈ તેનાં માતપિતા ધામધૂમથી ભગવાન મહાવીર પાસે આવ્યાં અને તેમને પ્રદક્ષિણાદિ કરી બોલ્યાં, " હે દેવાનુપ્રિય! આ અમારો એકનો એક પુત્ર અમારા પ્રાણ સમો છે, તથા અમારે માટે ઉંબરાના ફૂલ જેવો દુર્લભ છે. આપનો ઉપદેશ સાંભળ્યા બાદ હવે તે કામભોગોમાં બંધાવા ઇચ્છતો નથી; તથા સંસારના ભયથી તેને ઉદ્વેગ થયો છે, માટે આપ તેને આપના શિષ્ય તરીકે સ્વીકારો."

મહાવીરે ત્યારબાદ સુબાહુને દીક્ષા આપી. પછી તેનાં માતાપિતા તેને આશીર્વાદ આપી પાછાં ફર્યાં.

સુબાહુ, પણ ભગવાનનો ઉપદેશ સારી રીતે સ્વીકારી, તેમની આજ્ઞા મુજબ ચાલવા લાગ્યો. તે ચાલવામાં, બોલવામાં, ખાનપાન લાવવામાં, પોતાનો સરસામાન લેવા-મૂકવામાં, મળમૂત્ર તથા મુખ, કંઠ અને નાકનો મેલ વગેરે નિરુપયોગી વસ્તુઓ નાખી આવવામાં સાવધાન રહેતો; મન–વાણી–કાયાની ક્રિયાઓમાં સાવધાન રહેતો; તેમને વશ રાખતો, ઇંદ્રિયનિગ્રહ આચરતો તથા સુસંયતપણે બ્રહ્મચર્ય ધારણ કરતો વિચરતો હતો. તેણે ભગવાનના વૃદ્ધ શિષ્યો (સ્થવિરો) પાસે

અગિયાર અંગોનું[1] જ્ઞાન પ્રાપ્ત કર્યું. ત્યાર બાદ ચાર ટંક ન ખાવું, આઠ ટંક ન ખાવું વગેરે વિવિધ તપકર્મ પણ તેણે વિધિપૂર્વક આચર્યું અને ઠીકઠીક આત્મશુદ્ધિ સાધી. એ પ્રમાણે ઘણાં વર્ષ સુધી શ્રમણપણું પાળતાં પાળતાં જ્યારે તેણે જોયું કે, હવે તેનું શરીર અતિ કૃશ થઈ જવાથી વધુ કામ આપે તેવું રહ્યું નથી, ત્યારે તેણે મરતાં લગી ન ખાવાનું મારણાંતિક સંલેખના વ્રત[2] સ્વીકાર્યું. તથા પવિત્ર સ્થાનમાં જઈને જંતુરહિત સ્થળે દાભનું બિછાનું બિછાવ્યું, અને આહારાદિનો ત્યાગ કર્યો. પછી જીવિત કે મરણની કામના ત્યાગીને, પોતાના તપના બદલામાં અમુક ફળ મળે એવું કાંઈ નિદાન (સંકલ્પ) કર્યા વિના તેણે રહેવા માંડ્યું. એ પ્રમાણે ૬૦ ટંક ખાધા વિના વિતાવી, તથા અંતે જીવિત દરમ્યાન પોતે કરેલા દોષોની કબૂલાત તથા પ્રાયશ્ચિત્તાદિ કરી લઈ તે સમાધિપૂર્વક મરણ પામ્યો, અને સૌધર્મકલ્પમાં દેવ તરીકે ઉત્પન્ન થયો. ત્યાંનું આયુષ્ય પૂરું થયે, ત્યાંથી ચ્યવીને ફરી તે મનુષ્યજન્મમાં આવશે. તે જન્મમાં પણ તે શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત કરશે અને યોગ્ય સ્થવિરો પાસે દીક્ષા લઈ સાધુ થશે. ત્યાંથી મરણ પામી તે સનત્કુમાર કલ્પમાં[3] દેવ તરીકે ઉત્પન્ન થશે. ત્યાંથી ફરી મનુષ્યજન્મમાં

---

૧. તેમના વર્ણન માટે જુઓ આ માળાનું 'સંયમધર્મ' પુસ્તક–ઉપોદ્ઘાત.

૨. તેના વિશેષ વર્ણન માટે જુઓ આ માળાનું 'દશ ઉપાસકો' પુસ્તક પા. ૭૫.

૩. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં૦ ૧.

આવશે. તેમાં પણ સાધુ થઈ, અંતે મરણ પામી તે બ્રહ્મલોકમાં ઉત્પન થશે. ત્યાંથી ફરી મનુષ્યજન્મ–પાછું મહાશુક્રકલ્પમાં દેવપણું–પાછો મનુષ્યજન્મ–પાછું આનત-કલ્પમાં દેવપણું–પાછો મનુષ્યજન્મ–પાછું આરણકલ્પમાં દેવપણું–પાછો મનુષ્યજન્મ–પાછું સર્વાર્થસિદ્ધ નામના અનુત્તર દેવલોકમાં દેવપણું અને ત્યાંથી મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યજન્મ. તે જન્મમાં તે સર્વ કર્મોનો ક્ષય કરી, સિદ્ધ–બુદ્ધ–અને મુક્ત થશે, તથા સર્વ દુઃખોનો અંત લાવશે.[1]

૧. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૨

ટિપ્પણ

ટિપ્પણ નં. ૧:

જૈન માન્યતા પ્રમાણે કલ્પ અથવા સ્વર્ગ ૧૨ છે: સૌધર્મ, ઐશાન, સાનત્કુમાર, માહેંદ્ર, બ્રહ્મલોક, લાન્તક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણુત, આરણુ અને અચ્યુત. એ બારે સ્વર્ગોની ઉત્તરોત્તર વધતી જતી શક્તિ, સ્થિતિ, સુખ વગેરેની વિગતો માટે જુઓ આ માળાનું 'તત્ત્વાર્થસૂત્ર' પુસ્તક અ. ૪, સૂત્ર ૭–૧૦.

એ બાર સ્વર્ગો ઉપર નવ ગ્રૈવેયક વિમાનો (દેવલોક) છે.

તેમની ઉપર વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ એ પાંચ વિમાન છે. એ વિમાનો સૌથી ઉત્તર — પ્રધાન હોવાથી અનુત્તર કહેવાય છે.

ટિપ્પણ નં. ૨:

આ પછીનાં બીજાં ૯ અધ્યયનો વિશેષનામો તથા સામાન્ય નજીવી વિગતોના થોડાઘણા ફેરફાર સિવાય બીજી બધી રીતે એક સરખાં જ છે. તેથી મૂળસૂત્રમાં પણ તે અધ્યયનો આખાં છાપ્યાં નથી. દરેક અધ્યયનની વિગતોનો ફેરફાર નીચે ટૂંકમાં આપ્યો છે:

અધ્યયન ૨: વૃષભપુર નગર — ધનાવહ રાજા — સરસ્વતી દેવી — ભદ્રનંદિ કુમાર — તેની શ્રીદેવી પટરાણી સહિત પાંચસો રાણીઓ — તેના પૂર્વભવની કથા: મહાવિદેહમાં પુણ્ડરીકિણી નગરી — વિજયકુમાર — યુગબાહુ તીર્થંકરને જમાડયા — બાકી બધું સમાન.

અધ્યયન ૩: વીરપુર નગર — વીરકૃષ્ણુમિત્ર રાજા — શ્રીદેવી — સુજાતકુમાર — તેની બલશ્રી પટરાણી સહિત પાંચસો રાણીઓ — તેના પૂર્વભવની કથા: ઇક્ષુકાર નગર — ઋષભદત્ત ગૃહસ્થ — પુષ્પદંત સાધુને જમાડયા — બાકી બધું સમાન

અધ્યાય ૪: વિજયપુર નગર — વાસવદત્ત રાજા — કૃષ્ણાદેવી — સુવાસવ કુમાર — તેની ભદ્રા પટરાણી સહિત પાંચસો રાણીઓ — તેના પૂર્વભવની કથા: કૌશાંબી નગરી — ધનપાલ રાજા — વૈશ્રમણભદ્ર સાધુને જમાડયા — બાકી બધું સમાન.

અધ્યયન ૫: સૌગંધિકા નગરી — અપ્રતિહત રાજા — સુકૃષ્ણાદેવી — મહચન્દ્ર કુમાર — તેની અર્હદ્દતા સ્ત્રી — જિનદાસપુત્ર — તેના પૂર્વભવની કથા: મધ્યમિકા નગરી-મેઘરથ રાજા — સુધર્મા સાધુને જમાડયા — બાકી બધું સમાન.

અધ્યયન ૬: પ્રિયચંદ્ર રાજા — સુભદ્રા દેવી — વૈશ્રમણ કુમાર યુવરાજ — તેની શ્રીદેવી પટરાણી સહિત પાંચસો સ્ત્રીઓ — તેનો ધનપતિ પુત્ર — તેના પૂર્વભવની કથા: મણિચયિકા નગરી — મિત્ર રાજા — સંભૂતવિજય સાધુને જમાડયા — બાકી બધું સમાન.

અધ્યયન ૭: મહાપુર નગર — બલ રાજા — સુભદ્રા દેવી — મહાબલ કુમાર — તેની રક્તવતી પટરાણી સહિત પાંચસો સ્ત્રીઓ — તેના પૂર્વભવની કથા: મણિપુર નગર — નાગદત્ત ગૃહસ્થ — ઇંદ્રદત્ત સાધુને જમાડયા — બાકી બધું સમાન.

અધ્યયન ૮: સુઘોષ નગર — અર્જુન રાજા — તત્ત્વવતી દેવી — ભદ્રનંદિ કુમાર — તેની શ્રીદેવી પટરાણી સહિત પાંચસો સ્ત્રીઓ — તેના પૂર્વભવની કથા: મહાઘોષ નગર — ધર્મઘોષ ગૃહસ્થ — ધર્મસિંહ સાધુને જમાડયા — બાકી બધું સમાન.

અધ્યયન ૯: ચંપાનગરી — દત્ત રાજા — રક્તવતી દેવી — મહચંદ્ર કુમાર યુવરાજ — તેની શ્રીકાન્તા પટરાણી સહિત પાંચસો સ્ત્રીઓ — તેના પૂર્વભવની કથા: તિગિચ્છા નગરી — જિતશત્રુ રાજા — ધર્મવીર્ય સાધુને જમાડયા — બાકી બધું સમાન.

અધ્યયન ૧૦: સાકેત નગર — મિત્રનંદિ રાજા — શ્રીકાંતા દેવી — વરદત્ત કુમાર — તેની વરસેના પટરાણી સહિત પાંચસો સ્ત્રીઓ — તેના પૂર્વભવની કથા: શતદ્વારનગર, — વિમલવાહન રાજા — ધર્મરુચિ સાધુને જમાડયા — બાકી બધું સમાન.

પાપ, પુણ્ય અને સંયમ

ખંડ ૩ જો

સંયમનાં ફળ

"કર્મના વિવિધ હેતુઓ જાણી, તેમનો ત્યાગ કરો તથા વિવિધ પ્રકારનાં શીલો વડે ઊર્ધ્વગતિ સાધો. પ્રયત્ન કરવા છતાં, આ જન્મમાં જ સંપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત ન થઈ, તો તેથી કાંઈ નિરાશ થવાનું કારણ નથી. તેવા મનુષ્યો ઉત્તમ વિભૂતિવાળી દેવયોનિઓમાં જન્મ પામી, આયુષ્ય પૂરું થયે, ફરી મનુષ્યયોનિમાં સારાંસારાં કુળોમાં અવતરે છે. ત્યાં તેમને નીચેનાં દશ ઉત્તમ અંગો પ્રથમથી પ્રાપ્ત થાય છે : ઘર-વાડી-સોનું-રૂપું-પશુ-નોકરચાકર; સુશીલમિત્રો; સહૃદય નાતીલાઓ; ઉત્તમ ગોત્ર; ઉત્તમ વર્ણ; આરોગ્ય; તીક્ષ્ણબુદ્ધિ; ખાનદાન-પણું; યશ; અને પરાક્રમ. પૂર્વજન્મના સંસ્કારો વડે પ્રથમથી જ વિશુદ્ધ આચરણવાળા તેઓ અસામાન્ય માનુષિક વિભૂતિઓ ભોગવતા છતા, તેમાં અનાસક્ત રહી, શુદ્ધ બોધ પ્રાપ્ત કરે છે; તથા જ્ઞાની-ઓએ વર્ણવેલો સંયમપ્રધાન મોક્ષમાર્ગ સ્વીકારી, તપથી કર્માંશોનો નાશ કરી, શાશ્વત સિદ્ધિ પ્રાપ્ત કરે છે. [ઉત્ત૦ ૩/૧૩-૮]

૧

જાલીકુમારની કથા

જૂના કાળમાં રાજગૃહ[1] નામે નગર હતું. તેમાં શ્રેણિક[1] નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ધારિણી નામે રાણી હતી.

એક વખત ધારિણી દેવી પલંગ ઉપર નરમ બિછાનામાં સૂતી હતી, તેવામાં તેણે રાત્રીના પૂર્વભાગના અંતમાં અને અપર ભાગની શરૂઆતમાં એક સર્વલક્ષણસંપન્ન સિંહ પોતાના મુખમાં પેસતો હોય તેવું સ્વપ્ન જોયું. બીજે દિવસે રાજાએ સ્વપ્નપાઠકોને બોલાવીને એ સ્વપ્નનો અર્થ પૂછ્યો, તો તેમણે જણાવ્યું કે, આ સ્વપ્ન એવું સૂચવે છે કે રાણીની કૂખે કુળ-દીપક એવા પુત્રરત્નનો જન્મ થવાનો છે.

સ્વપ્નપાઠકોની એ વાત સાંભળી રાજા-રાણી અત્યંત હર્ષિત થઈ, ગર્ભની સર્વ પ્રકારે સાવધાનીથી રક્ષા કરવા લાગ્યાં.

પૂરા નવ મહિના અને સાડાસાત દિવસ પૂરા થતાં રાણીએ મધ્યરાત્રીને સમયે એક સર્વાંગસુંદર પુત્રને જન્મ આપ્યો. રાજાએ તે પ્રસંગે આખાં નગરમાં ભારે ઉત્સવ જાહેર કર્યો, તથા વિધિપૂર્વક કુમારના જન્માદિ સંસ્કાર કર્યા. બારમે દિવસે કુમારનું 'જાલીકુમાર' નામ પાડવામાં આવ્યું.

રાજાએ કુમારની રક્ષા માટે મહારાણીની દેખરેખ નીચે ધાત્રીઓ, દાસીઓ વગેરેની વ્યવસ્થા કરી. તથા જાલીકુમાર

---

૧. તેને વિષેની ઐતિહાસિક, ભૌગોલિક આદિ માહિતી માટે જુઓ માળાનું 'ધર્મકથાઓ' પુસ્તક, પા. ૧૮૨-૫.

પણ દિવસે દિવસે પર્વતની કંદરામાં ચંપાનું વૃક્ષ વધે તેમ મોટો થવા લાગ્યો. આઠ વર્ષનો થતાં તેને શુભ દિવસે, શુભ મુહૂર્તે કલાચાર્ય પાસે ૭૨ કળાઓ શીખવા મોકલવામાં આવ્યો.

અભ્યાસ પૂરો થતાં, તથા જાલીકુમાર ઉંમરે આવતાં[1], તેનાં માતપિતાએ તેને માટે ઉંમર-રૂપ-લાવણ્ય-યૌવન અને ગુણ-સમુદાયની બાબતમાં સરખી એવી આઠ ખાનદાન રાજકુળની રાજકન્યાઓ પસંદ કરી, અને ખૂબ ધામધૂમથી તેમનું તેની સાથે લગ્ન કર્યું.

ત્યાર બાદ જાલીકુમાર પિતાએ આપેલા અનુપમ ભોગ-પદાર્થોથી યુક્ત થઈને પોતાની સ્ત્રીઓ સાથે ગાનતાન અને વિલાસમાં રહેવા લાગ્યો.

એક વાર ભગવાન મહાવીર ગામેગામ પગપાળા ફરતા રાજગૃહ નગરમાં આવી પહોંચ્યા. સૌ લોકોને તેમને દર્શને જતા જોઈ, જાલીકુમાર પણ તેમનાં દર્શને ગયો. ત્યાં મહાવીર-સ્વામીએ આપેલો ઉપદેશ સાંભળી, તે ઘણો પ્રસન્ન થયો, સંતોષ પામ્યો, અને જાણે પોતાનું અંતર ઊઘડી ગયું હોય તેવી પ્રસન્નતા અનુભવવા લાગ્યો. તે ફરીફરીને ભગવાનને નમસ્કાર કરી, કહેવા લાગ્યો: ‘હે ભગવન્! આપનું કથન મને ગમ્યું છે, અને તે પ્રમાણે પુરુષાર્થપૂર્વક પ્રયત્ન કરીને બંધનમુક્ત થવા હું ઇચ્છું છું.’ પછી મહા પરાણે[1] પોતાનાં

---

૧. મૂળમાં આટલાં વિશેષણ વધારે છે: ૭૨ કલાઓમાં પંડિત, નવ અંગો ભણેલો, અઢાર દેશીભાષાઓમાં વિશારદ, સંગીતમાં પ્રીતિવાળો, ગાંધર્વ–નાટ્ય–શાસ્ત્રમાં કુશળ, બળવાન, રાત્રે પણ બીન્યા વિના ફરનાર, સાહસિક, અને ભોગસમર્થ [થતાં.]

માતપિતાની અનુમતિ મેળવીને જાલીકુમારે ભગવાન પાસે સાધુપણાની દીક્ષા લીધી.

દીક્ષા લીધા બાદ જાલીકુમાર મહાવીર ભગવાનની આજ્ઞા મુજબ જ ચાલતો–રહેતો–બેસતો–સૂતો–ખાતો–બોલતો–તથા સર્વે જીવો પ્રત્યે દયાપૂર્વક વર્તતો હતો, અને એ બાબતમાં જરા-પણ આળસ કરતો નહીં. ચાલવામાં–બોલવામાં–ખાનપાન લાવવા-લેવામાં–પોતાનો સામાન તથા પાત્રોને લેવા-મૂકવામાં – મળમૂત્ર-લીંટ-બળખા વગેરે મેલ નાખવામાં તે સાવધાન રહેતો અને કાળજીથી વર્તતો. માનસિક–વાચસિક–શારીરિક ક્રિયાઓમાં પણ તે સાવધાન રહેતો, મન–વચન–કાયાને વશ રાખતો, ઇંદ્રિયોને વશ રાખતો તથા સુસંયતપણે બ્રહ્મચર્ય ધારણ કરતો વિચરતો હતો. તે ત્યાગી, સરળ, ધન્ય, ક્ષમાવાન, (સહન-શીલ), જિતેંદ્રિય, શુદ્ધવ્રતી, કોઈ પ્રકારની ફળાકાંક્ષા (નિદાન) વિનાનો, સુંદર સાધુપણામાં લીન અને દમનશીલ હતો.

તેણે ભગવાનના સ્થવિરો પાસેથી અગિયાર અંગો શીખી લીધાં. ત્યાર બાદ એક વાર ભગવાન પાસે જઈ તેણે કહ્યું : "હે ભગવન્! જો આપ અનુમતિ આપો, તો હું 'ગુણરત્ન સંવત્સર' નામનું તપ ધારણ કરવા ઇચ્છું છું.'

ભગવાને કહ્યું : 'હે દેવાનુપ્રિય! તને જેમ ઠીક લાગે તેમ કર, વિલંબ ન કર.'

પછી જાલીએ ભગવાનની અનુમતિથી નીચે પ્રમાણે ગુણરત્ન તપ આદર્યું : પહેલા માસમાં સતત ચાર-ચાર ટંકના ઉપવાસ કરવા, અને દિવસે સૂર્યની સામે નજર માંડી, તડકો

૧. તે બધા સંવાદની વિગત માટે જુઓ આ માળાનું 'ધર્મ-કથાઓ' પુસ્તક, પા. ૨૦–૬.

આવતો હોય તેવી જગામાં ઉભડક[1] બેસી રહેવું; તથા રાત્રીએ કાંઈ પણ વસ્ત્ર ઓઢયા કે પહેર્યા વિના વીરાસને[2] બેસી રહેવું. પછી બીજે મહિને તે જ પ્રમાણે છ ટંકના ઉપવાસ કરવા. ત્રીજે મહિને આઠ ટંકના; ચોથે મહિને દશ ટંકના . . . . એમ અનુક્રમે સોળમે માસે ચોત્રીસ ટંકના ઉપવાસ કરવા, તથા દિવસ અને રાત દરમ્યાન જે રીતે બેસવાનું શરૂઆતમાં જણાવ્યું છે તે જ કાયમ રાખવું.[3]

આ પ્રમાણે ઉદાર (આશા વિનાના), વિસ્તીર્ણ, કલ્યાણરૂપ, મંગળરૂપ, શોભાયુક્ત, ઉત્તમ, ઉજ્જવળ, અને મોટા પ્રભાવવાળા તપકર્મથી જાલી મુનિ શુષ્ક થઈ ગયા, ભૂખને પ્રભાવે રૂખા થઈ ગયા, માંસરહિત થયા, તથા માત્ર હાડકાં અને ચામડાથી જ ઢંકાયેલા રહ્યા. તે ચાલતા ત્યારે તેમના શરીરનાં બધાં હાડકાં ખડખડતાં હતાં. તેમના શરીરની બધી નાડીઓ ઉપર તરી આવી હતી. હવે તે માત્ર આત્મબળથી જ ચાલવું–બેસવું વગેરે ક્રિયાઓ કરી શકતા હતા તે એટલા બધા દુર્બળ થઈ ગયા હતા કે, બોલી રહ્યા પછી, અને બોલતાં બોલતાં તથા બોલવાનું કામ પડે ત્યારે પણ ગ્લાનિ પામતા હતા. સૂકાં પાંદડાં, તલ કે તેવા સૂકા સામાનથી ભરેલી સગડીને કોઈ ઢસડે, ત્યારે જેવો અવાજ થાય, તેવો જ અવાજ તે જાલી મુનિ ચાલતા ત્યારે પણ થતો. તે મુનિ

---

૧. નિતંબનો ભાગ જમીનને ન અડકે તેમ.

૨. અર્થાત્ સિંહાસન વિના જ, સિંહાસન ઉપર બેઠા હોઈએ તેમ ઊભા રહેવું.

૩. આ બધાની વિગત માટે જુઓ આ માળાનું 'ભગવતી-સાર' નામે પુસ્તક, પા. ૧૮૨.

તપથી પુષ્ટ હતા; જો કે માંસ અને લોહીથી ક્ષીણ હતા. તેમ છતાં રાખમાં ભારેલા અગ્નિની જેમ તપ અને તેજયુક્ત હતા.

હવે એક દિવસે રાત્રીને પાછલે પહોરે જાગતાં જાગતાં તથા ધર્મ વિષે વિચાર કરતાં તે મુનિના મનમાં આ પ્રમાણે સંકલ્પ થયો : 'હું અનેક પ્રકારના તપકર્મથી દૂબળો થઈ ગયો છું; બોલતાં બોલતાં પણ થાકી જાઉં છું; તથા ચાલું છું ત્યારે પણ સૂકાં પાંદડાં વગેરેથી ભરેલી સગડીઓ ઢસડાતી હોય તેવો અવાજ થાય છે. આવી સ્થિતિમાં પણ હજુ જ્યાં સુધી મારામાં ઊઠવાની શક્તિ, કર્મ, બળ, વીર્ય અને પુરુષકાર – પરાક્રમ છે, ત્યાં સુધી હું મારા ધર્માચાર્ય શ્રમણભગવંત પાસે જઈ, અનશનવ્રત સ્વીકારું. આવતી કાલે જ મળસકું થયા પછી, રાજગૃહનગરમાં પધારેલા મહાવીર ભગવાન પાસે જઈ, તેમની અનુમતિ લઈ, પાંચ મહાવ્રતો ફરી ધારણ કરી, શ્રમણ તથા શ્રમણીઓની ક્ષમા માગી, ઉત્તમ સ્થવિરો સાથે વિપુલ પર્વત ઉપર ધીમેધીમે ચડી, કોઈ કાળી શિલાને જોઈ–તપાસી, તેના ઉપર ડાભનો સાથરો પાથરી, ખાનપાનનો ત્યાગ કરી, 'મારણાંતિક સંલેખના' વ્રત હું સ્વીકારું તથા મૃત્યુની કાંક્ષા તજી, વૃક્ષની પેઠે સ્થિર થાઉં.'

તે પ્રમાણે બીજે દિવસે ભગવાનની અનુમતિ મેળવી તે મુનિ વિપુલપર્વત ઉપર ગયા અને ત્યાં ડાભના સાથરા ઉપર અંતિમ વ્રત સ્વીકારીને સૂતા. એ પ્રમાણે સાઠ ટંક વીતાવી, પોતે કરેલા દોષોની કબૂલાત (આલોચના) તથા પ્રાયશ્ચિત્તાદિ કરી,[૧] તે મુનિ સમાહિત અવસ્થામાં મરણ પામ્યા. સાધુપણામાં

૧. આલોચના પછી પ્રતિક્રમણ કરવાનું હોય છે. પ્રતિક્રમણ એટલે શુભ આચારોમાંથી ખસી, અશુભ આચારોમાં જે ક્રમણ–

તેમણે કુલ ૧૬ વર્ષ ગાળ્યાં હતાં. તેમને મરણ પામેલા જાણી પેલા સ્થવિરોએ તેમના પરિનિર્વાણ નિમિત્તે ધ્યાન કર્યું, તથા તેમનાં વસ્ત્રો–પાત્રો લઈ તેઓ શ્રીમહાવીર ભગવાન પાસે આવ્યા, અને જાલીમુનિના મરણની વાત તેમને નિવેદિત કરીને, તેમનાં વસ્ત્રપાત્રો તેમની આગળ રજૂ કર્યાં.

તે વખતે ગૌતમસ્વામીએ ભગવાનને વંદન કરીને પૂછ્યું: હે ભગવન્! જાલીસાધુ સ્વભાવે ભદ્ર, વિનયી શાંત ઓછા ક્રોધ-માન-માયા-લોભવાળા, અત્યંત નિરભિમાની, ગુરુની ઓથે રહેનારા, કોઈને સંતાપ ન આપનારા તથા ગુરુભક્ત હતા. તે હવે મરણ પામીને ક્યાં ગયા છે, તથા ક્યાં ઉત્પન્ન થયા છે?

ભગવાને જવાબ આપ્યો: હે ગૌતમ! તે જાલી ચંદ્રલોક, તેમજ સૌધર્મ કલ્પથી (સ્વર્ગ) માંડીને આરણ અને અચ્યુત કલ્પ, તથા નવ ગ્રૈવયક વિમાનો (દેવલોકો) ની પણ પાર આવેલા વિજય નામના અનુત્તર વિમાનમાં[1] દેવ તરીકે ઉત્પન્ન થયો છે.

ગૌતમ: હે ભગવન્! ત્યાં તેમનું આયુષ્ય કેટલું હશે?

મહાવીર: હે ગૌતમ! બત્રીસ સાગરોપમ વર્ષો.

ગૌતમ: હે ભગવન્! તે ત્યાંથી ચ્યુત થઈને ક્યાં જશે?

મહાવીર: હે ગૌતમ! મહાવિદેહક્ષેત્રમાં જન્મી સિદ્ધ-બુદ્ધ-અને મુક્ત થશે.

ગમન કર્યું હોય, તેમાંથી 'પ્રતિ' એટલે પાછા શુભ આચારો તરફ આવવું તે. તેમાં, પોતે કરેલી અશુભ પ્રવૃત્તિની નિંદાદ્વારા નિવૃત્તિ, નવા દોષોનો રોધ, અને ભવિષ્યના દોષોનો ત્યાગ–એટલી વસ્તુઓ સમાઈ હોય છે.

૧. જુઓ આગળ પાન ૧૧૫.

ટિપ્પણ

આના જેવી જ કથા પછીના ૯ અધ્યાયોમાં પણ સમજી લેવી. તે દરેકનાં નામ અનુક્રમે : મયાલિ, ઉવયાલી, પુરિસસેણ, વારિસેણ, દીહદંત, લટ્ઠદંત, વેહલ્લ, વેહાયસ અને અભયકુમાર છે. તે કથાઓમાં થોડીઘણી વિગતોમાં ફેર છે તે નીચે પ્રમાણે :

પ્રથમ છ જણની માતાનું નામ ધારિણી ગણવું; વેહલ્લ અને વેહાયસને ચેલ્લણાના પુત્રો કહેવા. પહેલા ચારનો સાધુપણાનો કુલ કાળ ૧૬ વર્ષ ગણવો; પછીના ત્રણનો ૧૨ વર્ષનો ગણવો અને છેલ્લા બેનો પાંચ વર્ષનો ગણવો. પહેલા ચાર મરીને અનુક્રમે વૈજયંત, જયંત, અપરાજિય અને સવ્વટ્ઠસિદ્ધ નામના અનુતર દેવલોકમાં ઉત્પન્ન થાય; દીહદંત સવ્વટ્ઠસિદ્ધમાં, અને બાકીના અનુક્રમે અપરાજિય, જયંત, વૈજયંત અને વિજયમાં. અર્થાત્ અભયકુમાર વિજયમાં. બાકીનું બધું સમાન. અભયકુમારની બાબતમાં, રાજગૃહનગર, શ્રેણિક રાજા અને નંદાદેવી ગણવાં. બાકીનું ઉપર મુજબ

[દશ કથાનો પહેલો વર્ગ સમાપ્ત]

બીજા વર્ગની તેર કથાઓનાં નામ નીચે મુજબ ગણવાં : દીહસેણ, મહાસેણ, લટ્ઠદંત, ગૂઢદંત, સુદ્ધદંત, હલ્લ, દુમ, દુમસેણ, મહાદુમસેણ, સીહ, સીહસેણ, મહાસીહસેણ, અને પુણ્ણસેણ.

બધી કથાઓ જાલીના જેવી જ સમજવી. રાજગૃહ નગર, શ્રેણિક પિતા, ધારિણી માતા. તેરેનો સાધુપણાનો કાળ ૧૬ વર્ષ. અનુક્રમે પ્રથમ બે વિજયમાં, પછીના બે વૈજયંતમાં, પછીના બે જયંતમાં, પછીના બે અપરાજિયમાં, અને મહાદુમસેણથી બાકીના પાંચ સવ્વટ્ઠસિદ્ધમાં ઉત્પન્ન થાય.

[તેર કથાનો બીજો વર્ગ સમાપ્ત]

૨

ધન્યની કથા

પૂર્વે કાકંદી[1] નામે નગરીમાં જિતશત્રુ રાજા રાજ્ય કરતો હતો. તેમાં ભદ્રા નામે તાલેવંત શેઠાણી રહેતી હતી. તેને ધન્ય નામે પુત્ર હતો. તેને બહુ લાડ-પાડમાં ઠાઠ-માઠથી ઉછેરવામાં આવ્યો હતો, તથા જુવાનીમાં આવતાં તેને ખાનદાન કુળની તથા સમૃદ્ધ ઘરની ૩૨ કન્યાઓ સાથે પરણાવવામાં આવ્યો હતો. ભદ્રાશેઠાણીએ તે દરેક સ્ત્રી દીઠ એક એક મહેલ પુષ્કળ સાધનસંપત્તિથી સજાવીને તૈયાર કરાવ્યો હતો; અને પહેરામણીમાં તે દરેકને પુષ્કળ પ્રીતિદાન આપ્યું હતું. ધન્ય પોતાની યુવાન અને સ્વરૂપવતી સ્ત્રીઓ સાથે અનેક પ્રકારનાં નાટચ-ગીત-નૃત્ય વગેરેથી આનંદ કરતો, તથા ઋતુ અનુસાર ભોગો ભોગવતો વિહરતો હતો.

એક વખત મહાવીર ભગવાન તે નગરીમાં પધાર્યા. તેમનાં દર્શને જતા અનેક લોકોને જોઈ ધન્ય પણ સ્નાનાદિથી પવિત્ર થઈ, તેમનાં દર્શને ગયો, અને તેમને વંદનાદિ કરી તેમનો ધર્મોપદેશ સાંભળવા લાગ્યો.

---

૧. બિહારમાં ગોરખપુર લાઈન ઉપર આવતા નોનવાર સ્ટેશનથી દોઢ માઇલ ઉપર આવતું આજનું ખુખુંદા જુઓ આ માળાનું 'ધર્મકથાઓ' પુસ્તક પા. ૨૨૭.

ભગવાનનો ધર્મોપદેશ સાંભળ્યા બાદ સંતુષ્ટ થઈ, ભગવાનને ત્રણ વાર પ્રદક્ષિણા કરી, તથા નમસ્કાર કરી તેણે કહ્યું, "હે ભગવન્! હું આપના પ્રવચન ઉપર શ્રદ્ધા કરું છું, વિશ્વાસ કરું છું તથા રુચિ કરું છું. હે ભગવન્! હું આપના ઉપદેશ પ્રમાણે વર્તવાને તૈયાર છું. પરંતુ હે દેવાનુપ્રિય! મારી માતાની રજા માગીને હું આપની પાસે દીક્ષિત થઈ સાધુપણું સ્વીકારીશ."

પછી તે પોતાને ઘેર ગયો, અને પોતાના નિશ્ચયની વાત પોતાની માતાને કરી. તે સાંભળી તેની માતા એકદમ પરસેવાથી ભીના શરીરવાળી થઈ ગઈ; તેનાં અંગો શોક-ભારથી કંપવા લાગ્યાં; તે નિસ્તેજ તથા શોભા વિનાની થઈ ગઈ; તેનાં આભૂષણો ઢીલાં થઈ ગયાં; તેનું ઉત્તરીય વસ્ત્ર સરી ગયું, અને વીખરાયેલા કેશપાશ સહિત, મૂર્છિત થઈને તે કુહાડાથી કપાયેલી ચંપકલતાની પેઠે કે ઉત્સવ પૂરો થતાં શોભાહીન બની જતા ઇંદ્રધ્વજની પેઠે નીચે ગબડી પડી. પછી મહા પ્રયત્ને કંઈક સ્વસ્થ થતાં તે આક્રંદ કરવા લાગી: 'હે પુત્ર! તું મારો ઇષ્ટ, કાંત અને પ્રિય છે; આભરણની પેટી જેવો, અને જીવિતના ઉત્સવ જેવો આનંદજનક છે; ઉંબરાના પુષ્પની પેઠે તારા નામનું શ્રવણ પણ દુર્લભ છે, તો તારું દર્શન તો દુર્લભ હોય તેમાં નવાઈ નથી. તારો વિયોગ મારાથી એક ક્ષણ પણ સહન નહીં થઈ શકે. માટે હું જીવું છું ત્યાં લગી તું ઘેર જ રહે; પછી કુલવંશતંતુની વૃદ્ધિ કરીને વૃદ્ધાવસ્થામાં તું સાધુ થજે.'

ત્યારે ધન્યે કહ્યું: "હે માતા! આ મનુષ્યભવ અનેક જન્મ-જરા-મરણ-રોગ વગેરે શારીરિક અને માનસિક દુ:ખોની

અત્યંત વેદનાથી અને સેંકડો સંકટોથી પીડિત છે, અધ્રુવ છે, તથા સંધ્યાના રંગ જેવો, પરપોટા જેવો, દાભની સળી ઉપર રહેલા જલબિંદુ જેવો, સ્વપ્નદર્શન જેવો, અને વીજળીના ચમકારા જેવો ચંચળ છે. સડવું–પડવું–અને નાશ પામવો એ તેનો ધર્મ છે. પહેલાં કે પછી તેનો અવશ્ય ત્યાગ કરવાનો છે; તો હે માતા ! કોણ જાણે છે કે, કોણ પ્રથમ થશે અને કોણ પછી જશે? માટે હું તો તારી અનુમતિથી હમણાં જ ભગવાન પાસે પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું."

ભદ્રા : "હે પુત્ર ! તારું શરીર ઉત્તમ રૂપ, લક્ષણ, વ્યંજન (મસા–તલ વગેરે) અને ગુણોથી યુક્ત છે. તથા ઉત્તમ બળ, વીર્ય અને સત્ત્વવાળું છે. તું વિજ્ઞાનમાં વિચક્ષણ છે, સૌભાગ્ય ગુણથી શ્રેષ્ઠ છે, કુલીન છે, અતિ સમર્થ છે, અનેક પ્રકારના વ્યાધિ અને રોગથી રહિત છે, તથા ઉદાત્ત અને મનોહર છે. માટે હે પુત્ર ! જ્યાં સુધી તારા શરીરમાં રૂપ યૌવનાદિ ગુણો છે, ત્યાં સુધી તું તેનો ઉપભોગ કર: પછી મારા મરણ બાદ કુલતંતુની વૃદ્ધિ કરી, વૃદ્ધાવસ્થામાં તું સાધુ થજે."

ધન્ય : "હે માતા ! આ શરીર દુઃખનું ઘર છે, અનેક વ્યાધિઓનું સ્થાન છે. અસ્થિ-સ્નાયુ-નાડીના સમૂહનું બનેલું છે, માટીના વાસણ જેવું દુર્બલ છે; અશુચિથી ભરેલું છે; તેની સારવાર નિરંતર કરવી પડે છે; તથા જીર્ણ ઘરની પેઠે સડવું-પડવું-નાશ પામવો એ તેના સહજ ધર્મો છે. વળી એ શરીર પહેલાં કે પછી અવશ્ય છોડવાનું જ છે. તો હે માતા ! કોણ જાણે છે કે કોણ પહેલાં જશે અને કોણ પછી જશે?

માટે હું તો તારી અનુમતિથી હમણાં જ ભગવાન પાસે પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું."

ભદ્રા : "હે પુત્ર! તારે ૩૨ સ્ત્રીઓ છે. તે વિશાળ કુળમાં ઉત્પન્ન થયેલી છે; રૂપ-લાવણ્ય-યૌવનથી યુક્ત છે. વળી તે સમાન કુલમાંથી આણેલી, કલાકુશળ અને સર્વકાળ લાડસુખને યોગ્ય છે. વળી તે માર્દવયુક્ત, નિપુણ અને વિનયોપચારમાં પંડિત તથા વિચક્ષણ છે. સુંદર, મિત અને મધુર બોલવામાં, તેમ જ હાસ્ય-કટાક્ષ-ગતિ-વિલાસ અને સ્થિતિમાં વિશારદ છે; ઉત્તમ કુલ અને શીલથી સુશોભિત છે; વિશુદ્ધ કુલરૂપ વંશતંતુની વૃદ્ધિ કરવામાં સમર્થ યૌવનવાળી છે; મનને અનુકૂલ અને હૃદયને ઇષ્ટ છે; ગુણો વડે પ્રિય અને ઉત્તમ છે; તેમજ હંમેશાં ભાવયુક્ત, અને સર્વ અંગમાં સુંદર છે. માટે હે પુત્ર! તું એ સ્ત્રીઓ સાથે માનુષી કામ-ભોગો ભોગવ; ત્યારબાદ ભુક્તભોગી થઈ, વિષયોની ઉત્સુકતા દૂર થયા બાદ, મારા મૃત્યુ પછી દીક્ષા લેજે."

ધન્ય: "હે માતા! માનુષી કામભોગો અપવિત્ર અને અશાશ્વત છે; વાત-પિત્ત-શ્લેષ્મ, વીર્ય અને લોહીને ઝરવાવાળા છે; વિષ્ટા-મૂત્ર-શ્લેષ્મ-લીંટ-વમન-પિત્ત-પરુ-વીર્ય અને શોણિતથી ઉત્પન્ન થયેલા છે; વળી તે ગંદા તથા ખરાબ મૂત્ર અને દુર્ગંધી વિષ્ટાથી ભરપૂર છે; મડદા જેવી ગંધવાળા ઉચ્છ્વાસથી અને અશુભ નિઃશ્વાસથી ઉદ્વેગ ઉત્પન્ન કરનારા છે; બીભત્સ, હલકા અને કલમલ (અશુભ દ્રવ્ય)ના સ્થાનરૂપ હોવાથી દુઃખરૂપ અને સર્વ મનુષ્યોને સાધારણ છે; અત્યંત શારીરિક અને માનસિક દુઃખ વડે સાધ્ય છે; અજ્ઞાની જનથી સેવાયેલા છે; સાધુ પુરુષો વડે હંમેશાં નિંદાયા છે; અનંત

સંસારની વૃદ્ધિ કરનારા છે; પરિણામે કટુફળયુક્ત છે; બળતા ઘાસના પૂળાની પેઠે મૂકી ન દઈએ તો દુઃખરૂપ પરિણામ-વાળા અને મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ છે."

ભદ્રા : "હે પુત્ર ! અર્યા (પિતામહ), પર્યા (પ્રપિતામહ) અને પિતાના પર્યા થકી આવેલું અખૂટ ધન તારી પાસે મોજૂદ છે; તે તારે સાત પેઢી સુધી પુષ્કળ દાન દેવાને પુષ્કળ ભોગવવાને અને પુષ્કળ વહેંચવાને પૂરતું છે. માટે તેના વડે પ્રથમ માનુષી કામભોગો ભોગવ; અને પછી સુખનો અનુભવ કરી; મારા મર્યા બાદ દીક્ષા લેજે."

ધન્ય : "હે માતા! એ હિરણ્ય વગેરે પદાર્થો અગ્નિ-ચોર-રાજા-મૃત્યુ-દાયાદ (ભાયાત) વગેરેના ભયથી યુક્ત છે; વળી તે અધ્રુવ અનિત્ય, અને અશાશ્વત છે. કોણ જાણે છે કે કોણ પહેલાં જશે અને કોણ પછી જશે? માટે હું તો તત્કાળ પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું."

આ પ્રમાણે જ્યારે વિષયને અનુકૂળ ઉક્તિઓથી તેને મનાવી ન શકાયો, ત્યારે વિષયને પ્રતિકૂળ અને સંયમને વિષે ભય અને ઉદ્વેગ ઉત્પન્ન કરનારી ઉક્તિઓથી તેની માતાએ તેને સમજાવવા માંડ્યો. "હે પુત્ર ! એ જિનમાર્ગ ખરેખર સત્ય, અદ્વિતીય, ન્યાયયુક્ત, શુદ્ધ, શલ્યોને કાપનાર, સિદ્ધિના માર્ગરૂપ, મુક્તિના માર્ગરૂપ, અને નિર્વાણના માર્ગરૂપ છે; તેમજ અસત્યરહિત તથા નિરંતર સર્વદુઃખના નાશનું કારણ છે. તે માર્ગમાં પ્રયત્ન કરનારા જીવો સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈ અવશ્ય નિર્વાણ પ્રાપ્ત કરે છે, તથા સર્વ દુઃખોનો નાશ કરે છે. પરંતુ તે માર્ગ સર્પની પેઠે એકાંત–નિશ્ચિત દૃષ્ટિવાળો, અસ્ત્રાની પેઠે એકાંત ધારવાળો, લોઢાના જવ ચાવવાની પેઠે દુષ્કર અને

રેતીના કોળિયા જેવો નિઃસ્વાદ છે; વળી તે ગંગાને સામે પ્રવાહે જવાની પેઠે અને બે હાથથી સમુદ્રને તરવાની પેઠે મુશ્કેલ છે; તથા મોટી શિલા ઊંચકવા બરાબર છે. સાધુને ભિક્ષા માગવી પડે છે; અને ભિક્ષામાં પોતાને માટે તૈયાર ન કરેલું એવું વધ્યું ઘટયું સ્વીકારવું પડે છે. વળી મહેમાન માટે તૈયાર કરેલો આહાર, રાજપિંડ, તેમજ મૂલ, કંદ, ફલ, બીજ અને હરિયાળીનું ભોજન ખાવું કે પીવું પણ તેને કલ્પતું નથી. હે પુત્ર! તું સુખમાં ઊછરેલો છે, દુઃખ તેં કદી વેઠયું નથી. તેમજ ટાઢ-તડકો-ભૂખ-તરસ-ચોર-જંગલી જાનવર-ડાંસ-મચ્છર વગેરેના ઉપદ્રવોને તથા વાત પિત્તાદિથી થતા રોગોને અને તેમનાં દુઃખોને તેમજ તેવાં બીજાં સંકટો અને વિઘ્નોને સહવાને તું સમર્થ નથી."

ધન્ય: "હે માતા! ખરેખર જિનોનો માર્ગ મંદ શક્તિવાળા, કાયર તથા હલકા પુરુષોને તેમજ આ લોકમાં આસક્ત અને પરલોકથી પરાઙ્મુખ એવા વિષયી લોકોને માટે દુષ્કર છે: પણ ધીર, નિશ્ચિત અને પ્રયત્નવાન પુરુષને તેનું અનુપાલન જરાપણ દુષ્કર નથી."

આમ જ્યારે ધન્યને કોઈ પણ રીતે સમજાવી ન શકાયો, ત્યારે વગર ઇચ્છાએ ભદ્રાએ તેને દીક્ષા લેવાની અનુમતિ આપી. તથા તેના નિષ્ક્રમણાભિષેકની તૈયારીઓ કરવા માંડી

પછી ભદ્રાએ જિતશત્રુ રાજા પાસે જઈને કહ્યું:

"હે દેવાનુપ્રિય! મારો એકનો એક પુત્ર અર્હંતની પાસે દીક્ષા લેવા તૈયાર થયો છે. મારે તેનો આ છેલ્લો સત્કાર

કરવાનો છે. તો તેને માટે ચામર, છત્ર, અને મુગટ આપવાની મહેરબાની કરો."

તે સાંભળી જિતશત્રુએ કહ્યું : "હે દેવાનુપ્રિયે ! તું નિશ્ચિત રહે. હું પોતે જ તેનો નિષ્ક્રમણસત્કાર કરીશ."

પછી જિતશત્રુ રાજા ચતુરંગ સેના સાથે હસ્તીરાજ ઉપર બેસી ભદ્રાને ઘેર આવ્યા અને ધન્યને કહેવા લાગ્યા :

"હે દેવાનુપ્રિય ! તું ભોગોનો ત્યાગ શા માટે કરે છે? મારી છાયામાં રહીને તું નિરાંતે ભોગો ભોગવ. તને જે કંઇ તકલીફ હોય, તે તું મને કહી દે. હું તે બધાનું નિવારણ કરી આપીશ"

ધન્યે જવાબમાં કહ્યું : "હે દેવાનુપ્રિય ! જો તમે મારા જીવિતનો નાશ કરનારા મૃત્યુને રોકી શકતા હો, તથા શરીરના સૌંદર્યનો વિનાશ કરનારી વૃદ્ધાવસ્થાને અટકાવી શકતા હો, તો હું જરૂર તમારી છાયામાં રહીને આ કામભોગોને ભોગવ્યા કરું."

જિતશત્રુ બોલ્યા : "હે દેવાનુપ્રિય ! મૃત્યુ કોઇથી રોકી શકાય તેવું નથી, દેવ અને દાનવ પણ તેને રોકી શકતા નથી. જ્યાં સુધી ચિત્તમાં કષાયોના સંસ્કારો છે, ત્યાંસુધી મૃત્યુનો ભય રહેવાનો જ."

ત્યારે ધન્યે કહ્યું : "હે દેવાનુપ્રિય ! હું મૃત્યુભય ઇચ્છતો નથી તેથી જ તેને વધારનારા વિલાસના સંસ્કારોનો પણ હું ત્યાગ કરવા ઇચ્છું છું."

આ સાંભળી જિતશત્રુ રાજાએ આખી નગરીમાં ઘોષણા કરાવી કે, 'જે લોકો મૃત્યુભયનો નાશ ઇચ્છતા હોય અને તે માટે વિષયકષાયોનો ત્યાગ કરવા કટીબદ્ધ થવા તૈયાર હોય,

પણ માત્ર મિત્ર, જ્ઞાતિ, કે સંબંધી માણસોના યોગક્ષેમની ચિંતાથી જ અટકી રહ્યા હોય, તેઓએ ખુશીથી ધન્યની પેઠે પ્રવ્રજ્યા લેવા તૈયાર થવું; કારણ કે, તેમનાં સંબંધીઓના વર્તમાન યોગક્ષેમનો હું નિર્વાહ કરીશ.'

આ ઘોષણાથી બીજા પણ અનેક વિચારક યુવાનો ધન્ય સાથે ભગવાન મહાવીર પાસે ગયા. ત્યાં ગયા બાદ જિતશત્રુ રાજાએ ધન્ય વગેરે યુવાનોને આગળ કરીને ભગવાનને કહ્યું : 'હે દેવાનુપ્રિય! આ ધન્ય તેની માનો એકનો એક છે, તેના અતિ સ્નેહનું પાત્ર છે; અને તેના બીજા હૃદય જેવો છે. પણ તમારું પ્રવચન સાંભળ્યા બાદ તેની વૃત્તિ વિષયવિલાસાદિથી ઊઠી ગઈ છે. તે તમારી સાથે રહીને અહિંસાદિની પાંચ પ્રતિજ્ઞા સ્વીકારવા ઇચ્છે છે, તે માટે તેની માતાએ તેને આપની પાસે મોકલ્યો છે. તો હું તેની માતાની વતી આપને આ શિષ્યભિક્ષા સ્વીકારવા વિનંતી કરું છું.'

તે વખતે બીજા બધા યુવાનો માટે પણ તેમનાં માતાપિતાએ આપેલી અનુમતિ જિતશત્રુએ ભગવાન પાસે પ્રગટ કરી. અર્હંતે તે બધાને પણ શિષ્ય તરીકે સ્વીકાર્યા.

પછી ધન્ય વગેરે યુવાનોએ ઈશાનખૂણામાં જઈ, પોતાનાં કપડાંલત્તાં ઉતાર્યાં. પોતાના દીકરાએ ઉતારેલાં કપડાં લેતી અને સ્નેહથી આંસુ સારતી ભદ્રાશેઠાણીએ તેને કહ્યું: 'બેટા! આ માર્ગમાં યત્ન કરજે, પરાક્રમ કરજે, કદી પ્રમાદ ન કરીશ.'

પછી ધન્ય અર્હંતભગવાનના આદેશ પ્રમાણે હંમેશાં સંયમથી વર્તવા લાગ્યો. તેણે અર્હંતના સ્થવિરો પાસે સામાયિક વગેરે ચૌદ પૂર્વોનું અધ્યયન કર્યું, તથા ઇંદ્રિયદમન અને તપની સવિશેષ સાધના કરી.

ધન્યે જે દિવસે પ્રવ્રજ્યા લીધી, તે જ દિવસે તેણે ભગવાન પાસે જઈને કહ્યું : 'હે ભગવન્! આપ પરવાનગી આપો, તો હું છ-છ ટંકના ઉપવાસ મરતા સુધી કરવા ઇચ્છું છું. છઠ્ઠા ટંકને પારણે પણ હું ભાત વગેરે લૂખું અનાજ જ એક ટંક ખાઇશ[1]; તે પણ એંઠા હાથે આપેલું હશે તો જ લઇશ[2]; ઊતરી જઈને નાખી દેવા જેવું નહીં થઈ ગયું હોય તો જ લઇશ; તેમજ અન્ય શ્રમણ–બ્રાહ્મણ–અતિથિ–કૃપણ–યાચક[3] વગેરેને જેની જરૂર ન હોય તેવું હશે તો જ લઇશ.'

ભગવાનની પરવાનગી મળ્યા બાદ ધન્ય સાધુએ તે પ્રકારનું વ્રત આચરવા માંડયું. પારણાને દિવસે તે સ્વાધ્યાય વગેરેથી પરવારી, ભગવાનની રજા લઈ નગરીમાં જતો, અને પોતાના નિયમ મુજબની તૈયાર ભિક્ષા કાળજીપૂર્વક માગતો; પરંતુ કોઈ વાર તેને અન્ન મળતું, તો પેય ન મળતું; અમે કોઈ વાર તેને પેય મળતું, તો અન્ન ન મળતું. તો પણ તે તો દીનતા, વૈમનસ્ય, ક્લેશ, કે વિષાદ અનુભવ્યા વિના, પોતાની સમાધિમાં ખલેલ પહોંચવા દીધા વિના, તથા પ્રાપ્ત-અપ્રાપ્ત યોગોમાં ઉદ્યમપરાયણ રહી, જે કંઈ મળે તે સ્વીકારી લેતો; અને પોતાના ગુરુને બતાવ્યા બાદ, તેમની પરવાનગીથી, તે ભિક્ષામાં કોઈ પ્રકારની આસક્તિ કે મોહ રાખ્યા વિના જ, જેમ સર્પ પોતાના દરમાં આજુબાજુની જમીનને સ્પર્શ કર્યા

---

૧. તેને આયંબિલ-આંબેલ કહે છે.

૨ અર્થાત્ મને આપવા માટે હાથ એંઠા કરી ફરી ધોવા ન પડે તેવી રીતે આપેલું.

૩. મૂળ 'वनीपक'–યાચકવિશેષ–ટીકા.

વિના પ્રવેશ કરે છે, તેમ મોંમાં સ્વાદ માટે મમળાવ્યા વિના જ રાગરહિતપણે ખાઈ લેતો.

ત્યાર બાદ ભગવાન મહાવીર કાકંદી નગરીમાંથી નીકળી બીજે ક્યાં ચાલતા થયા. ધન્ય સાધુએ પછી ભગવાનના સ્થવિરો પાસે સામાયિક વગેરે અગિયાર અંગોનું અધ્યયન કર્યું, અને સંયમ તથા તપથી પોતાના આત્માને વાસિત કરતાં વિહરવા માંડ્યું.[૧] તે ધન્ય સાધુ તેમના ઉદાર, વિપુલ, કલ્યાણરૂપ, મંગલરૂપ, ઉત્તમ, ઉદાત્ત, અને મોટા પ્રભાવવાળા તપકર્મથી સુકાઈ ગયા, માંસરહિત થઈ ગયા, તથા માત્ર હાડચામરૂપ જ બન્યા.

તપને કારણે તે ધન્ય સાધુના પગનું રૂપ-લાવણ્ય આ પ્રકારનું થઈ ગયું હતું: જાણે કે, કોઈ વૃક્ષની સુકાઈને તતડી ગયેલી છાલ ન હોય! કે લાકડાની પાવડી ન હોય! કે, જીર્ણ થઈ ગયેલા જોડા ન હોય! તે રીતે તેમના પગ સૂકા તથા માંસ વિનાના થઈ ગયા હતા. હાડકાં, ચામડી અને શિરાઓ વડે જ તે પગ છે એમ જાણી શકાતું હતું; બાકી તેમાં લોહી, માંસ તો હતું જ નહીં.

તેમના પગની આંગળીઓની શોભા આ પ્રકારની બની હતી: જાણે કે, મગ, અડદ અને કળથીની શીંગોને કાચી જ તોડીને ગરમીમાં નાખી હોય, અને તે સુકાઈ–તતડીને જેવી ચીમળાઈ જાય, તેવી તેમની પગની આંગળીઓ દેખાતી હતી.

---

૧. તે તપમાં સ્કંદક સાધુના વર્ણનમાં (શ્રીભગવતી–સાર પા. ૧૭૯–૧૮૩) આવતા મુખ્યત્વે લાંબાલાંબા ઉપવાસ રૂપી તપનો જ સમાવેશ થાય છે.

તેમની જાંઘોની શોભા આ પ્રકારની બની હતી જાણે કે, કાગડાની, ઢેલની[1] કે કંકપક્ષીની જાંઘો ન હો તેવી તેમની જાંઘો માંસ અને લોહી વિનાની દેખાતી હત

તેમના ઢીંચણુની શોભા આ પ્રકારની બની હતી જાણે કે, મોર, ઢેલ કે કાલિપક્ષીના[2] સાંધા ન હોય, તે તેમના ઢીંચણુ પણ લોહી–માંસ વિનાના દેખાતા હતા

તેમના સાથળની શોભા આ પ્રકારની બની હતી જાણે કે, બોરડી, શલ્યકી અને શાલ્મલીના નવા કૂણુગા ગરમીમાં નાખ્યા હોય, અને સેકાઈ-ચીમળાઈને તે જે થઈ જાય, તેવા તેમના સાથળ થઈ ગયા હતા

તેમની કેડનાં બે હાડકાંની શોભા આ પ્રકારની બ હતી: જાણે કે, ઊંટ, ઘરડા સાંઢ, કે પાડાની ખરીએ હોય, તેવાં તેમની કેડનાં હાડકાં દેખાતાં હતાં.

તેમના પેટની શોભા આ પ્રકારની બની હતી: જા કે, ચામડાની મસક સુકાઈ ગઈ હોય, ચણા સેકવાનું કલા હોય, તેમજ (નીચે ઝૂકતા દેખાતા હૃદયપિંડને કારણે ઝાડની ડાળીનું આગલું ઝૂમખું લબડતું હોય તેવું તેમ પેટ દેખાતું હતું.

તેમની પાંસળીઓની શોભા આ પ્રકારની બની હતી જાણે કે, તાસકોની હાર એક ઉપર એક ગોઠવી હોય,

---

૧. મૂળ 'ઢેણિયાલિયા' શબ્દ છે; તેનો 'તીડ' અર્થ પ ટીકાકાર સૂચવે છે

૨. તેનો અર્થ 'કાકજંઘા' નામની વનસ્પતિ પણ થા છે.–ટીકા.

પ્યાલાઓ એક ઉપર એક ગોઠવ્યા હોય, કે, લાકડાની કથરોટો[1] એક ઉપર એક ગોઠવી હોય, તેમ તેમની પાંસળીઓની હાર દેખાતી હતી.

તેમના કરોડરજ્જુની શોભા આ પ્રકારની બની હતી: જાણે કે, ગોળીઓ, લખોટીઓ કે છાપરાની નાળોની એક ઉપર એક એમ ગોઠવેલી હાર હોય તેવા તેમના કરોડના મણકા દેખાતા હતા.

તેમના છાતીના હાડકાની શોભા આ પ્રકારની બની હતી: જાણે કે, લાકડાની ચીપટ હોય, કે વાંસ અથવા તાડના પંખાની ચીપટ હોય, તેવું તેમનું છાતીનું હાડકું દેખાતું હતું.

તેમના બાહુની શોભા આ પ્રકારની બની હતી: જાણે કે, સમડાની શીંગ હોય, અગથિયાની શીંગ હોય કે, 'પહાયા'ની શીંગ હોય, તેવા તેમના બાહુ દેખાતા હતા.

તેમના હાથની શોભા આ પ્રકારની બની હતી: જાણે કે, સૂકું છાણું હોય, કે વડનું પાન હોય, કે ખાખરાનું પાન હોય, તેમ તેમના હાથ (ના પંજા) દેખાતા હતા.

તેમના હાથની આંગળીઓની શોભા આ પ્રકારની બની હતી: જાણે કે, મગ–અડદ–કે કળથીની સીંગોને કાચી તોડીને ગરમીમાં નાખી હોય, અને તે સુકાઈ–તરડાઈને જેવી ચીમળાઈ જાય, તેવી તેમની હાથની આંગળીઓ થઈ હતી.

તેમની ડોકની શોભા આ પ્રકારની બની હતી: જાણે કે કરવડાની ડોક હોય, કે તુંબીપાત્રની ડોક હોય, કે ચંબૂની ડોક હોય, તેવી તેમની ડોક દેખાતી હતી.

---

૧. 'મુંડાવલી'.

તેમની હડપચીની શોભા આ પ્રકારની બની હતી: જાણે કે, તુંબડીનું સૂકું ફળ હોય, 'હકુવી'નું સૂકું ફળ હોય, કે આંબાનો સૂકો ગોટલો હોય, તેવી તેમની હડપચી દેખાતી હતી.

તેમના હોઠની શોભા આ પ્રકારની બની હતી: જાણે કે, સૂકી જળો હોય, કે સૂકા કફની ગોળી હોય, કે અળતાની ગોળી હોય,[1] તેવા તેમના હોઠ દેખાતા હતા.

તેમની જીભની શોભા આ પ્રકારની બની હતી: જાણે કે, વડનું પાન, ખાખરાનું પાન, કે સાગનું પાન હોય તેવી તેમની જીભ દેખાતી હતી.

તેમની નાસિકાની શોભા આ પ્રકારની બની હતી: જાણે કે, કેરીની પેશી, આંબળાની પેશી કે બિજોરાની પેશી ગરમીમાં નાખી હોય, અને તે સુકાઈને જેવી ચીમળાઈ જાય, તેવી તેમની નાસિકા બની ગઈ હતી.

તેમની આંખોની શોભા આ પ્રકારની બની હતી: જાણે કે, વીણાનાં છિદ્ર હોય, કે 'વદ્ધીસગ' વાદ્યનાં છિદ્ર હોય, કે સવારના તારા હોય, તેવી તેમની આંખો દેખાતી હતી.

તેમના કાનની શોભા આ પ્રકારની બની હતી: જાણે કે, મૂળાની છાલ હોય, કે ચીભડાની છાલ હોય, કે કારેલાની છાલ હોય તેવા તેમના કાન દેખાતા હતા.

તેમના માથાની શોભા આ પ્રકારની બની હતી: જાણે કે કાચું તુંબડું, કાચું એલાલુ, કે કાચું સિંહાલુ તોડીને

---

૧. એ વસ્તુઓ સુકાતાં કોકડું વળી જાય છે તથા વિવર્ણ થઈ જાય છે.—ટીકા.

ગરમીમાં નાખ્યું હોય, અને તે સુકાઈને, તતડીને જેવું ચીમળાઈ જાય, તેવું તેમનું માથું સૂકું તથા લૂખું, દેખાતું હતું. હાડકાં ચામડી અને શિરાઓને લીધે જ તે માથું છે એમ દેખાતું હતું. બાકી તેમાં માંસ કે લોહી તો હતાં જ નહીં.[1]

તેમના પગ, જાંઘ અને સાથળ સુકાઈ ગયાં હતાં; તેમનું પેટ બેડોળ, પડખાં આગળ ઊંચું થયેલું, કેડ આગળ કાચબાની પીઠ જેવું દેખાતું, તથા બરડે ચોટી ગયેલું દેખાતું હતું. તેમની પાંસળીઓ ઉપર ઊપસી આવી હતી. તેમના કરોડરજ્જુનાં હાડકાં માળાના મણકાની પેઠે ગણી શકાતાં હતાં; તેમની છાતીનો ભાગ ગંગાનાં મોજાંની હાર જેવો દેખાતો હતો; તેમના બાહુ સુકાઈ ગયેલા સાપ જેવા દેખાતા હતા; તેમના હાથના આગલા ભાગ ઘોડાની લગામના ઢીલા થઈ ગયેલા ચોકડાની જેમ લબડતા હતા; તેમના માથાનો દડો કંપવાયુ થયો હોય તેમ ડોલ્યા કરતો હતો; તેમનું વદન-કમલ કરમાઈ ગયું હતું, તેમનું મોં ઘડાની પેઠે ઊઘડેલું રહેતું હતું; અને તેમની આંખો ઊંડી ઊતરી ગઈ હતી.

એક વખત મહાવીર ભગવાન ફરતા ફરતા રાજગૃહ નગરમાં આવી પહોંચ્યા. તે વખતે નગરજનો, શ્રેણિક રાજા વગેરે તેમનાં દર્શને આવ્યા. શ્રેણિક રાજાએ ભગવાન પાસેથી ધર્મોપદેશ સાંભળીને તેમને વંદન તથા નમસ્કાર કર્યા, અને કહ્યું, 'હે ભગવન્! તમારા આ ઇંદ્રભૂતિ વગેરે ચૌદહજાર

---

૧. આવું જ કથન ઉપરના બીજા અવયવોની બાબતમાં પણ સમજવું. માત્ર પેટ, કાન, જીભ અને હોઠની બાબતમાં 'હાડકાં' શબ્દ ન લેવો, માત્ર ચામડી અને શિરાઓ લેવી.

શ્રમણ-સાધુઓમાં ધન્ય સાધુ જ મહા દુષ્કર સાધના કરનાર, તથા કર્મોનો ભારે ક્ષય કરનાર છે ને ?'

જવાબમાં મહાવીરે ધન્ય સાધુનું બધું જીવનચરિત્ર તે રાજાને કહી સંભળાવ્યું, તથા કહ્યું કે, 'ખરેખર, ધન્ય સાધુ જ મારા ચૌદે હજાર સાધુઓમાં મહા દુષ્કર સાધના કરનાર, તથા કર્મોનો ભારે ક્ષય કરનાર છે.'

ત્યારબાદ શ્રેણિક રાજાએ ધન્ય સાધુને પણ પ્રદક્ષિણા-નમસ્કારાદિ કરીને કહ્યું : 'હે દેવાનુપ્રિય ! તમને ધન્ય છે ! તમે ભારે પુણ્યશાળી છો ! તમે કૃતાર્થ છો, તથા તમે તમારા મનુષ્યજન્મનું ફળ પૂરેપૂરું પ્રાપ્ત કર્યું છે !' એમ કહી તેમને તથા મહાવીર ભગવાનને ફરી વંદન-નમસ્કાર કરી તે પોતાને ઘેર પાછો ફર્યો.

વખત જતાં ધન્ય સાધુનું શરીર છેક જ નબળું થઈ ગયું, ત્યારે તેમણે જાલી સાધુની પેઠે વિચાર કરી, ભગવાનની અનુમતિથી વિપુલ પર્વત ઉપર જઈ મારણાંતિક સંલેખના' વ્રત સ્વીકાર્યું અને એક મહિનાના ઉપવાસ વડે દેહત્યાગ સાધ્યો. તેમનો સાધુપણાનો કુલ સમય ૯ માસ જેટલો હતો. પછી તે સર્વાર્થસિદ્ધ નામના અનુત્તર દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાં તેમનું આયુષ્ય ૩૩ સાગરોપમ વર્ષનું હતું. ત્યાંથી ચ્યવી, મહાવિદેહક્ષેત્રમાં જન્મી, તે સિદ્ધ-બુદ્ધ-અને મુક્ત થશે.

ટિપ્પણ

ત્રીજા વર્ગમાં ધન્યની પેઠે ભદ્રા શેઠાણીનો સુનક્ષત્ર પુત્ર સમજીને એવી જ બીજી કથા કહેવી. તેમના સાધુપણાનો કાળ બહુ વર્ષ ગણવો.

ત્રીજાવર્ગની બાકીની આઠ કથાઓ પણ સુનક્ષત્રની પેઠે જ સમજવી. તેમનાં નામ ઇસિદાસ, પેલ્લઅ, રામપુત્ત, ચંદિમા, પિટ્ઠિમા, પેઢાલપુત્ત, પોટ્ટિલ, અને વેહલ્લ સમજવાં. પહેલા બેને રાજગૃહના કહેવા, બીજા બેને સાકેતના, ત્રીજા બેને વાણિજ્યગ્રામના, સાતમાને હસ્તિનાપુરનો અને આઠમાને રાજગૃહનો કહેવો. પહેલા સાતની માતા ભદ્રા સમજવી; પહેલા સાતની સ્ત્રીઓ ૩૨ સમજવી. તેમને જિતશત્રુ રાજા મહાવીર પાસે લઈ જાય, પરંતુ છેલ્લા વેહલ્લની બાબતમાં તેનો પિતા તેને લઈ જાય; વેહલ્લનો સાધુપણાનો કાળ છ માસનો સમજવો, બાકીના સાતનો બહુ વર્ષ. બધાનો છેવટનો ઉપવાસ મહિનાનો સમજવો. બધા સર્વાર્થસિદ્ધ અનુત્તર દેવલોકમાં ઉત્પન્ન થાય, અને મહાવિદેહમાં સિદ્ધ-બુદ્ધ-અને મુક્ત થાય.

સ્તુતિ

મહાવીર ભગવાન ધર્મના આદિકર્તા છે; તીર્થંકર છે; અન્યના ઉપદેશ વિના સ્વયં તત્ત્વબોધ પામેલા છે; પુરુષોમાં શ્રેષ્ઠ છે; સકલ લોકમાં શ્રેષ્ઠ છે; સમગ્ર જગતના નાથ, પ્રદીપ-રૂપ, પ્રકાશક, અભયદાન દેનારા, જ્ઞાનરૂપી નેત્ર આપનાર, માર્ગપ્રદર્શક, કેવલજ્ઞાની, શઠતારહિત, રાગદ્વેષને જીતનાર, જિન, સકલ તત્ત્વના જ્ઞાતા, જાતે બુદ્ધ અને મુક્ત હોઈ અન્યને બોધ તેમ જ મુક્તિ અપાવનારા, સર્વજ્ઞ, અને સર્વદર્શી છે; તથા શિવ–અચલ–રોગરહિત–અનંત–અક્ષય–વ્યાબાધરહિત–અને પુનરાવૃત્તિરહિત એવા સિદ્ધગતિ નામના સ્થાનને પ્રાપ્ત થયેલા છે. તેમણે અનુત્તરૌપપાતિકદશા નામનું નવમું અંગ આ પ્રમાણે કહેલું છે.

આ અંગમાં એક જ ખંડ છે; પણ ત્રણ વર્ગો છે. તે ત્રણ દિવસ થઈને પૂરા કરવાના છે.

પાપ, પુણ્ય અને સંયમ

ખંડ ૪થો

મુક્તોની કથાઓ

जहा महातलायस्स सन्निरुद्धे जलागमे ।
उस्सिञ्चणाए तवणाए कमेणं सोसणा भवे ॥
एवं तु संजयस्सावि पावकम्मनिरासवे ।
भवकोडिसंचियं कम्मं तवसा निज्जरिज्जइ ॥

"જેમ કોઈ મોટા તળાવને સૂકવી નાખવું હોય, તો પ્રથમ તેમાં નવું પાણી દાખલ થવાના માર્ગો બંધ કરી, અંદરનું પાણી ઉલેચીને સૂકવી નાખવું જોઈએ; તેમ સંયમી ભિક્ષુએ પણ, પ્રથમ, નવાં પાપકર્મ દાખલ થવાનાં આસ્રવોરૂપી દ્વારો બંધ કરી, પછી કરોડો જન્મથી એકઠા થયેલા કર્મને તપ વડે દૂર કરવું જોઈએ"

[ઉત્ત૦ ૩૦/૫-૬]

૧

ગૌતમકુમારની કથા

જૂના કાળમાં દ્વારવતી (દ્વારિકા) નામે નગરી હતી. તેનો વિસ્તાર નવ યોજનનો હતો, અને તેની લંબાઈ બાર યોજન જેટલી હતી. તેને ધનપતિ કુબેરની યોજના અનુસાર બાંધવામાં આવી હતી; તેનો કોટ સોનાનો હતો; તેના કાંગરા જુદાજુદા પાંચ રંગના મણિઓના બનાવેલા હતા; તે અલકાપુરી જેવી સુરમ્ય હતી; તે આનંદ-આમોદ અને ક્રીડા-ઉત્સવોથી હંમેશાં ગાજતી રહેતી હતી; તથા પ્રત્યક્ષ દેવલોક હોય તેવી મનોહર હતી.

તે નગરીના ઈશાનખૂણામાં રૈવતક[1] નામે પર્વત હતો, તથા તેના ઉપર નંદનવન નામે ઉદ્યાન હતું.

તે નગરીમાં કૃષ્ણ વાસુદેવ રાજા રાજ્ય કરતા હતા. તે કૃષ્ણ, સમુદ્રવિજય વગેરે દશ દશાર્હો ઉપર[2], બલદેવ વગેરે પાંચ મહાવીરો ઉપર, પ્રદ્યુમ્ન વગેરે સાડાત્રણ કરોડ કુમારો ઉપર, સાંબ વગેરે સાઠહજાર સાહસિક વીરો ઉપર, મહસેન

---

૧. તેને આજે ગિરનાર કહે છે.

૨. ટીકાકાર અભયદેવ તેમનાં દશ નામ આ પ્રમાણે આપે છે: સમુદ્રવિજય, અક્ષોભ્ય, સ્તિમિત, સાગર, હિમવાન, અચલ, ધરણ, પૂરણ, અભિચન્દ્ર, વસુદેવ.

વગેરે છપ્પન હજાર બળવીરો ઉપર, વીરસેન વગેરે એકવીસ-હજાર વીરો ઉપર, ઉગ્રસેન વગેરે સોળહજાર રાજાઓ ઉપર, રુક્મિણી વગેરે સોળહજાર રાણીઓ ઉપર, અનંગસેના વગેરે હજારો ગણિકાઓ ઉપર, તથા બીજા પણ અનેક માંડલિકો, યુવરાજો, શેઠો, વેપારીઓ વગેરે ઉપર, અર્થાત્ અર્ધા ભરતખંડ ઉપર રાજ્ય કરતા વિહરતા હતા.

તે નગરીમાં અંધકવૃષ્ણિ નામે રાજા રહેતો હતો. તેને ધારિણી નામે રાણી હતી. તેને એક વખત સ્વપ્નમાં એવું દેખાયું કે, જાણે કોઈ સિંહ આકાશમાંથી ઊતરી, તેના મુખમાં પ્રવેશ કરે છે. આવું સ્વપ્ન જોઈ, તે જાગી ઊઠી. પછી રાજાને જગાડી એ સ્વપ્નની વાત તેણે તેને કહી. રાજાએ આનંદિત થઈને તેને કહ્યું કે, એ સ્વપ્ન કોઈ તેજસ્વી પુત્રનો જન્મ સૂચવે છે.

બીજે દિવસે રાજાએ સ્વપ્નપાઠકોને બોલાવી, તેમને રાણીના સ્વપ્નનું ફળ નિશ્ચિત કરીને કહેવા જણાવ્યું. તેમણે કહ્યું: 'હે દેવાનુપ્રિય! આ સ્વપ્ન એવું સૂચવે છે કે, રાણીને નવ માસ અને સાડાસાત દિવસ વીત્યા બાદ કુલધ્વજ સમાન પુત્ર થશે; તે કાં તો રાજ્યનો પતિ થશે અથવા ભાવિતાત્મા સાધુ થશે.'

વખત જતાં રાણીએ ઉત્તમ પુત્રરત્નને જન્મ આપ્યો. તે વખતે પ્રજાજનોએ દશ દિવસ ધામધૂમથી જન્મ-મહોત્સવ કર્યો. રાજાએ બારમે દિવસે સગાંસંબંધીઓને બોલાવી તેમની સમક્ષ પુત્રનું નામ ગૌતમ પાડ્યું.

ગૌતમકુમાર વિદ્યાકળા ભણીને મોટા થયા બાદ, તેને આઠ કન્યાઓ સાથે પરણાવવામાં આવ્યો. તે વખતે તેનાં

માતાપિતાએ ઉત્તમ પ્રકારનું પ્રીતિદાન આપ્યું, અને તેને આઠ મહેલો તથા તેમની બરાબર મધ્યમાં સેંકડો થાંભલાવાળું એક ભવન બંધાવી આપ્યું. તેમાં તે કુમાર અપૂર્વ ભોગો ભોગવતો વિહરવા લાગ્યો.

એક વખત તીર્થંકર અરિષ્ટનેમિ ફરતા ફરતા તે નગરમાં આવી પહોંચ્યા. તે વખતે તેમનાં દર્શને સૌ પ્રજાજનો ટોળે મળીને ગયા.[1] તેમને જતા જોઈ ગૌતમકુમાર પણ ત્યાં ગયો, અને ભગવાનનો ધર્મોપદેશ સાંભળી, અત્યંત હર્ષિત થઈ, તેમની પાસે દીક્ષા લઈ સાધુ થવા, માતપિતાની પરવાનગી માગવા લાગ્યો.

અનેક પ્રશ્નોત્તર, તથા મનામણી–ડરામણી વગેરે બાદ તેનાં માતપિતાએ દુઃખિત ચિત્તે તેને સાધુ થવાની પરવાનગી આપી. પછી ભગવાને તેને પરિવ્રજ્યા આપી. ગૌતમમુનિ પણ તેમનો ઉપદેશ સારી રીતે સ્વીકારી, તેમની આજ્ઞા મુજબ વર્તવા લાગ્યા. તે ચાલવા–બોલવા–માગવા-લેવા-મૂકવા–નાખવા વગેરેમાં બહુ સાવધાન રહેતા. વળી તે મન–વાણી–કાયાની ક્રિયામાં સાવધાન હતા, તેમને વશ રાખનાર હતા, ઇંદ્રિયનિગ્રહી હતા, સુસંયત બ્રહ્મચારી હતા, તથા ત્યાગી, સરળ, ધન્ય, ક્ષમાશીલ, જિતેંદ્રિય, શુદ્ધવ્રતી, નિરાકાંક્ષી, ઉત્સુકતાદિના સંયમમાં જ ચિત્તવૃત્તિવાળા, સુંદર સાધુપણામાં રત, તથા દમનશીલ હતા. એ પ્રમાણે નિર્ગ્રંથ શાસ્ત્ર અનુસાર તે વિચરતા હતા.

---

૧. મૂળમાં ચાર પ્રકારના દેવો પણ આવ્યા, એમ છે. દેવોના ચાર પ્રકાર વગેરે માટે જુઓ આ માળાનું 'તત્ત્વાર્થસૂત્ર', પુસ્તક, અ૦ ૪, સૂ. ૧-૫ ઇ૦.

તે ગૌતમમુનિએ, ભગવાનના વૃદ્ધ શિષ્યો પાસે સામાયિક આદિ છ આવશ્યક ક્રિયાઓનો વિધિ શીખી લીધો. તે જેમકે, ૧. सामायिक, એટલે સમતા ધારણ કરી, સર્વ પ્રકારનું દુર્ધ્યાન ત્યજી ધર્મધ્યાન કરવું તે; ૨. चतुर्विंशतिस्तव, એટલે કે ચોવીસ તીર્થંકરોની નામ દઈને સ્તુતિ કરવી તે; ૩. वंदन, એટલે કે વંદનયોગ્ય ધર્માચાર્યોનું વિધિસર નમન કરી, તેમની આગળ પોતે દિવસ દરમ્યાન કરેલા દોષો કહી બતાવવા તે; ૪. प्रतिक्रमण, એટલે કે શુભ આચારોમાંથી ખસી, અશુભ આચારોમાં જે ક્રમણ કર્યું હોય, તેમાંથી પાછા શુભ આચારો તરફ આવવું તે; ૫. कायोत्सर्ग, એટલે કે સ્થિર શરીરે ધ્યાન કરવું તે; અને ૬. प्रत्याख्यान, એટલે કે અમુક ન કરવાનો નિયમ લેવો તે.[૧]

ત્યાર બાદ તેમણે અગિયાર અંગોનું[૨] જ્ઞાન પણ પ્રાપ્ત કર્યું.

અરિષ્ટનેમિ પછી દ્વારકાંથી બહાર ચાલી નીકળ્યા. એક વખત ગૌતમ અરિષ્ટનેમિ પાસે આવ્યા અને કહેવા લાગ્યા: ‘હે ભગવન્! આપ પરવાનગી આપો તો હું પ્રતિમાવ્રત આચરવા ઇચ્છું છું.’

પછી ભગવાનની રજા મળતાં, તેમણે બારે પ્રતિમાઓ વિધિપૂર્વક આરાધી. તેમનો વિધિ આ પ્રમાણે છે: ગચ્છથી

---

૧. આ અર્થો મૂળના નથી.

૨. અગિયાર અંગોમાંના એક અંગમાંની કથામાં જ આવો ઉલ્લેખ આવવો વિચિત્ર લાગે છે. તેનાથી એટલું જ સિદ્ધ થાય છે કે, અત્યારે મળતાં અંગોમાં પછીથી સારી પેઠે સુધારા-વધારા થયેલા છે.

બહાર એકલા રહી, એક મહિના સુધી અન્ન અને પાણીની એક 'દત્તિ' વડે જ જીવવું, તે પહેલી પ્રતિમા. ['દત્તિ' એટલે દાન દેનાર જ્યારે અન્ન કે પાણી પીરસે ત્યારે એક ફેરે એક ધારમાં જ જેટલું આવે તેટલું જ ખાઈને જીવવું તે.] બીજી પ્રતિમામાં બે માસ સુધી અન્ન અને પાણીની બે 'દત્તિ' લેવાની હોય છે. એ પ્રમાણે ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, અને સાતમી પ્રતિમામાં અનુક્રમે ત્રણ, ચાર, પાંચ, છ, અને સાત દત્તિઓ અનુક્રમે ત્રણ, ચાર, પાંચ, છ, અને સાત માસ સુધી લેવાની હોય છે. આઠમી પ્રતિમામાં સાત રાત્રીદિવસ પાણી પીધા વિના એકાંતરા ઉપવાસ કરવાના હોય છે; અને પારણામાં આંબેલ[1] કરવાનું હોય છે; ગામની બહાર રહેવાનું હોય છે; ચતા કે પડખે સૂવાનું હોય છે; તથા ઉભડક બેસીને જે કાંઈ કષ્ટ પડે તે સહન કરવાનું હોય છે. ૯ મી પ્રતિમામાં તેટલાં જ રાત્રીદિવસ તે પ્રમાણે જ ઉભડક રહેવાનું હોય છે, તથા વાંકા લાકડાની પેઠે સૂવાનું હોય છે; ૧૦ મી પ્રતિમામાં પણ તેટલા જ રાત્રીદિવસ તે પ્રમાણે જ ગોદોહાસન અને વીરાસનમાં રહેવાનું તથા સંકોચાઈને બેસવાનું હોય છે. ૧૧ મી પ્રતિમામાં પાણી વિનાનો છ ટંકનો ઉપવાસ કરવાનો હોય છે, અને એક રાત્રીદિવસ ગામ બહાર હાથ લંબાવીને રહેવાનું હોય છે. ૧૨ મી પ્રતિમામાં આઠ ટંકનો ઉપવાસ કરી, એક રાત્રી નદી વગેરેને કાંઠે ભેખડ ઉપર આંખો પટપટાવ્યા વિના રહેવાનું હોય છે.

---

૧. એટલે કે, ઘી-દૂધ વગેરે રસ વિનાનું ભાત વગેરે અન્ન એક વાર ખાવું, અને ગરમ પાણી પીવું તે.

ગૌતમ મુનિએ આ બારે પ્રતિમાઓ સૂત્ર અનુસાર, આચાર અનુસાર, માર્ગ અનુસાર, સત્યતાપૂર્વક, અને સારી રીતે સ્પર્શી, પાળી, શોભાવી અને સમાપ્ત કરી.[1]

ત્યાર પછી ગૌતમ મુનિએ ભગવાન પાસેથી ‘ગુણરત્ન-સંવત્સર’ નામનું તપ સ્વીકારવાની પરવાનગી માગી; અને તે તપ પણ આગળ (પા. ૯૯ ઉપર) જણાવ્યા પ્રમાણે બરાબર પાળ્યું.

પરંતુ તે તપ આચર્યા બાદ તે અત્યંત દુર્બળ થઈ ગયા, અને તેમને વિચાર આવ્યો કે, ‘હું અનેક પ્રકારના તપકર્મથી દૂબળો થઈ ગયો છું. અને બોલતાં બોલતાં પણ થાકી જાઉં છું, તથા ચાલું છું ત્યારે પણ સૂકાં પાંદડાં વગેરેથી ભરેલી સગડીઓ ઢસડાતી હોય તેવો અવાજ થાય છે. આવી સ્થિતિમાં પણ જ્યાં સુધી હજુ મારામાં ઊઠવાની શક્તિ છે, ત્યાં સુધી મારા ધર્માચાર્ય ભગવાન અરિષ્ટનેમિ પાસે જઈને મરણાંત ઉપવાસ સ્વીકારું, અને શત્રુંજય પર્વત ઉપર જઈ સંલેખના વ્રતથી દેહત્યાગ કરું.’

એ પ્રમાણે કરી ભગવાનની પરવાનગી મેળવ્યા બાદ ગૌતમ મુનિ શત્રુંજય પર્વત ઉપર થોડા ઉત્તમ સ્થવિરો સાથે ચડ્યા, અને કાળી શિલાનો ભાગ જોઈ-તપાસી, પાસે મલ-મૂત્રનાં સ્થાનો પણ સંભાળી લઈ, શિલા ઉપર દાભનો સંથારો પાથરી, પૂર્વ દિશામાં મુખ રાખી, પદ્માસને બેસી, દશે નખ સહિત

---

૧. આ પ્રતિમાઓ આચરવાની લાયકાત, પૂર્વતૈયારી વગેરે વિગતો માટે જુઓ આ માળાનું ‘શ્રીભગવતી-સાર’ પુસ્તક, પા. ૧૮૦-૧ અથવા શ્રીહરિભદ્રસૂરિકૃત ‘શ્રીપંચાશક’, ૧૮, ગા૦ ૧ થી ૨૦.

બંને હાથ ભેગા કરી તથા માથા સાથે અડકાડી, આ પ્રમાણે બોલ્યા :

'અરિહંત ભગવંતો, સિદ્ધો વગેરેને નમસ્કાર! દૂર રહેલા ભગવાન અરિષ્ટનેમિને હું અહીં રહ્યો રહ્યો વંદન કરું છું; અને ત્યાં રહેલા ભગવાન અરિષ્ટનેમિ અહીં રહેલા મને જુઓ. મેં પહેલાં પણ ભગવાન પાસે અહિંસા વગેરેના નિયમો મરતા સુધી પાળવાનું કહીને સ્વીકાર્યાં હતા; અત્યારે પણ તેમની પાસે તે બધા નિયમો લઉં છું, તથા સર્વ પ્રકારની ખાવાની વસ્તુનો, સર્વ પ્રકારની પીવાની વસ્તુનો, સર્વ પ્રકારનાં મેવા-મીઠાઈનો, અને સર્વપ્રકારના મસાલા–મુખવાસનો એમ ચારે જાતના આહારનો જીવું ત્યાં સુધી ત્યાગ કરું છું. વળી દુઃખ દેવાને અયોગ્ય, ઇષ્ટ, કાંત, અને પ્રિય એવું જે મારું શરીર છે, તેને પણ હું મારા છેલ્લા શ્વાસોચ્છ્વાસે ત્યાગી દઈશ.'

આ પ્રમાણે ખાનપાનનો ત્યાગ કરી, ગૌતમ મુનિએ ઝાડની પેઠે સ્થિર થઈ, મૃત્યુની આકાંક્ષા વિના રહેવા માંડ્યું.

તે પ્રમાણે સાઠ ટંકો ખાધાપીધા વિનાની જતાં તે ગૌતમ મુનિ પ્રાણરહિત થયા, અને સર્વકર્મોનો ક્ષય કરી, સિદ્ધ-બુદ્ધ–તથા મુક્ત થયા. તેમના સાધુપણાનો કુલ કાળ બાર વર્ષનો હતો.

ટિપ્પણ

૧

આ સૂત્રના પહેલા વર્ગમાં આવી બીજી નવ કથાઓ સમજવી. તેમનાં નામ: સમુદ્ર, સાગર, ગંભીર, સ્તિમિત, અચલ, કાંપિલ્ય, અક્ષોભ, પ્રસેનજિત્, અને વિષ્ણુ.

૨

બીજા વર્ગમાં પણ અક્ષોભ, સાગર, સમુદ્ર, હિમવત્, અચલ, ધરણ, પૂરણ, અને અભિચંદ્ર એ આઠ કથાઓ એ પ્રમાણે જ કહેવી. તેમનો સાધુપણાનો કાળ ૧૬ વર્ષનો સમજવો.

૩

ત્રીજા વર્ગમાં તેર કથાઓ છે: અણીયસ (અનીકયશઃ), અણંતસેણ (અનંતસેન), અજિયસેણ (અજિતસેન), અણિહયરિઊ (નિહતારિઃ), દેવસેણ (દેવસેન), સત્તુસેણ (શત્રુસેન), સારણ, ગજ, સુમુખ, દુર્મુખ, કૂપક, દારુક, અણાદિટ્ઠી.

તેમાંથી અણીયસની કથા આ પ્રમાણે સમજવી: ભદ્દિલપુર નગર, જિતશત્રુરાજા, નાગ નામનો ગૃહસ્થ, તેની સુલસા ભાર્યા, અને અણીયસ પુત્ર. તેને ૩૨ સ્ત્રીઓ. અરિષ્ટનેમિ પાસે પ્રવ્રજ્યા લે. ૧૪ પૂર્વ ગ્રંથો ભણે, વીસ વર્ષ સાધુપણું પાળે, અને શત્રુંજય ઉપર દેહ છોડે. બાકી બધું સમાન.

પછીની પાંચ કથાઓ પણ એ પ્રમાણે જ સમજવી.

સાતમી કથામાં દ્વારવતી નગરી, વસુદેવ રાજા, ધારિણી દેવી, સ્વપ્નમાં સિંહ, સારણ કુમાર. ૫૦ સ્ત્રીઓ. ૧૪ પૂર્વોનું અધ્યયન. બાકી બધું ગૌતમની કથાની માફક.

ત્યાર પછીની ગજસુકુમારની આઠમી કથા આગળ સવિસ્તર આપી છે.

૨

ગજસુકુમારની કથા

એક વખત તીર્થંકર અરિષ્ટનેમિ ફરતા ફરતા દ્વારકામાં આવી પહોંચ્યા. તે વખતે તેમની સાથે છ સાધુઓ હતા. તે છયે સાધુઓ એક જ માને પેટે એકી સાથે જન્મેલા છ ભાઈઓ હતા. તેઓની આકૃતિ બરાબર સરખી જ હતી; તેમનો વર્ણ તથા ઉમર પણ એકસરખાં જ હતાં. તેઓ નીલકમળ, પાડાનું શીંગડું, અને અતસીના ફૂલ સરખા (શ્યામ) વર્ણના હતા; તેમને કાને ધંતૂરાના ફૂલ સમાન આકારનાં કુંડળ[1] હતાં; તેઓ કુબેરના પુત્ર[2] નલ–કુબ્બરની પેઠે શોભતા હતા.

તેમણે જે દિવસે દીક્ષા લીધી હતી, તે દિવસથી જ અરિષ્ટનેમિ ભગવાનની પરવાનગીથી નિરંતર છ ટંકના ઉપવાસ કર્યા કરવાનો તેમણે નિયમ લીધો હતો. દ્વારકામાં આવ્યા બાદ, પોતાના ઉપવાસના પારણાનો સમય થતાં, તેમણે ભગવાન

૧. ટીકાકાર આ વિશેષણના અર્થની બાબતમાં સાશંક છે; કારણ કે સાધુને કાને કે બીજે ક્યાંય આભરણ ન હોય. બીજાઓ તો 'દર્ભકુસુમ જેવા ભદ્ર અર્થાત્ સુકુમાર' એવો પાઠ લઈને આ મુશ્કેલી ટાળે છે. પરંતુ એમ લાગે છે કે, જન્મથી જ તેમને આવાં કુંડળ શરીરસંબદ્ધ જ પ્રાપ્ત થયાં હતાં. મહાભારતમાં કર્ણ વગેરેની બાબતમાં આવા ઉલ્લેખો આવે છે.

૨. ટીકાકાર નલ-કુબ્બર ને વૈશ્રમણ (કુબેર)ના પુત્ર કહે છે. જો કે સાથે જણાવે છે કે, દેવોને તો વસ્તુતાએ પુત્ર હોતા નથી; પણ લોકરૂઢિ પ્રમાણે આ અર્થ કર્યો છે.

પાસે બબ્બેની એવી ત્રણ ટુકડીમાં વહેંચાઈ જઈ, નગરમાં ભિક્ષા માગવા જવાની પરવાનગી માગી.

પરવાનગી મળતાં તેઓ તે પ્રમાણે નગરમાં ભિક્ષા માગવા નીકળી પડ્યા. પ્રથમ બે જણ ઘેરઘેર ભિક્ષા માટે ફરતા ફરતા વસુદેવ રાજાની રાણી દેવકીના ઘરમાં પેઠા. તેમને આવતા જોઈ દેવકીરાણી અત્યંત હર્ષિત થઈ, સાતઆઠ પગલાં તેમની સામે ગઈ, અને તેમને વંદન–નમસ્કાર કર્યો. પછી રસોડામાંથી સીંહકેસરના લાડુનો થાળ ભરી લાવી, તેમને આપ્યા, તથા વંદન–નમસ્કારપૂર્વક તેમને વિદાય કર્યા.

ત્યાર બાદ તેમનામાંના બીજા બે જણ પણ ફરતા ફરતા દેવકીરાણીને ત્યાં જ આવી પહોંચ્યા. તેમને પણ દેવકીરાણીએ તે જ લાડુની ભિક્ષા આપીને વિદાય કર્યા.

થોડી વારમાં તેમનામાંના બાકીના બેનું ત્રીજું જોડું પણ ફરતું ફરતું દેવકીરાણીને ત્યાં જ આવી પહોંચ્યું. તેમને પણ દેવકીએ તે જાતના લાડુ જ આપ્યા; પણ સાથે સાથે ટકોર કરી કે, 'કૃષ્ણવાસુદેવની આવડી મોટી દ્વારકામાં શ્રમણ-નિર્ગ્રંથોને બીજે ક્યાંય ભિક્ષા જ નથી મળતી, જેથી તેઓ એક ને એક ઘેર વારંવાર ભિક્ષા માગવા આવે છે!'

તે સાંભળી તે બંનેએ દેવકીરાણીને કહ્યું, "હે દેવાનુ-પ્રિયે! એવું હરગિજ નથી; શ્રમણનિર્ગ્રંથો એક ને એક ઘેર ફરી ભિક્ષા માગવા જાય જ નહીં. પરંતુ અમે છ ભાઈ ભદ્દિલપુર નગરના નાગ નામના ગૃહસ્થના પુત્રો છીએ. અમે અમારી સુલસા માતાને પેટે એક સાથે જ જન્મેલા છીએ, તથા એક જ આકૃતિ તથા વર્ણના છીએ. આજે અમારે છયે જણને એક સાથે જ પારણું કરવાનું હોવાથી બબ્બેની

ટુકડીમાં ભિક્ષા માગવા નીકળ્યા છીએ. એટલે કદાચ તમને લાગ્યું હશે કે, એ જ જણા વારંવાર એક જ ઘેર ભિક્ષા માગવા આવે છે!"

આટલું કહી તેઓ પોતાને રસ્તે ચાલતા થયા. ત્યાર બાદ દેવકીરાણીને આ પ્રમાણે વિચાર આવ્યો: 'પોલાસપુરમાં હું નાની હતી ત્યારે કુમારશ્રમણ અતિમુક્તકે[1] મને કહ્યું હતું કે, તને એક જ સમાન વર્ણના તથા આકૃતિના નલ-કુબ્બર જેવા આઠ પુત્રો થશે; આખા ભરતખંડમાં બીજી કોઈ સ્ત્રીને તેવા પુત્રો નહીં થાય. પરંતુ આ તો પ્રત્યક્ષ જ એમનું વચન જૂઠું પડતું લાગે છે. ભરતખંડમાં બીજી સ્ત્રીઓ પણ તેવી છે, કે જેમને એક સાથે જન્મેલા, નલ-કુબ્બર જેવા પુત્રો છે માટે આજે અરિષ્ટનેમિ ભગવાન પાસે જઈને આ વાતનો ખુલાસો પૂછી આવું.'

આવો વિચાર કરી, તે ઉત્તમ વાહન[2] તૈયાર કરાવી, તેમાં બેસી ભગવાન પાસે ગઈ. ત્યાં તો ભગવાને પોતે

---

૧. તે કંસનો નાનો ભાઈ થતો હતો. તે નાનપણથી જ સાધુ થઈ ગયો હતો. દેવકીનો સાતમો પુત્ર કંસને મારશે એવું પણ તેણે જ ભાખ્યું હતું.

૨. વાહનનાં વિશેષણ: જલદી ચાલવાવાળા, પ્રશસ્ત અને સદૃશ રૂપવાળા, સમાન ખરી અને પુચ્છવાળા, સમાન ઊગેલાં શીંગડાંવાળા, સોનાનાં આભરણોથી યુક્ત, ચાલવામાં ઉત્તમ, રૂપાની ઘંટડીઓથી યુક્ત, સુવર્ણમય સૂતરની નાથ વડે બાંધેલા, નીલકમળના શિરપેચવાળા, બે ઉત્તમ બળદોથી યુક્ત; અનેક પ્રકારની મણિમય ઘંટડીઓના સમૂહથી વ્યાપ્ત; ઉત્તમ કાષ્ઠમય ધૂંસરું અને જોતરની બે દોરીઓ ઉત્તમ રીતે જેમાં ગોઠવેલી છે તેવો, પ્રવર, લક્ષણયુક્ત, ધાર્મિક અને શ્રેષ્ઠ રથ.

જ તેના મનની વાત જાણી લઈ, તેને જવાબ આપ્યો, કે, "હે દેવાનુપ્રિયે! વસ્તુસ્થિતિ તેમ જ છે. તે છ તારા જ પુત્રો છે; બીજી કોઈને તેવા પુત્રો નથી. પરંતુ વાત એમ બની છે કે, ભદ્દિલપુર નગરમાં નાગ નામે ગૃહસ્થ રહેતો હતો. તેની સુલસા નામની ભાર્યાનું નાનપણમાં જ કોઈ નિમિત્તશાસ્ત્ર જાણનારા જોષીએ એવું ભવિષ્ય ભાખ્યું હતું કે, 'આ છોકરી મરેલાં બાળકોને જ જન્મ આપશે' એ જાણીને નાનપણથી જ સુલસાએ હરિણેગમેસિ[1] દેવની ભક્તિ કરવા માંડી હતી. તેણે તે દેવની એક મૂર્તિ કરાવી હતી; તથા રોજ સવારમાં નાહી-પરવારી, ભીને કપડે જ મોંઘાં ફૂલો વડે તે તેનું પૂજન કરતી તથા ઢીંચણે વળી પગે લાગતી. ત્યાર બાદ તે આહાર-નીહાર પરવારતી કે કપડાં-લત્તાં પહેરતી. સુલસાની આ પ્રકારની ભક્તિ-પૂજા-શુશ્રૂષા વડે તે દેવ ઘણો પ્રસન્ન થયો. તેથી તેણે તને (દેવકીને) તેમ જ સુલસાને એક સાથે ઋતુ-ધર્મવાળી કરી, અને તમને બંનેને એક સાથે જ ગર્ભ રહ્યો. સુલસાએ જે મરેલા પુત્રોને જન્મ આપ્યો તે લઈને હરિણે-ગમેસિ દેવે તારી પાસે મૂકી દીધા, અને તેં જે જીવતા પુત્રોને જન્મ આપ્યો તે લઈને તેણે સુલસાની પાસે મૂકી દીધા. એટલે એ છયે તારા પુત્રો છે; સુલસાના નથી."

આ સાંભળી હર્ષિત તથા સંતુષ્ટ થઈ, ભગવાનને નમસ્કાર કરી, દેવકી જ્યાં પેલા છ સાધુઓ હતા, ત્યાં ગઈ, અને તેમને વંદન-નમસ્કાર કર્યા.

---

૧. દેવેંદ્ર શક્રની પાયદળ સેનાનો અધિપતિ. મહાવીરનો ગર્ભ પણ તેણે જ બ્રાહ્મણીના પેટમાંથી ખસેડી ક્ષત્રિયાણીના પેટમાં મૂક્યો હતો. જુઓ, આ માળાનું 'આચારધર્મ' પુસ્તક પા. ૧૬૮.

તે વખતે એકીટસે તેમને નીરખતાં નીરખતાં તેના સ્તનમાંથી દૂધની ધારા છૂટી, તેનાં લોચન પ્રેમાશ્રુથી ઊભરાઈ ગયાં, તેનું શરીર હર્ષથી પ્રફુલ્લ થતાં તેનો કંચુક વિસ્તીર્ણ થયો, તેના બાજુબંધ તૂટી ગયા, અને વરસાદની ધારા પડતાં કદંબનું ફૂલ બની જાય તેમ તેનાં રૂંવાટાં ઊભાં થઈ ગયાં. લાંબો વખત તેમને નીરખ્યા બાદ, તે તેમને તેમજ અરિષ્ટનેમિ ભગવાનને નમસ્કાર કરી, પોતાના વાહનમાં બેસી પોતાને ઘેર પાછી આવી, અને સીધી પોતાની પથારીમાં જઈને પડી.

બહુ જ ઓછું આવવાથી, ત્યાં આળોટતાં આળોટતાં તે વિચારવા લાગી કે, મને નલ-કુબ્બર જેવા સાત સાત પુત્ર થયા, પણ એકેનું બચપણ મેં અનુભવ્યું નહીં.[1] આ કૃષ્ણ-વાસુદેવ પણ છ-છ મહિને એક વાર મને નમસ્કાર કરવા મારી પાસે આવે છે. તે સ્ત્રીઓને ધન્ય છે. તે સ્ત્રીઓ ખરેખર પુણ્યશાળી છે, કૃતાર્થ છે, સુલક્ષણી છે, તથા તેમનો મા તરીકેનો મનુષ્ય-જન્મ સફળ થયો છે, કે જેમને પોતાને પેટે જન્મેલાં, ધાવવા માટે આતુર, તથા કાલુંકાલું મધુર બોલતાં, મુગ્ધ બાળકો સ્તન આગળથી નીચે ખોળામાં સરી પડે છે, તથા તેમના કમળ જેવા કોમળ હાથ પકડીને તેમને ફરી ખોળે લેવા જતાં તેઓ પાછાં ફરીફરી કાલુંકાલું બોલી મધુર અવાજો કરે છે. પણ હું એવી અભાગી, પાપણી છું, કે મને એવું એક પણ બાળક ઉછેરવાનું ન મળ્યું.' હતાશ થઈને જમીન તરફ નજર કરી, હાથ ઉપર માથું મૂકી, તે આવું આવું વારંવાર ચિંતવવા લાગી.

---

૧. કૃષ્ણને પણ કંસના હાથમાંથી બચાવવાને જન્મતાંવેંત ગોકુળમાં નંદને ત્યાં ખસેડી દેવામાં આવ્યા હતા.

આ તરફ કૃષ્ણ વાસુદેવ નાહી-ધોઈ, અલંકારાદિથી વિભૂષિત થઈ, દેવકીરાણીને પગે લાગવા માટે આવ્યા. તે વખતે દેવકીની હતાશ દશા દેખી તે તેમના ચરણ પકડી તેમને પૂછવા લાગ્યા: 'હે મા! પહેલાં તો તમે મને દેખી બહુ રાજી થતાં હતાં; પણ આજે હું આવ્યો છું છતાં તમે કેમ ઉદાસ જેવાં દેખાઓ છો?'

ત્યારે દેવકીએ તેમને પોતાની વાત દિલ ખોલીને કહી સંભળાવી. એટલે કૃષ્ણે તરત જ તેમને કહ્યું: 'હે મા! તમે હવે એ વિષેની ચિંતા કરવી છોડી દો. મને નાનો ભાઈ થાય તે જાતની બધી પેરવી હું તરત જ કરીશ.' ત્યાર બાદ દેવકી-રાણીને પ્રિય લાગે તેવાં વચનો વડે આશ્વાસન આપી કૃષ્ણ ત્યાંથી નીકળી પોતાની પૌષધશાળામાં ગયા. અને હરિણેગમેસિ દેવને બોલાવવા માટે શુદ્ધ બ્રહ્મચર્ય ધારણ કરી આઠ ટંકના ઉપવાસનું વ્રત સ્વીકાર્યું, તથા શરીર ઉપરનાં આભરણો, માળા, વિલેપનો, અને શસ્ત્રમુશળાદિનો ત્યાગ કરી પોતે એકલા ત્રણ દિવસ દર્ભની પથારી ઉપર તીવ્ર સંકલ્પ કરતા બેઠા.

તપની પૂર્ણાહુતિ સાથે કૃષ્ણના સંકલ્પનું બળ પરાકાષ્ઠાએ પહોંચતાં જ હરિણેગમેસિનું આસન ચલિત થયું, અને પોતાને કૃષ્ણ યાદ કરે છે તેવું લાગતાં જ, તે વેગવતી ગતિથી માર્ગમાં આવતા અસંખ્ય દ્વીપોને ઝપાટાબંધ ઓળંગતો ઓળંગતો કૃષ્ણની પૌષધશાળામાં આવી પહોંચ્યો. આવતાં વેંત જ તેણે કૃષ્ણને, પોતાને યાદ કરવાનું કારણ પૂછ્યું. કૃષ્ણે કહ્યું: 'હે દેવાનુપ્રિય! મારી માતાને પેટે મારો નાનો ભાઈ જન્મે એવી મારી ઇચ્છા છે.'

હરિણૈગમેસિએ કહ્યું, 'હે દેવાનુપ્રિય! દેવલોકમાંથી ચ્યવીને એક જીવ તારા ભાઈ તરીકે ઉત્પન્ન થશે. યુવાવસ્થામાં આવતાં તે અરિષ્ટનેમિ પાસે દીક્ષા લઈને સાધુ થશે.' આટલું કહી, તે પોતાને સ્થાને પાછો ચાલ્યો ગયો.

ત્યારબાદ એક વખત દેવકીએ સ્વપ્નમાં એક સિંહને પોતાના મુખમાં પેસતો જોયો. પછી નવ મહિને દેવકીએ હાથીના તાળવા જેવા લાલ રંગના સુકુમાર તથા બધાંની આંખે વળગે તેવા પુત્રને જન્મ આપ્યો. તેનો રંગ જપાના ફૂલ જેવો, લાલ બંધુજીવકનાં ફૂલ જેવો, અળતા જેવો, પારિજાતકના ફૂલ જેવો, તથા ઊગતા સૂર્ય જેવો લાલ હતો. તેનો વર્ણ હાથીના તાળવા સમાન હોવાથી તેનું નામ ગજ-સુકુમાર રાખવામાં આવ્યું.

ભારે ઠાઠ-માઠ તથા લાડપાડમાં ઊછરતો તે ગજસુકુમાર ધીમે ધીમે મોટો થવા લાગ્યો તથા વિદ્યા–કળા ભણી યુવાવસ્થામાં આવી પહોંચ્યો.

તે વખતે દ્વારકા નગરીમાં સોમિલ નામે બ્રાહ્મણ રહેતો હતો. તે ઋગ્વેદાદિ વિદ્યાઓમાં પારંગત હતો. તેને સોમશ્રી નામે ભાર્યા હતી, અને સોમા નામની સુંદર, સુરૂપ, તથા લાવણ્યયુક્ત પુત્રી હતી.

એક વખત સોમા પોતાની દાસીઓ સાથે રાજમાર્ગ ઉપર, સોનાના દડા વડે રમતી હતી. તે જ વખતે અરિષ્ટનેમિ પધાર્યા હોવાથી કૃષ્ણ ગજસુકુમારને સાથે લઈ, હાથી ઉપર બેસી, અરિષ્ટનેમિનાં દર્શને જતા હતા. તેમની ઉપર કોરંટ પુષ્પની માળાઓ યુક્ત છત્ર ધારણ કરવામાં આવ્યું હતું, તથા ઉત્તમ શ્વેત ચામરો તેમની આજુબાજુ ઢોળવામાં આવતાં હતાં.

જતાં જતાં કૃષ્ણની નજર પેલી સોમા ઉપર પડી. તેના રૂપ-લાવણ્યથી તે ચકિત થઈ ગયા. તેમણે તરત પોતાના હજૂરિયાઓને બોલાવીને કહ્યું, 'તમે આ કન્યાના પિતા પાસેથી એ કન્યા માગી લઈ, તેને કન્યાઓના અંતઃપુરમાં લઈ જાઓ, પછી તેને ગજસુકુમાર સાથે પરણાવીશું.' પેલાઓએ પણ તરત તે આજ્ઞાનો અમલ કરી દીધો.

પછી કૃષ્ણ વગેરે અરિષ્ટનેમિ પાસે જઈ પહોંચ્યા, અને તેમને વંદનાદિ કરી ધર્મોપદેશ સાંભળવા લાગ્યા. ત્યાર બાદ કૃષ્ણ તો ઘેર પાછા ફર્યા, પણ ગજસુકુમારે તો ભગવાનને નમસ્કાર કરી, તેમની પાસે સાધુ થવાનો પોતે કરેલો નિશ્ચય નિવેદિત કર્યો.

ત્યાર બાદ ભગવાનની રજાથી તે પોતાનાં માતપિતા પાસે સાધુ થવાની રજા માગવા આવ્યા.

તેમનાં માતપિતાએ તેમને અનુકૂળ-પ્રતિકૂળ એવી ઘણી ઘણી દલીલોથી[1] સાધુ ન થવાને સમજાવ્યા. કૃષ્ણે પણ એ વાત જાણી ગજસુકુમાર પાસે આવી દ્વારિકાની રાજગાદીએ તેમનો જ અભિષેક કરવાનું જણાવ્યું, પણ ગજસુકુમાર એકના બે ન થયા. ત્યારે છેવટે તેમનાં માતપિતાએ તેમને કહ્યું : 'હે પુત્ર! બીજું તો કાંઈ નહિ પણ અમે તારી એક દિવસની રાજ્યલક્ષ્મી નજરે જોઈ લેવા ઇચ્છીએ છીએ.'

ગજસુકુમારે માતપિતાની તે આજ્ઞાનો સ્વીકાર કર્યો. પછી મોટી ધામધૂમથી ગજસુકુમારનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. ત્યાર બાદ તેમનાં માતપિતાએ તેમને પૂછ્યું :

---

૧. એ બધી દલીલો માટે જુઓ આ માળાનું 'ધર્મકથાઓ' પુસ્તક, પા. ૨૦ થી ૨૩

'હે પુત્ર! અમે તને શું આપીએ? તારા હૃદયની શી ઇચ્છા છે?'

ત્યારે ગજસુકુમારે કહ્યું: 'હે માતપિતા! મને બજાર-માંથી એક રજોહરણ, અને પાત્ર એ બે વસ્તુઓ મંગાવી આપો, અને મારા કેશ કાપવાને માટે એક કાશ્યપ (હજામ)ને બોલાવો.'

તેમનાં માતપિતાએ તે પ્રમાણે તરત જ કર્યું. ગજ-સુકુમારનું રાજા તરીકેનું આ 'છેલ્લું' દર્શન છે એમ સમજીને તેમની માતાએ રોતાં રોતાં તેમના કેશ ઘણી માનવૃત્તિથી લઈ લીધા અને સુગંધી પાણીથી ધોઈ, ગોશીર્ષ-ચંદનમાં રગદોળી, ધોળા કપડામાં બાંધી, રત્નના દાબડામાં બંધ કરીને એક પેટીમાં મૂક્યા, અને તે પેટી ગજસુકુમારની હંમેશની યાદગીરી માટે પોતાના ઓશિકા નીચે રાખી.

ત્યાર બાદ ગજસુકુમાર સ્નાન કરી, નાસિકાના નિઃશ્વાસથી પણ ઊડી જાય તેવું હંસલક્ષણું[1] વસ્ત્ર તેમજ યોગ્ય આભૂષણો પહેરી, શિબિકામાં બેસી, માતપિતા, કુટુંબ, અને પુરજનોના સમુદાય સાથે ભગવાન અરિષ્ટનેમિ પાસે આવી પહોંચ્યા. રસ્તામાં માગધો વગેરેએ જયજયકાર શબ્દ સાથે તેમને નીચે પ્રમાણે આશીર્વાદ આપ્યો:

'નહિ જિતાયેલી ઇંદ્રિયોને જીતજો, શ્રમણ ધર્મને શોભાવજો; ધૈર્યરૂપી કચ્છ બાંધી, તપથી રાગદ્વેષરૂપી મલ્લને હણજો; ઉત્તમ ધ્યાનથી કર્મોને મસળી નાખજો; અને નિર્ભય રહી દુઃખ-કષ્ટોની સેનાનો નાશ કરજો! તમારો માર્ગ વિઘ્નરહિત થાઓ!'

---

૧. હંસની ભાતવાળું, કે હંસ જેવું ધોળું.

ગજસુકુમારને આગળ કરી, તેમનાં માતાપિતા ભગવાન પાસે આવ્યાં અને તેમની ત્રણ વાર પ્રદક્ષિણા કરી, વંદન અને નમસ્કારપૂર્વક બોલ્યાં :

'હે દેવાનુપ્રિય! આ ગજસુકુમાર અમારો પ્રાણસમો પ્રિય પુત્ર છે, તથા અમારે માટે ઉંબરાના પુષ્પસમો દુર્લભ છે. હે દેવાનુપ્રિય! જેમ કમળ કાદવમાં ઉત્પન્ન થાય છે, અને પાણીમાં વધે છે, પણ કાદવની રજથી કે પાણીના બિંદુથી લેપાતું નથી, તેમ કામોમાં થયેલો અને ભોગોમાં વધેલો આ ગજસુકુમાર આપનો ઉપદેશ સાંભળી, હવે કામ અને ભોગરસથી ખરડાવા ઇચ્છતો નથી, સંસારના ભયથી તેને ઉદ્વેગ થયો છે; જન્મ–જરા–મૃત્યુના ત્રાસથી તે ભયભીત થયો છે, અને આપ દેવાનુપ્રિયની પાસે રહી, સાધુ થઈ, પ્રવ્રજ્યા લેવા ઇચ્છે છે. માટે હે દેવાનુપ્રિય! અમે આપને તેની શિષ્ય-ભિક્ષા આપીએ છીએ, તે આપ સ્વીકારો.'

પછી ગજસુકુમારે ઉતારી નાખેલાં વસ્ત્રાભૂષણ ઝીલતી તેમની માતા ગળગળી થઈને બોલી :

'હે પુત્ર! તું યત્ન કરજે; પરાક્રમ કરજે, અને લેશ પણ પ્રમાદ ન કરીશ. અમને પણ તારો માર્ગ પ્રાપ્ત થાઓ.'

પ્રવ્રજ્યાવિધિ પૂરો થતાં બાકીનાં સૌ પોતપોતાને સ્થાને પાછાં ફર્યાં. માત્ર ગજસુકુમાર વળતે પહોરે ભગવાન પાસે જઈ કહેવા લાગ્યા : 'હે ભગવન્! આપની અનુજ્ઞા હોય, તો મહાકાલ સ્મશાનમાં જઈ, (ભિક્ષુઓની બાર પ્રતિમાઓમાંથી છેલ્લી, બારમી) મહાપ્રતિમાનું એક રાત્રી કરવાનું (દુષ્કર) તપ કરું.[૧]

૧. જુઓ આગળ પા. ૧૨૭. સામાન્ય ક્રમમાં પ્રતિમાઓનું તપ ગમે તે સ્વીકારી શકતો નથી. તેનું શારીરિક બંધારણ વિશિષ્ટ

ભગવાનની અનુજ્ઞા મળતાં ગજસુકુમાર મહાકાલ સ્મશાનમાં ગયા, અને ત્યાં યોગ્ય સ્થાન જોઈ-તપાસી મહાપ્રતિમા વ્રત સ્વીકારી, મોં થોડું નીચે રાખી, હાથ લટકતા રાખી, આંખ મટ-મટાવ્યા વિના એક જ પદાર્થ ઉપર નજર માંડી, શરીરને જરા આગળના ભાગમાં નમતું મૂકી, સર્વ ઇંદ્રિયોને વશમાં રાખી, બંને પગ એકઠા રાખી ઊભા રહ્યા.

તે દિવસે સોમિલ બ્રાહ્મણ સમિધ વીણવા નગરીની બહાર નીકળી ગયો હતો. સમિધ, દર્ભ, કુશ, તથા ચૂંટેલાં પાન એકઠાં કરી, સંધ્યાકાળે મહાકાલ સ્મશાન આગળ થઈને તે જતો હતો. તે વખતે અંધારું થઈ ગયું હતું, અને લોકોનો અવરજવર બંધ થઈ ગયો હતો. તે વખતે અચાનક તેની નજરે ગજસુકુમાર મુનિ પડ્યા. તેમને દેખતાં જ તેને પોતાનું વેર યાદ આવ્યું. અને એકદમ ગુસ્સે થઈ જઈ, તેણે વિચાર્યું, 'ગજસુકુમાર આ ન ઇચ્છવા લાયક વસ્તુની ઇચ્છા કરતો[1]

પ્રકારનું હોય, તેની બુદ્ધિ પણ વિશેષ પ્રકારની હોય, તેણે લગભગ દશ પૂર્વગ્રંથો જેટલો અભ્યાસ કરેલો હોવો જોઈએ, તથા ઓછામાં ઓછો ૯મા પૂર્વની ત્રીજી વસ્તુ સુધી તો તેનો અભ્યાસ હોવો જ જોઈએ. ઉપરાંત દરેક પ્રતિમા અનુક્રમે લેવાની હોય છે; તથા તે દરેકની પૂર્વતૈયારી પણ અમુક કાળ પહેલેથી કરવાની હોય છે. પરંતુ અહીં તો અરિષ્ટનેમિ પ્રભુએ પોતે રજા આપી હોવાથી એ બધા વિધિ-નિયમો પડતા મુકાયા છે. — ટીકા.

૧. એ બધી ગાળોની વિગત આ પ્રમાણે છે:

'અનિષ્ટ વસ્તુની ઇચ્છા કરનાર — મરણનો ઇચ્છુક, નઠારાં પરિણામવાળાં લક્ષણોવાળો, હીણી પુણ્ય ચૌદશને દિવસે જન્મેલ (અર્થાત્ અત્યંત ભાગ્યવંતને જન્મસમયે જ તે ચૌદશ પૂર્ણ હોય છે).

મારી પુત્રી સોમામાં કાંઈ દોષ ન હોવા છતાં, તેની યુવાવસ્થામાં તેને તજી સાધુ થયો છે. માટે લાવ તેનું વેર લઉં.' એમ વિચારી તેણે ચારે તરફ નજર કરીને, ભીની માટી હાથમાં લીધી; પછી ગજસુકુમાર પાસે જઈ, તેમના માથા ઉપર તે માટીની પાળી બાંધી દીધી. પછી સળગતી ચિતામાંથી ફૂલેલાં કેસૂડાં સમાન લાલચોળ અંગારા[1] કલાડામાં લઈ, ગજસુકુમારના માથા ઉપર ભર્યા; અને પછી આજુબાજુ જોતો, ડરતો ડરતો ત્યાંથી જલદી ભાગી ગયો.

ગજસુકુમારના માથા ઉપર પેલા સળગતા અંગારા પડતાં જ તેમના શરીરમાં ભયંકર વેદના ઉત્પન્ન થઈ. પરંતુ સોમિલ બ્રાહ્મણ તરફ જરા પણ મન બગાડ્યા વિના તેમણે તે વેદના પ્રસન્ન ચિત્તે, તથા શુભ ચિંતનપૂર્વક સહી લીધી. તેની સાથે જ આવરણ કરનારાં કર્મોનો ક્ષય થતાં, તેમને અપૂર્વકરણ નામનું (આઠમું) ગુણસ્થાન[2] પ્રાપ્ત થયું, જેનાથી કર્મરજ સારી પેઠે ખંખેરાઈ જાય છે. ત્યાર બાદ તેમને

---

૧. મૂળમાં 'ખેરના લાકડાના અંગારા' છે.

૨. 'ગુણ' એટલે આત્માની સ્વભાવભૂત ચારિત્ર્ય, વીર્ય આદિ શક્તિઓ; અને 'સ્થાન' એટલે તે શક્તિઓની શુદ્ધતાની તરતમભાવવાળી અવસ્થાઓ. આત્માના સહજ ગુણો ઉપરથી આવરણો ઓછાં થતાં તે સહજ ગુણો પોતાને શુદ્ધ સ્વરૂપે પ્રગટ થાય છે એ શુદ્ધિનાં ૧૪ પગથિયાં વિચારવામાં આવ્યાં છે. આઠમા ગુણસ્થાને પૂર્વે કદી નહિ અનુભવેલો આત્મશુદ્ધિનો અનુભવ થાય છે, અને અપૂર્વ વીર્યોલ્લાસ પ્રગટ છે; તેથી તેને 'અપૂર્વકરણ' કહે છે. વિશેષ વિગતો માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક' પા. ૧૭૨-૩.

અનંત તથા અનુત્તમ, એવું ઉત્તમ કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રાપ્ત થયું. ત્યાર બાદ તે સિદ્ધ-બુદ્ધ અને મુક્ત થયા અને સર્વ દુઃખોનો અંત તેમણે પ્રાપ્ત કર્યો. પાસે ઊભેલા દેવોએ તેમના ઉપર દિવ્ય સુગંધી જળનો વરસાદ વરસાવ્યો, પાંચ વર્ણનાં ફૂલ વેર્યાં, વસ્ત્રોને ધ્વજા તરીકે ફરકાવ્યાં, વાજિંત્રોના નાદ સહિત દિવ્ય ગાન ગાયાં; અને એ રીતે ગજસુકુમારના વ્રત-પાલનને વધાવી લીધું.

સવાર થતાં કૃષ્ણ વાસુદેવ સ્નાનાદિ પરવારી, હાથી ઉપર બેસી, સૈનિકોનાં વૃંદોથી વીંટળાઈ, અરિષ્ટનેમિનાં દર્શને ચાલ્યા. રસ્તામાં તેમણે એક વૃદ્ધ કમજોર માણસને રસ્તા ઉપરના ઈંટોના મોટા ઢગલામાંથી એક એક ઈંટ ઊંચકીને ઘરમાં લઈ જતો જોયો. તેને જોઈ, તેના ઉપર અનુકંપા લાવી, કૃષ્ણે જાતે એક ઈંટ ઉપાડી તેના ઘરમાં મૂકી આપી. તેમને તેમ કરતા જોઈ, તેમની સાથેના અનેક પુરુષોએ થોડી જ વારમાં આખો ઢગલો તેના ઘરમાં ખસેડી આપ્યો.

ત્યારબાદ કૃષ્ણ અરિષ્ટનેમિ પાસે ગયા, અને તેમને વંદન-નમસ્કારાદિ કર્યા બાદ, ગજસુકુમારને ત્યાં ન જોતાં પૂછવા લાગ્યા: 'ભગવન્! મારા નાના ભાઈ ગજસુકુમાર અહીં કેમ નથી દેખાતા?'

ત્યારે અરિષ્ટનેમિએ કહ્યું: 'હે કૃષ્ણ! ગજસુકુમારે પોતાનું કામ પૂરું કર્યું.'

કૃષ્ણે પૂછ્યું: 'તેમણે પોતાનું કામ કેવી રીતે પૂરું કર્યું?'

ત્યારે અરિષ્ટનેમિએ ગજસુકુમારના દેહાંતની વાત પહેલેથી માંડીને કહી સંભળાવી.

પછી કૃષ્ણે પૂછ્યું : "હે ભગવન્! મારા ભાઈને કમોતે મારી નાખનાર એ પુરુષનું નામ શું છે?"

ભગવાને કહ્યું. "હે કૃષ્ણ! તું તે પુરુષ પ્રત્યે વૈરવૃત્તિ ન કરીશ. કારણ કે તેણે તો વસ્તુતાએ ગજસુકુમારને મદદ કરી છે."

કૃષ્ણે પૂછ્યું : 'હે ભગવન્! તેણે મારા ભાઈને કેવી રીતે મદદ કરી છે?'

ભગવાને કહ્યું : 'હે કૃષ્ણ! તું અત્યારે મારાં દર્શને આવતો હતો, તેવામાં રસ્તામાં પેલા ઈંટો ઊંચકનારને તેં રીતે જેવી મદદ કરી છે, તેવી જ રીતે પેલા પુરુષે પણ ગજસુકુમારનાં અનેક જન્મનાં સંચિત કર્મોને તેમના વખત પહેલાં ખંખેરી નાખવામાં ગજસુકુમાર મુનિને સારી પેઠે મદદ કરી છે.

ત્યાર બાદ કૃષ્ણે અરિષ્ટનેમિને પૂછ્યું, 'ભગવન્! એ પુરુષનું એંધાણ શું છે?'

ત્યારે અરિષ્ટનેમિએ કહ્યું : 'અત્યારે તને દ્વારકા નગરીમાં પેસતો દેખતાં જ ત્યાં ઊભેલો જે માણસ જમીન ઉપર તૂટી પડી મરણ પામે, તે માણસને તું તારા ભાઈનો ઘાતક જાણજે.'

ત્યાર બાદ કૃષ્ણ વાસુદેવ અરિષ્ટનેમિને વંદનાદિ કરી, હાથી ઉપર બેસી દ્વારકા તરફ પાછા ફર્યા.

આ તરફ સોમિલ બ્રાહ્મણને સવારના પહોરમાં જ વિચાર આવ્યો કે, કૃષ્ણ વાસુદેવ અરિષ્ટનેમિનાં દર્શને ગયા છે; અરિષ્ટનેમિ મારો અપરાધ જરૂર જાણી ગયા હશે; અને કૃષ્ણને તે વિષે વાત કરશે. એટલે પાછા ફરતાં જ કૃષ્ણ મને જરૂર કમોતે મરાવી નાખશે; માટે લાવ હું ભાગી જાઉં.

એમ વિચારી, તે ઘેરથી નીકળી કૃષ્ણ જે તરફથી દ્વારકામાં દાખલ થતા હતા, ત્યાં જ બરાબર સામો જઈ પહોંચ્યો. અચાનક કૃષ્ણને સામા જ આવેલા જોઈ, તે બ્રાહ્મણ ડરનો માર્યો ત્યાં ને ત્યાં સ્તબ્ધ થઈ ગયો અને મરણ પામી જમીન ઉપર ગબડી પડ્યો.

કૃષ્ણે તેના મડદાને ચાંડાળો પાસે કઢાવી નાંખ્યું, અને તે જમીન ઉપર પાણી છંટાવી દીધું.

ટિપ્પણ

ત્રીજા વર્ગની નવમી કથામાં: દ્વારકાનગરી, બળદેવ રાજા, ધારિણી રાણી, સિંહનું સ્વપ્ન, સુમુખ કુમાર – પચાસ કન્યાઓ, ૧૪ પૂર્વોનું અધ્યયન, વીસ વર્ષ સાધુપણું, શત્રુંજય ઉપર મુક્તિ – બાકીનું બધું ગૌતમની કથા મુજબ.

તે જ પ્રમાણે ૧૦મી, અને ૧૧મી કથા પણ સમજવી. માત્ર કુમારોનાં નામ અનુક્રમે દુર્મુખ, અને કૂપક સમજવાં. ૧૨મી કથા પણ એ જ પ્રમાણે. પણ કુમારનું નામ દારુક, અને માતપિતાનું નામ વાસુદેવ તથા ધારિણી. તે જ પ્રમાણે ૧૩મી કથા પણ સમજવી. કુમારનું નામ અણાદિટ્ઠી.

૪

ચોથા વર્ગમાં દશ કથાઓ સમજવી: કુમારોનાં નામ નીચે પ્રમાણે:

જાલિ, મયાલિ, ઉપજાલિ, પુરુષસેન, વારિષેણ, પ્રદ્યુમ્ન, સાંબ, અનિરુદ્ધ, સત્યનેમિ, અને દૃઢનેમિ.

જાલિની કથા: દ્વારિકા નગરી, વસુદેવ રાજા, ધારિણી રાણી, જાલિકુમાર, ૫૦ કન્યા, બાર અંગોનું અધ્યયન, ૧૬ વર્ષ સાધુપણું — બાકી બધું ગૌતમ મુજબ — શત્રુંજય ઉપર મુક્તિ.

એ પ્રમાણે મયાલિ, ઉપજાલિ, પુરુષસેન, અને વારિષેણનું સમજવું.

પ્રદ્યુમ્નનું પણ તેમ જ સમજવું: પણ પિતાનું નામ કૃષ્ણ, અને માતાનું નામ રુક્મિણી.

તે જ પ્રમાણે સાંબનું પણ સમજવું. પણ માતાનું નામ જાંબવતી.

એ જ પ્રમાણે અનિરુદ્ધનું પણ. પરંતુ પિતાનું નામ પ્રદ્યુમ્ન, અને માતાનું નામ વૈદર્ભી.

તેવું જ સત્યનેમિનું પણ. પરંતુ પિતાનું નામ સમુદ્રવિજય, અને માતાનું નામ શિવા.

તે જ પ્રમાણે દૃઢનેમિનું પણ.

૩

પદ્માવતીની કથા

દ્વારકા નગરીમાં કૃષ્ણવાસુદેવ રાજ્ય કરતા હતા તે વખતની વાત છે. તેમને પદ્માવતી નામે રાણી હતી.

એક વખત અરિષ્ટનેમિ ફરતા ફરતા ત્યાં આવી પહોંચ્યા. તેમને આવ્યા જાણી કૃષ્ણવાસુદેવ તેમને દર્શને ગયા. પદ્માવતી રાણી પણ તેમને આવ્યા જાણી ખૂબ હર્ષિત થઈ તેમને દર્શને ગઈ. ત્યાર બાદ અરિષ્ટનેમિએ કૃષ્ણને તેમજ પદ્માવતી વગેરેને ધર્મોપદેશ આપ્યો.

બધા વીખરાઈ ગયા બાદ, કૃષ્ણે અરિષ્ટનેમિને વંદનાદિ કરી પૂછ્યું : 'હે ભગવન્! આ દેવપુરી જેવી દ્વારકા નગરીનો નાશ શાનાથી થશે?'

ભગવાને જવાબ આપ્યો : 'હે કૃષ્ણ! આ દેવપુરી જેવી નગરીનો નાશ સુરા-અગ્નિ-અને દ્વૈપાયન[1] વડે થશે.'

---

૧. પરાશર મુનિને યમુનાના દ્વીપમાં કોઈ નીચ કુળની કન્યાના સેવનથી થયેલો પુત્ર. સાંબ વગેરે યાદવકુમારોએ દારૂથી મત્ત થઈ, એ દ્વૈપાયન મુનિને મરણતોલ માર માર્યો; તેથી મરતી વેળા દ્વારકાના યાદવોને બાળી નાખનાર તરીકે જન્મવાનો તેણે સંકલ્પ કર્યો. પછી તે અગ્નિકુમાર દેવોમાં દેવ તરીકે ઉત્પન્ન થયો; તે દેવે પછી દ્વારકાને યાદવો સાથે બાળી નાખી. માત્ર કૃષ્ણ – બળરામ બે જ જીવતા નીકળી શક્યા; એવી કથા છે. ત્રિષષ્ટિ શલાકા૦ પર્વ ૮, સર્ગ ૧૧.

આ સાંભળી, કૃષ્ણને બહુ ઓછું આવ્યું. તેમને વિચાર આવ્યો કે જાલિ, મયાલિ, પુરુષસેન, વારિષેણ, પ્રદ્યુમ્ન વગેરે કુમારોને ધન્ય છે કે, તેઓએ ધન–સંપત્તિ, અંતઃપુર વગેરે સર્વસ્વ તજીને અરિષ્ટનેમિ પાસે સાધુપણાની દીક્ષા લઈ લીધી. હું જ એવો અભાગી–પાપી છું કે, રાજ્ય, અંતઃપુર વગેરે માનુષી કામભોગોમાં આસક્ત રહીને ભગવાન અરિષ્ટનેમિ પાસે પ્રવ્રજ્યા લેતો નથી.

પછી ભગવાને કૃષ્ણના મનમાં ચાલતો વિચાર જાણી લઈ, કૃષ્ણને કહ્યું: 'એવું કદી બન્યું નથી તથા એવું કદી બનવાનું નથી કે વાસુદેવો ધનસંપત્તિનો ત્યાગ કરીને સાધુ-પણાની દીક્ષા લે.'

કૃષ્ણે ભગવાનને પૂછ્યું: 'એમ કેમ?'

ભગવાને કહ્યું: 'હે કૃષ્ણ! સર્વે વાસુદેવોએ[1] પૂર્વ-જન્મમાં મરતી વેળા પોતાના સઘળા સામર્થ્યથી અમુક પ્રકારનો સંકલ્પ[2] કરી દીધો હોય છે. તેથી તેઓ આ જન્મમાં બીજું કંઈ કરી શકતા નથી.'

---

૧. ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, ૯ વાસુદેવો, ૯ પ્રતિ-વાસુદેવો, તથા ૯ બળદેવો મળી કુલ ૬૩ શલાકાપુરુષો અર્થાત્ મહાપુરુષો કાળચક્રના દરેક ફેરા દરમ્યાન જન્મે છે.

૨. ગંગદત્ત તરીકેના પૂર્વ જન્મમાં કૃષ્ણ પોતાની માતાને ઘણા અળખામણા હતા. તેમની માતાએ તેમને જન્મતાંવેંત દાસી પાસે નંખાવી દીધા હતા. પણ દાસી પાસેથી તેમના પિતા તથા ભાઈએ તેમને ગુપ્ત રીતે સાચવી ઉછેર્યા હતા. એક વખત ગંગદત્ત માતાના જોવામાં આવતાં તેણે તેમને મારી–કૂટી ઘરની ખાળમાં નાખી દીધા. તેમની માતાને તેમના પ્રત્યે આ જન્મમાં આવું વેર થવાનું કારણ એ હતું કે, પૂર્વજન્મમાં તે સાપણ હતી.

પછી કૃષ્ણે ભગવાનને પૂછ્યું : 'હે ભગવન્! હું અહીંથી મર્યા બાદ ક્યાં જઈશ, અને ક્યાં ઉત્પન્ન થઈશ ?'

ભગવાને જવાબ આપ્યો : અગ્નિકુમાર દેવ બનેલો દ્વૈપાયન જ્યારે ક્રોધથી દ્વારકા નગરી બાળી નાખશે, ત્યારે પોતાનાં માતપિતાને એ અગ્નિમાં જ બળતાં છોડી,[1] તું તથા બળરામ દક્ષિણ સમુદ્રને કિનારે પાંડુ રાજાના પુત્ર યુધિષ્ઠિર વગેરે પાંચ પાંડવો પાસે પાંડુમથુરા[2] ચાલ્યા જશો. ત્યાં કોસંબ વનમાં વડના ઝાડ નીચે તું પીતાંબર ઓઢી શિલા ઉપર સૂતો સૂતો

તે વખતે ગાડું ભરીને આવતા ગંગદત્તે તેનાં હાડકાં કચરાવાનો અવાજ સાંભળવા ખાતર જ તેને પૈડા નીચે કચરી નાખી હતી. પછી ગંગદત્તે સાધુપણું સ્વીકાર્યું અને પોતાના તપના પ્રભાવથી બીજા જન્મમાં પોતે વિશ્વવલ્લભ થાય, એવો સંકલ્પ કર્યો હતો. —ત્રિષષ્ટિશલાકા૦ સર્ગ ૮, સર્ગ ૫.

૧. કૃષ્ણ તથા બળરામે માતપિતાને બચાવવા ઘણા પ્રયત્ન કર્યા હતા, પણ પેલા દેવના પ્રભાવ આગળ તેમનું કાંઈ વળ્યું નહોતું.

૨. હાલનું મદુરા ? કથા એવી છે કે, પદ્મનાભ રાજાએ દ્રૌપદીનું હરણ કર્યું હતું, ત્યારે કૃષ્ણ સહિત પાંડવો સમુદ્ર ઓળંગી પદ્મનાભને હરાવી દ્રૌપદી પાછી લઈને આવતા હતા. તે વખતે કૃષ્ણના બળની પરીક્ષા કરવા પાંડવોએ ગંગાનદી નાવમાં બેસી પાર કરી લીધી, અને કૃષ્ણ માટે નાવ પાછી ન મોકલી. આથી કૃષ્ણને તરતા તરતા સામે પાર આવવું પડ્યું, અને તેમાં તે બહુ હેરાન થયા. આ કારણે કૃષ્ણે પાંડવોને દેશપાર કર્યા. પછી કુંતીની સમજાવટથી કૃષ્ણે તેમને દક્ષિણસમુદ્રના તટ ઉપર પાંડુમથુરા નગરી વસાવીને રહેવાની પરવાનગી આપી હતી. જુઓ આ માળાનું 'ધર્મકથાઓ' પુસ્તક પા. ૧૪૧–૩.

આરામ કરતો હશે, ત્યારે (તારો ભાઈ) જરાકુમાર[1] ધનુષ્ય ઉપર બાણ ચઢાવી (તને હરણ માની) તારા ઉપર છોડશે. તે બાણ તારા ડાબા પગમાં વાગતાં જ તું મરણ પામશે, અને વાલુકાપ્રભા નામની ત્રીજી નરકભૂમિમાં નારકી તરીકે ઉત્પન્ન થશે.

પોતાની આવી અવગતિ સાંભળી કૃષ્ણ ઘણા ઉદાસ થઈ ગયા. ત્યારે અરિષ્ટનેમિએ તેમને કહ્યું : 'હે કૃષ્ણ ! તારે ઉદાસ થવાની જરૂર નથી તે નરકમાંથી ચ્યવી, આવતી ઉત્સર્પિણીમાં[2] પુંડ્રદેશમાં આવેલા શતદ્વાર નગરમાં તું અમમ નામના બારમો તીર્થંકર થઈશ. ત્યાં કેવલજ્ઞાની તરીકે ઘણો કાળ વિતાવ્યા બાદ તું સિદ્ધ–બુદ્ધ–અને મુક્ત થઈશ.'

આ સાંભળી કૃષ્ણ વાસુદેવ એકદમ હર્ષિત થઈ જઈ તાળી પાડી ઊઠ્યા, કૂદી ઊઠ્યા, નાચી[3] ઊઠ્યા, તથા સિંહ-ગર્જના કરવા લાગ્યા. ત્યાર બાદ ભગવાનને નમસ્કાર કરી તે ઘેર પાછા ફર્યા.

---

૧. પોતાને હાથે કૃષ્ણનું મૃત્યુ થવાનું છે એ જાણી તે બિચારો પહેલેથી જ દ્વારકા છોડી ચાલી નીકળ્યો હતો. પણ ભાગ્યવશાત્ અંતે કૃષ્ણ તેની પાસે જ જઈ પહોંચ્યા.

૨. જૈનો કાળચક્રના બે ભાગ પાડે છે : (૧) ઊંચે ચડતો — અર્થાત્ જેમાં સૌ સારાં વાનાં થતાં જાય છે તેવો — ઉત્સર્પિણી કાળ; અને (૨) નીચે પડતો, અર્થાત્ જેમાં સૌ બગડતું જાય છે તેવો અવસર્પિણી કાળ. ૧૦ × (કરોડ × કરોડ) સાગર વર્ષોની એક ઉત્સર્પિણી થાય, અને તેટલાં જ વર્ષોની એક અવસર્પિણી થાય. જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૫૨.

૩. મૂળમાં 'ત્રિપદી' છે. ટીકાકાર એમ જણાવેછે કે, મલ્લ રંગભૂમિ ઉપર જે ત્રણ પેંતરા ભરે છે તે ત્રિપદી.

ઘેર જઈ, સિંહાસન ઉપર પૂર્વ તરફ મોં રાખીને બેઠા બાદ તેમણે પોતાના હજૂરિયાઓને બોલાવ્યા અને તેમને કહ્યું : 'હે દેવાનુપ્રિયો! તમે દ્વારકા નગરીમાં ચારે બાજુ ઢંઢેરા પીટા કે દ્વારકા નગરીનો આગમાં વિનાશ થવાનો છે. માટે જે કોઈ પુરુષ કે સ્ત્રી, કુમાર કે કુમારી અરિષ્ટનેમિ ભગવાન પાસે દીક્ષા લઈ સાધુ થવા ઇચ્છતું હશે, તે દરેકને કૃષ્ણ–વાસુદેવની રજા છે. અત્યારે દીક્ષા લીધા બાદ પસ્તાઈને કોઈ ફરી સંસારી થવા ઇચ્છશે, તો તેને પોતાનો પહેલાંનો ધંધો કરવાની છૂટ રહેશે. સાધુ થવા ઇચ્છતા દરેકનો ભારે ધામધૂમપૂર્વક નિષ્ક્રમણવિધિ કરવામાં આવશે.'

એ ઢંઢેરા સાંભળી પદ્માવતી રાણી અત્યંત હર્ષિત થઈ અરિષ્ટનેમિ પાસે ગઈ, અને દીક્ષા લેવાનો પોતે કરેલો નિરધાર સંભળાવી આવી. ત્યારબાદ પાછી આવી, જ્યાં કૃષ્ણ હતા ત્યાં ગઈ. અને તેમની પાસે દીક્ષા લેવાની પરવાનગી માગવા લાગી.

કૃષ્ણે તેને પરવાનગી આપી તથા પોતાના હજૂરિયાઓને બોલાવી પદ્માવતી રાણીનો ભારે ધામધૂમથી નિષ્ક્રમણાભિષેક કરવા માટે પૂરતી તૈયારીઓ કરવાની આજ્ઞા આપી.

ત્યારબાદ પદ્માવતી રાણીને પાટ ઉપર બેસાડી, તેનો એકસોઆઠ સોના–રૂપા વગેરેના કલશો ભરીને સર્વ પ્રકારનાં જળ-માટી-પુષ્પ-ગંધ-માલ્ય-ઔષધિ-સરસવ વગેરે વડે ભારે ધામધૂમથી અભિષેક કરવામાં આવ્યો. પછી તેને સર્વ અલંકારોથી વિભૂષિત કરવામાં આવી. ત્યાર બાદ હજાર પુરુષો વડે ઊંચકાતી પાલખીમાં બેસાડી, નગરમાં થઈ તેને

રૈવતક પર્વત ઉપરના સહસ્રાગ્રવણમાં લઈ જવામાં આવી. ત્યાં અરિષ્ટનેમિ પાસે જઈ, તેમને વંદનાદિ કરી કૃષ્ણે કહ્યું : 'હે ભગવન્! આ મારી પટરાણી પદ્માવતી મને અતિશય ઇષ્ટ, કાંત, પ્રિય, માનીતી, તથા મનગમતી છે. તે સંસાર-ભયથી ઉદ્વિગ્ન થઈ, આપની પાસે દીક્ષા લેવા માગે છે. તો આપ તેનો શિષ્યા તરીકે સ્વીકાર કરો.'

ત્યાર બાદ પદ્માવતીએ ઈશાનખૂણા તરફ જઈ પોતાના બધા અલંકારો ઉતારી નાખ્યા, તથા પોતાના વાળને પોતાને હાથે પાંચ મૂઠીઓ ભરીને ઉપાડી કાઢ્યા. ત્યાર બાદ ભગવાન પાસે જઈને તેણે તેમને વંદનાદિ કરી કહ્યું :

'હે ભગવન્! આ સંસાર સળગી રહ્યો છે, ભડભડ બળી રહ્યો છે, તથા જરા અને મરણથી ત્રાસી રહ્યો છે. જેમ કોઈ ગૃહપતિ પોતાની એકની એક અમૂલ્ય ચીજને બળતા ઘરમાંથી બહાર કાઢી લે છે, તેમ હે ભગવન્! આ બળતા સંસારમાંથી મારા પ્રિય અને ઇષ્ટ આત્માને ઉગારવા હું આપની પાસે પ્રવ્રજ્યા લઈ, શિષ્યા તરીકે રહીશ, અને આચારાદિ શીખીશ.'

ભગવાને પદ્માવતીનું કહ્યું સાંભળીને તેને જાતે જ પ્રવ્રજ્યા આપી, તથા પછી યક્ષિણી નામની આર્યાને શિષ્યા તરીકે સોંપી. પદ્માવતી તેમની પાસે રહી સામાયિક વગેરે ક્રિયાઓ તથા અગિયાર અંગગ્રંથો શીખી. તથા ચાર ટંક, છ ટંક, આઠ ટંક, દશ ટંક, બાર ટંક, પંદર ટંક, મહિનો વગેરેના ઉપવાસ કરતી વિવિધ તપકર્મો વડે પોતાના આત્માને ભાવિત કરવા લાગી.

પદ્માવતી આર્યાએ એ પ્રમાણે ૨૦ વર્ષ સાધ્વીપણું બરાબર પાળ્યું. તથા અંતે સાઠ ટંકના ઉપવાસથી દેહનો અંત લાવીને, જે વસ્તુ માટે મુંડન કરાવ્યું હતું, બ્રહ્મચર્ય સ્વીકાર્યું હતું, સ્નાન-છત્ર-જોડા-નો ત્યાગ કર્યો હતો, ભૂમિ ઉપર સૂવું—પાટિયા ઉપર સૂવું—ભીખ માગવી—વગેરે નિયમો સ્વીકાર્યા હતા, તથા પારકાનો તિરસ્કાર, માનાપમાન વગેરે સંકટો અને વિઘ્નો સહન કરવાનું મંજૂર રાખ્યું હતું, તે વસ્તુ પ્રાપ્ત કરી, અને અંતે સિદ્ધ–બુદ્ધ તથા મુક્ત થઈ સર્વ દુઃખોનો અંત આણ્યો.

ટિપ્પણ

પાંચમા વર્ગમાં આ કથા પ્રમાણે જ બાકીની ગૌરી, ગાંધારી, લક્ષણા, સુસીમા, જાંબવતી, સત્યભામા, રુકિમણી, મૂલશ્રી અને મૂલદત્તાની કથાઓ પણ સમજી લેવી. રુકિમણી સુધીની રાણીઓ કૃષ્ણવાસુદેવની ગણવી. છેલ્લી બેને કૃષ્ણ–જાંબવતીના પુત્ર સાંબની સ્ત્રીઓ સમજવી

૬

છઠ્ઠા વર્ગમાં ૧૬ કથાઓ છે. આ વર્ગમાં તીર્થંકર મહાવીર સમજવા

પ્રથમ કથા મકાયી ગૃહપતિની છે. મહાવીરનો ધર્મોપદેશ રાજગૃહમાં સાંભળી, તેણે પોતાનો કુટુંબભાર જ્યેષ્ઠપુત્રને સોંપી દીધો અને પોતે સાધુ થયો. ૧૧ અંગો ભણ્યો. બાકીનું બધું જાલિકુમાર જેવું. અર્થાત્ પ્રતિમાઓ, ગુણરત્ન તપ, ૧૬ વર્ષ સાધુપણું, વિપુલ પર્વત ઉપર સિદ્ધિ.

બીજી કથા કિંકર્મની સમજવી. તે પણ ઉપર પ્રમાણે જ.

ત્રીજી કથા મુદ્ગરપાણિની છે. તે આગળ વિસ્તારથી આપી છે.

૪

મુદ્ગરપાણિની કથા

રાજગૃહ નગરમાં શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો. તેને ચેલ્લણા નામે રાણી હતી. તે જ નગરમાં અર્જુનક નામે માળી રહેતો હતો. તેને બંધુમતી નામે પત્ની હતી. તે બહુ સુકુમાર તથા સ્વરૂપવાન હતી.

તે માળીને રાજગૃહ નગરની બહાર એક મોટી વાડી હતી. તે વાડી લીલીકચ રહેતી હોવાથી આઘેથી કાળી, નીલી, અને લીલી દેખાતી હતી; તેમાં ખૂબ ઠંડક રહેતી હતી, તે રસપૂર્ણ હતી, વિવિધ વર્ણાદિ ગુણોયુક્ત હતી, લતા-વૃક્ષાદિનાં ઝૂંડ અને જાળાંને કારણે તેમાં ઘેરી, ઠંડી, ભીની છાયા રહેતી હતી, અને આઘેથી જાણે કાળું વાદળ ન ચડી આવ્યું હોય તેવો તેનો આકાર દેખાતો હતો.

તે વાડીની નજીક જ મુદ્ગરપાણિ નામના યક્ષનું મંદિર હતું. તે મંદિર અર્જુનક માળીના અર્યા-પર્યાના વખતથી વંશપરંપરાએ ચાલ્યું આવતું હતું. તે બહુ જૂનું હતું, તથા ભારે સતવાળું મનાતું હતું. તે યક્ષની મૂર્તિના હાથમાં હજાર પલ[1] લોઢાની બનાવેલી ભારે મોગર હતી. અર્જુનક માળી નાનપણથી જ તે મૂર્તિની ભક્તિ કર્યા કરતો હતો. રોજ સવારમાં તે છાબડી હાથમાં લઈ, વાડીમાં જતો અને

---

૧. પલ એટલે ચાર તોલા.

ફૂલો ચૂંટતો. તેમાંથી જે સારાં સારાં હોય તે બધાં લઈ તે યક્ષની પૂજા કરતો, અને પછી તેમને પ્રણામ કરી, બાકીનાં ફૂલ લઈ, રાજમાર્ગ ઉપર આવી વેચતો અને ગુજારો કરતો.

તે નગરમાં લલિતા નામની એક સોનેરી ટોળી રહેતી હતી. તે ટોળી ભારે પૈસાદાર હતી, તથા કોઈથી ગાંજી જાય તેવી ન હતી. તે ટોળીને માટે કોઈ પણ કર્મ દુષ્કર્મ નહોતું.

એક વખત રાજગૃહ નગરમાં ઉજાણીની દાંડી પિટાઈ. તે સાંભળી અર્જુનકને વિચાર આવ્યો કે, કાલે બહુ ફૂલોનું કામ પડશે. તેથી પોતાની સ્ત્રી બંધુમતી સાથે સવારમાં જ વહેલો ઊઠી તે વાડીમાં ગયો, અને ફૂલ વીણવા લાગ્યો. પેલી સોનેરી ટોળીના છ માણસો મુદ્ગરપાણિના મંદિરમાં રમતા બેઠા હતા. અર્જુનક ફૂલ ચૂંટયા બાદ થોડાં સારાં સારાં ફૂલ લઈ પોતાની સ્ત્રી સાથે યક્ષને ચડાવવા માટે આવ્યો. તેને તેની સ્ત્રી સાથે આવતો જોઈ, પેલાઓએ વિચાર્યું કે, અર્જુનક આવે કે તરત તેને મુસ્કેટાટ બાંધી, તેની રૂપાળી સ્ત્રી સાથે આજે યથેષ્ટ મોજ ઉડાવવી. આમ વિચારી તેઓ બોલ્યા–ચાલ્યા વિના કમાડ પાછળ સંતાઈને ઊભા રહ્યા.

અર્જુનકે મંદિરમાં આવી યક્ષને પ્રણામ કર્યા. તેની સાથે જ પેલા છ જણા કમાડ પાછળથી નીકળી આવ્યા અને તેને પકડીને મુસ્કેટાટ બાંધી દીધો. ત્યાર બાદ તેની સ્ત્રીને પકડી તેઓ તેની સાથે ક્રીડા કરવા લાગ્યા.

એ વખતે અર્જુનકને વિચાર આવ્યો કે, 'હું નાનપણથી જ આ મુદ્ગરપાણિ યક્ષની રોજ સવારમાં પૂજા–અર્ચના કરું છું. જો એ યક્ષ સાચા હોત, તો મારી આ વલે થતી તે જોઈ રહ્યા હોત? માટે આ યક્ષ સાચા નથી, માત્ર લાકડું છે!'

અર્જુનકનો આવો વિચાર જાણી મુદ્દગરપાણિ યક્ષે તરત તેના શરીરમાં પ્રવેશ કર્યો, અને બધાં બંધન તડતડ તોડી નાખી પેલી મોટી ગદા હાથમાં લીધી. પછી તે ગદા વડે પેલા છ પુરુષો અને સાતમી સ્ત્રીને તત્ક્ષણ મારી નાખ્યાં. પછી એ યક્ષના આવેશવાળો તે અર્જુનક માળી રોજ રાજગૃહ નગરની આસપાસ છ પુરુષો અને સાતમી સ્ત્રીને મારતો વિચરવા લાગ્યો.

શ્રેણિક રાજાને આ વાતની ખબર પડતાં તેણે તરત નગરમાં ઢંઢેરો પિટાવ્યો[1] કે, "કોઈએ લાકડાં, ઘાસ, પાણી, પુષ્પ કે ફળ માટે નગરની બહાર યથેષ્ટ રીતે ન નીકળવું, નહીં તો જાનનું જોખમ છે."

હવે, તે નગરમાં સુદર્શન નામે શેઠ રહેતો હતો. તે શેઠ જૈન મતાનુયાયી શ્રમણોપાસક હતો. તે જીવ શું, અજીવ શું વગેરે ધર્મસિદ્ધાંતોનો જાણકાર હતો; તેને પાપ-પુણ્યનો ખ્યાલ હતો. શાથી પાપકર્મ બંધાય છે, કેવી રીતે તેને ખંખેરી નાખી શકાય, શારીરિક વગેરે ક્રિયાઓમાંથી કઈ શુભ છે કે અશુભ છે, તેમજ જીવનવ્યવહારનાં વિવિધ સાધનોમાંથી કયાં સ્વીકાર્ય કે અસ્વીકાર્ય છે, એ બધું તે સમજતો હતો. જૈન સિદ્ધાંતમાં તે એવો ચુસ્ત હતો કે, દેવ વગેરે આવીને તેને ભમાવે તો પણ તે ચળે નહીં. તેને જૈન સિદ્ધાંતમાં વર્ણવેલ તત્ત્વો બાબત શંકા ન હતી, કે તેમાં જણાવેલ આચાર બાબત વિચિકિત્સા નહોતી. તેણે શાસ્ત્ર

1. આવે પ્રસંગે મૂળમાં એમ હોય છે કે: 'પોતાના માણસોને કહ્યું કે, આવો ઢંઢેરો પીટો, અને પછી તેમ કર્યાની વરદી મને પાછી વાળો.'

ધ્યયન કરી, તેના અર્થને નિર્ણીત કર્યો હતો; તથા જૈન સિદ્ધાંત ઉપર હાડેહાડ પ્રેમ વ્યાપેલો હોવાથી તે એમ કહેતો કે, 'આ સિદ્ધાંત જ અર્થરૂપ કે પરમાર્થરૂપ છે; બાકી બધું અનર્થરૂપ છે'!

આ અરસામાં ભગવાન મહાવીર તે નગરની બહાર આવી પહોંચ્યા અને ગુણશીલક ચૈત્યમાં ઊતર્યા. તેમના આવ્યાની વાત ટૂંક સમયમાં આખા નગરમાં ફેલાઈ ગઈ. લોકો વાત કરવા લાગ્યા કે, ભાઈ! એવા સાધુ ભગવંતનું નામ કે ગોત્ર પણ આપણે કાને પડી જાય, તો પણ મોટું ફળ છે, તો પછી તેમની પાસે જઈ, તેમને વંદવાથી અને તેમની સેવા કરવાથી તો કેટલું અધિક પુણ્ય પ્રાપ્ત થાય? આર્યપુરુષે કહેલ એક પણ આર્ય અને સુધાર્મિક વચન સાંભળવાથી પણ અતિ લાભ થાય છે, તો તેવો ઘણો ઉપદેશ સાંભળવાથી થતા લાભની તો વાત જ શી કરવી?'

પરંતુ અર્જુનકમાળીની બીકથી કોઈ નગર બહાર જવાની હિંમત કરી શક્યું નહીં. સુદર્શન શેઠના જાણવામાં ભગવાન આવ્યાની વાત આવતાં જ તે તેમનાં દર્શને જવા માટે પોતાનાં માતાપિતાની રજા માગવા ગયો. તેનાં માતા-પિતાએ તેને અર્જુનકમાળીની વાત કહી સંભળાવીને નગર બહાર જઈને ભગવાનનાં દર્શન કરવાનું માંડી વાળવાને ઘણું સમજાવ્યો, પણ તે તો એકનો બે ન થયો. ત્યારે નામનથી અંતે તેમણે તેને જવાની રજા આપી.

સુદર્શન શેઠ નાહી-ધોઈ શુદ્ધ થઈ, કપડાં પહેરી, ઘેરથી નીકળ્યો, અને નગર બહાર નીકળી, જ્યાં ગુણશીલક ચૈત્ય હતું તે તરફ આગળ વધવા લાગ્યો. એવામાં પેલા મુદ્‌ગરપાણિ

યક્ષે તેને જતો દેખ્યો. એટલે તે ગુસ્સે થઈ, પોતાની ગદા વીંજતો વીંજતો તેના તરફ વેગથી આવવા લાગ્યો.

સુદર્શને તેને આવતો જોઈ, બીન્યા કે ગભરાયા વિના વસ્ત્ર વડે થોડી ભૂમિ સાફ કરી. પછી દસ આંગળીઓ ભેગી કરી, માથે અંજલી જોડી ભગવાનને વંદન કરતો તે બોલ્યો: 'અરિહંત ભગવંતો, સિદ્ધો વગેરેને નમસ્કાર. અચળ સ્થાનને પામવાની ઇચ્છાવાળા શ્રમણ ભગવંત મહાવીરને નમસ્કાર! મેં પહેલાં પણ શ્રમણ ભગવંત મહાવીર પાસે સ્થૂલ હિંસા, સ્થૂલ અસત્ય, તથા સ્થૂલ ચૌર્યના ત્યાગની અને પોતાની સ્ત્રીથી જ સંતુષ્ટ રહેવાની અને ઇચ્છાઓની મર્યાદા બાંધવાની મરતા સુધીની પ્રતિજ્ઞા લીધી જ છે પરંતુ હવે તો તેમની પાસે સર્વ પ્રકારની હિંસા, જૂઠ, ચૌર્ય, મૈથુન અને પરિગ્રહનો મરતા સુધી ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લઉં છું.[૧] તે ઉપરાંત સર્વ પ્રકારનો ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, ખોટું આળ ચડાવવું, ચાડી, નિંદા, અરતિ-રતિ, માયા-મૃષા, અને મિથ્યા સિદ્ધાંતોમાં માન્યતારૂપી શલ્ય—એ તેરનો પણ મરતા સુધી ત્યાગ કરું છું. વળી સર્વપ્રકારનું ખાન-પાન પણ મરતા લગી તજું છું. આ સંકટમાંથી હું કોઈ કારણે બચી જાઉં, તો મારે આ પ્રતિજ્ઞા પૂરી થયેલી ગણવી, અને ન બચું, તો મરતા સુધી પાળવી.' આ પ્રમાણે તેણે શરતી પ્રતિજ્ઞા લીધી.

પછી પેલો મુદ્ગરપાણિ યક્ષ પોતાની ગદા હલાવતો હલાવતો સુદર્શન ઉપર ધસી આવ્યો; પરંતુ તેના તેજના

૧. અર્થાત્ પહેલાં ગૃહસ્થનાં અણુવ્રતો લીધાં હતાં; હવે સાધુનાં મહાવ્રતો લે છે.

પ્રભાવથી તેના ઉપર હુમલો ન કરી શક્યો. પછી તે તેના સામું ઊભો રહી, તેની સામે નજર કરી, લાંબો વખત ટગર-ટગર જોઈ રહ્યો. ત્યાર બાદ અર્જુનકનું શરીર છોડી, પોતાની ગદા લઈ પોતાને સ્થાને પાછો ચાલ્યો ગયો. તે યક્ષ અર્જુનકના શરીરમાંથી નીકળી જતાં જ, અર્જુનક ધબ દઈને જમીન ઉપર ગબડી પડ્યો.

પછી જ્યારે સુદર્શને જાયું કે, હવે જાનનું જોખમ નથી, ત્યારે તેણે ખાન-પાન વગેરે તજવાની પોતે લીધેલી પ્રતિજ્ઞા પૂરી થયેલી જાહેર કરી.

થોડી વારમાં અર્જુનક માળી હોંશમાં આવ્યો, અને ઊઠીને બેઠો થયો. તેણે સુદર્શનને પૂછ્યું: 'ભાઈ! તું કોણ છે, અને ક્યાં જાય છે?'

સુદર્શને કહ્યું: 'હું સુદર્શન નામનો શ્રમણોપાસક છું તથા ગુણશીલક ચૈત્યમાં પધારેલા ભગવાન મહાવીરને વંદન કરવા જાઉં છું.'

તે સાંભળી, અર્જુનક પણ ભગવાનનાં દર્શન કરવા સાથે ગયો. ભગવાને તે બંનેને ધર્મોપદેશ કર્યો. પછી સુદર્શન તો પાછો ફર્યો. પણ અર્જુનકે ત્યાં ને ત્યાં જ પાંચ મૂઠીઓ ભરી માથાના વાળ ઉખાડી નાખ્યા, અને ભગવાન પાસે દીક્ષા લીધી.

જે દિવસે તેણે ભગવાન પાસે દીક્ષા લીધી, તે દિવસે જ તેણે નિરંતર છ ટંકનો ઉપવાસ કર્યા કરવાનું વ્રત પણ લીધું. પછી ભિક્ષાનો વખત થતાં તે રાજગૃહ નગરમાં ભિક્ષા માટે ગયો. પરંતુ ત્યાં તો સ્ત્રી-પુરુષ-નાનાં-મોટાં સૌ તેને જોઈને, 'આણે મારા પિતાને મારી નાખ્યો છે', 'આણે મારી માતાને

મારી નાખી છે !' 'આણે મારો ભાઈ-પત્ની-બહેન-પુત્ર-પુત્રી-વહુ કે બીજાં સગાંસંબંધી મારી નાખ્યાં છે' એમ કહી કહીને તેનો તિરસ્કાર કરવા લાગ્યાં, તથા માર–પીટ કરવા લાગ્યાં. પરંતુ તે અર્જુનક સાધુ તો મનથી પણ તે બધાં ઉપર જરા પણ દ્વેષ કર્યા વિના તે બધું યથાયોગ્ય રીતે સહન કરવા લાગ્યા. ત્યાર બાદ નાનાં-મોટાં સૌ કુળોમાં તે ભિક્ષા માટે રખડચા પણ તેમને અન્ન મળ્યું, તો પાણી ન મળ્યું, અને પાણી મળ્યું તો અન્ન ન મળ્યું. પરંતુ અર્જુનક મુનિ તો દીન-વિમનસ્ક-કલુષિત-આકુલ-કે વિષાદયુક્ત બન્યા વિના પોતાના મનની શાંતિ કાયમ રાખી, જે મળ્યું તે લઈને પાછા આવ્યા, અને ભગવાનને તે બધું બતાવ્યા બાદ તેમની રજાથી, તેમણે તે ભોજનનો 'સાપ દરમાં પેસે તે પ્રમાણે' (મોંમાં સ્વાદ માટે મમળાવ્યા વિના) આહાર કરી લીધો.

ત્યાર બાદ મહાવીર ભગવાન રાજગૃહમાંથી ચાલ્યા ગયા. અર્જુનક સાધુ તો પોતે લીધેલા તે આકરા તપને છ મહિના સુધી પાળી, અંતે સંલેખના વ્રત સ્વીકારી, પંદર દિવસ ખાનપાનનો ત્યાગ કરીને મરણ પામ્યા, અને જે વસ્તુ માટે તેમણે સાધુ થઈને આ બધાં આકરાં દુઃખો સહન કર્યાં હતાં, તે વસ્તુ પ્રાપ્ત કરીને સિદ્ધ-બુદ્ધ-અને મુક્ત થયા.

ટિપ્પણ

છઠ્ઠા વર્ગમાં બાકીની કથાઓમાંથી કાસ્યપ, ક્ષેમક, ધૃતિધર, કૈલાસ, હરિચંદન, વારત્ત, સુદર્શન, પૂર્ણભદ્ર, સુમનોભદ્ર, સુપ્રતિષ્ટ અને મેઘની કથાઓ મકાયીની કથા પેઠે જ સમજવી. તે બધાને ગૃહપતિ જાણવા. તેમની કથાઓમાં જે વિગતોનો ફેર છે, તે આ પ્રમાણે :

કાસ્યપ : રાજગૃહનગર, શ્રેણિક રાજા, ૧૬ વર્ષનું સાધુપણું.

ક્ષેમક : કાકંદીનગરી, ૧૬ વર્ષનું સાધુપણું

ધૃતિધર : ,, ,,

કૈલાસ : સાકેતનગર, ૧૨ વર્ષનું સાધુપણું.

હરિચંદન : ,, ,,

વારત્ત : રાજગૃહનગર, ૧૨ વર્ષનું સાધુપણું.

સુદર્શન : વાણિજ્યગ્રામ, દ્યુતિપલાશક ચૈત્ય, પાંચ વર્ષનું સાધુપણું.

પૂર્ણભદ્ર : ,, ,, ,,

સુમનોભદ્ર : શ્રાવસ્તીનગરી, ઘણાં વર્ષોનું સાધુપણું.

સુપ્રતિષ્ઠ : ,, સત્તાવીસ વર્ષનું સાધુપણું.

મેઘ : રાજગૃહનગર, બહુ વર્ષોનું સાધુપણું.

છઠ્ઠા વર્ગની બાકીની કથાઓમાંથી અતિમુક્તકની કથા આગળ વિગતે આપવામાં આવી છે.

૫

અતિમુક્તકની કથા

પોલાસપુર નગરમાં વિજય નામે રાજા રાજ્ય કરતો હતો. તેને શ્રીદેવી નામની રાણી હતી, અને અતિમુક્તક નામનો કુમાર હતો. તે બહુ સુકુમાર તથા સ્વરૂપવાન હતો.

એક વખત મહાવીર ભગવાન ફરતા ફરતા પોલાસપુર આવી પહોંચ્યા અને નગર બહારના શ્રીવણ નામના ઉદ્યાનમાં ઊતર્યા. તે વખતે તેમના પટ્ટશિષ્ય ઇંદ્રભૂતિ ગૌતમ ભિક્ષાકાળે ભિક્ષા માગવા પોલાસપુરમાં ગયા. અતિમુક્તકકુમાર નાહી-ધોઈ વસ્ત્રાલંકાર પહેરી ઘણાં નાનાંમોટાં બાળકો-છોકરાં સાથે ઇંદ્રના મંદિરમાં રમતો હતો. ગૌતમને ત્યાં થઈને જતા જોઈ, અતિમુક્તકકુમાર તેમની પાસે દોડી ગયો અને તેમને પૂછવા લાગ્યો :

'તમે કોણ છો? અને કેમ ફરો છો?'

ત્યારે ભગવાન ગૌતમે તેને કહ્યું : 'અમે શ્રમણનિર્ગ્રંથો બ્રહ્મચારી, તપસ્વી, સાધુ છીએ, અને ભિક્ષા માટે અહીં નાનાં-મોટાં કુળોમાં ફરીએ છીએ.'

એ સાંભળી કુમારે કહ્યું, 'ચાલો, હું તમને ભિક્ષા અપાવું!' એમ કહી, ગૌતમની આંગળી પકડી, તે તેમને પોતાની માતા શ્રીદેવી પાસે લઈ ગયો. શ્રીદેવી ગૌતમને આવતા દેખી હર્ષિત થઈ ને આસન ઉપરથી ઊભી થઈ. તેણે

તેમને વંદન-પ્રદક્ષિણાદિ કરી, પુષ્કળ ભિક્ષા-આપી. ગૌતમ ત્યાંથી જવા લાગ્યા ત્યારે કુમાર તેમને પૂછવા લાગ્યો : 'તમે ક્યાં રહો છો?' ગૌતમે જવાબ આપ્યો, 'હે દેવાનુપ્રિય! મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક મહાવીર ભગવાન આ નગરની બહાર શ્રીવણ ઉદ્યાનમાં ઊતર્યા છે; ત્યાં હું રહું છું.'

તે સાંભળી કુમારે કહ્યું : 'ચાલો હું તેમને વંદન કરવા તમારી સાથે સાથે આવું.'

પછી અતિમુક્તકકુમાર ગૌતમ સાથે ભગવાન મહાવીર પાસે ગયો. ત્યાં જઈ તેણે તેમને પ્રદક્ષિણાદિ કરી નમસ્કાર કર્યા. ભગવાને તેને ધર્મોપદેશ આપ્યો. તે સાંભળી તે ઘણો રાજી થયો. તે બોલ્યો : 'હે દેવાનુપ્રિય! હું મારાં માત-પિતાની રજા લઈ આવું. મારે આપની પાસે દીક્ષા લઈ સાધુ થવું છે.'

પછી અતિમુક્તકકુમાર પોતાનાં માતપિતા પાસે રજા લેવા આવ્યો. ત્યારે તેનાં માતપિતાએ તેને કહ્યું : 'ભાઈ! તું હજુ નાનો છે, તથા અણુસમજુ છે. ધર્મ વિષે તું શું જાણે?'

ત્યારે તેણે કહ્યું : 'હે માતપિતા! હું જે જાણું છું, તે નથી જાણતો, અને જે નથી જાણતો તે જાણું છું!'

તેનાં માતપિતાએ તેને પૂછ્યું : 'એ કેવી રીતે?'

ત્યારે કુમારે જવાબ આપ્યો : "હે માતપિતા! હું એટલું જાણું છું કે, જન્મેલાને અવશ્ય મરવાનું છે; પરંતુ કઈ વેળાએ, ક્યાં, કેવી રીતે, અને કેટલું મોડું મરવાનું છે, તે હું નથી જાણતો. જીવો ક્યાં કર્મો વડે નારક-પશુ-પંખી-દેવ-મનુષ્ય આદિ યોનિમાં ઉત્પન્ન થાય છે, તે હું નથી જાણતો; પરંતુ પોતાનાં

જ કર્મો વડે. તેઓ તે તે યોનિમાં ઉત્પન્ન થાય છે, તેટલું હું જાણું છું. આ પ્રમાણે હે માતપિતા! હું જે જાણું છું, તે નથી જાણતો; અને જે નથી જાણતો, તે જાણું છું. માટે તમે મને સાધુ થવાની રજા આપો!"

પછી જ્યારે તેનાં માતપિતા તેને ઘણું ઘણું સમજાવ્યા છતાં એકનો બે ન કરી શક્યાં, ત્યારે છેવટે એક દિવસની તેની રાજ્યશ્રી જોવાની શરતે, તેમણે તેને સાધુ થવાની રજા આપવાનું કબૂલ કર્યું. પછી તેનાં માતપિતાએ ભારે ધામધૂમથી તેનો રાજ્યાભિષેક કર્યો.

ત્યારબાદ અતિમુક્તકે મહાવીર ભગવાન પાસે જઈ દીક્ષા લીધી, તથા ભગવાનના સ્થવિરો પાસે સામાયિકાદિ ક્રિયાઓ વગેરેનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. ત્યારબાદ તપ અને સંયમપૂર્વક ઘણાં વર્ષો સુધી સાધુપણું પાળી, ગુણરત્ન નામનું તપ યથાવિધિ આચરી, તથા અંતે અન્નપાનનો ત્યાગ કરી, વિપુલ પર્વત ઉપર તે મરણ પામ્યો, અને સિદ્ધ-બુદ્ધ-તથા મુક્ત થયો.

ટિપ્પણ

આની પછી છઠ્ઠા વર્ગમાં અલક્ષ રાજાની કથા બાકી રહે છે. તેની વિગતો આ પ્રમાણે છે: વારાણસી નગરી–કામમહાવન ચૈત્ય–અલક્ષ રાજા. તે રાજાએ, 'ભગવાનમહાવીર ફરતા ફરતા જો મારી નગરીમાં આવે, અને નગર બહાર કામમહાવનમાં ઊતરે, તો હું તેમનાં ઉપાસનાદિ કરું,' એવો સંકલ્પ કર્યો હતો. તેનો સંકલ્પ જાણી લઈ મહાવીર વારાણસી નગરીમાં આવી કામમહાવનમાં જ ઊતર્યા.

રાજા તેમનો ઉપદેશ સાંભળી, પોતાના મોટા પુત્રને ગાદીએ બેસાડી, સાધુ થયો, ૧૧ અંગો ભણ્યો, ઘણાં વર્ષ સાધુપણું પાળ્યું, અને અંતે વિપુલ પર્વત ઉપર સિદ્ધ–બુદ્ધ–અને મુક્ત થયો.

૭

સાતમા વર્ગમાં ૧૩ કથાઓ છે. તે બધી રાજગૃહના શ્રેણિક રાજાની રાણીઓને લગતી છે. તેમણે ભગવાન મહાવીર પાસે સાધુપણું સ્વીકાર્યું હતું. તેમની કથા પદ્માવતી રાણીની કથા મુજબ સમજી લેવી. બધી રાણીઓ સાધુ થયા બાદ ૧૧ અંગો ભણી અને ૨૦ વર્ષ સાધુપણું પાળી મુક્ત થઈ. તેમનાં નામ: નંદા, નંદવતી, નંદોત્તરા, નંદિષેણિકા, મરુતા, સુમરુતા, મહામરુતા, મરુદેવા, ભદ્રા, સુભદ્રા, સુજાતા, સુમના અને ભૂતદત્તા.

૮

આઠમા વર્ગમાં પણ શ્રેણિક રાજાની રાણીઓની કથા છે. તેમની વિગત જરા જુદી હોવાથી તેમની કથા સવિસ્તર આગળ આપી છે.

૬

કાલીની કથા

જૂના કાળમાં ચંપા નામે નગરી હતી. તેમાં કોણિક નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાની કાલીદેવી નામે સાવકી મા હતી.

એક વખત મહાવીર ભગવાન ફરતા ફરતા તે નગરીમાં પધાર્યા. બધા સાથે કાલીદેવી પણ તેમનાં દર્શને ગઈ. ભગવાને સર્વને ધર્મોપદેશ આપ્યો. તે ધર્મોપદેશ સાંભળી કાલીદેવી ઘણી પ્રસન્ન થઈ, સંતોષ પામી, અને જાણે પોતાનું અંતર ઊઘડી ગયું હોય, તેવી પ્રસન્નતા અનુભવવા લાગી. તેણે ભગવાનને વારંવાર નમસ્કાર કરીને કહ્યું:

'હે ભગવન્! તમારું કથન મને ગમ્યું છે, તેમાં મને રુચિ થઈ છે, વિશ્વાસ થયો છે, અને તે પ્રમાણે પુરુષાર્થપૂર્વક પ્રયત્ન કરીને હું બંધનમુક્ત થાઉં એમ ઇચ્છું છું.'

ત્યાર બાદ ભગવાને વિધિપૂર્વક કાલીદેવીને પ્રવ્રજ્યા આપી તથા તેને આર્યચંદના નામની આર્યાને શિષ્યા તરીકે સોંપી. કાલીદેવી તેમની પાસે સામાયિક વગેરે ક્રિયાઓ તથા અગિયાર અંગગ્રંથો શીખી; તથા ચાર ટંક, છ ટંક, આઠ ટંક, દશ ટંક, બાર ટંક, પંદર ટંક, મહિનો વગેરેના ઉપવાસ કરતી વિવિધ તપકર્મો વડે પોતાના આત્માને ભાવિત કરવા લાગી.

એક વખતે તે આર્યચંદના આર્યા પાસે ગઈ, અને તેમને કહ્યું :

'હે આર્યા! તમે જો પરવાનગી આપો તો હું રત્નાવલી નામનું તપ સ્વીકારવા ઇચ્છું છું.

આર્યાએ તેની પરવાનગી તેને આપી.

પછી કાલીદેવીએ તે તપ નીચે પ્રમાણે આદર્યું :

પ્રથમ તેણે ચાર ટંકનો ઉપવાસ કર્યો. તેને અંતે સર્વ પ્રકારના રસોયુક્ત ભોજન કર્યાં. પછી છ ટંકનો ઉપવાસ કર્યો. તેને અંતે પણ સર્વ પ્રકારના રસોયુક્ત ભોજન કર્યાં. પછી આઠ ટંકનો ઉપવાસ કર્યો. તેને અંતે પણ સર્વ પ્રકારના રસોયુક્ત ભોજન કર્યાં. પછી छ टंकना आठ ઉપવાસ કર્યા. તે દરેકને અંતે પણ સર્વ પ્રકારના રસોયુક્ત ભોજન કર્યાં. પછી ચાર ટંકનો ઉપવાસ કર્યો. તેને અંતે પણ સર્વ પ્રકારના રસોયુક્ત ભોજન કર્યાં.[1] પછી છ ટંકનો ઉપવાસ— પછી રસભોજન — પછી આઠ ટંકનો — પછી રસભોજન — પછી દશ ટંકનો — પછી રસભોજન — પછી બાર ટંકનો — પછી રસભોજન — પછી ચૌદ ટંકનો — પછી રસભોજન — પછી સોળ ટંકનો — પછી રસભોજન — પછી અઢાર ટંકનો — પછી રસભોજન — પછી વીસ ટંકનો — પછી રસભોજન — પછી બાવીસ ટંકનો — પછી રસભોજન — પછી ચોવીસ ટંકનો — પછી રસભોજન — પછી છવ્વીસ ટંકનો — પછી રસભોજન — પછી અઠ્ઠાવીસ ટંકનો — પછી

---

૧ ત્યાર પછીના ભાગમાં આ ફકરામાં એ આખા વાક્યને માટે માત્ર 'રસભોજન' શબ્દ વાપર્યો છે.

રસભોજન — પછી ત્રીસ ટંકનો — પછી રસભોજન — પછી બત્રીસ ટંકનો — પછી રસભોજન — પછી ચોત્રીસ ટંકનો — પછી રસભોજન — પછી चोत्रीस उपवासो छ टंकना — તે દરેક પછી રસભોજન — પછી ચોત્રીસ ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી બત્રીસ ટંકનો — પછી રસભોજન — પછી ત્રીસ ટંકનો — પછી રસભોજન — પછી અઠ્ઠાવીસ ટંકનો — પછી રસભોજન — પછી છવ્વીસ ટંકનો — પછી રસભોજન — પછી ચોવીસ ટંકનો — પછી રસભોજન — પછી બાવીસ ટંકનો — પછી રસભોજન — પછી વીસ ટંકનો — પછી રસભોજન — પછી અઢાર ટંકનો — પછી રસભોજન — પછી સોળ ટંકનો — પછી રસભોજન — પછી ચૌદ ટંકનો — પછી રસભોજન — પછી બાર ટંકનો — પછી રસભોજન — પછી દશ ટંકનો — પછી રસભોજન — પછી આઠ ટંકનો — પછી રસભોજન — પછી છ ટંકનો — પછી રસભોજન — પછી ચાર ટંકનો — પછી રસભોજન — પછી आठ उपवास छ टंकना — તે દરેકને અંતે રસભોજન — પછી આઠ ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી છ ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી ચાર ટંકનો ઉપવાસ — પછી રસભોજન.

રત્નાવલી તપની આ પ્રથમ પરિપાટી થઈ. તેમાં યથાવિધિ કુલ સમય એક વર્ષ, ત્રણ માસ, અને બાવીસ રાત્રી-દિવસ જેટલો જાય.

ત્યાર બાદ એ જ ક્રમે આખું તપ બીજી વાર કરવાનું; પરંતુ દરેક ઉપવાસને પારણે હવે રસભોજન નહીં કરવાનું,

પરંતુ દહીં — દૂધ વગેરે રસો[1] વિનાનું જ ભોજન કરવાનું.

પછી એ જ ક્રમે આખું તપ ત્રીજી વાર કરવાનું; પરંતુ દરેક ઉપવાસને પારણે વાસણ પણ ન ખરડાય એવી રસહીન વસ્તુઓ (અલેપકૃત) ખાવાની.

પછી એ જ ક્રમે આખું તપ ચોથી વાર કરવાનું. પરંતુ દરેક ઉપવાસને પારણે આયંબિલ કરવાનું. આયંબિલ એટલે કે ઘી આદિ વિનાના નર્યા બાફેલા ભાત, દાળ વગેરે પદાર્થો ખાવા તે.

આ પ્રમાણે કાલી આર્યાએ આખું રત્નાવલી તપ પાંચ વર્ષ, બે માસ, અને અઠ્ઠાવીસ દિવસમાં થઈને યથાવિધિ પૂરું કર્યું. ત્યાર બાદ આર્યચંદના આર્યા પાસે જઈ તેમને વંદન-નમસ્કાર કર્યા. ત્યાર બાદ તે ચાર ટંક, છ ટંક વગેરે સામાન્ય ઉપવાસો-રૂપી વિવિધ તપકર્મ વડે આત્માને ભાવિત કરતી રહેવા લાગી.

આ બધાં મોટાં તપો વડે તેમનું શરીર બહુ કૃશ થઈ ગયું. તેમના શરીર ઉપર નર્યાં નાડીઓનાં જાળાં દેખાવા લાગ્યાં. એ પ્રમાણે શરીરને બહુ જ નબળું પડી ગયેલું જોતાં તેમણે મારણાંતિક સંલેખનાવ્રત દ્વારા અન્ન-પાનનો સદંતર ત્યાગ કરી, એક મહિનાને અંત પ્રાણત્યાગ કર્યો; અને જે વસ્તુ માટે આ બધી કઠોર તપશ્ચર્યા આદરી હતી, તે વસ્તુ છેવટના શ્વાસોચ્છ્વાસ વખતે પ્રાપ્ત કરી. તેમનો સાધ્વીપણાનો કુલ સમય આઠ વર્ષનો હતો.

---

૧. મૂળમાં તેમને માટે વિકૃતિ શબ્દ છે. અર્થાત્ એવા પદાર્થો જો બહુ વાર રહે તો વિકૃતિ પામે છે. અથવા ‘ વિકૃતિકારક રસો ’ એવો અર્થ પણ લેવાય. વિકૃતિમાં મહાવિકૃતિ ગણાતાં મધ, દૂધ, માખણ અને નશાબાજ પીણાંનો તથા દૂધ, ઘી, તેલ, ગોળની રાબ અને મીઠાઈનો પણ સમાવેશ થાય છે.

ટિપ્પણો

આ આઠમા વર્ગમાં કુલ દશ કથાઓ છે. તેમનાં નામ કાલી, સુકાલી, મહાકાલી, કૃષ્ણા, સુકૃષ્ણા, મહાકૃષ્ણા, વીરકૃષ્ણા, રામકૃષ્ણા, પિતૃસેનકૃષ્ણા, મહાસેનકૃષ્ણા.

તેમાં સુકાલીની કથા, કાલીની કથાની જેમ જ જાણવી. તે પણ શ્રેણિક રાજાની ભાર્યા, અને કોણિક રાજાની સાવકી મા થાય. માત્ર તે રત્નાવલી તપને બદલે કનકાવલી તપ કરે. રત્નાવલીમાં ને કનકાવલીમાં ફેર એટલો કે, જ્યાં રત્નાવલીમાં ત્રણ (નાગરી અક્ષરમાં મૂકેલાં) સ્થળે છ છ ટંકના ઉપવાસ છે, ત્યાં કનકાવલીમાં આઠ આઠ ટંકના ઉપવાસ ગણવા. પ્રથમ પરિપાટીમાં કુલ સમય એક વર્ષ, પાંચ માસ, અને બાર રાત્રી-દિવસ થાય. ચારે પરિપાટીઓમાં મળીને પાંચ વર્ષ, નવ માસ, અને અઢાર દિવસ થાય. સુકાલીનો સાધ્વીપણાનો કાળ નવ વર્ષનો જાણવો.

મહાકાલીની કથા પણ કાલીની જેમ જાણવી. પરંતુ તેના તપનું નામ 'ક્ષુદ્ર-સિંહ-નિષ્ક્રીડિત' જાણવું. અર્થાત્ સિંહ જેમ આગળ એક પગલું ભરે, અને પાછળના પગલા ઉપર ફરી નજર કરી લે છે, તેમ આ તપમાં પણ દરેક આગળને પગલે, તેની પાછળનું તપ ફરી કરી લેવાનું હોય છે. જેમકે પ્રથમ ચાર ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી 'છ ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી આઠ ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી પાછો છ ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી દશ ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી પાછો આઠ ટંકનો ઉપવાસ —

પછી રસભોજન . . . . એમ ચાલતાં ચાલતાં — વીસ ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી અઢાર ટંકનો ઉપવાસ — પછી રસભોજન — (હવે અહીંથી પાછા વળવાનું) — પછી વીસ ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી સોળ ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી અઢાર ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી ચૌદ ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી સોળ ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી બાર ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી ચૌદ ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી દશ ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી બાર ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી આઠ ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી દશ ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી છ ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી આઠ ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી ચાર ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી છ ટંકનો ઉપવાસ — પછી રસભોજન — પછી ચાર ટંકનો ઉપવાસ.

એ પ્રમાણે રસભોજનનું પારણું, વિકૃતિરહિત પારણું, અલેપકૃતનું પારણું, અને આયંબિલનું પારણું — એવાં ચાર પ્રકારનાં પારણાંવાળી ચાર પરિપાટીઓ ગણવી. એક પરિપાટીમાં છ મહિના, સાત દિવસનો સમય જાય ચારે પરિપાટી મળીને બે વર્ષ, અને અઠ્ઠાવીસ દિવસ થાય.

કણ્ણાની કથામાં 'મહા-સિંહ-નિષ્ક્રીડિત' તપ જાણવું. તે તપ પણ 'ક્ષુદ્ર-સિંહ-નિષ્ક્રીડિત'ની જેમ જ શરૂ થઈને આગળ વધે. પણ વધતું વધતું ચોત્રીસ ટંકના ઉપવાસ સુધી પહોંચ્યા બાદ પાછું વળે. એક પરિપાટીમાં એક વર્ષ, છ માસ અને અઢાર દિવસ થાય. ચારે પરિપાટી મળીને છ વર્ષ, બે માસ, અને બાર રાત્રી-દિવસ જેટલો સમય થાય

સુકૃષ્ણાની કથામાં તપનું નામ 'સપ્તસપ્તમિકા ભિક્ષુપ્રતિમા' જાણવું. પ્રથમ સપ્તકમાં રોજ અન્નની એક દત્તિ, અને પાનની એક

દત્તિ સ્વીકારે. બીજા સપ્તકમાં રોજ અન્નની બે અને પાનની બે દત્તિ સ્વીકારે. એમ ત્રીજા સપ્તકમાં રોજ ત્રણ – ત્રણ, ચોથામાં રોજ ચાર – ચાર, પાંચમામાં રોજ પાંચ – પાંચ, છઠ્ઠામાં રોજ છ – છ, અને સાતમામાં રોજ સાત – સાત દત્તિઓ સ્વીકારે. એમ કુલ ૪૯ રાત્રી-દિવસ થાય; અને ભિક્ષા ૧૯૬ વાર લેવાય.

આ તપ પૂરું થયા બાદ 'અષ્ટાષ્ટમિકા ભિક્ષુપ્રતિમા' તપ સ્વીકારે. ઉપર જ્યાં સાત – સાત દિવસનાં સાત સપ્તકો હતાં, ત્યાં આઠ – આઠ દિવસનાં આઠ અષ્ટકો ગણવાં. બાકીનો વિધિ તે મુજબ. કુલ ૬૪ રાત્રી-દિવસ થાય, અને ભિક્ષા ૨૮૮ વાર લેવાય.

પછી 'નવનવમિકા ભિક્ષુપ્રતિમા' તપ સ્વીકારે. તેમાં નવ – નવ દિવસનાં નવ ઝૂમખાં હોય. કુલ રાત્રી-દિવસ ૮૧ થાય, અને ભિક્ષા ૪૦૫ વાર લેવાય.

બાદ 'દશદશમિકા ભિક્ષુપ્રતિમા' તપ સ્વીકારે; તેમાં દશ-દશનાં દશ ઝૂમખાં ગણવાં. કુલ રાત્રીદિવસ ૧૦૦ થાય અને, ભિક્ષા ૫૫૦ વાર લેવાય.

મહાકૃષ્ણાની કથામાં 'ક્ષુદ્રસર્વતોભદ્ર' તપ ગણવું. આ તપનો નકશો આ પ્રમાણે છે.

૧	૨	૩	૪	૫
૩	૪	૫	૧	૨
૫	૧	૨	૩	૪
૨	૩	૪	૫	૧
૪	૫	૧	૨	૩

તેમાં એકનો આંકડો છે, ત્યાં ચાર ટંકનો ઉપવાસ સમજવો; બેનો છે ત્યાં છ ટંકનો, ૩ નો છે ત્યાં આઠ ટંકનો, ૪ નો છે ત્યાં દશ ટંકનો, અને પાંચનો છે ત્યાં બાર ટંકનો ઉપવાસ ગણવો. પહેલી લીટી ડાબી બાજુથી શરૂ થાય. અને ડાબી બાજુ પાંચ સુધી પહોંચે. પછી બીજી લીટી ૩ થી શરૂ થઈ ૨ સુધી પહોંચે,

એ પ્રમાણે દરેક લીટી ગણવી. પહેલી પરિપાટીમાં દરેક ઉપવાસ બાદ રસભોજન સમજવું; બીજી પરિપાટીમાં વિકૃતિરહિત, ત્રીજીમાં અકૃતલેપ, અને ચોથીમાં આયંબિલ.

એક પરિપાટી ત્રણ માસ, અને દશ દિવસમાં પૂરી થાય. ચારે પરિપાટી મળીને કુલ સમય એક વર્ષ, એક મહિનો, અને દશ દિવસનો થાય.

વીરકૃષ્ણાની કથામાં 'મહાસર્વતોભદ્ર' તપ સમજવું. તેનો નકશો આ પ્રમાણે છે.

૧	૨	૩	૪	૫	૬	૭
૪	૫	૬	૭	૧	૨	૩
૭	૧	૨	૩	૪	૫	૬
૩	૪	૫	૬	૭	૧	૨
૬	૭	૧	૨	૩	૪	૫
૨	૩	૪	૫	૬	૭	૧
૫	૬	૭	૧	૨	૩	૪

આ આંકડાની સમજ પણ ઉપર ક્ષુદ્રસર્વતોભદ્ર પ્રમાણે સમજી લેવી. માત્ર ૬ નો આંકડો એટલે ૧૪ ટંકનો ઉપવાસ, અને સાતનો આંકડો એટલે સોળ ટંકનો ઉપવાસ એટલું અહીં વધારે છે.

એક પરિપાટી આઠ મહિના અને પાંચ દિવસે પૂરી થાય. ચારે પરિપાટીઓ બે વર્ષ, આઠ માસ, અને વીસ દિવસે પૂરી થાય.

રામકૃષ્ણાની કથામાં 'ભદ્રોત્તરપ્રતિમા' નામનું તપ જાણવું. તેનો નકશો આ પ્રમાણે છે:

૫	૬	૭	૮	૯
૭	૮	૯	૫	૬
૯	૫	૬	૭	૮
૬	૭	૮	૯	૫
૮	૯	૫	૬	૭

અહીં પાંચ એટલે બાર ટંકનો ઉપવાસ સમજવો, છ એટલે ૧૪ ટંકનો, સાત એટલે ૧૬ ટંકનો, આઠ એટલે અઢાર ટંકનો, અને નવ એટલે વીસ ટંકનો.

બાકી બધું ઉપર મુજબ. પ્રથમ પરિપાટીમાં છ મહિના અને વીસ દિવસનો સમય જાય. ચારેય પરિપાટી મળીને કુલ સમય બે વર્ષ, બે માસ અને વીસ દિવસનો થાય.

पितृसेनकृष्णानी કથામાં 'મુક્તાવલી' તપ જાણવું. આ તપમાં પ્રથમ ચાર ટંકનો ઉપવાસ કરે, પછી રસભોજન કરે — પછી છ ટંકનો — પછી રસભોજન — પછી પાછો ચાર ટંકનો — પછી રસભોજન — પછી આઠ ટંકનો — પછી રસભોજન — પછી પાછો ચાર ટંકનો — પછી રસભોજન — પછી દશ ટંકનો — પછી રસ-ભોજન — પછી પાછો ચાર ટંકનો — પછી રસભોજન — ...... એમ ૩૨ ટંકનો — પછી રસભોજન — પછી ચાર ટંકનો — પછી રસભોજન — પછી ચોત્રીસ ટંકનો — પછી રસભોજન

આમ અહીં સુધી આવ્યા બાદ અવળે ક્રમે પાછા ફરવું. [અર્થાત્ — પછી ચાર ટંકનો — પછી રસભોજન — પછી ત્રીસ ટંકનો — પછી રસભોજન — પછી ચાર ટંકનો — પછી રસભોજન — પછી ત્રીસ ટંકનો . . . . એ પ્રમાણે છેવટે ચાર ટંકે આવી પૂરું થાય.

એક પરિપાટિમાં ૧૧ મહિના અને પંદર દિવસો થાય[1] ચારે મળીને ત્રણ વર્ષ અને દશ મહિના થાય.[2]

---

૧. જોકે હિસાબે તો ૧૧ માસ અને તેર દિવસ થાય. બે દિવસ વધારાના શી રીતે આવ્યા તે સમજાતું નથી, એમ અભયદેવ પોતે જ નોંધે છે.

૨. હિસાબે તો ત્રણ વર્ષ, ૯ માસ અને ૨૨ દિવસ થાય. ઉપર આઠ દિવસ વધારે આપ્યા છે; તેની બાબતમાં પણ ઉપરની નોંધની પેઠે સમજવું.

મહાસેનકૃષ્ણાની કથામાં ‘આયંબિલ વર્ધમાન’ ‘આચામ્લ વર્ધમાન’ તપ સમજવું. તે આ પ્રમાણે :

‘ પ્રથમ એક આયંબિલ કરે, પછી ચાર ટંકનો ઉપવાસ કરે —પછી બે આયંબિલ કરે — પછી પાછો ચાર ટંકનો ઉપવાસ કરે — પછી ત્રણ આયંબિલ કરે — પછી પાછો ચાર ટંકનો ઉપવાસ કરે — એમ એકએક આયંબિલ વધતાં વધતાં — સો આયંબિલ કરે — પછી પાછો ચાર ટંકનો ઉપવાસ કરે.

તેમાં કુલ ૧૪ વર્ષ, ૩ માસ, અને ૨૦ રાત્રી-દિવસ સમય જાય. તેનો સાધ્વીપણાનો કાળ ૧૭ વર્ષનો જાણવો

કાલીથી માંડીને મહાસેનકૃષ્ણા સુધીની શ્રેણિકરાજાની રાણીઓનો સાધ્વીપણાનો કાળ આ પ્રમાણે જાણવો.

પહેલી (કાલી)નો આઠ વર્ષનો, બીજી (સુકાલી)નો નવ વર્ષનો એમ એક એક રાણી દીઠ એક એક વર્ષ વધતાં વધતાં અંતે દશમી (મહાસેનકૃષ્ણા) નો ૧૭ વર્ષનો.

અંતિમ વચન

આ સૂત્રમાં કુલ આઠ વર્ગો છે. રોજનો એક વર્ગ એ હિસાબે આ સૂત્ર આઠ દિવસમાં પૂરું કરાય છે.

સૂચિ

શુદ્ધિ

પાન	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૫	૬	ઇંદ્રભૂતિં નામના	ઇંદ્રભૂતિ (ગૌતમ) નામના
૯૦	૨	અગિયાર અંગોનું	સામાયિક આદિ અગિયાર અંગોનું
૯૨	૨૪	પૂર્વાભવની	પૂર્વભવની
૯૩	૨	અધ્યાય	અધ્યયન
૯૩	૭	જિનદાસપુત્ર	જિનદાસ પુત્ર
૧૪૬	૯	વાસુદેવ	વસુદેવ (?)

હાથબનાવટનો કાગળ